ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ / 1217 / 170 - 179 / છ, તા. 15/03/2017

# ગુજરાતી

## (દ્વિતીય ભાષા)

## ધોરણ 10

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

તમસોમા જ્યોતિર્ગમય
**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની લિખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી મનસુખ સલ્લા

**લેખક**
ડૉ. રમેશ પંડ્યા (કન્વીનર)
ડૉ. પિંકીબહેન પંડ્યા
ડૉ. અજયસિંહ ચૌહાણ
શ્રીમતી હેતલબહેન નાયક
ડૉ. સંતોષ દેવકર
ડૉ. રામદેવસિંહ ગોહિલ
ડૉ. અંજનાબહેન મોદી
શ્રીમતી ભારતીબહેન જાની

**સમીક્ષા**
શ્રી ધરમસિંહ પરમાર
શ્રી મંગળદાસ મકવાણા
શ્રી શાંતિલાલ બી. કાનાણી
શ્રી પી. એસ. મગરવાડિયા
શ્રી આર. આર. વાળંદ
શ્રી હીનાબહેન સી. શુક્લ
શ્રી જશુબહેન એમ. પરમાર
શ્રી વસ્તાભાઈ એમ. રબારી
શ્રી જી. બી. મકવાણા

**સંયોજક**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ આયોજન**
શ્રી આશિષ એચ. બોરીસાગર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 10, ગુજરાતી (દ્વિતીય ભાષા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. શિક્ષકે ભણાવતી વખતે કયાં મૂલ્યો, ભાવ પ્રગટ કરવા તેની પણ માહિતી ‘શિક્ષકની ભૂમિકા’ સ્વરૂપે દરેક કૃતિના અંતે મૂકવામાં આવી છે. જે શિક્ષકોને ઉપયોગી બનશે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**ડૉ. એમ. આઇ. જોષી**
નિયામક
તા.13-10-2017

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃમુદ્રણ : 2018
**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ‘વિદ્યાયન’, સેક્ટર 10-એ, ગાંધીનગર વતી ડૉ. એમ. આઇ. જોષી, નિયામક
**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-ક

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | મોરલી | (પદ) | મીરાંબાઈ | 3 |
| 2. | શરણાઈના સૂર | (ટૂંકીવાર્તા) | ચુનીલાલ મડિયા | 4 |
| 3. | પ્રયાણ | (નવલકથાખંડ) | રમણભાઈ નીલકંઠ | 12 |
| | **● વ્યાકરણ : એકમ 1 સમાનાર્થી, વિરૂદ્ધાર્થી, જોડણી** | | | 15 |
| 4. | જીવન અંજલિ થાજો | (પ્રાર્થના) | કરસનદાસ માણેક | 20 |
| 5. | શ્વેતક્રાંતિના પ્રણેતાઓ | (રેખાચિત્ર) | સંકલિત | 23 |
| 6. | સામગ્રી તો સમાજની છે ને ? | (પ્રસંગકથા) | વિકાસ શર્મા | 29 |
| | **● વ્યાકરણ : એકમ 2 સંધિ, સમાસ** | | | 32 |
| 7. | જીવમાં જીવ આવ્યો | (સૉનેટ) | હરિકૃષ્ણ પાઠક | 39 |
| 8. | સૂરજ તો બધે જ સરખો | (હાસ્યનિબંધ) | વિનોદ ભટ્ટ | 42 |
| 9. | હાથ મેળવીએ | (ઊર્મિકાવ્ય) | નિરંજન ભગત | 46 |
| | **● વ્યાકરણ : એકમ 3 રૂઢિપ્રયોગ, કહેવત** | | | 49 |
| 10. | નથી | (ટૂંકીવાર્તા) | મોહમ્મદ માંકડ | 51 |
| 11. | દીવાનખાનામાં | (અછાંદસ) | પન્ના નાયક | 58 |
| 12. | ઝબક જ્યોત | (એકાંકી) | કૃષ્ણલાલ શ્રીધરાણી | 61 |
| | **● વ્યાકરણ : એકમ 4 વાક્યના પ્રકાર, વિશેષણ** | | | 70 |
| 13. | ક્યાં રે વાગી | (લોકગીત) | - | 80 |
| 14. | જેઠીબાઈ | (લોકકથા) | દુલેરાય કારાણી | 83 |
| 15. | તે બેસે અહીં | (ગઝલ) | સ્નેહી પરમાર | 88 |
| | **● વ્યાકરણ : એકમ 5 વિરામચિહ્નો, વાર્તાલેખન** | | | 91 |
| 16. | પ્રાણનો મિત્ર | (અનુવાદિત વાર્તા) | રવીન્દ્રનાથ ટાગોર | 95 |
| 17. | ટિફિન | (લઘુકથા) | પ્રેમજી પટેલ | 99 |
| 18. | લઘુકાવ્યો | (દુહા-મુક્તક-હાઈકુ) | શેખાદમ આબુવાલા, હર્ષદ ત્રિવેદી, ફિલિપ ક્લાર્ક, ધીરુ પરીખ | 102 |
| | **● વ્યાકરણ : એકમ 6 અહેવાલલેખન, સંક્ષેપીકરણ, અર્થવિસ્તાર, નિબંધલેખન** | | | 107 |


**પૂરક વાચન**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર | (રેખાચિત્ર) | કુમારપાળ દેસાઈ | 112 |
| 2. | અનોખું મૈત્રીપર્વ | (પ્રાણીકથા) | હિમાંશી શેલત | 114 |
| 3. | સત્યવ્રત | (વાર્તા) | ઉમાશંકર જોશી | 117 |
| 4. | બહેન સૌની લાડકી | (પ્રસંગકથા) | સાંઈરામ દવે | 121 |
| 5. | દીવડો | (ઊર્મિકાવ્ય) | દલપત પઢિયાર | 124 |


●

# 1 મોરલી

**મીરાંબાઈ**

**(જન્મ : ઈ.સ. સોળમી સદી)**

મીરાંબાઈનો જન્મ રાજસ્થાનના મેડતા ગામમાં રાજકુટુંબમાં થયો હતો. નાનપણથી જ તેમને કૃષ્ણભક્તિનો રંગ લાગ્યો હતો. તેમણે મેવાડ, વ્રજ અને દ્વારિકામાં સાધુ-સંતો સાથે સત્સંગમાં કૃષ્ણમય જીવન વિતાવ્યું એમ મનાય છે.

તેમનાં કૃષ્ણભક્તિનાં પદો ગુજરાતી ઉપરાંત વ્રજ, રાજસ્થાની અને હિંદી ભાષામાં મળે છે. તેમનાં પદોમાં કૃષ્ણ માટેની ઝંખનાનું ભાવવાહી નિરૂપણ જોવા મળે છે.

સંતહૃદયની સંવેદનાની તીવ્રતા અને ભાષાની સાદગી માટે તેમનાં પદો જાણીતાં છે.

મીરાંબાઈનાં પદોમાં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ સદા દેખાય છે. આ પદમાં પણ કવયિત્રીએ કૃષ્ણની લીલાઓનું વર્ણન કર્યું છે. વૃંદાવનમાં વાગતી કૃષ્ણની મોરલીના સૂરનો નાદ આખા ગગનને ગજવે છે. ગોપીઓ પાસે કૃષ્ણ દધિનાં દાણ માગે છે તોય ગોપીઓને કૃષ્ણ વહાલો જ લાગે છે. કૃષ્ણની વૃંદાવનની રાસલીલાનું સુંદર વર્ણન મીરાંબાઈ કરે છે. કૃષ્ણનો શણગાર, એનો રાસ સૌને ઘેલાં કરે છે. મીરાંબાઈ કહે છે કે કૃષ્ણના દર્શન માત્રથી બધાં દુઃખ દૂર થાય છે. ભક્તિના આ પદમાં મોરલીનો મહિમા ગાતાં ગાતાં મીરાંબાઈ કૃષ્ણનો મહિમા પ્રગટ કરે છે.

---

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે. વૃંદાવન.
વૃંદા તે વનને મારગ જાતાં, (વહાલો) દાણ દધિનાં માગે છે. વૃંદાવન.
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે. (વહાલો) રાસમંડળમાં બિરાજે છે. વૃંદાવન.

પીળાં પીતાંબર જરકસી જામા, પીળો તે પટકો બિરાજે છે. વૃંદાવન.
કાને તે કુંડળ મસ્તકે મુગટ, મુખ પર મોરલી બિરાજે છે. વૃંદાવન.

વૃંદા તે વનની કુંજગલીમાં, વહાલો થનક થનક થૈ નાચે છે. વૃંદાવન.
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, દર્શન થકી દુઃખ ભાંગે છે. વૃંદાવન.

**('મીરાંનાં શ્રેષ્ઠ પદ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ગગન** આકાશ, આભ; **વન** અરણ્ય, જંગલ; **દાણ** જકાત, કર, વેરો; **દધિ** દહીં, મહી, ગોરસ; **જરકસી** કસબી, કસબના ભરતવાળું; **નાદ** અવાજ, ઘોષ, રવ; **પટકો** લૂગડાનો ટૂંકો કટકો, માથે અથવા કમરે બાંધવાનો લૂગડાનો કટકો; **ભાંગે** ભાંગવું(અહીં) દૂર થવું

### તળપદા શબ્દો

**થૈ** - થઈ **મારગ** - માર્ગ

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**પીળા રંગનું વસ્ત્ર** - પીતાંબર; **વૃંદા (તુલસી)થી ભરેલું વન** - વૃંદાવન; **કાને પહેરવાનું એક ઘરેણું** - કુંડળ; **ગિરિ (પર્વત)ને ધારણ કરનાર** - ગિરિધર; **કસબના ભરતવાળું** - જરકસી; **જ્યાં આજુબાજુ વૃક્ષો વાવેલાં હોય તેવી ગલી** - કુંજગલી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કોના દર્શનથી મીરાંબાઈનાં દુઃખ દૂર થાય છે ?

(a) ગિરિધર (b) વિષ્ણુ (c) શિવ (d) હનુમાનજી

(2) મોરલીનો નાદ ક્યાં ગાજે છે ?

(a) ગગન (b) ધરતી (c) દિશાઓ (d) પાતાળ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) વૃંદાવનના માર્ગે વ્હાલો શું માંગે છે ?

(2) આ કાવ્યમાં 'વ્હાલો' શબ્દ કોના માટે પ્રયોજાયો છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) આ કાવ્યને આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

(2) કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) આ કાવ્યને આધારે કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરો.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ

- નૃત્ય કરતા શ્રીકૃષ્ણનું કાવ્યના વર્ણન મુજબ ચિત્ર દોરો.
- મીરાંબાઈનાં પદોનું ગાન કરો.
- મોરલી, પાવો, વાંસળી, શરણાઈ, વેણુ, ભૂંગળ... જેવાં વાદ્યોનો પરિચય મેળવો. આવાં વાદ્ય કયા કયા સ્થળે સાંભળો છો તેની નોંધ કરો.

### ભાષા-અભિવ્યક્તિ

આ પદની શરૂઆતમાં 'વાગે છે' નું બે વખત આવર્તન થાય છે, જે વાચકમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે. 'શું વાગે છે ?' ના ઊઠતા પ્રશ્ન પછી જવાબ મળે છે. 'વૃંદાવનમાં મોરલી વાગે છે' કવિ પોતાના ભાવને વ્યક્ત કરવા વિશિષ્ટ રીતે કાવ્યની શરૂઆત કરે છે તે ધ્યાનમાં લો.

લય માધુર્ય જાળવવા અહીં મીરાંબાઈએ 'વૃંદાવન' શબ્દને બદલે 'વૃંદા તે વન', 'કાને કુંડળ' ને બદલે 'કાને તે કુંડળ' શબ્દો વાપર્યા છે. 'તે' નો અહીં વિશિષ્ટ અર્થ નથી પરંતુ તે લય જાળવે છે.

અહીં આ પદમાં વપરાયેલાં 'મોરલી **વાગે છે**', 'ગગનમાં **ગાજે છે. 'માગે છે', 'બિરાજે છે', 'નાચે છે', 'ભાંગે છે'.** ક્રિયાપદો છે, જે ક્રિયાપદો સાથે 'છે' નો ઉપયોગ પદને ગદ્યરચનાની નજીક ખેંચી જાય છે, પરંતુ કાવ્યનો ભાવ, એનો લય અને સમગ્ર રચના કાવ્યને સૌંદર્ય અને માધુર્ય બક્ષે છે.

## શિક્ષકની ભૂમિકા

- વૃંદાવન કૃષ્ણનું બાળપણનું ક્રીડાંગણ છે. રાસલીલા, મિત્રો સાથેની રમતો, ગોપીઓ પાસેથી દાણ માંગવાની પ્રવૃત્તિ, મોરલીની મનભાવન ધૂન-બધું જ વૃંદાવન સાથે જોડાયેલું છે.
- કૃષ્ણે ધારણ કરેલાં પીતાંબર, જરકસીજામા, ખભે ઝૂલતો પીળો પટકો, કાનમાં કુંડળ અને માથે મુગટ સાથેનું નૃત્ય કોઈનું પણ મન મોહી લેવા સક્ષમ છે. મીરાંબાઈએ કરેલા કૃષ્ણના મોહક વર્ણનની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.
- કૃષ્ણ વિશેનાં અન્ય કાવ્યોના સંદર્ભો આપવા.
- મીરાંનાં કૃષ્ણભક્તિના પદોનું સંકલન કરી તેનો અંક તૈયાર કરાવવો.
- મોરલી, પાવો, વાંસળી, શરણાઈ, ભૂંગળ જેવાં વાદ્યોથી વિદ્યાર્થીઓને પરિચિત કરો. શક્ય હોય તો વર્ગમાં સંગીતનાં આવાં વાદ્યો વિદ્યાર્થીઓને બતાવો અથવા એની જાણકાર કોઈ વ્યક્તિ દ્વારા તેને કેવી રીતે વગાડી શકાય તેની માહિતી આપો.

•

# 2 શરણાઈના સૂર

**ચુનીલાલ મડિયા**

**(જન્મ : તા. 12-08-1922; અવસાન : 09-12-1968)**

ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લાના ધોરાજીમાં થયો હતો. તેઓ વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યકાર તરીકે પ્રસિદ્ધ છે. 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'પદ્મજા', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર' તેમનાં વાર્તાસંગ્રહો છે. 'વ્યાજનો વારસ', 'વેળાવેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ 1 અને 2', 'ઈંદ્રધનુષનો આઠમો રંગ' એમની મહત્ત્વની નવલકથાઓ છે. 'રંગદા', 'વિષમોચન' 'રક્તતિલક' એમના એકાંકીસંગ્રહો છે. સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પણ તેમનું યોગદાન રહ્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે.

આ વાર્તામાં વર્ણન લગ્નપ્રસંગનું છે, પરંતુ મૃત પુત્રીના સ્મરણ સાથે જોડાઈને એ કેવું કરુણ બની જાય છે એનું હૃદયસ્પર્શી આલેખન થયું છે. જાનવાળા માને છે કે વધુ પૈસાના લોભમાં રમઝુ મીર શરણાઈ વગાડી રહ્યો છે. પરંતુ એ તો શરણાઈના સૂર દ્વારા પિતૃહૃદયની ગમગીની, એકલતા અને વેદના પ્રગટ કરી રહ્યો હતો. અંતે રમઝુ દાદમાં મળેલા બધા પૈસા ગવરીને ભેટ તરીકે આપી દે છે ત્યારે વાર્તામાં મોટો વળાંક આવે છે. કન્યાવિદાય ગવરીની છે પણ રમઝુ માટે પોતાની પુત્રી સકીનાની બની રહે છે. મૃત પત્નીની કબર પાસે રમઝુ મીરની શરણાઈની એ છેલ્લી સુરાવટ હતી, ત્યાં અંત પામતી વાર્તા કરુણ રસની વાર્તા બની રહે છે.

---

માંડવો વધાવાઈ ગયો. ગોતરીજ પાસે પગેલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાએ કંકુના થાપા પાડી લીધા.

જાનને શીખ દેવાઈ ગઈ. ધર્માદાનાં લાગાંલેતરી ચૂકવાઈ ગયાં, વેવાઈઓએ એક-બીજાને વહાલપૂર્વક ભેટી લીધા.

રામણદીવડો પેટવાઈ ગયો. વરકન્યા માફાળા ગાડામાં ગોઠવાઈ ગયાં. સામેથી આવતી પણિયારીના શુભ શુકન સાંપડી ગયા.

– અને ગાડાનું પૈડું સીંચાઈ ગયું.

– અને ડોસા રમઝુ મીરે શરણાઈનો સૂર છેડ્યો. ઢોલીએ ઢોલ પર દાંડી પાડી. સુહાગણોએ ગીત ઉપાડ્યું અને ગવરીની જાન ઊઘલી ગઈ.

ગામડાગામની એ સાવ સાંકડી શેરીમાં કોઈના ઘરની પછીત કોઈ કોઈના કરા સાથે ધકો અફડાવતું ગાડું માંડમાંડ કરીને શેરી સોંસરવું નીકળ્યું ત્યાં તો મીરની શરણાઈ સાંભળીને આજુબાજુનાં બૈરાંઓ વરરાજાને જોવા એકઠાં થઈ ગયાં હતાં. લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહેતાં હતાં :

''આ ભૂધર મેરાઈનો જમાઈ –''

''ગવરીનો વર – હાથમાં તલવાર લઈને કેવો બેઠો છે ?''

નાકા ઉપર નિયમ મુજબ મેઘો ઢોલી દાદ લેવા આડો ફરીને ફરીને ઊભો હતો. રમઝુએ પણ શ્વાસ ઘૂંટીને શરણાઈ દબાવી. કન્યાપક્ષની સ્ત્રીઓએ ગીત ઉપાડ્યું.

''આ દશ આ દશ પીપળો....
આ દશ દાદાનાં ખેતર...''

વરપક્ષની જાનડીએ સામું ગીત માંડ્યું

''ખોલો ગવરીબાઈ ઘુંઘટો,
જુઓ સાસરિયાનાં રૂપ...''
એક રાણો ને બીજો રાજિયો,
ત્રીજો દલીનો દીવાન...''

ગીતોના સૂર વધારે વેધક હતા કે શરણાઈના, એ નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ બની રહ્યું. મીરે શરણાઈની એવી તો

રમઝટ જમાવી હતી કે વરના બાપ પણ એના રસાસ્વાદમાં દાદ આપવાનું વીસરી ગયા. પરિણામે ગીતો અને ઢોલશરણાઈનો સારી વાર સુધી તાસીરો જ બોલી રહ્યો. આખરે જ્યારે વરના બાપનો હાથ કોથળીમાં ગયો ને રમઝુના હાથમાં પાવલી પડી ત્યારે જ એણે પીઠ ફેરવી ને જાન આગળ ચાલી.

રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. કામઢા વેપારીઓ હજાર કામ પડતાં મેલીને ઊઘલતી જાનને અવલોકવા દુકાનોને ઉંબરે આવી ઊભા. આખું સરઘસ અત્યારે જાજવલ્યમાન રંગો વડે સોહાતું હતું. મોખરે રમઝુના માથા પર લાલ મધરાસી ફેંટાના લીરા ઊડતા હતા. મેઘા ઢોલીએ લીલા રંગનું માથાબાંધણું બાંધેલું. જાનૈયાઓને વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવેલા તેથી એ આખો સમૂહ લાલભડક લાગતો હતો. હીરભરતનાં ઝૂલ ને શિંગડીઓ વડે શણગારેલા બળદ તો સાવ જુદા જ તરી આવતા હતા. ગાડામાં બેઠેલા વરરાજાનો જરિયન જામો, એમના હાથમાંની તલવારનું રંગીન મિયાન તેમ જ કન્યાનું પચરંગી પટોળું એક વિશિષ્ટ રંગસૃષ્ટિ રચી જતાં હતાં. એમની પાછળ વિદાયગીતો ગાતી સુહાગણોનાં અવનવાં પટકૂળોમાં તો રંગમેળો જ જોવા મળતો હતો !

આડે દિવસે ઊડઊડ લાગતી બજારમાં રમઝુ મીરની શરણાઈએ નવી જ દુનિયા રચી કાઢી હતી. એના સૂરની મોહિની એવી હતી કે સાંભળનારને એ મસ્ત બનાવી મૂકે. એની અસર કાન વાટે સીધી હૃદય પર ચોટ મારે ને એ પરિતોષનો નશો સીધો મગજમાં પહોંચે. પ્રાકૃતજનોને આ શરણાઈની સૂરાવલિ સમજાય કે ન સમજાય, પણ મંત્રમુગ્ધ બનીને એ ડોલી ઊઠે તો ખરાં જ.

ભરબજારે ચોગાનમાં ઊભીને રમઝુએ અડાણો ઉપાડ્યો હતો. એ ઉન્માદભરી તરજનું બંધારણ ભાગ્યે જ કોઈ લોકો સમજતાં, છતાં એમાં રહેલો આનંદ અને ઉછરંગ, તોફાન અને મસ્તી સૌ શ્રોતાઓ માણી રહ્યા. એમની આંખ સામે તો, વાતેવાતમાં છણકા કરતી, આંખમાંથી અગનતણખા વેરતી, ખોટેખોટાં રૂસણાં લેતી, વળી પાછી પતિના પ્રેમોપચારે રીઝી જતી, અજબ નટખટ ને નખરાળી નવોઢા રમી રહી હતી. અભણ રમઝુ ડોસા પાસે શબ્દો ન હતા, કેવળ સૂર હતા અને એ સૂર વડે જ આવી સૃષ્ટિ ખડી કરી જતો હતો. નમતે બપોરે ઊભી બજારે સાવ શુષ્ક વાતાવરણમાં પણ સાસરિયે સોંઢતી પતિમિલનોત્સુક પરિણીતાનું કલ્પનાચિત્ર શ્રોતાઓની આંખ સામે તરી રહ્યું. એ આ મેલાઘેલા માણસે સાધ્ય કરેલી સૂરશક્તિની જ બલિહારી હતી.

હરઘડીએ વધારે ને વધારે ઘૂંટાતા જતા અડાણાના સૂરમાં શ્રોતાઓ કરતાંય વધારે તો રમઝુ મીર પોતે રમમાણ લાગતો હતો. આંખ મીંચીને ગલોફાં ફુલાવી-ફુલાવીને એ શરણાઈમાં શ્વાસ રેડતો જતો હતો અને એ નિર્જીવ વાદ્યને જીવંત બનાવતો જતો હતો. ગામ આખું લાંબા અનુભવને પરિણામે જાણતું થઈ ગયેલું કે રમઝુ એક વાર એની શરણાઈમાં ફૂંક મારે પછી એને સ્થળ કે સમયનું ભાન ન રહે. માત્ર પરગામથી ગગો પરણાવવા આવેલા તળશી વેવાઈને આ વાતની જાણ નહોતી; તેથી તેઓ મીરને દાદના પૈસાનો લાલચુ ગણીને પાવલું ફેંકી રહ્યા પછી આગળ વધવાની ઉતાવળ કરી રહ્યા હતા. તળશી વેવાઈને સૂરજ આથમતાં પહેલાં પોતાને ગામ સણોસરે પહોંચી જવાની ઉતાવળ હતી. તેથી શરણાઈવાળાને આદેશ આપી રહ્યા હતા :

''હાલો, મીર હાલો, ઝટ વહેતા થાવ.''

પણ અડાણાના સૂરમાં ગળાડૂબ શેલારા લેતા રમઝુને આવા આદેશ સાંભળવાની નવરાશ જ ક્યાં હતી ? મીર એની શરણાઈમાં સમય બગાડતો જતો હતો ને તળશી વેવાઈને મનમાં ચટપટી ચાલતી હતી : આ ગતિએ રૂપિયે ગજને હિસાબે આગળ હાલશું તો સણોસરે પૂગતાં સાંજ પડી જશે ને અંધારે સામૈયાં કરવામાં હોરાજીની કિસનલાઈટ મંગાવવી પડશે. મોંઘીદાટ બત્તીનાં બિલ ભરવાને બદલે વેવાઈએ આ મુફલિસ મીરને જ પાવલું વધારે દાદ આપીને આગળ વધવા પ્રેર્યો પણ શરણાઈના સૂરમાં ડાબેથી જમણે ડોલી રહેલા રમઝુને દાદ પેટે ફેંકાતા પૈસા ગણવાની જ ક્યાં નવરાશ હતી ? મેઘા ઢોલીએ ધૂળમાંથી સિક્કા વીણી લીધા અને રમઝુને કહ્યું કે, ''હાલો, મીર, હવે હાંઉ કરો હાંઉ !'' પણ આવી સૂચના એ કાને ધરે એમ ક્યાં હતો ?

આખરે ભૂધર મેરાઈ પોતે જ આગળ આવ્યા ને રમઝુને રીતસરનો હડસેલો મારીને જ સંભળાવ્યું : ''હવે હાલની ઝટ, હાલની, આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભો રહીશ તો કે'દી પાદરે પોગાડીશ !''

મેરાઈના હડસેલા સાથે ઉગ્ર અવાજે ઉશ્કેરાયેલાં વેણ કાને પડ્યાં ત્યારે જ મીરને ભાન થયું કે હું અત્યારે ઊભી બજાર બાંધીને ઊભો છું ને મારે તો હજી જાનને ઝાંપા સુધી દોરી જવાની છે.

રમઝુ યંત્રવત્ આગળ તો વધ્યો, પણ એનું દિમાગ અને દિલ પણ બરોબર બે દાયકા જેટલું જાણે કે પાછળ હટી ગયું. વીસ વરસ પહેલાં આવા જ એક નમતા બપોરે રમઝુ મીરે પોતાની જ પુત્રી સકીનાને સાસરિયે વળાવી હતી. હૃદયમાં ઊંડે-ઊંડે ખૂંપેલું દર્દ સળવળે ને જેવો વેદનાનો ચિત્કાર નીકળે એવો જ મૂંગો ચિત્કાર આ જૂનાં સ્મરણોના સળવળાટે મીરના હૃદયમાં ઊઠ્યો.

અને આપોઆપ એની શરણાઈનો સૂર બદલાઈ ગયો. અડાણાનો ઉન્માદ અને ઉમંગ ઓસરી ગયો. એને સ્થાને હવે કોરાયેલાં કાળજાનું દર્દ વહેવા લાગ્યું. એકાએક પલટાયેલો આ તાનપલટો શ્રોતાઓ સમજી ન શક્યા, પણ આ નવા સૂરની અસરમાં આવતાં એમને વાર ન લાગી. આકાશમાં પૂર્ણેન્દુ પ્રકાશ્યો હોય, પૃથ્વી પર સ્નિગ્ધતળ કૌમુદી રેલાતી હોય અને એમાં એકાએક કાળી વાદળી આવી ચડતાં ચોગરદમ ધિક્કારના ઓળા ઊતરી રહે અને આખા વાતાવરણમાં એક ઊંડી ઉદાસી ફેલાઈ જાય એવી જ અસર અત્યારે ઊઘલતી જાનમાં વરતાઈ રહી. ઘડી વાર પહેલાં આનંદમાં ગુલતાન એવા એ જાનૈયાઓ સાવ મૂંગા થઈ ગયા. ગીત ગાતી સુહાગણોએ પણ જાણે કે શરણાઈની અસર તળે જ વધારે કરુણ વિદાય-ગીતો ગાવા માંડ્યાં હતાંઃ

‘‘આછલાં કંકુ ઘોળ રે લાડી
આછલી પિયળ કઢાવું...
તારા બાપનાં ઝૂંપડાં મેલ્ય હો લાડી,
તળશીભાઈની મેડિયું દેખાડું...’’

રમઝુ ડોસો એની શરણાઈ વગાડવામાં અને પોતાના દિલમાં ભારેલી વેદના વ્યક્ત કરવામાં જ ગુલતાન હતો, છતાં આ ગીતોમાં ગવાતી વેદનાનાં વસમાં વેણ એના કાને અથડાઈ જતાં હતાં ને આપમેળે જ હૃદયસોંસરાં ઊતરી જતાં હતાં. પરિણામે એના સૂરમાં બમણું દર્દ ઘૂંટાતું હતું.

અત્યારે ગવરીના પિતા ભૂધર મેરાઈ પુત્રીની વિદાયને કારણે વિષાદ અનુભવી રહ્યા હતા, પણ એથીય અદકો વિષાદ રમઝુ મીરના હૃદય પર છવાયો હતો. દિશાશૂન્ય ..... એ કેવળ આદતને જોરે એક્કેક દશ્ય એની ઝામર-મોતિયા વડે ઝંખવાતી આંખ આગળ તાદશ થતું હતું.

ભરજુવાનીમાં ઘરભંગ થયેલા રમઝુને બે વરસની માવિહોણી બાળકીની માતા થવું પડેલું. ઓઝત નદીને હેઠવાસને આરે રમઝુએ બાળકી સકીનાનાં બાળોતિયાં ધોયેલાં. દશ્યની સાહેદી આપી શકે એવાં ઘણાં ડોસાંડગરાં તો ગામમાં હજી હયાત હતાં. રમઝુને આ દુનિયામાં બે જ પાત્રો જોડે દિલ્લગી બંધાઈ ગઈ હતી : એક તો કુટુંબમાં પેઢી-દર-પેઢી વારસામાં મળતી આવેલી શરણાઈ અને બીજી મૃત પત્નીના સંભારણારૂપે સાંપડેલી સૂરજમુખીના ફૂલ જેવી સકીના. તેથી જ એણે પોતાનાં દિલ-દુનિયામાં ત્રીજા કોઈ પાત્રને પ્રવેશ કરવા નહોતો દીધો. કોમના માણસોએ ફરી નિકાહ પઢવાનો બહુ-બહુ આગ્રહ કરવા છતાં જુવાન મીર પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો હતો.

રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી ઉછેરીને મોટી કરેલી. સકીનાના લાડકોડ તો લોકવાયકા સમાં થઈ પડેલાં. માતા તેમ જ પિતાના બેવડા વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર સૂકો રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે ફાટ્યાંતૂટ્યાં કપડાં પર સો થીંગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. ન-માઈ પુત્રીને જરા પણ ઓછું ન આવે એની તકેદારી રાખવા માટે રમઝુ એને અછોઅછો વાનાં કરતો.

સકીના કાખમાં બેસવા જેવડી હતી ત્યાં સુધી તો રમઝુ એને ચોવીસે કલાક પોતાની સાથે જ ફેરવતો. કોઈના સામૈયાંમાં શરણાઈ વગાડવા જવાનું હોય તોપણ સકીના એની કોખમાં જ બેઠી હોય અથવા તો પિતાના ગળામાં હાથ પરોવી પીઠ પર બાઝી પડી હોય. રમઝુ વરઘોડામાં શરણાઈ વગાડતો હોય કે ફૂલેકામાં ફરતો હોય ત્યારે એની પીઠ પર, વાંદરીને પેટે વળગેલાં બચોળિયાની જેમ વળગી રહેલી આ બાળકીનું સુભગ દશ્ય તો વરસો સુધી આ ગામમાં સુપરિચિત થઈ પડેલું.

સાચી વાત તો એ હતી કે શરણાઈ તેમ જ સકીના બંને આ વિધુર આદમીની જિંદગીમાં તાણાવાણાની જેમ વણાઈ ગયાં હતાં. શરણાઈ અને સકીનાની હાજરીમાં રમઝુ પોતાને આ દુનિયાનો શહેનશાહ સમજતો. ઘણીય વાર નમતી સંધ્યાએ પોતાના કૂબાના આંગણામાં બેઠો-બેઠો રમઝુ કેવળ મોજ ખાતર શરણાઈમાંથી સૂર છેડતો સકીનાને રીઝવતો. બાળકી ગેલમાં

આવીને કાલું-કાલું બોલવા લાગતી. એના કાલાઘેલા બોલમાં રમઝુ મૃત પત્નીની પ્રેમ-પ્રચુર વાણી સાંભળી રહેતો. આ રીતે શરણાઈ રમઝુ મીર માટે કેવળ રોટલો રળવાનું જ સાધન નહોતું, વિદેહી જીવન-સંગાથિની સાથે સાંનિધ્ય અનુભવવાનું, એના જીવનબીન સાથે એકસૂર એકતાલ એકરસ બનવા જીવતું જાગતું વાદ્ય હતું. તેથી જ તો પત્નીની કબર પર ફૂલ ચડાવવા જતો ત્યાં ઓટા પર મરવાના ફૂલ-છોડની મહેંક માણતો-માણતો એ શરણાઈના સૂર વહાવતો હતો ને ! રમઝુની આ વિચિત્ર લાગતી ખાસિયત ગામ આખામાં ચર્ચાનો વિષય બની ચૂકેલી, વ્યવહારડાહ્યાં લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં પણ મનસ્વી મીરને આવા અભિપ્રાયોની ક્યાં પડી હતી ? એ તો સપનાંને સહારે જિંદગી જીવતો હતો, ને શરણાઈ વડે એ સપનાં સાચાં પાડતો હતો.

પાંપણમાં પુરાયેલા સુમધુર સ્વપ્ન સમી સકીનાને પણ રમઝુએ એક દિવસ સાસરે વળાવવી પડી હતી અને તે દિવસે એણે પારાવાર દુઃખ અનુભવ્યું હતું. અત્યારે એનાં પગલાં ગામઝાંપાની દિશામાં પડતાં હતાં, પણ એના મનનું માંકડું તો અતીતની યાત્રાએ ઉપડી ગયું હતું. પ્રસંગોની પરકમ્મા કરતું-કરતું એ વારેવારે પુત્રીવિદાયના આ પ્રસંગ પર આવીને અટકતું હતું. પુત્રીવિદાયનો એ પ્રસંગ તાજો થતાં ડોસાનું વત્સલ હૃદય વલોવાઈ જતું હતું અને એ વલોપાત શરણાઈના સૂર વાટે વ્યક્ત થઈ જતો હતો. અત્યારે પોતે ખોબા ખારેકની લાલચે શરણાઈ વગાડવા આવ્યો હતો એ વાત જ રમઝુ વીસરી ગયો; સાસરિયે સોંઢી રહેલી કન્યા ભૂધર મેરાઈની ગવરી છે એ હકીકત પણ એ ભૂલી ગયો; અત્યારે તો પોતાની સગી દીકરી સકીનાને વિદાય અપાય છે એમ સમજીને શરણાઈમાં એ હૃદયની સઘળી વ્યથા રેડી રહ્યો હતો. તેથી જ તો, જાન ઝાંપે પહોંચતાં સુધીમાં તો રમઝુના દર્દનાક સૂરોએ આખું વાતાવરણ ભારઝલું બનાવી મૂક્યું હતું.

આનું કારણ એ હતું કે સકીનાનું સંભારણું રમઝુ માટે જરાય સુખદ ન હતું. ડોસાના કાળજામાં વિસ્મરણની રાખ તળે સકીનાના નામનો ધગધગતો અંગારો ભરેલો પડ્યો હતો. આવે પ્રસંગે એ રાખનું આવરણ દૂર થતાં ડોસાની ભીતરમાં ભડકા ઊઠતા, કારણ એ હતું કે સકીનાને સાસરિયે મોકલ્યા પછી આઠમે દિવસે જ એના ભેદી મૃત્યુના વાવડ આવેલા. એ મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શકેલો નહિ. સકીનાના અકળ મૃત્યુથી ડોસાએ પુત્રી તેમ જ પત્ની-બંનેના દેહવિલયનો બમણો વિયોગ અનુભવેલો. દિવસો સુધી તો એ અવાક્ થઈ ગયેલો. એની ચિત્તભ્રમ જેવી દશા જોઈને લોકો કહેતા કે ડોસાની ડાગળી ચસકી ગઈ છે.

તેથી જ તો પાદરમાં પહોંચ્યા પછી રમઝુએ શરણાઈની તાન ઉપર આમથી તેમ ચાલવા માંડ્યું ત્યારે લોકોએ એને ગાંડામાં ગણી કાઢ્યો ને !

પીપળા હેઠે ગાડું થોભ્યું. ગવરીને સરખી સમોવડી સહિયરો એક પછી એક વિદાય આપવા આવી. સહુ બહેનપણીઓ ગવરીની નજીક જઈ, ગોઠિયણના કાનમાં ધીમી ગોષ્ઠિ કરીને આંસુભરી આંખે પાછી આવતી હતી. ઘરચોળાના ઘૂંઘટાની આડશે રડીરડીને ગવરીની આંખો લાલ હીંગળા જેવી થઈ ગઈ હતી, એ તો અત્યારે જ ખબર પડી. હીબકતી પુત્રીને જોઈને માતાનું હૃદય હાથ ન રહ્યું. સાથે આણેલી ટબૂડીમાંથી ગવરીને બે ઘૂંટડા પાણી પાઈને તેઓ કોચવાતા હૃદયે દૂર ચાલ્યાં ગયાં. પણ એમની પાંપણ પર આવીને અટકેલાં આંસુ રમઝુની નજર બહાર નહોતાં રહ્યાં. લાગણીના આવેશમાં માતા જે ભાવ વાચા દ્વારા વ્યક્ત નહોતી કરી શકતી એની અભિવ્યક્તિ રમઝુ પોતાના સૂર વાટે કરી રહ્યો.

આમ તો પાદરનો આ પીપળો અને ચબૂતરો ગામની સેંકડો કન્યાઓની વિદાયના સાક્ષી બની ચૂક્યા હતા. રમઝુ પોતે પણ આવા અસંખ્ય વિદાયપ્રસંગોએ શરણાઈ વગાડીને સાટામાં રૂપિયો-રોડો મહેનતાણું મેળવી ચૂક્યો હતો. પણ આજની વાત અનોખી હતી. આજનું વળામણું વિશિષ્ટ હતું. આજનો વિદાયપ્રસંગ સાવ વિલક્ષણ હતો. આજે, દર્દનાક શરણાઈ વગાડનાર માણસ અવસ્થાને આરે પહોંચેલો ખખડી ગયેલો રમઝુ મીર ન હતો, પણ વીસ વરસ પહેલાં સકીનાને વિદાય આપનાર પુત્રીનો પિતા હતો. તેથી જ તો તળશીવેવાઈએ પાવલાથી માંડીને બાધા રૂપિયા જેવડી મોટી રકમની ત્રણ ત્રણ વાર દાદ આપવા છતાં રમઝુ શરણાઈ બંધ કરીને પાદરમાંથી પાછો ફર્યો નહિ ને !

કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઊપડ્યું હતું :

દાદાને આંગણે આંબલો
આંબલો ધીરગંભીર જો...
એક રે પાંદડું અમે તોડિયું
દાદા ગાળ મા દેજો જોઃ
અમે રે લીલુડા વનની ચરકલડી...

માત્ર ગવરી નહિ, ગવરીની ગોઠિયણો જ નહિ, કન્યાનાં આપ્તજનો જ નહિ પણ સીમાડાનું સમગ્ર વાતાવરણ જાણે કે ડૂસકાં ભરતું લાગ્યું અને મીરની શરણાઈએ આ શોકમગ્ન વાતાવરણ સાથે અજબ સમવેત સાધ્યો. એના સૂરમાં ઘૂંટાતું દર્દ વાતાવરણની ગમગીનીને દ્વિગુણિત બનાવી ગયું. રમઝુ ચગ્યો હતો. એની શરણાઈ ચગી હતી. પોતાના ચિરાયેલા દિલની વેદનાને ચગાવવામાં પણ ડોસો ચેન અનુભવતો હતો.

પણ કન્યાને લઈને ઝટપટ ઘરભેગા થઈ જવાની ઉતાવળમાં વરરાજા તેમ જ વરના બાપ તળશીવેવાઈ તલપાપડ થઈ રહ્યા હતા. પાદરના મોકળા પટમાં મોકળે મને સૂરો રેલાવી રહેલા મીરને જોઈને વેવાઈની અકળામણ વધતી જતી હતી.

આખરે એમણે ભૂધર મેરાઈ સમક્ષ એ અકળામણ વ્યક્ત કરી પણ ખરી; ''તમારો મીર તો ભાર્યે લાલચુ લાગે છે ! આટલી દાદ દીધી તોય હજી ધરવ નથી થાતો, અમારે તો અહીં સીમાડે જ સૂરજ આથમી જાશે એમ લાગે છે...''

વેવાઈની ફરિયાદ સાંભળીને તુરત ભૂધર મેરાઈ, જાનનો મારગ રોકીને ઊભેલા મીર પાસે જઈ પહોંચ્યા અને મોટે સાદે સંભળાવ્યું : ''એલા ડોસલા, આવો ભૂખાવળો ક્યાંથી થ્યો ? આટલી બધી દાદ દીધી તોય હજી તને ધરવ નથી ? આટલાં પાવલાં પડ્યાં તોય હજી હાંઉ નથી કે'તો ?''

પણ રમઝુ તો પોતાની શરણાઈના સૂર સિવાય બીજું કાંઈ સાંભળે એમ ક્યાં હતો ? કંટાળીને ભૂધર મેરાઈએ વેવાઈને કહ્યું : ડોસાની ડાગળી જરાક ચસકી ગયેલ છે, દુખિયો જીવ છે ને એમાં પાછી પાકી અવસ્થા થઈ એટલે કળ-વકળનું ભાન નથી રિયું.''

''એને ભલે કળ-વકળનું ભાન ન હોય, પણ અમારે અસૂરું થઈ જાશે એનું શું ?'' તળશીવેવાઈએ તીખે અવાજે કહ્યું : ''એક તો બીકાળો મારગ ને ભેગા જરજોખમ...''

હવે ભૂધર મેરાઈનો મિજાજ હાથથી ગયો. એમણે દાદ પેટે જમીન પર ફેંકાવેલા સિક્કા વીણીને પરાણે મીરની મુઠ્ઠીમાં પકડાવ્યા ને પછી એને હડસેલો મારીને કહ્યું : ''એલા લઘરા, હવે તો મારગ મોકળો કરીને ઘરભેગો થા ? હજી તો તારે કેટલાક રૂપિયા ઓકવવા છે ? કે પછી મીઠાં ઝાડનાં મૂળ ખાવાં છે, બાવા માગણ !

ભૂધર મેરાઈના હડસેલાથી મીર હાલ્યો તો ખરો, પણ પોતાના ઘરને-ગામને મારગે નહિ, સીમને મારગ, સણોસરાને કેડે.

''આ તો હજી સગડ નથી મેલતો.'' તળશીવેવાઈ કંટાળીને બોલ્યા : ''આ તો અમારી મોર્ય વે'તો થ્યો....''

''મર થાતો,'' સીમને મારગે સામે ચાલતા રમઝુને જોઈને ભૂધર મેરાઈએ કહ્યું : ''થાકશે એટલે એની મેળે પાછો આવતો રહેશે.'' અને પછી વેવાઈને છેલ્લી સૂચના તરીકે ઉમેર્યું : ''હવે ખબરદાર, એને રાતું કાવડિયું પણ આપ્યું છે તો ! તમે પહેલેથી જ છૂટે હાથે દાદ દેવા માંડી એમાં ડોસો સોનાનાં ઝાડ ભાળી ગયો, પણ હવે ભૂંગળું ફૂંકીફૂંકીને મરી જાય તોય સામું જોશો મા.''

અને પછી બંને વેવાઈઓ ભાવે કરીને ભેટ્યા અને જાન સણોસરાના કેડે ચઢી.

રમઝુ હજી પણ ધૂનમાં ને ધૂનમાં જાનની મોખરે ચાલ્યા જ કરતો હતો. પાછળ પાદરમાં ઊભેલા લોકો આ ગાંડા માણસની હાંસી ઉડાવતાં હતાં. પુત્રી વળાવીને કુટુંબીઓ ભારે હૈયે ઘર તરફ પાછાં ફરતાં હતાં, ત્યારે સ્ત્રીઓએ છેલ્લું ગીત ઉપાડ્યું હતું :

''એક આવ્યો'તો પરદેશી પોપટો
બે'ની રમતાં'તાં માંડવા હેઠ...
ધુતારો ધૂતી ગયો...''

ધૂનમાં ને ધૂનમાં મોટાં-મોટાં ડગ ભરતા રમઝુને કાને આ ગીતનાં વેણ આછાં-પાતળાં અથડાતાં હતાં, પણ એને ખ્યાલ નહોતો કે પોતે કઈ દિશામાં આગળ વધી રહ્યો છે. પુત્રીવિયોગના દુઃખદર્દમાં એ જાણે કે દિશાશૂન્ય થઈ ગયો હતો.

હવે તો જાનૈયાઓએ પણ મીરની મશ્કરી શરૂ કરી હતી :

''સાવ મગજમેટ થઈ ગયો લાગે છે!''

''માગણ કીધાં એટલે હાંઉ... આંગળી દેતાં પોંચાને જ વળગે... જીવને સંતોષ જ નહિ....''

''મર વગાડ્યા કરે એનું ભૂંગળું... હાલીહાલીને પગે પાણી ઊતરશે એટલે આફૂડો પાછો વળશે.''

''ને ઠેઠ સણોસરા સુધી વગાડતો આવે તોય શું વાંધો છે ? સામૈયામાં પણ આની જ શરણાઈ કામ આવશે. ગામના મીરને રૂપિયો ખટાવવો મટ્યો.''

પણ રમઝુ સણોસરા સુધી ન ગયો. વચ્ચે કબ્રસ્તાન આવ્યું કે તુરત એના પગ થંભી ગયા. ધણમાંથી પાછું ફરેલું ઢોર ગમાણનો ખીલો સૂંઘીને ઊભું રહી જાય એમ કબ્રસ્તાનમાંથી આવતી મરવાના છોડની પરિચિત સોડમ નાકમાં જતાં જ મીર ખચકાઈને ઊભો રહી ગયો. પાછળ વરકન્યાને લઈને ગાડું આવતું હતું અને એની પાછળ જુવાન જાનૈયાઓની ઠીઠિયાઠોરી સંભળાતી હતી. રમઝુની આંખ સામે, સાસરે સોંઢતી ગવરી નહિ, પણ સકીના પસાર થઈ રહી. તુરત એનો હાથ ગજવા તરફ વળ્યો. પાદરમાં ભૂધર મેરાઈએ ધૂળમાંથી ઉસરડો કરીને પરાણે ગજવામાં નખાવેલા પૈસા હાથ આવ્યા. જોયું તો સાચે જ દોથો ભરાય એટલા દાદમાં મળી ચૂક્યા જણાયા.

રાંક રમઝુ તો રાજીરાજી થઈ ગયો. હરખભર્યો એ ગાડા નજીક ગયો ને બોલ્યો ''લે ગગી, આ કાપડાના કરીને આપું છું.''

અને હજી તો આ રકમનો સ્વીકાર કરે કે અસ્વીકાર થાય એ પહેલાં તો ઊતરતી સંધ્યાના ઉજાસમાં રમઝુ કબ્રસ્તાનમાં દાખલ થઈ ગયો. એની એક આંખ સામે ગવરીનું કાપડું ને બીજી આંખ સામે સકીનાનું કફન તરવરી રહ્યું.

આ ચસકેલ માણસના આ વિચિત્ર વર્તાવ બદલ જાનૈયાઓ ફરી વાર ચેષ્ટા કરતા આગળ વધ્યા.

દિવસને આથમતે અજવાળે રમઝુએ મૃત પત્નીની કબર પાસે બેસીને સરસ સુરાવટ છેડી. એમાં મિલન અને વિયોગના મિશ્ર ભાવોની ગંગા-જમના ગૂંથાઈ ગઈ. પવનની પાંખે ચડીને એ સૂર મોડેમોડે સુધી ગામમાં તેમ જ સીમમાં સંભળાતા રહ્યા અને અનેક મિલનોત્સુક તેમ જ વિયોગી આત્માઓ આ સુરાવટમાંથી એકસરખી શાંતિ અનુભવતા રહ્યા.

પણ કમનસીબે રમઝુની શરણાઈની આ છેલ્લી સુરાવટ હતી. એ પછી એ શરણાઈ કે સૂર ગામલોકોને કદી સાંભળવા મળ્યા જ નહિ.

**(''શરણાઈના સૂર''માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**ગોતરીજ** ગોત્રજ; **માફાળું ગાડું** પડદાવાળું, છાયાવાળું, ગાડું (વેલડું); **સોંસરવું** એક છેડેથી બીજા છેડા સુધી પોલાણવાળું એમાંથી પસાર થનારું, આરપાર; **પરિતોષ** ખૂબ સંતોષ, તુષ્ટિ; **લીરા** (અહીં) ફેંટા ઉપરનાં છૂટાં છોગાં; **શુષ્ક** સૂકું, (અહીં) નીરસ; **રમમાણ** લીન, મગ્ન; **શલ્ય** શૂળ, અજંપાનું કારણ; **પૂર્ણેન્દુ** પૂર્ણ ચંદ્ર; **સ્નિગ્ધ** લીસું, કોમળ; **કૌમુદી** ચાંદની; **ગુલતાન** મશગૂલ, તલ્લીન; **સોડમ** સૌરભ, સુગંધ, સુવાસ; **અડાણા** શાસ્ત્રીય રાગનું નામ છે; **ઉછરંગ** આનંદનો ઉછાળો.

## તળપદા શબ્દો

**દલ્લી** દિલ્હી શહેર; **તાસીરો બોલી રહેવો** સૂર-તાલની રમઝટની મજા આવવી; **ગોઠિયણ** સખી, સાહેલી, સહિયર **મોર્ય વેતો થયો** આગળ ચાલવા લાગ્યો; **મર થાતો** ભલે થાતો; **ગગો** છોકરો, દીકરો; **પૂગવું** પહોંચવું; **મેડિયું** મેડીઓ; **આણવું** લાવવું; **હાંઉ** બસ; **રાતું કાવડિયું** રૂપિયાના 64 ભાગનો તાંબાનો જૂનો સિક્કો; **મોખરે** સૌથી આગળ; **ગમાણ** ઢોરને ચારો (નીરણ) ખાવાની જગ્યા; **હર** હર્ષ **ચસકેલ** ગાંડપણને વશ થયેલું; **ધુતારો** ધૂતીને સ્વાર્થ કાઢી લેનારો માણસ, ઠગ; **મગજ-મેટ** ગાંડો, પાગલ; **ગગી** છોકરી, દીકરી; **લપરું** લપ કરનારું, કેડો મૂકે નહિ તેવું

## વિરુદ્ધાર્થી શબ્દો

**સુહાગણ** × વિધવા; **વિષાદ** × આનંદ; **હરખ** × શોક

## રૂઢિપ્રયોગ

**પૈડુ સિંચવું** શુકન કરવા **અછો અછો વાનાં કરવાં** લાડ લડાવવાં **ઓછું આવવું** મન દુભાવું **સોનાનાં ઝાડ ભાળી જવાં** ખૂબ સમૃદ્ધિ જોવી **હૃદય હાથ ના રહેવું** હિંમત કે ધીરજ ન રહેવી **તલપાપડ થઈ રહેલું** અત્યંત આતુર થઈ જવું **ધરવ ન થવો** સંતોષ ન થવો **દાદ આપવી** (અહીં) હક્ક-લાગો આપવો **મંત્રમુગ્ધ બનવું** દંગ થઈ જવું **ડાગળી ચસકી જવી** પાગલ થઈ જવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**કન્યા વિદાય વખતે કન્યાની મા મંગળનો દીવો લે છે તે** રામણદીવડો; **સૌભાગ્યવતી સ્ત્રી** સુહાગણ; **ઘરની પાછલી દીવાલ** પછીત; **ઘરની બાજુની દીવાલ** કરો; **માથે બાંધવાનું લૂગડું** પાઘડી, ફેંટો, માથાબંધણું; **રેશમી દોરાથી કરેલું ભરતકામ** હીરભરત; **જરીના કસબવાળું** જરિયન; **ઘેરવાળું ઘૂંટણથી પગ નીચે પહોંચતું અંગરખું** જામો; **રેશમી વસ્ત્ર, સ્ત્રીઓની સર્વસાધારણ સાડી, ઊંચી જાતનું સુંદર વસ્ત્ર** પટકૂળ; **ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ** ગલોફું; **ચાર આનીનો જૂનો સિક્કો** પાવલી; **બેઠા ઘાટની નાની લોટી** ટબૂડી; **જેની પત્ની મરણ પામી છે તેવો પુરુષ** વિધુર; **ખભાની નીચેનાં હાથના મૂળમાંનો ખાડો** કાખ; **પગે કરવામાં આવતી કંકુની અર્ચા** પિયળ; **તુલસીની જાતનો એક ઉગ્ર ગંધવાળો છોડ** ડમરો, મરવો; **શુભ કામ માટે ઘેરથી તૈયારી સાથે નીકળવું** સોંઢવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્યભાવની વાત કરવામાં આવી છે ?

(a) ભૂધર મેરાઈ (b) રમઝુ મીર (c) તળશી વેવાઈ (d) ગવરી

(2) 'હવે હાલ્યની ઝટ, હાલ્યની, આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભો રહીશ તો કે'દી પાદરે પોગાડીશ' – વાક્ય કોણ બોલે છે ?

(a) મેરામણ (b) ભૂધર વેવાઈ (c) રમઝુ મીર (d) તળશી વેવાઈ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગવરીની વિદાય પ્રસંગે રમઝુ મીરને કોનું સ્મરણ થાય છે ?

(2) રમઝુ મીર પત્નીની કબર ઉપર ફૂલ ચડાવવા જતો ત્યાં કયા ફૂલ-છોડની મહેકને માણતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) દાદમાં મળેલા પૈસા રમઝુ મીર ગવરીને શા માટે આપી દે છે ?

(2) શરણાઈ વગાડતી વખતે રમઝુ મીર સકીનાને કેવી રીતે સાચવતો ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'શરણાઈના સૂર' - કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

(2) રમઝુ મીરનું શબ્દ-ચિત્ર આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- કન્યાવિદાયના પ્રસંગનું ચિત્ર દોરો.
- ફટાણાં (લગ્નગીતો) ગાવાની સ્પર્ધા રાખો.
- રમઝુ મીરનો એકપાત્રીય અભિનય રજૂ કરો.
- લગ્નપ્રસંગનાં ગીતોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના સંદર્ભમાં વર્ગમાં સંવાદ યોજી ચર્ચા કરો.
- આ કૃતિમાં વપરાયેલા સોરઠી બોલીના શબ્દોની યાદી તૈયાર કરો. દા.ત., હાલો, ઝટ... વગેરે.
- કન્યાવિદાયનાં કાવ્યો મેળવી વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''માંડવો બંધાઈ ગયો. ગોતરીજ પાસે પાયલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાએ કંકુના થાપા પાડી દીધા. જાનને શીખ દેવાઈ ગઈ. શુભ શુકન સાંપડી ગયા.''

  કૃતિની શરૂઆતમાં જ આ ટૂંકાં ટૂંકાં વાક્યોથી લેખકે લગ્નનો માહોલ ખડો કરી દીધો છે. આવી સરળ ભાષા અને ટૂંકાં વાક્યો દ્વારા પણ અસરકારક વર્ણન થઈ શકે છે જે નોંધનીય છે.

- કહેવતો ઓછા શબ્દોમાં અસરકારક વાત રજૂ કરે છે અને વર્ણનને 'ચોટદાર' બનાવે છે. અહીં પણ 'આંગળી દેતાં પોંચાને જ વળગે', મીઠા ઝાડનાં મૂળ ન ખવાય' જેવી કહેવતો અને 'અછો અછો વાનાં કરવાં', 'ડાગળી ચસકી જવી', 'તલપાપડ થઈ જવું', 'હૃદય હાથ ન રહેવું', 'તાસીરો બોલી જવો' જેવા રૂઢિપ્રયોગો વર્ણનને તાદૃશ્ય કરે છે તે સમજો.

- ''હાલો, મીર હાલો, ઝટ વહેતા થાવ.''

  સોરઠીબોલીનું પ્રતિનિધિત્વ કરતું આ વાક્ય કથાપ્રવાહની દૃષ્ટિએ સામાન્ય છે છતાં 'ચાલો' ને બદલે 'હાલો', 'જલદી' ને બદલે 'ઝટ', 'આગળ ચાલો' ને બદલે 'વહેતા થાવ'નો પ્રયોગ આ ભાષાની લાક્ષણિકતા બતાવે છે. 'વહેવું' ક્રિયાપદ મહદ અંશે પાણીની ગતિ બતાવવા વપરાય છે જે અહીં અલગ અર્થમાં વપરાયું છે. આ કૃતિમાંથી આવા સોરઠી બોલીના અન્ય શબ્દો જુદા તારવો.

## શિક્ષકની ભૂમિકા

- 'દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે. સુખી જો સમજે પૂરું દુઃખ ના વિશ્વમાં ટકે' આ પંક્તિને આધારે રમઝુની મનોદશા વિદ્યાર્થીઓ સમક્ષ ચર્ચવી. સંગીતની અસર, દુઃખની પરાકાષ્ઠા અને અનુભૂતિના આ ત્રિવેણી સંગમને આધારે ધૂની લાગતા રમજૂની મનોદશા સ્પષ્ટ કરવી.
- વિદ્યાર્થીઓએ ગાંડા માણસની મશ્કરી ન કરવી, બીજાની મનોદશા સમજવાનો પ્રયત્ન કરવો, અયોગ્ય લાગે તેવું વર્તન કરનાર વ્યક્તિને આંખ નહિ પણ તેની દૃષ્ટિથી સમજવાની જરૂર છે તેવી બાબતોથી વિદ્યાર્થીઓને અવગત કરવા.
- ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ' વાર્તાને આ વાર્તા સાથે તુલનાત્મક પદ્ધતિથી રજૂ કરવી.

•

| 3 | # પ્રયાણ |
|---|---|

**રમણભાઈ નીલકંઠ**

**(જન્મ : તા. 13-03-1868; અવસાન : તા. 06-03-1928)**

રમણભાઈ મહિપતરામ નીલકંઠનું વતન અમદાવાદ હતું. તેઓ પંડિતયુગના અગ્રણી સાહિત્યકાર હતા. સાહિત્ય ઉપરાંત તેમની સમાજસેવા નોંધપાત્ર છે. તેમણે 'ભદ્રંભદ્ર' જેવી હાસ્યરસની વિખ્યાત નવલકથા તથા 'રાઈનો પર્વત' જેવું શિષ્ટ નાટક લખ્યું છે. 'કવિતા અને સાહિત્ય ભાગ 1થી 4'માં વિવેચનો-વ્યાખ્યાનો સંગ્રહાયાં છે. 'ધર્મ અને સમાજ' નામના બે ભાગમાં તત્ત્વચર્ચાને લગતાં વ્યાખ્યાનો ગ્રંથસ્થ છે.

આ ખંડ ગુજરાતીની પ્રસિદ્ધ હાસ્યનવલકથા 'ભદ્રંભદ્ર'માંથી લેવામાં આવ્યો છે. ભદ્રંભદ્ર અને તેમના શિષ્ય અંબારામને મુંબઈ જવાનું હોય છે, તે ઘટનામાંથી ભદ્રંભદ્રની વિચિત્રતાઓ, જુનવાણી ખ્યાલો અને કૃત્રિમ, સંસ્કૃતપ્રધાન ભાષાના પ્રયોગથી હાસ્ય નિપજે છે. લેખકે ધર્મના નામે ચાલતા દંભ ઉપર કટાક્ષ કરવા સાથે મનુષ્ય પોતાના પુરાણા ખ્યાલોમાં કેવો બંધાયેલો હોય છે તેની ઘટનાઓ વર્ણવી છે. વિચિત્રતા કે આત્યંતિકતામાંથી કેવું હાસ્ય પેદા થાય છે તેના દૃષ્ટાંતરૂપ આ ખંડ છે.

---

જમીને અમે સ્ટેશન પર ગયા. ઘેરથી નીકળતાં ભદ્રંભદ્રનો આનંદ અપાર હતો. કપાળે કંકુનો લેપ કરતાં મને કહે કે, 'અંબારામ, આજનો દિવસ મહોટો છે. આપણે આપણા વેદધર્મનું રક્ષણ કરવા, આર્યધર્મનો જય કરવા, સનાતન ધર્મનો પ્રચાર કરવા પ્રયાણ કરીએ છીએ. રાવણનો પરાજય કરવા નીકળતાં શ્રીરામની વૃત્તિ કેવી હશે ! કંસના વધનું કાર્ય આરંભતાં શ્રીકૃષ્ણનો ઉત્સાહ કેવો હશે ! કીચકને મર્દન કરવાની યુક્તિ રચતાં ભીમસેનનો ઉમંગ કેવો હશે !'

ચકિત થઈ મેં કહ્યું 'અકથ્ય, મહારાજ ! અકથ્ય.'

ભદ્રંભદ્ર બોલી ઊઠ્યા, 'તો મારી વૃત્તિ પણ આજ અકથ્ય છે. મારો ઉત્સાહ પણ આજ અકથ્ય છે. મારો ઉમંગ પણ આજ અકથ્ય છે અને અંબારામ ! એમ ન સમજીશ કે આગગાડીમાં જાઉં છું તેથી જ મારી ગતિ આટલી ત્વરિત છે. મારો વેગ, મારો પોતાનો વેગ તને વિદિત છે ?'

મેં કહ્યું, 'મહારાજ, તે દહાડે જમાલપુર દરવાજા બહાર એક શિયાળવાને વરુ ધારી આપણે પાછા ફર્યા હતા તે દહાડે તો તમે મારાથી બહુ અગાડી નીકળી ગયા હતા. તેવો વેગ કહો છો ?'

ભદ્રંભદ્રે ગંભીરતાથી કહ્યું, 'કંઈક તેવો, પણ તેથી સરસ.'

ઉત્સાહની વાતો કરતા કરતા અમે સ્ટેશન પર જઈ પહોંચ્યા. અમારી બંનેની ટિકિટ કરાવવા ભદ્રંભદ્ર ગયા. હું જોડે ઊભો રહ્યો. બારીમાં ખભા સુધી ડોકું ઘાલી ભદ્રંભદ્રે કહ્યું, 'શ્રી મોહમયીની બે મૂલ્યપત્રિકા આપો.'

ટિકિટ માસ્તર પારસી હતો, તેણે કહ્યું 'સું બકેચ ? આય તો તીકીટ ઑફિસ છે.'

ભદ્રંભદ્રે ઉત્તર દીધો. 'યવન ! તેથી હું અજ્ઞ નથી. મારે મોહમયીની બે મૂલ્યપત્રિકાની આવશ્યકતા છે, તેનું વિતરણ કરવું એ તવ કર્તવ્ય છે.'

ટિકિટ ઑફિસમાં એક હિંદુ હતો, તેણે કહ્યું, 'સોરાબજી, એને ગ્રાંટરોડની બે ટિકિટ આપો.

ટિકિટ આપતાં સોરાબજી બોલ્યા કે, 'સાલો કંઈ મેદ થયેલોચ. હું તો સમજતો જ નહિ, કે એ સું બકેચ.'

ભદ્રંભદ્ર હવે કોપ શમાવી શક્યા નહિ. તેણે મહોટે નાદે કહ્યું, 'દુષ્ટ યવન ! તારી ભ્રષ્ટ વાસનાને લીધે તું અજ્ઞાન રહ્યો છે. મૂર્ખ -'

અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રે એકાએક ડોકું બહાર ખેંચી લીધું. ધબકારો થયો હતો અને બહાર આવી નાક પંપાળતા હતા તે પરથી મેં ધાર્યું કે પારસીએ મુક્કો માર્યો હશે, પણ મને તો એટલું જ કહ્યું કે, 'દુષ્ટ યવનનો સ્પર્શ થયો છે. માટે મારે સ્નાન કરી લેવું પડશે.'

સ્નાન કરી રહ્યા પછી એ આગગાડીમાં જઈ બેઠા. ગાડી ઊપડવાને પંદર મિનિટની વાર હતી તેથી નીચે ઊતરી પાણી છંટાવી, ચોકો કરી તે ઉપર ઊભા રહી પાણી પીધું. ગાડી ઊપડવાની તૈયારી થઈ તેવામાં બે આદમી દોડતા દોડતા રઘવાયા

થયેલા આવી બારણું ખેંચી બૂમ પાડવા લાગ્યા. કે 'માસ્તર, આ તો બંધ છે, બારણું ઉઘાડો, બારણું ઉઘાડો.' એક પોર્ટરે આવી બારણું ઉઘાડી બંનેને જોસથી અંદર ધકેલી દીધા તે ભદ્રંભદ્ર પાસે બેસી ગયા. ભદ્રંભદ્રે સંકોચાઈને પૂછ્યું, 'ક્યાં જશો ?' 'મુંબાઈ' કહ્યું, એટલે જિજ્ઞાસાથી પૂછ્યું, 'નામ શું ?' પેલા બેમાંના એકે કચવાઈને જવાબ દીધો, 'મારું નામ રામશંકર અને મારા ભાઈનું નામ શિવશંકર, પણ અમારાં ઘરનાં નામ નખોદીઓ અને ઘોરખોદીઓ છે. છોકરાં ન જીવે તેથી મા-બાપે એવાં નામ પાડેલાં.'

એક ઉતારુ બોલ્યો કે, 'વહેમ, ઈમ કંઈ સોકરાં જીવે સે ?'

બીજો ઉતારુ બોલી ઊઠ્યો, 'અમારા ગામના શંભુ પુરાણીનો ભાણેજ વલભો મુંબઈ જઈ અંગ્રેજી ભણી આવ્યો છે. તે તો કહે છે કે એ તો સુધારાવાળાએ અંગ્રેજ લોકોની દેખાદેખી શાસ્ત્ર જોયા વિના વહેમ વહેમ કરી કહાડ્યું છે. શાસ્ત્રમાં તો લખ્યું છે કે આપણા શરીરમાં નાસકમાં કઠોડાં મળે છે તેના જેવા-કોઠા છે. તેમાં વચ્ચે કમરખ જેવી દાબડી છે, તેમાં પ્રાણવાયુ ભરેલો છે. આવાં હલકાં નામ બોલીએ ત્યારે કમરખ આસપાસ કોઠામાંથી પિત્ત નીકળે, એટલે આયુષ્ય વધે. કમરખમાંથી પ્રાણવાયુની ધાર છૂટે, તે જીભને વળગી બહાર ઝરે તેની જોડે પેલું પિત્ત છૂટતું જાય, તેનું જોર નરમ પડે એટલે આયુષ્ય વધે. તેથી એ કાંઈ વહેમ નથી, ખરી વાત છે. ઘણાએ અજમાવી જોયેલું છે.'

**('ભદ્રંભદ્ર' માંથી)**

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**પ્રયાણ કરવું** પ્રસ્થાન કરવું; **ત્વરિત** ઝડપી, વેગીલું; **અજ્ઞ** અજાણ; **વહેમ** સંશય (અહીં) ખોટી માન્યતા; ભ્રમ **નાદ** સ્વર, અવાજ; **મર્દન** ચોળવું; **ઉમંગ** ઉમળકો, ઉત્સાહ; **વિદિત** જાણેલું, જાણમાં આવેલું; **મોહમયી** મુંબઈ નગરીનું કૃત્રિમ નામ; **મૂલ્યપત્રિકા** ટિકિટ **કર્તવ્ય** ફરજ; **કોપ** ક્રોધ, ગુસ્સો; **મેદ** (મેડ) ગાંડો (અંગ્રેજી શબ્દનો પારસી ઉચ્ચાર)

### તળપદા શબ્દો

**મ્હોટે** મોટે; **અગાડી** આગળ; **આંય** અહીં; **સોકરા** છોકરા; **દાબડી** નાનો દાબડો, ડબ્બી; **સે** છે; **યવન** યુનાન દેશનો વાસી (અહીં) વિદેશી; **બકેચ** બોલે છે; **તવ** તારું, તમારું; **કમરખ** એક ખાટું ફળ

### વિરુદ્ધાર્થી શબ્દો

**રક્ષણ** × ભક્ષણ

### રૂઢિ પ્રયોગ

**રઘવાયા થવું** બહુ જ ઉતાવળા થઈ જવું

### શબ્દ સમૂહ માટે એક શબ્દ

**કહી ન શકાય તેવું** - અકથ્ય; **આગથી ચાલતી ગાડી** - આગગાડી; **જાણવાની ઈચ્છા** - જિજ્ઞાસા

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) ટિકિટ માટે ભદ્રંભદ્ર કયો શબ્દ પ્રયોજે છે ?

(a) મૂલ્યપત્રિકા (b) પત્રિકા (c) કંકોતરી (d) નિમંત્રણ કાર્ડ

(2) 'શું બકેચ ? આય તો તીકીટ ઑફિસ છે.' - વાક્ય કોણ બોલે છે ?

(a) સોરાબજી (b) ભદ્રંભદ્ર (c) હિંદુ મુસાફર (d) અંબારામ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભદ્રંભદ્ર અને અંબારામ કયા કાર્ય માટે પ્રયાણ કરી રહ્યા હતા ?

(2) ટિકિટ, સ્ટેશન અને મુંબઈ માટે પાઠમાં ભદ્રંભદ્રે કયા શબ્દો પ્રયોજ્યા છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

(2) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે ?

**4. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો.**

(1) 'પ્રયાણ' નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજનાં ચિત્રો વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- હાસ્યપ્રસંગો અને ટૂચકા કહેવાનો કાર્યક્રમ રાખો.
- રેલવે સ્ટેશનની મુલાકાત લો.
- આ પાઠને નાટ્યસ્વરૂપે ભજવો.
- જ્યોતીન્દ્ર દવેના હાસ્યપ્રેરક પ્રસંગો એકત્ર કરો.
- ટી.વી. પર પ્રસારિત થતા હાસ્ય કાર્યક્રમો નિહાળો. દા.ત., ગમ્મત ગુલાલ...

## ભાષા-અભિવ્યક્તિ

- એકનો એક શબ્દ વર્ણનમાં વારંવાર આવે ત્યારે કાનને વાગે છે. અર્થાત્ સાંભળવો ગમતો નથી. અહીં 'અકથ્ય' શબ્દ વારંવાર વપરાયો છે. પણ અહીં વર્ણનની શરૂઆત ભદ્રંભદ્રના ઉત્સાહને આલેખવા થઈ છે તેથી પુનરાવર્તન કંટાળાજનક બનતું નથી જુઓ...

  ચક્તિ થઈ મેં કહ્યું, 'અકથ્ય મહારાજ ! અકથ્ય.' ભદ્રંભદ્ર બોલી ઉઠ્યા, 'તો મારી વૃત્તિ પણ આજ અકથ્ય છે, મારો ઉત્સાહ પણ આજ અકથ્ય છે. મારો ઉમંગ પણ આજ અકથ્ય છે.'
- વ્યક્તિના ભાવને પ્રગટ કરવા લેખકો ભાષા પાસેથી કેવું કામ લે છે તે સમજો.

  લેખકો વિવિધ રસની જમાવટ માટે, રસપ્રદ વર્ણન માટે પાત્રોને અનુરૂપ ભાષા પ્રયોજતા હોય છે. અહીં ટિકિટ માસ્તર પારસી સોરાબજી છે તેમની ભાષા જુઓ...

  'શું બકેચ ? આય તો તીકીટ ઑફિસ છે... સાલો કંઈ મેદ થયેલોચ. હું તો સમજતો જ નહિ, કે એ શું બકેચ.' – પારસીઓ મહદ્ અંશે 'ટ'ને બદલે 'ત' અને 'ડ'ને બદલે 'દ' વર્ણનો ઉચ્ચાર કરે છે. લેખકનું આ સૂક્ષ્મ નિરીક્ષણ પણ અહીં નોંધવા જેવું છે. વળી, 'બકે છે'ને બદલે 'બકેચ' અને 'થયેલો છે'ને બદલે 'થયેલોચ' પણ નોંધનીય છે. જુદા જુદા પ્રદેશો અને જાતિઓનાં ઉચ્ચારણોમાં જે ભિન્નતા કે વિશિષ્ટતા હોય છે તે પણ અહીં સમજાશે.

## શિક્ષકની ભૂમિકા

- હાસ્ય નિષ્પન્ન કરવું એ એક કળા છે અને તે આ પાઠમાં સુપેરે સિદ્ધ થયું છે. ભાષા દ્વારા, પ્રવૃત્તિ દ્વારા, ઘટના દ્વારા- એમ વિવિધ રીતે હાસ્ય નિષ્પન્ન થઈ શકે છે તેની વિદ્યાર્થીઓને સમજ આપવી.
- અહીં પારસી બોલી અને માત્ર તત્સમ શબ્દોના ઉપયોગના આગ્રહમાંથી હાસ્ય નિપજ્યું છે તેની સમજ આપવી.
- મનુષ્ય સ્વભાવની વિચિત્રતા અને અતિશયતામાંથી હાસ્ય નિપજતું હોય છે તે ઉદાહરણો દ્વારા જણાવવું.
- તંદુરસ્તી માટે હાસ્યનું મહત્ત્વ સમજાવવું
- જાણીતા હાસ્યલેખકોની રચનાઓથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

•

# વ્યાકરણ

## એકમ 1 | સમાનાર્થી, વિરુદ્ધાર્થી, જોડણી

### સમાનાર્થી

મિત્રો, તમે જાણો છો કે જ્યારે એક શબ્દના એકથી વધુ અર્થ જાણતા હોવ તો તમે તમારા લખાણને વધુ સચોટ, સમુદ્ધ કે આલંકારિક બનાવી શકો છો. યોગ્ય અર્થ સંદર્ભે જેના કારણે તમારા ઉત્તરો ઉપરાંત નિબંધ, વાર્તા આદિ વધુ આકર્ષક બની શકે છે. અહીં તમારી કૃતિમાં આવતા કેટલાક શબ્દોના સમાનાર્થી શબ્દો આપ્યા છે. આ શબ્દોનો અભ્યાસ કરો, તમારી ભાષાને વધુ સમૃદ્ધ બનાવો.

| અચાનક | એકાએક | ઓચિંતું | અણધાર્યું |
|---|---|---|---|
| અંતર | હૈયું | હૃદય | ઉર |
| આંખ | નેણ | નયન | ચક્ષુ |
| ઉદધિ | સાગર | સમુદ્ર | દરિયો |
| ઉમંગ | ઉત્સાહ | ઉમળકો | હોંશ |
| કષ્ટ | દુઃખ | પીડા | સંતાપ |
| કીર્તિ | ખ્યાતિ | નામના | યશ |
| કોપ | ક્રોધ | ગુસ્સો | રોષ |
| કૌમુદી | ચાંદની | જ્યોત્સના | ચંદ્રિકા |
| ગહન | ગાઢ | ઊંડું | અતળ |
| ઘોડો | અશ્વ | તુરગ | હય |
| જગ | જગત | દુનિયા | વિશ્વ |
| જાસૂસ | ગુપ્તચર | બાતમીદાર | |
| ડુંગર | પહાડ | પર્વત | ગિરિ |
| તાકાત | શક્તિ | બળ | જોર |
| ત્વરિત | ઝડપી | વેગીલું | ઉતાવળુ |
| થોડું | અલ્પ | નજીવું | ક્ષુલ્લક |
| પરાક્રમ | બહાદુરી | શૌર્ય | શુરાતન |
| પ્રશંસા | વખાણ | સ્તુતિ | તારીફ |
| પ્રસન્ન | ખુશ | આનંદિત | હર્ષિત |
| ફિકર | પરવા | ચિંતા | દરકાર |
| બાંધવ | ભાઈ | સહોદર | ભ્રાતા |
| ભયંકર | ભયાનક | બિહામણું | કરાલ |
| ભૂલ | દોષ | વાંક | ક્ષતિ |

| | | | |
|---|---|---|---|
| મતિ | બુદ્ધિ | પ્રજ્ઞા | મેધા |
| મનુષ્ય | માનવી | જન | માણસ |
| મશ્કરી | મજાક | ટીખળ | ટોળ |
| મહેમાન | અતિથિ | પરોણો | અભ્યાગત |
| વિખ્યાત | પ્રખ્યાત | નામાંકિત | ખ્યાતનામ |
| શપથ | સોગંદ | કસમ | પ્રતિજ્ઞા |
| શીતળ | ઠંડું | ટાઢું | શીત |
| શ્યામ | કાળું | શામળું | અસિત |
| શ્વેત | સફેદ | ધવલ | ધોળું |
| સંગ્રામ | યુદ્ધ | લડાઈ | જંગ |
| સ્નિગ્ધ | લીસું | કોમળ | સુંવાળું |
| સ્મૃતિ | સ્મરણ | યાદ | સાંભરણ |
| હુકમ | આજ્ઞા | ફરમાન | આદેશ |
| હોશિયાર | કુશળ | નિપુણ | પ્રવીણ |

## વિરુદ્ધાર્થી

મિત્રો,

– પ્રયત્ન કરો તો દરેક કામ શક્ય હોય છે.

– પ્રયત્ન કરો તો કોઈ કામ અશક્ય નથી હોતું.

તમે અહીં જોઈ શકો છો કે વિરુદ્ધાર્થી પ્રયોગ દ્વારા જુદી વાક્યરચનાઓ શક્ય બને છે. સંદર્ભનો ઉચિત પ્રયોગ કરવાથી અભિવ્યક્તિ વધુ સચોટ અને ધારદાર બને છે. એટલે કે, વિગતને વધુ સચોટ રીતે રજૂ કરવા માટે સમાનાર્થીની જેમ વિરુદ્ધાર્થી શબ્દો પણ ઉપયોગી નીવડે છે. અહીં તમારા પાઠ્યપુસ્તકમાં આવતા કેટલાક શબ્દોના વિરુદ્ધાર્થી પ્રયોગો આપ્યા છે. તેનો અભ્યાસ કરો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **અસલ** | × | નકલ | **આવક** | × | જાવક | **જન્મ** | × | મરણ |
| **અંત** | × | આરંભ | **ઉદય** | × | અસ્ત | **જીવન** | × | મૃત્યુ |
| **અંધકાર** | × | ઉજાસ | **ઊગવું** | × | આથમવું | **જૂનું** | × | નવું |
| **અંધારું** | × | અજવાળું | **કીર્તિ** | × | અપકીર્તિ | **ઠંડું** | × | ગરમ |
| **આકાશ** | × | પાતાળ | **કુદરતી** | × | કૃત્રિમ | **તડકો** | × | છાંયો |
| **આનંદ** | × | વિષાદ | **ખરું** | × | ખોટું | **દોસ્ત** | × | દુશ્મન |
| **આભ** | × | ધરતી | **ચોર** | × | શાહુકાર | **ધ્યાન** | × | બેધ્યાન |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નિર્બળ | × | સબળ | **મિત્ર** | × | શત્રુ | **સુમતિ** | × | કુમતિ |
| **નિવૃત્ત** | × | પ્રવૃત્ત | **મુક્તિ** | × | બંધન | **સૂર્યોદય** | × | સૂર્યાસ્ત |
| **નિષ્ઠુર** | × | દયાળુ | **યશ** | × | અપયશ | **સ્થિર** | × | અસ્થિર |
| **પાપ** | × | પુણ્ય | **વિજય** | × | પરાજય | **સ્મરણ** | × | વિસ્મરણ |
| **પૂનમ** | × | અમાસ | **શીતળ** | × | ઉષ્ણ | **સ્વતંત્ર** | × | પરતંત્ર |
| **પ્રશંસા** | × | નિંદા | **સક્રિય** | × | નિષ્ક્રિય | **સ્વાર્થ** | × | પરમાર્થ |
| **પ્રશ્ન** | × | ઉત્તર | **સવાલ** | × | જવાબ | **સ્વાવલંબી** | × | પરાવલંબી |
| **ભીતર** | × | બહાર | **સંતોષ** | × | અસંતોષ | **હરખ** | × | શોક |
| **ભોળું** | × | લુચ્ચું | **સાચું** | × | ખોટું | **હાસ્ય** | × | રુદન |
| **માન્ય** | × | અમાન્ય | **સારું** | × | ખરાબ | | | |

## જોડણી

મિત્રો,

તમે જાણો છો કે જોડણી યોગ્ય રીતે લખવી જોઈએ. જો યોગ્ય રીતે ન લખાય તો શક્ય છે કે ખરેખર જે અર્થ વ્યક્ત કરવો હોય તેને બદલે કોઈ અન્ય અર્થ વ્યક્ત થાય.

ચાલો, નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે તેમાં યોગ્ય જોડણીથી ખાલી જગ્યા પૂરો.

1. આછલાં કંકુ ઘોળ રે લાડી, આછલી ...... કઢાવું. (પિયર, પિયળ)
2. વગડા વચ્ચે આસુદેવ મહાદેવનું ...... મંદિર છે. (એકાકી, એકાંકી)
3. તોયે ના ...... કળાણી ? ઓ મેહુલા ! (આ રજૂ, આરજૂ)
4. ...... ના રંગાટકામના હુન્નરમાં કચ્છનો મોટો ફાળો હતો. (ભરત, ભારત)
5. કાન્તિના બીજા હાથમાં બે ...... હતી. (ઠેલી, થેલી)

ઉપરોક્ત વાક્યોની સાચી જોડણી ખ્યાલમાં આવે છે ? સાચી જોડણી આ મુજબ છે.

1. પિયળ, 2. એકાકી, 3. આરજૂ, 4. ભારત 5. થેલી.

અહીં તમે જોઈ શકો છો કે માત્ર હ્રસ્વ ઇ, ઉ કે દીર્ઘ ઈ, ઊ - જ જોડણી માટે મહત્ત્વના છે, તેવું નથી. યોગ્ય ધ્વનિ - અક્ષર પણ મહત્ત્વના છે. 'પિયળ' - 'પિયર'માં 'ળ-ર' ધ્વનિભેદ છે, તો 'ભરત-ભારત'માં 'અ-આ'નો ભેદ છે. વાક્ય 2 માં અનુસ્વારથી અર્થભેદ થાય છે. તો વળી 'મેહુલા' કાવ્યની પંક્તિમાં તો વચ્ચે જગ્યા ઉમેરવા - ન ઉમેરવાથી બે જુદા પ્રયોગો મળ્યા છે.

સ્વરભેદે જોડણીભેદ :

તમે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ' તથા 'ઉ-ઊ'ના કારણે જોડણીભેદ અને અર્થભેદ થઈ શકે છે, તે જાણો છો. અહીં નીચે એવા કેટલાક શબ્દો આપ્યા છે. તેની જોડણી ધ્યાનમાં રાખવી.

| | | |
|---|---|---|
| કુળ - કૂળ | દિન - દીન | મતિ - મતી |
| ગુણ - ગૂણ | નિંદવું - નીંદવું | રવિ - રવી |
| જિત - જીત | પુરી - પૂરી | રાશિ - રાશી |
| જિન - જીન | સુર - સૂર | વધુ - વધૂ |

આ ઉપરાંત એક સ્વરના બદલે અન્ય સ્વર લખાઈ જાય કે સ્વરની કાનો-માત્રાની નિશાની બદલાઈ જાય તો પણ જોડણીભેદ અને તેથી અર્થભેદ થઈ શકે. જેમકે,

અપેક્ષા - ઉપેક્ષા

ઉપહાર - ઉપાહાર

કરણ - કારણ

શસ્ત્ર - શાસ્ત્ર

બેહોશ - બાહોશ

વરસ - વારસ

**વ્યંજનભેદે જોડણીભેદ :**

સામાન્ય રીતે ગુજરાતી ભાષા જે રીતે બોલાય છે, તે રીતે લખાય છે. કેટલીક વાર બોલીના કારણે અથવા અન્ય ભાષાના પ્રભાવને કારણે એકના બદલે બીજો શબ્દ બોલાય છે. જેમકે, 'ળ'ના બદલે 'ડ', 'ર' કે 'લ' બોલાય; 'શ' ના બદલે 'સ' કે 'સ'ના બદલે 'શ' બોલાય - આવા ઉચ્ચારને કારણે લખતી વખતે પણ કોશ અનુસાર જોડણી ન લખાય અને બોલાય તે જોડણી લખાય તેવું બને છે. માટે આવા શબ્દોની જોડણીભેદ અને તેથી થતો અર્થભેદ ધ્યાનમાં રાખવો. આવા કેટલાક શબ્દો નીચે મુજબ છે.

| **વિવિધ ધ્વનિભેદ :** | **'ર-ળ' ભેદ :** | **'શ-સ' ભેદ :** |
|---|---|---|
| અસ્ત્ર - શસ્ત્ર | અફર - અફળ | કોશ - કોસ |
| કાગળો - કાગડો | કઠોર - કઠોળ | દોશી - દોષી |
| ડામ - દામ | તળી - તરી | શરત - સરત |
| તૂતક - તૂટક | પુષ્કળ - પુષ્કર | શંકર - સંકર |
| નર - નળ | વાર - વાળ | શાખ - સાખ |
| નિધન - નિર્ધન | | સાપ - શાપ |
| મઠ - મઢ | | સાલ - શાલ |
| | | સીમંત - શ્રીમંત |
| | | સૂર - શૂર |

**અનુસ્વારભેદે જોડણીભેદ :**

અનુસ્વારભેદે પણ અર્થભેદ થઈ શકે છે. જેમકે, 'માં' - 'માં'. એટલે 'માતા', પણ 'મા' એટલે 'અંદર'નો અર્થ આપનાર વિભક્તિ પ્રત્યય. તેથી તમે જે લખો છો તે શબ્દમાં અનુસ્વાર આવે કે ન આવે તેનુ ખાસ ધ્યાન રાખવું જોઈએ. અહીં આવા કેટલાક શબ્દ ભેદ નોંધ્યા છે.

ઉદર – ઉંદર

એકાકી – એકાંકી

કૂચી – કૂંચી

બગલો – બંગલો

મા – માં

વાસ – વાંસ

શબ્દો વચ્ચે જગ્યા હોવા કે ન હોવાથી થતો અર્થભેદ :

મિત્રો, ઘણી વાર ઉતાવળને કારણે લખતી વખતે શબ્દો વચ્ચે કાં તો બિનજરૂરી જગ્યા છૂટી જાય છે અથવા જગ્યા છોડવી જોઈએ, ત્યાં જગ્યા ન છોડી હોય તેવું બને. આવું થાય ત્યારે પણ જોડણીભેદ અને તેથી અર્થભેદ થઈ શકે છે. નીચે કેટલાંક ઉદાહરણ આપ્યાં છે તે વાંચો. સાથોસાથ તમારી નોટબુકમાં પણ તમે જુઓ કે તમે ક્યાંક આવી ભૂલો તો નથી કરતાં ને !

**આજ** આ જ, **આરસ** આ રસ, **તેજ** તે જ, **ફરિયાદ** ફરી યાદ, **હાજી** હા જી

તમે અન્ય શબ્દોની જોડણી તો ધ્યાનમાં રાખો જ છો ને ? ચાલો, એક સ્વાધ્યાય કરીએ.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચી જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.

1. (ક) સૂરાવલિ (ખ) સુરાવલી (ગ) સુરાવલિ (ઘ) સૂરવલી
2. (ક) વિષાદ (ખ) વિશાદ (ગ) વીષાદ (ઘ) વીશાદ
3. (ક) વ્યથીત (ખ) વ્યથિત (ગ) વ્યતિથ (ઘ) વથિત
4. (ક) દીશાસૂન્ય (ખ) દીશાશૂન્ય (ગ) દિશાસૂન્ય (ઘ) દિશાશૂન્ય
5. (ક) અપરિચીત (ખ) અપરિચિત (ગ) અપરીચીત (ઘ) અપરીચિત
6. (ક) ઉર્મિલ (ખ) ઉર્મીલ (ગ) ઉર્મિલ (ઘ) ઊર્મિલ

સાચી જોડણી શોધવાની છે. એટલે એકેએક અક્ષર ધ્યાનથી વાંચજો. શોધી ? ચાલો, અહીં આપેલા જવાબ સાથે તમારા જવાબનો તાળો મેળવો.

1. (ગ) સૂરાવલિ 2. (ક) વિષાદ 3. (ખ) વ્યથિત 4. (ઘ) દિશાશૂન્ય 5. (ખ) અપરિચિત 6. (ઘ) ઊર્મિલ

આ ઉપરાંત ઝડપથી લખવા જતાં અક્ષરની હેરફેર ન થઈ જાય તેનું પણ ધ્યાન રાખજો. નહીંતર -

**ઈનામ - ઈમાન** **અજબ - અબજ** જેવું થઈ જશે.

પરંતુ, ખાસ ધ્યાન રાખજો કે જોડણી ગોખવાની બાબત નથી. વાચન વધારો. આંખને જોડણીની ટેવ પાડો. સાચી જોડણીને તમારી આંખ જ ઓળખી જશે.

**ખાસ નોંધ :-** તમે જો પાઠ્યપુસ્તક ધ્યાનથી વાંચ્યું હશે તો તમને કયાંક આશ્ચર્ય થયું હશે. જેમકે, કયાંક તમે 'વિગત' વાંચ્યું હશે તો કયાંક 'વીગત'. તમને થશે કે આમાંની કઈ જોડણી સાચી? મિત્રો, બન્ને જોડણી સાચી હોઇ શકે. હા, તેને વૈકલ્પિક જોડણી કહે છે. 'સાર્થ જોડણીકોશ' અનુસાર ગુજરાતી ભાષામાં કોઇ એક શબ્દની બે, ત્રણ કે ચાર વૈકલ્પિક જોડણી પણ મળે છે. તમારા પરિચય માટે કેટલીક વૈકલ્પિક જોડણી નીચે મુજબ છે :

ખનિજ - ખનીજ

તરબૂચ - તડબૂચ

લિપિ - લિપી

વસ્તી- વસતી -વસતિ

સોકટી - સોકઠી - સોગટી - સોગઠી

રાત્રિ - રાત્રી

દશ - દસ

•

# 4 જીવન અંજલિ થાજો

**કરસનદાસ માણેક**

**(જન્મ : તા. 28-11-1901; અવસાન : 18-01-1978)**

કરસનદાસ નરસિંહભાઈ માણેકનો જન્મ કરાંચીમાં થયો હતો. તેઓ જામનગર જિલ્લાના હડિયાણાના વતની હતા. 'આલબેલ', 'મહોબતને માંડવે', 'વૈશંપાયનની વાણી', 'મધ્યાહ્ન' વગેરે તેમના કાવ્યસંગ્રહ છે. 'હરિનાં લોચનિયાં' અને 'લાક્ષાગૃહ' નામની બે તેમની જાણીતી રચનાઓ પણ છે. 'વૈશંપાયન' ઉપનામથી તેમણે હળવી કટાક્ષમય શૈલીમાં કાવ્યો લખ્યાં છે.

આ પ્રાર્થનાકાવ્ય સુંદર અને ભાવવાહી છે. પોતાનું જીવન અંજલિરૂપ બને, અન્યને ઉપયોગી થાય તેવી માગણી કવિએ અહીં વ્યક્ત કરી છે. ભૂખ્યા માટે ભોજન બનવું, તરસ્યા માટે જળ બનવું, દીનદુખિયાનાં આંસુ લૂછતાં થાકવું નહિ એ દ્વારા કવિએ બીજા માટે જીવવું એ જ સાર્થક જીવન છે તે સચોટ રીતે વર્ણવ્યું છે. સત્યને (સાચને) માર્ગે ચાલનારના માર્ગ પર પુષ્પ બની પથરાવું, જીવનનૈયા હાલકડોલક થાય ત્યારે પણ શ્રદ્ધાનો દીવો બળતો રાખવો એમાં નિઃસ્વાર્થ અને શ્રદ્ધાવાન જીવનની ઝાંખી થાય છે. અન્ય માટે જીવન સમર્પણ કરવાની દિવ્ય ભાવના 'જીવન અંજલિ થાજો' એ ધ્રુવપંક્તિ દ્વારા ખૂબ સરસ રીતે હૃદયમાં કોતરાઈ જાય છે.

---

જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીન-દુઃખિયાનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો;
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો !
વણથાક્યાં ચરણો મારાં નિત તારી સમીપે ધાજો;
હૈયાનાં પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !
મારું જીવન અંજલિ થાજો !

**('હરિનાં લોચનિયાં માંથી')**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**અંજલિ** ખોબામાં સમાય તેટલું પાણી કે ફૂલ લઈ અર્પવાની ક્રિયા; **અમૃત** પીયૂષ, અમી; **કાજે** માટે, વાસ્તે; **દીન** ગરીબ, રંક, નિર્ધન; **અંતર** હૃદય, ઉર, હૈયું **સત** સત્ય; **જીરવવું** સહન કરવું, ખમવું **સમીપ** નજીક, પાસે; **શ્રદ્ધા** આસ્થા, વિશ્વાસ; **પ્રત્યેક** દરેક, હરેક; **નૈયા** નાવ; **ઉર** હૃદય **ધાજો** દોડજો; **સ્પંદન** આછી ધ્રુજારી, થડકો

## તળપદા શબ્દો

**લો'તાં** લૂછતાં; **નિત** નિત્ય, હંમેશાં, કાયમ; **મુજ** મારું, 'હું' ના અર્થમાં વિભક્તિના પ્રત્યય સાથે પણ વપરાય છે. મુજને, મુજથી, મુજમાં; **કેરો** નો, (છઠ્ઠી વિભક્તિ પ્રત્યય); **નવ** નહીં, ન, ના

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**પાણીમાં ઉત્પન થતાં વલયો** - વમળ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કવિ પોતાના જીવનને કેવું બનાવવા માંગે છે ?

(a) સુઘડ (b) આકર્ષક (c) સ્વચ્છ (d) પરોપકારી

(2) કવિ કયો દીપક કદી ન ઓલવાય એમ ઇચ્છે છે ?

(a) અંધશ્રદ્ધાનો (b) અશ્રદ્ધાનો (c) શ્રદ્ધાનો (d) નિરાશાનો

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવા ઇચ્છે છે ?

(2) કવિ દરેક સ્પંદને શું ઇચ્છે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ ક્યાં ચાલવાનું કહે છે ? શા માટે ?

(2) કવિ પોતાનાં ચરણોને વણથાકયાં કેમ કહે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'જીવન અંજલિ થાજો' – શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.

(2) કાવ્યપંક્તિ સમજાવો :

''વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો,
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો ''

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આવાં અન્ય પ્રાર્થનાકાવ્યો મેળવી સમૂહગાન કરો.
- દીન-દુઃખિયાં અને વૃદ્ધોને કેવી રીતે સહાયરૂપ બનાય તેની વર્ગમાં ચર્ચા કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- સાહિત્યમાં ગદ્ય અને પદ્યની શૈલી અલગ હોય છે. વળી, જુદા-જુદા સાહિત્યકારોની શૈલી પણ અલગ હોય છે. છતાં તમે એક બાબત નોંધી શકશો કે ગદ્યવર્ણનમાં જે કેટલાક શબ્દો વપરાય છે તે પદ્યમાં ઓછા વપરાય છે અને પદ્યલેખનમાં જે કેટલાક શબ્દો વપરાય છે તે ગદ્યલેખનમાં ઓછા વપરાય છે. આ કાવ્યના કેટલાક શબ્દોને ધ્યાનમાં લેતાં આ વાત સમજાશે... જુઓ અહીં અંજલિ, કાજે, જળ, પુષ્પ, ઉર સ્પન્દન, મુજ, શ્રદ્ધા કેરો, નવ જેવા શબ્દો વપરાયા છે. આ શબ્દોને સ્થાને માટે, પાણી, ફૂલ, હૃદય, કંપ, મારી, શ્રદ્ધાનો, ના આ શબ્દો મૂકીને કાવ્ય ફરી વાંચી જુઓ અને કાવ્યની અસરમાં શો ફેર પડે છે તે સમજો.

- 'સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો'

  અહીં, સત્યનો માર્ગ કઠણ હોય એમ બતાવવા કવિએ એક જ વિશેષણ 'કાંટાળી' મૂકીને ધાર્યું નિશાન સાધી લીધું છે. વળી, મુશ્કેલીમાંથી સફળતાપૂર્વક માર્ગ કાઢવાની વાત પણ એક જ શબ્દ 'પુષ્પ બની'થી રજૂ થઈ છે તે ધ્યાનમાં લો.

- કવિએ પોતાનો દૃઢ સંકલ્પ ક્રિયાપદનાં આજ્ઞાર્થરૂપોથી રજૂ કર્યો છે. અહીં કવિ પોતાને જ આજ્ઞા કરે છે. જુઓ અહીં થાજો, ધરાજો, પથરાજો, પાજો, રટાજો, જેવાં રૂપ વપરાયાં છે.

## શિક્ષકની ભૂમિકા

- મનુષ્ય જીવન અણમોલ છે. પોતાના માટે તો સૌ જીવે છે પણ બીજાને માટે કંઈક કરવાની ભાવના હોવી એ શ્રેષ્ઠ જીવન ગણાવી શકાય.
- પરોપકાર, પરમાર્થ, અન્યને મદદરૂપ થવું જેવા ગુણો જીવનને સાર્થક બનાવે છે તે બાબત આ કાવ્યને આધારે વિદ્યાર્થીઓને જણાવવી.
- ઈશ્વરે આપેલી શક્તિનો, ક્ષમતાનો, આવડતનો ઉપયોગ જો અન્ય માટે કરી શકાય તો જીવનમાત્ર જીવન રહેવાને બદલે અંજલિ સમાન બની શકે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.
- ઘણા સંતો અને મહાત્માઓ કહી ગયા છે કે ''માણસ કેટલું જીવ્યો તે મહત્ત્વનું નથી; પરંતુ કેવું જીવ્યો તે મહત્ત્વનું છે'' એ હિસાબે આપણું જીવન બીજાને કેવી રીતે વધારે સારી રીતે ઉપયોગી થઈ શકે તેની સમજ વાર્તાઓ કે બોધકથાઓ દ્વારા આપવી.

•

# 5 શ્વેતક્રાંતિના પ્રણેતાઓ

**સંકલિત**

અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદૃષ્ટા હતા તો આણંદને અને સમગ્ર ગુજરાતને અમૂલ બ્રાન્ડ સ્વરૂપે વિશ્વના નકશા ઉપર પ્રસ્થાપિત કરનાર સ્વપ્નશિલ્પી હતા ડૉ. વર્ગીસ કુરિયન. શ્વેતક્રાંતિના આ બે પ્રણેતાઓએ ચાર દાયકા સુધી સાથે કામ કરી દૂધ અને તેની બનાવટોના ક્ષેત્રમાં સહકારી અને ભાગીદારીની રચનાથી માત્ર ગુજરાતના જ નહિ; પરંતુ સમગ્ર ભારતના કરોડો ખેડૂતોને પગભર કર્યા. ખાસ કરીને મહિલાઓને સંગઠિત કરીને તેમણે અમૂલના પાયા દૃઢ કર્યા. દૂધ ઉત્પાદન અને વેચાણના સહકારી માળખાનું નિર્માણ ત્રિભુવનદાસ પટેલે કર્યું તો ડૉ. કુરિયને તેને કાર્યાન્વિત કરીને દેશ સમક્ષ એક ઉદાહરણ રજૂ કર્યું.

ત્રિભુવનદાસ અને ડૉ. કુરિયનની પ્રતિભાના અનેક અંશો જેવા કે કાર્યદક્ષતા, સંગઠનક્ષમતા, સેવાપરાયણતા, સંવેદનશીલતા-માર્મિક પ્રસંગો દ્વારા ઉપસી આવે છે. આ ચરિત્ર સૌ કોઈ માટે પ્રેરણારૂપ છે.

## (1) ત્રિભુવનદાસ પટેલ

''દર શનિવારે સવારની શાળા હોય. સૌ ભાઈબંધો તળાવ પાસેના હનુમાનજીના મંદિરે ભેગા થઈએ. કિશોરાવસ્થામાં સહજ મોજમજા કરવી અને આનંદ-મસ્તીમાં દિવસો પસાર કરવાનું ધ્યેય હોય. ભેગા મળી ક્યારેક રેવડી ખાતા કે ચવાણું ઝાપટતા, પરંતુ એક વખત નક્કી કર્યું કે બધા મિત્રોએ વારાફરતી ઓછામાં ઓછું એક વાર તો કોઈ એક વિષય પર કશુંક લખવું અને બધાની વચ્ચે વાંચવું. એ પ્રમાણે મારો વારો આવ્યો. શું કરવું તે અંગે મનમાં મૂંઝવણ ચાલતી હતી. મારા કાકાના દીકરા પાસેથી તે અરસામાં એક ચોપડી લાવેલો. તેમાં સહકાર વિષય પર કંઈક લખાણ હતું, તે વાંચવામાં આવ્યું. તેના આધારે 'સહકાર' વિશે એક નિબંધ લખીને તૈયાર કર્યો અને સૌ મિત્રોની હાજરીમાં મેં વાંચેલો. બધા મિત્રોને એ વિચાર ખૂબ ગમેલો.''

ઉપર્યુક્ત પ્રસંગ સમર્પિત સેવામૂર્તિ અને 'ખેડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ'ના સ્થાપક પિતા એવા ત્રિભુવનદાસ પટેલના સ્વમુખે રજૂ થયેલ છે. વિશ્વભરમાં આજે જેનું નામ પ્રચલિત બન્યું છે અને 'અમૂલ મોડેલ' તરીકે સમગ્ર ભારતમાં જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે તે અમૂલ ડેરીના સ્વપ્નદૃષ્ટા ત્રિભુવનદાસ પટેલનો જન્મ આણંદમાં તા 22-10-1903માં પિતા કીશીભાઈ પટેલને ત્યાં થયો હતો. ખેડૂતોના ઉદ્ધારક અને અમૂલ ડેરીના પાયાના પથ્થર તરીકે સમગ્ર ગુજરાત અને સહકારી મંડળીઓ તેમનાં ઋણી રહેશે.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીજીવનમાં જ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈના વિચારોથી પ્રભાવિત થઈ તેઓ આઝાદીની ચળવળમાં જોડાયા. પરિણામે ઈ.સ. 1930માં મીઠાના સત્યાગ્રહ નિમિત્તે અને ઈ.સ. 1940-41માં સત્યાગ્રહ માટે તેમને જેલવાસ પણ ભોગવવો પડ્યો હતો. વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઈ.સ. 1940માં ખેડા જિલ્લાના ખેડૂતો સાથે મળીને સહકારી મંડળીની સ્થાપના કરી. તે સમયે ખેડૂતો પાસેથી ખૂબ ઓછા ભાવે દૂધ ખરીદીને મુંબઈમાં ઊંચા દામે દૂધ વેચતી 'પોલસન' કંપનીથી ખેડૂતો ત્રાસેલા હતા. બધાએ ભેગા મળી 'ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ'ની શરૂઆત કરી. ઈ.સ. 1950થી ડૉ. વર્ગીસ કુરિયનનો સાથ મળતાં બંનેની જુગલબંધી જામી અને અમૂલ ડેરીનો વિકાસ હરણફાળે વિસ્તર્યો.

સહકારી મંડળીની સ્થાપના અંગેના વિચારબીજનું વાવેતર કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા; તેના સ્વપ્નદૃષ્ટા હતા ત્રિભુવનદાસ પટેલ અને તે સ્વપ્નના શિલ્પી હતા ડૉ. વર્ગીસ કુરિયન. લગભગ ચાર દાયકાઓ સુધી બંનેએ ખભેખભો મિલાવી 'અમૂલ બ્રાન્ડ'ને સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધિ અપાવી. ત્રિભુવનદાસ 3 જૂન 1994માં 91 વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધી વિવિધ સહકારી ક્ષેત્રોમાં એકાધિક હોદ્દાઓ ઉપર કાર્યરત રહ્યા.

ત્રિભુવનદાસને 'કૉમ્યુનિટી લીડરશીપ' માટે ફિલિપાઈન્સનો રેમન મેગ્સેસે એવૉર્ડ આપવામાં આવ્યો. ઈ.સ. 1964માં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ એવૉર્ડ આપવામાં આવ્યો. આ ઉપરાંત નાના-મોટા અનેક એવૉર્ડ, માન-સન્માન અને હોદ્દાઓ તેમને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ માટે મળ્યા હતા.

ઈ.સ. 1971માં અમૂલ ડેરીના અધ્યક્ષ સ્થાનેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ત્યારે પ્રચંડ લોકાદર સાંપડ્યો. દરેક સભ્યે પોતાની ઈચ્છાથી એક એક રૂપિયો એકત્ર કરી છ લાખ એંસી હજાર રૂપિયાની થેલી ભેટ ધરી. જનકલ્યાણ પ્રવૃત્તિમાં હંમેશાં રસ-રુચિ ધરાવતા ત્રિભુવનદાસે અને તેમનાં ધર્મપત્ની મણિબહેને ગ્રામજનો માટે શક્ય એટલું સેવાકાર્ય કરવાની પ્રબળ ભાવનાને

ચરિતાર્થ કરવા સંકલ્પ કર્યો. ઢળતી વયે ચિરંજીવ યશ અપાવે તેવી એક કાર્યયોજનાનો પોતાને મળેલી ભેટની મોટી રકમથી શુભારંભ કર્યો. જે 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન'ના નામે આજે પણ સ્ત્રીઓ અને બાળકોના સ્વાસ્થ્યની સેવાનો લાભ આઠસોથી પણ વધુ ગામને મળી રહ્યો છે.

શ્વેતક્રાંતિના પ્રણેતા અને સહકારી મંડળીના સ્વપ્નદૃષ્ટા તરીકે આજે પણ ત્રિભુવનદાસ પટેલ પોતાનાં સેવાકીય કાર્યો થકી ગુજરાતના ખેડૂતોના હૃદયમાં આદરણીય સ્થાન ધરાવે છે. 'વિના સહકાર, નહિ ઉદ્ધાર'ની ઉક્તિને તેમણે પોતાની જીવનશૈલી તેમજ કાર્યપ્રણાલીથી સાર્થક કરી બતાવી છે.

**(2) ડૉ. વર્ગીસ કુરિયન**

ઈજનેરીનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઈ.સ. 1944માં 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની (ટીસ્કો)માં એપ્રેન્ટિસ તરીકે એક યુવાનની પસંદગી થઈ. તે યુવાનના મામા જ્હૉન મથાઈ ટાટા ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર હોવાથી તે એક-બે વખત જમશેદપુર આવ્યા ત્યારે આ યુવાનને મળ્યા. યુવાન ઈજનેરને તે ન ગમ્યું. બધાંએ ખૂબ ના પાડી છતાં તેમણે સામેથી નોકરી છોડી દીધી. કારણ આપતાં તેમણે કહ્યું, ''હવે હું અહીં કુરિયન નથી રહ્યો; હું માત્ર ઉપરી અમલદારનો ભાણેજ જ રહ્યો છું, જે મને મંજૂર નથી.'' આવો અડગ આત્મવિશ્વાસ અને ખુદ્દારી ધરાવનાર હતા વર્ગીસ કુરિયન.

ગુજરાત રાજ્યમાં આવેલા આણંદ નગરને 'અમૂલ ડેરી' દ્વારા 'મિલ્ક સિટી'ની ઓળખ અપાવનાર વર્ગીસનો જન્મ સિરિયન ખ્રિસ્તી પરિવારમાં તા. 26-10-1921ના રોજ કેરાલાના કેલિકટ ગામે થયો હતો. તેમના પિતા પુથેનપરક્કલ કુરિયન સિવિલ સર્જન હતા. વર્ગીસનાં માતાને શિક્ષણ અને સંગીતમાં વિશેષ રસ હતો. તેઓ પિયાનો પરથી અદ્‌ભુત સંગીતના સૂરો વહાવી શકતાં. ચાર ભાઈ-બહેનોમાં વર્ગીસ ત્રીજું સંતાન હતા. તેમનું શાલેયશિક્ષણ ગામમાં પૂર્ણ કરી મદ્રાસ (હવે ચેન્નઈ)ની લોયોલા કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્ર વિષયમાં તેમણે બી.એસ.સી.ની પદવી પ્રાપ્ત કરી ત્યારબાદ ગ્વીન્ડી કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, મદ્રાસમાંથી ઈજનેરની પદવી પ્રાપ્ત કરી. કૉલેજમાં પ્રવેશ સમયે માત્ર ચૌદ વર્ષની ઉંમર હતી, વર્ગના સૌથી નાની વયના વિદ્યાર્થી હોવાથી તેમને ભાગે હંમેશાં એકલા જ બધો સંઘર્ષ કરવાનો  આવ્યો, પરિણામે જિંદગીના પ્રથમ સોપાનથી જ વર્ગીસ સ્વાવલંબનના આગ્રહી બન્યા.

વર્ગીસને ધાતુશાસ્ત્ર અને ન્યૂક્લિયર ફિઝિક્સમાં અનુસ્નાતક થવાની ઈચ્છા હતી. તેથી બ્રિટિશ સરકાર દ્વારા ચાલતી શિષ્યવૃત્તિ મેળવી અમેરિકા અભ્યાસ માટે જવાનું ફોર્મ ભર્યું, જેમાં તેમની 'ડેરી એન્જિનિયરિંગ'ના વિષયમાં પસંદગી થઈ. તે માટેની પૂર્વશરત સ્વરૂપે તેમણે 'ઇમ્પિરિયલ ડેરી રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ' નામની સંસ્થામાં બૅંગ્લોર આઠ માસની તાલીમ લેવા જવું પડ્યું. ત્યાં તેમને પ્રથમ વખત ડેરી પ્રવૃત્તિના મૂળભૂત સિદ્ધાંતો સમજવાનો મોકો મળ્યો. ઈ.સ. 1946માં 'મિશિગન સ્ટેટ યુનિવર્સિટી', અમેરિકામાં અભ્યાસ માટે ગયા ત્યારે સ્કૉલરશિપ આપનાર સરકારના સંતોષ ખાતર ડેરી એન્જિનિયરિંગના કેટલાક અભ્યાસક્રમો તેમણે પૂર્ણ કર્યા; પરંતુ અનુસ્નાતકની પદવી તો તેમણે ધાતુશાસ્ત્ર અને ન્યૂક્લિયર ફિઝિક્સના વિષયોમાં ડિસ્ટિંક્શન સાથે પાસ કરી. ઈ.સ. 1948માં ભારત પરત આવ્યા.

તા. 13-5-1949ને શુક્રવારે ભારત સરકારના આદેશથી કુરિયને આણંદમાં પ્રથમવાર પગ મૂક્યો. મકાન ભાડે ન મળતાં ડેરીની બાજુમાં આવેલું જૂનું ગૅરેજ ભાડે રાખી ત્યાં રહેવાનું શરૂ કર્યું. સરકાર દ્વારા મળેલી અને ઓછી પસંદ એવી આ નોકરીમાં આઠ માસ થયા હોવા છતાં ખાસ ઉત્સાહ નહોતો. વર્ગીસને એક દિવસ વિચાર આવ્યો, 'હું અહીં કંઈ કરતો નથી. મારે કંઈક કરવું તો જોઈએ જ.' આવો વિચાર જેનામાં દેશ માટે પ્રીતિ હોય તેને જ આવે. આવું આત્મદર્શન કરી શકે તે જ સિદ્ધિનાં સોપાનો સર કરી શકે.

કુરિયનના આણંદમાં આગમન પહેલાં 'ખેડા ડિસ્ટ્રિક્ટ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ' નામની સંસ્થા સહકારી ક્ષેત્રે પાપા પગલી પાડી રહી હતી. જેમના નેતૃત્વમાં આ સંસ્થા કાર્યરત હતી તેવા ત્રિભુવનદાસ પટેલ સાથે કુરિયનની મુલાકાત થઈ. પરિચય ગાઢ બનતાં વર્ગીસ તેમની નિઃસ્વાર્થ સેવા, પરોપકારની ભાવના અને મનની મક્કમતાથી પ્રભાવિત થયા. મનોમન ત્રિભુવનદાસને પોતાના ગુરુ અને માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા. તેમની સાથે કામ કરવાનું શરૂ કર્યું. ખેડૂતોએ પોતાનાં ઢોરના દૂધવેચાણમાં અન્ય વેપારીઓ કે દલાલો પર નિર્ભર ન રહેતાં સહકારી પદ્ધતિ અપનાવી. કુરિયનના સહકારથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો.

આણંદ અમૂલ ડેરીની પ્રગતિ જોઈને સરકારના સહકારથી કુરિયને આણંદ મોડેલ મુજબ માત્ર ગુજરાતમાં જ નહિ

ભારતનાં ઘણાં બધાં રાજ્યોમાં દૂધ એકત્રીકરણની યોજના 'ઑપરેશન ફ્લડ' સ્વરૂપે શરૂ કરી. 'ઑપરેશન ફ્લડ'ના શિલ્પી તરીકે વર્ગીસ કુરિયને ડેરી ક્ષેત્રે ભારતને સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતા દેશ તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કર્યો. પશ્ચિમના દેશોમાં પશુપાલન ક્ષેત્રે ગાયોની સંખ્યા વધુ હોવાથી ગાયના દૂધમાંથી જ ગુણવત્તાયુક્ત દૂધનો પાવડર બની શકે તેવી માન્યતા હતી. ભારતમાં ભેંસોની સંખ્યા સવિશેષ હોવાથી કુરિયને ભેંસના દૂધમાંથી પણ ગુણવત્તાયુક્ત દૂધનો પાવડર બની શકે તેવા સંકલ્પથી પાવડર બનાવવાનું એકમ શરૂ કર્યું અને તેમાં ખૂબ ઓછા સમયમાં સફળતા પણ મેળવી.

વર્ગીસે ભારતના ખેડૂતોનું સશક્તિકરણ અને સંગઠન ડેરી ઉદ્યોગની સહકારી મંડળી મારફતે કર્યું. ભારતની દૂધ સહકારી ચળવળના તેઓ સ્થાપક અને સંચાલક બન્યા. આણંદમાં 'ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક મંડળી' જે હવે અમૂલના નામે વિશ્વવિખ્યાત છે તેની રચના કરી વેગવંતી બનાવી. 'આણંદ મૉડેલ'ની સહકારી મંડળી એટલી સફળ નીવડી કે ભારત સરકારની વિનંતી માન્ય રાખીને કુરિયને ત્રિભુવનદાસ પટેલ અને અન્ય સંનિષ્ઠ વ્યક્તિઓના સહકારથી 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ' (એન.ડી.ડી.બી.)ની સ્થાપના કરી. તેના માધ્યમથી ભારતભરમાં આણંદની પ્રતિકૃતિ જેવી દૂધ સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી. આ બધી મંડળીઓનાં ઉત્પાદનોના માર્કેટિંગ માટે કુરિયને 'ગુજરાત કૉ-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' નામની સંસ્થાની સ્થાપના કરી.

એન.ડી.ડી.બી. સંસ્થાના સ્થાપક અને ચૅરમૅન તરીકે 33 વર્ષ સુધી સેવાઓ આપનાર કુરિયને નિવૃત્ત થયા ત્યાં સુધી એક પણ રૂપિયો પગારપેટે લીધો ન હતો. ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશનના ચૅરમૅન પદે વધુમાં વધુ માસિક પાંચ હજાર રૂપિયા પગાર લેતા, પરંતુ 60 વર્ષના થયા પછી ચોવીસ વર્ષ સુધી તેમણે પગાર લીધા વિના માનદ્ સેવા આપી. 'ઇન્સ્ટીટ્યૂટ ઑફ રૂરલ માર્કેટિંગ' (ઇરમા)ના ચૅરમૅન તરીકે પણ વર્ષો સુધી સેવાઓ આપી. આશરે સત્તાવન વર્ષથીય વધુ સમય સુધી વિકાસલક્ષી કાર્યક્રમોમાં સક્રિય રહ્યા. ભારત સરકારે અલાહાબાદ વિશ્વવિદ્યાલયના ચાન્સેલર તરીકે પણ તેમની નિમણૂક કરી હતી.

કુરિયન અને અમૂલ સાથે જોડાયેલા ઘણા પ્રસંગો તેમની આત્મકથા 'મારું સ્વપ્ન'માં નોંધાયા છે. તેમાંનો એક પ્રસંગ અનુકરણીય છે. કુરિયન ગમે ત્યારે ડેરીના વિભાગોમાં ચક્કર લગાવે અને બધું બરાબર છે કે નહિ તે તપાસે. એક વખત તેમણે વર્ષોથી કામ કરતા એક કર્મચારીને દૂધનું કૅન ખોલી તેના પરથી મલાઈ ચાટતો જોયો. કર્મચારીએ પણ અચાનક આવેલા કુરિયનને જોયા. તેના મોં પર મલાઈ ચોંટેલી હતી. પોતે દૂધ પીતો ન હતો તેવો ખોટો બચાવ તેણે કર્યો. કુરિયન કશું કહ્યા વિના પાછા ફરી ગયા. કર્મચારીને થયું કે હવે નોકરી જશે જ. કુરિયને બીજે દિવસે મેનેજરને બોલાવી સૂચના આપી કે 'દરેક કર્મચારીને અડધો લિટર દૂધ પીવા આપવું. આખો દિવસ આ લોકો દૂધના વિશાળ જથ્થા સાથે કામ કરતા હોય અને ભૂખ્યા પણ થતા હોય. એમને એ દૂધમાંથી ભાગ ન મળે તે ન્યાય નથી.' પોતાના કર્મચારીની આટલી કાળજી રાખનાર ઉપરી અધિકારી હોય પછી દરેક વ્યક્તિ વિશ્વાસ અને ઇમાનદારીથી કામ કરવા પ્રેરાય જ ને !

બીજો પ્રસંગ છે – આર્ટ ફિલ્મોના સર્જક શ્યામ બેનેગલે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વિચાર અને કાર્યોના પ્રચાર-પ્રસાર માટે એક ફિચર ફિલ્મ બનાવવાનું સૂચન કર્યું. કુરિયનને આ વિચાર ગમ્યો; પરંતુ ખર્ચ માટે દસેક લાખ રૂપિયાની જરૂર હતી. તેમણે દૂધ ઉત્પાદક મંડળીના સૌ સભ્યોને ગામે ગામથી 'ટોકન' સ્વરૂપે માત્ર એક રૂપિયો આપવા જણાવ્યું. જરૂરિયાત પૂરી થઈ અને 'મંથન' નામની ફિલ્મ તૈયાર થઈ. તેને સારો પ્રતિસાદ મળ્યો. તે ફિલ્મને કેટલાંક પારિતોષિકો પણ મળ્યાં. ડૉ. કુરિયનને તેમનાં કાર્યો માટે એકાધિક પારિતોષિકો એનાયત થયાં છે. ભારત સરકાર દ્વારા પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ; રોમન મેગ્સેસે એવૉર્ડ; કૃષિરત્ન; વર્લ્ડ ફૂડ પ્રાઈઝ'; મિશિગન સ્ટેટ યુનિવર્સિટી, અમેરિકા દ્વારા નામાંકિત ભૂતપૂર્વ વિદ્યાર્થી એવૉર્ડ; 'વર્લ્ડ ડેરી એક્ષ્પો દ્વારા ઇન્ટરનેશનલ પર્સન ઑફ ધ યર' એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ડૉ. કુરિયનના જન્મદિન 26 નવેમ્બરને રાષ્ટ્રીય દૂધ દિવસ (નેશનલ મિલ્ક ડે') તરીકે ઊજવાય છે. ભારત અને વિશ્વભરમાંથી કુરિયનને પંદર જેટલી માનદ્ પદવીઓ એનાયત કરવામાં આવી છે. કુરિયનને કેન્દ્રમાં રાખીને એકાવનથી પણ વધુ પુસ્તકો લખાયાં છે. તેમના અવસાન પછી 94મા જન્મદિવસે ગુગલે પોતાના 'હોમપેજ'ને ગુગલને બદલે 'ડુડલ' નામથી સ્થાન આપ્યું હતું.

તા. 9-9-2012 રોજ ડૉ. વર્ગીસ કુરિયનનું 91 વર્ષની વયે નડિયાદમાં અવસાન થયું; પરંતુ તેમણે અમૂલ ડેરીના નામે વાવેલું બીજ આજે વટવૃક્ષ બનીને અનેક ખેડૂતો, શ્રમજીવીઓ, પશુપાલકો અને વેપારીઓને આજીવિકા સ્વરૂપે છાંયડો આપી રહ્યું છે. વર્ષ 2015-16ના અમૂલ ડેરીના નાણાંકીય ટર્નઓવરના આંકડા, દૂધની રોજની આવક, અમૂલની સાથે જોડાયેલા સભ્યોની સંખ્યા અને અમૂલનાં ઉત્પાદનો અને તેના વેચાણના આંકડા ઝડપથી વધી રહેલા જોવા મળે છે. સમગ્ર ભારત ઉપરાંત વિશ્વના પચાસથી પણ વધુ દેશોમાં તેમનાં વેચાણકેન્દ્રો છે. ડૉ. કુરિયને તેમનાં કાર્યો દ્વારા અમૂલ આણંદ, ગુજરાત અને ભારતને

શ્વેતક્રાંતિના માધ્યમથી વિશ્વભરમાં ઉન્નત અને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે. દૂધ, દહીં, છાશ, ઘી, માખણ, દૂધનો પાવડર, ચીઝ, ચૉકલેટ, તેલ, શ્રીખંડ, મીઠાઈઓ અને અન્ય ખાદ્યપદાર્થો 'અમૂલ બ્રાન્ડ'થી સમગ્ર વિશ્વમાં સ્વીકાર્ય બન્યા છે. તે માટે ડૉ. કુરિયનને જેટલો યશ આપીએ તેટલો ઓછો છે.

સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, મોરારજીભાઈ દેસાઈ, મણિબહેન પટેલ, ઇન્દિરા ગાંધી, એમ. એચ. પટેલ, ત્રિભુવનદાસ પટેલ જેવા અનેક અગ્રણીઓ, રાજકારણીઓ અને દેશ-વિદેશના મહાનુભાવો સાથે તેમણે કુનેહપૂર્વક સંસ્થાનાં વિકાસલક્ષી કાર્યોમાં સહકાર મેળવ્યો હતો.

'મારું સ્વપ્ન' આત્મકથામાં યુવાનો માટે તેમણે સંદેશો આપ્યો છે કે તમારી પાસે જે ઉત્તમ વિચાર, જ્ઞાન, કૌશલ્ય, યોજના, દૂરદર્શિતા તેમજ આંતરદૃષ્ટિ હોય તેને ગમે તેવા અવરોધો આવે તો પણ તમારી સર્વોત્કૃષ્ટ સેવાઓ તમારા રાષ્ટ્રને આપો. તમે બહેતર વિશ્વનું સર્જન કરી શકશો અને તમારું સ્વપ્ન સાકાર કરી શકશો. વિદ્વાન, કર્મઠ, નિષ્ઠાવાન અને આત્મસૂઝ ધરાવતા ડૉ. કુરિયન 'ઑપરેશન ફ્લડ' દ્વારા શ્વેતક્રાંતિના સર્જક તરીકે સૌ કોઈ માટે પ્રેરણાસ્રોત બની રહેશે.

**આલેખન : રમેશચંદ્ર ડી. પંડ્યા**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ઝાપટવું** કપડાની ઝાપટથી સાફ કરવું; (અહીં) ખૂબ ખાવું; **ઉપર્યુક્ત** ઉપર મુજબ, ઉપર દર્શાવેલ; **પ્રચલિત** ચાલતું આવેલું, ચાલુ; **અમૂલ** જેનું મૂલ્ય ન થઈ શકે તેવું; (અહીં) દૂધની ડેરીનું નામ; **સ્વપ્નદૃષ્ટા** સ્વપ્ન જોનાર, ભવિષ્યની કલ્પના કરનાર; **સમગ્ર** સઘળું, તમામ; **ઉદ્ધારક** ઉદ્ધાર કરનાર; **ઋણી** દેવાદાર; (અહીં) આભાર સ્વીકારનાર; **પ્રભાવિત** પ્રભાવની અસરમાં આવેલું; **સત્યાગ્રહ** સત્યપાલનનો આગ્રહ, તે દ્વારા થતો અહિંસક વિરોધ, તે અર્થે કરેલો સવિનય કાનૂનભંગ; **જુગલબંધી** તાલમેલથી સાથે કાર્ય કરવું, એકબીજાને (સંગીતમાં) સહકાર આપવો; **એકાધિક** એકથી વધારે; **પારિતોષિક** ઇનામ, પુરસ્કાર; **હોદ્દો** સ્થાન; **દલાલ** વેપાર ધંધા વગેરેમાં રકમ લઈને કામ કરનાર વ્યક્તિ; **લોકાદર** લોકો તરફથી મળેલો આદર, માન; **ચરિતાર્થ** કૃતાર્થ, સફળ; **સંગઠન** સાથે મળીને કામ કરતો માનવસમૂહ; **ચિરંજીવ** લાંબી આવરદાવાળું; **પ્રતિકૃતિ** નકલ; **પ્રતિસાદ** વ્યક્ત થયેલો પ્રતિભાવ; **શ્વેતક્રાંતિ** સફેદ ક્રાંતિ, (અહીં) દૂધની ક્રાંતિ; **ઉક્તિ** કથન; **અડગ** દૃઢ, ડગે નહિ એવું; **કાર્યપ્રણાલી** કામ કરવાની રીત; **તાલીમ** કેળવણી; **સ્વાવલંબી** માત્ર પોતાના ઉપર જ આધાર રાખનારું, સ્વાશ્રયી; **ખુદ્દારી** ખુમારી; **શિષ્યવૃત્તિ** વિદ્યાર્થી ભણે એ માટે એને આપવામાં આવતી આર્થિક મદદ; **માનદ્‌સેવા** વેતન લીધા વિના કામ કરવું.

### વિરુદ્ધાર્થી શબ્દો

**સ્વાર્થ** × પરમાર્થ; **અશક્ય** × શક્ય; **સ્વાવલંબી** × પરાવલંબી; **સક્રિય** × નિષ્ક્રિય; **આવક** × જાવક; **સહકાર** × અસહકાર; **ન્યાય** × અન્યાય; **ઉદ્ધારક** × સંહારક; **પ્રસિદ્ધિ** × બદનામી; **સાર્થક** × નિરર્થક; **માન્ય** × અમાન્ય; **નિવૃત્ત** × પ્રવૃત્ત; **યશ** × અપયશ

### રૂઢિ પ્રયોગ

**સોપાનો સર કરવાં** સિદ્ધિઓ હાંસલ કરવી; **પાયાના પથ્થર થવું** શરૂઆતના કાર્યમાં વિશેષ યોગદાન આપવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) અમૂલ ડેરીના સ્વપ્નદૃષ્ટા કોણ હતા ?

(a) વર્ગીસ કુરિયન (b) ત્રિભુવનદાસ પટેલ (c) વલ્લભભાઈ પટેલ (d) એચ. એમ. પટેલ

(2) વર્ગિસ કુરિયનનો જન્મ કયા સ્થળે થયો હતો ?

(a) જાપાન (b) લંડન (c) કેલિકટ (d) આણંદ

(3) વર્ગિસ કુરિયને આણંદ નગરને અમૂલ ડેરી દ્વારા શેની ઓળખ અપાવી છે ?

(a) મિલ્ક સિટી (b) ગ્રીન સિટી

(c) વિદ્યાનગરી (d) કલા અને સંસ્કૃતિની નગરી

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ત્રિભુવનદાસે કુરિયનના આગમન પહેલાં કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

(2) વર્ગીસ કુરિયનની આત્મકથાનું નામ જણાવો.

(3) વર્ગીસ કુરિયનની કયા વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે નિમણૂક થઈ હતી ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) વર્ગીસ કુરિયન ત્રિભુવનદાસના કયા ગુણોથી પ્રભાવિત થઈ તેમને ગુરુ માનતા હતા ?

(2) ઈજનેરીનો અભ્યાસ પૂર્ણ થતાં કુરિયનની કઈ કંપનીમાં પસંદગી થઈ હતી ? તે કંપની એમણે શા માટે છોડી દીધી ?

(3) સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે કુરિયને આપેલો ફાળો પાઠને આધારે વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'શ્વેતક્રાંતિ'ના લાભાલાભ વિષય પર વક્તૃત્વસ્પર્ધા રાખો.
- અમૂલ અથવા નજીકની સહકારી મંડળીની મુલાકાત ગોઠવો.
- ત્રિભુવનદાસ ફાઉન્ડેશન અને અમૂલ વિશે ઈન્ટરનેટ પરથી માહિતી મેળવીને વાંચો.
- તમારા ગામની દૂધમંડળીની મુલાકાત લો.

## ભાષા-અભિવ્યક્તિ

- ત્રિભુવનદાસ પટેલ અને ડૉ. કુરિયનનું વ્યક્તિત્વ અહીં સરળ અને સહજ ભાષાના ઉપયોગથી ઉપસ્યું છે. જેમ કે, 'ઈ.સ. ૧૯૫૦થી ડૉ. વર્ગીસ કુરિયનનો સાથ મળતાં બંનેની જુગલબંધી જામી અને અમૂલ ડેરીનો વિકાસ હરણફાળે વિસ્તર્યો.'

અહીં બંનેની સમજ, સહકાર અને કાર્ય કરવાની રીતથી મળેલું વિશાળ પરિણામ એક જ વાક્યમાં વ્યક્ત થયું છે. એવું જ એક વાક્ય છે - 'કુરિયન એટલે સફળ નેતૃત્વ, સખત પરિશ્રમ અને સેવા પણ.' - આ અમૂલ્ય બાબત આ એક સરળ વાક્યથી ઉપસી આવે છે.

- આ કૃતિમાં કેટલાક વાક્યો ('' '') બે અવતરણ ચિહ્નોમાં મૂકાયાં છે તો કેટલાંક વિશિષ્ટ નામ (' ') એક અવતરણચિહ્નથી દર્શાવાયાં છે. વિરામચિહ્નોના ઉપયોગનો તફાવત ધ્યાનમાં લો. જેમ કે :
- પાઠની શરૂઆતનો ફકરો બે અવતરણમાં છે.
- ''હવે હું અહીં કુરિયન નથી રહ્યો..... મને મંજૂર નથી''

ઉપર્યુક્ત બંને વાકય જે-તે વ્યક્તિનાં પોતાના મુખે બોલાયેલાં છે તેથી બે અવતરણનો ઉપયોગ થયો છે. જ્યારે - 'મિલ્ક સિટી', 'ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની', 'ડેરી એન્જિનિયરિંગ', 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ', 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન' જેવાં વિશિષ્ટ નામ એકવડા અવતરણચિહ્ન ' 'થી દર્શાવાયાં છે.

- સંયોજકો શબ્દો કે વાક્યોને જોડવાનું કાર્ય કરે છે. તેનાથી વાક્યરચનામાં પૂર્તિ થતી રહે છે. સંયોજકો વિવિધ પ્રકારનાં હોય છે આથી તેના ઉપયોગથી બનતી વાક્યરચનામાં પણ વિધિ કે નિષેધવાક્ય, જે તે ભાવ અનુસાર ઉમેરાતાં જાય છે. આ રીતે વાક્યરચનાનો વિકાસ થતો જાય છે. સંયોજકોના ઉપયોગથી સંયુક્ત કે સંકુલવાક્યો

પણ બને છે. નીચેના સંકુલ વાક્યથી આ વાત સમજાશે.

''મારું સ્વપ્ન'' આત્મકથામાં યુવાનો માટે તેમણે સંદેશો આપ્યો છે **કે** તમારી પાસે **જે** ઉત્તમ વિચાર.... **તેમ જ** આંતરદૃષ્ટિ હોય **તો તે** દ્વારા ગમે તે અવરોધ આવે **તોપણ** તમારી..... રાષ્ટ્રને આપો''

- ''સહકારી મંડળીની સ્થાપના......શિલ્પી હતા.''

આ વાક્યરચનામાં ત્રણ જ શબ્દોથી શ્વેતક્રાંતિનો ઇતિહાસ રજૂ કરી દેવાયો છે. જુઓ... સરદાર, ત્રિભુવનભાઈ અને કુરિયન આ ત્રણેય વિભૂતિઓ માટેના ત્રણ શબ્દો – 'વિચારબીજ વાવનાર', 'સ્વપ્નદૃષ્ટા' અને 'શિલ્પી'. પહેલાએ સ્વપ્ન જોયું, બીજાએ એનો અમલ કર્યો અને ત્રીજાએ એને સફળ કર્યું. શબ્દોની આ તાકાત, લાઘવથી ભાષામાં કેવું બળ જન્માવે છે તે સમજો.

- આ કૃતિમાં સેવામૂર્તિ, સ્વપ્નદૃષ્ટા, જુગલબંધી, જેલવાસ, લોકાદર, વિચારબીજ જેવા સમાસોથી અસરકારક રીતે પાત્રપરિચય થયો છે; જે ધ્યાનમાં લો.

## શિક્ષક ભૂમિકા

- શ્વેતક્રાંતિના પ્રણેતા એવા ત્રિભુવનદાસ પટેલ અને ડૉ. વર્ગીસ કુરિયને સહકારની ભાવનાથી શરૂ કરેલી આ પહેલ એ હદે સફળ થઈ કે 'અમૂલ બ્રાન્ડ' તરીકે તેનો સમગ્ર વિશ્વે સ્વીકાર કર્યો તે બાબતથી વિદ્યાર્થીઓને અવગત કરવા.
- દૃઢમનોબળ, આત્મવિશ્વાસ, કુનેહ, જ્ઞાન, આયોજન, કર્તવ્યનિષ્ઠા, પ્રતિબદ્ધતા, સેવાપરાયણતા અને સહકારની ભાવનાથી કાર્ય કરનાર વ્યક્તિ સફળતાની કેટલી ઉંચાઈ સર કરી શકે છે તે અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમનામાં તેવા ગુણો કેળવાય તેવી પ્રેરણા આપવી.
- 'સમર્પિત સેવામૂર્તિ શ્રી ત્રિભુવનદાસ પટેલ' જીવન વૃત્તાંત અને ડૉ. કુરિયનની આત્મકથા 'મારું સ્વપ્ન' પુસ્તકોમાંથી બંનેનો વિશેષ પરિચય મળે તે માટે વિદ્યાર્થીઓને વાંચવા માટે પ્રોત્સાહિત કરવા.
- 'સંપ ત્યાં જંપ'; 'વિના સહકાર નહિ ઉદ્ધાર'; 'એક કરતાં બે ભલાં'; 'ઝાઝા હાથ રળિયામણા' જેવી કહેવતોનો આધાર લઈ આ કૃતિની રસપ્રદ રજૂઆત થઈ શકે.

•

# 6 સામગ્રી તો સમાજની છે ને !

**વિકાસ શર્મા**

વિકાસ શર્મા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેઓ અવારનવાર પોતાના અનુભવો વર્ણવતા હોય છે. આ અનુભવ અંગ્રેજી સામયિકમાંથી લેવામાં આવ્યો છે.

અહીં વર્ણવાયેલી ઘટના આંખ ઊઘાડે તેવી છે. પૈસા આપીને વસ્તુ ખરીદી હોય તો પણ એને બગાડવાનો અધિકાર કોઈનેય નથી, કારણ કે સામગ્રી આખા સમાજની છે. દરેક વસ્તુનો સાર્થક ઉપયોગ થવો જોઈએ એ સૃષ્ટિસંતુલન માટે પણ જરૂરી છે. વળી, પોતાને ઊંચા માનીને અન્ય દેશના લોકોને માટે પૂર્વગ્રહો ધરાવવા એ કેટલું ભ્રામક હોય છે એ પણ આ પ્રસંગ સમજાવે છે.

---

જર્મની ઉદ્યોગ-ધંધાની દૃષ્ટિએ ઘણો આગળ વધેલો દેશ છે. ટૅક્નોલૉજીની દૃષ્ટિએ પણ આગળ છે. નાનાં નાનાં નગરોમાંયે ઉચ્ચ ટૅક્નોલૉજીવાળી ચીજવસ્તુ બનાવાય છે. આથી આપણને એમ થાય કે આવા દેશના લોકો ઘણું મોજશોખવાળું અને વૈભવવિલાસી જીવન જીવતા હશે. કમ સે કમ મારા મનમાં તો એવી જ છાપ હતી, પરંતુ હમણાં મારે જર્મની જવાનું થયું અને મેં નજરોનજર જે જોયું તેમ જ કેટલાક જાત-અનુભવો થયા ત્યારે મને થયું કે આપણા લોકોની આવી છાપ કેટલી ખોટી છે !

હું હેમ્બર્ગ પહોંચ્યો, ત્યારે હેમ્બર્ગમાં કામ કરતા મારા મિત્રોએ મારા માટે એક પાર્ટી ત્યાંના એક રેસ્ટોરાંમાં ગોઠવી હતી. અમે રેસ્ટોરાંમાં પ્રવેશ્યા ત્યારે મેં જોયું કે ત્યાં ઘણાં બધાં ટેબલો ખાલી હતાં. એક ટેબલ ઉપર એક યુવાન દંપતી પોતાનું ભોજન લઈ રહ્યું હતું. ટેબલ ઉપર માત્ર બે જ ડિશ હતી. મને થોડું આશ્ચર્ય થયું. આવું સાદું ખાણું ! છોકરો કંજૂસ લાગે છે. આપણે ત્યાં તો જુવાનડો છોકરીને લઈ રેસ્ટોરાંમાં જાય, તો જાતજાતની વાનગીઓથી તેને આંજી નાખે !

બીજા એક ટેબલ ઉપર કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ હતી. વેઈટર આવે અને એમની દરેકની ડિશમાં પોતાના વાસણમાંથી ખાવાનું પીરસી જાય. દરેક જણ બધું જ ખાઈ જાય, ડિશમાં એક દાણોય છાંડે નહિ.

જો કે અમે એમના તરફ ઝાઝું ધ્યાન આપ્યું નહિ, કેમકે અમે અમારા ખાવામાં પડ્યા હતા. અમને સારી એવી ભૂખ લાગેલી એટલે મારા સ્થાનિક મિત્રોએ ઘણું બધું ખાવાનું મંગાવેલું.

રેસ્ટોરાંમાં ગિરદી નહિ હોવાથી ખાણું ઝટ આવ્યું અને અમારે બીજાં પણ કામો હોવાથી અમે ખાણું જલદી પતાવ્યું. ખાઈને અમે ઊઠ્યા ત્યારે લગભગ નહિ-નહિ તોયે અમે મંગાવેલ ભોજનમાંથી ત્રીજાભાગનું ભોજન અમારી ડિશોમાં છંડાયેલું હતું.

અમે હજી રેસ્ટોરાંમાંથી બહાર નીકળી રહ્યા હતા, તેવામાં કોઈકે અમને બોલાવ્યા. અમે જોયું તો પેલી વૃદ્ધ સ્ત્રીઓ અમારા વિશે રેસ્ટોરાંના માલિક સાથે કાંઈક વાત કરી રહી હતી. જ્યારે એમણે અમારી સાથે અંગ્રેજીમાં વાત કરવા માંડી, ત્યારે અમને સમજાયું કે અમે આટલો બધો ખોરાક અમારી ડિશમાં છોડીને ઊભા થઈ ગયેલા, તે એમને ગમ્યું નહોતું.

અમને થયું કે તેઓ નાહકના ખણખોદિયા છે. એટલે અમે એમને કહી દીધું : ''અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધા છે. અમે કેટલું ખાધું અને કેટલું છાંડ્યું તેની તમારે શી નિસ્બત ?''

પેલી વૃદ્ધ સ્ત્રીઓ તો ગુસ્સે થઈ ગઈ. તેમાંની એક જણીએ પોતાનો ફોન કાઢ્યો અને કોઈકની સાથે વાત કરી. થોડીવારમાં તો સોશિયલ સિક્યોરિટીનો યુનિફૉર્મ પહેરેલો એક જણ ત્યાં આવી પહોંચ્યો. જે બધુ બન્યું તે જાણીને તેણે તો અમને 50 યુરોનો દંડ કર્યો.

અમે શાંત રહ્યા. સ્થાનિક મિત્રોએ 50 યુરોનો દંડ ચૂકવી દઈને તેની પાસે ફરી-ફરી પોતાની દિલગીરી વ્યક્ત કરી.

પેલા ઑફિસરે કડક અવાજમાં મક્કમતાથી અમને કહ્યું : ''તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતા હો તેટલું જ મંગાવો. પૈસા તમારા છે, પણ બધી સાધન-સામગ્રી તો સમાજની છે. દુનિયામાં હજી એવા ઘણા લોકો છે જે આ બધી સાધન-સામગ્રીના તીવ્ર અભાવથી પીડાય છે. માટે આ સાધન-સામગ્રીનો જરીકેય બગાડ કરવાનો તમને કોઈ હક્ક નથી.''

અમે છોભીલા પડી ગયા. અમને એમની વાત તદ્દન સાચી લાગી. આવા ધનવાન દેશના લોકોનું આવું માનસ જોઈ અમને અમારી જાત ઉપર શરમ ઊપજી. ખરેખર, આપણે આવી બાબતનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આપણે તો ધનવાન નહિ એવા દેશના નાગરિકો છીએ. આપણે તો આવી રીતના અભાવથી પીડાતા લોકોને નજરોનજર જોઈએ છીએ. છતાં આપણી આંખ ઊઘડતી નથી ! ખોરાકની ચીજ-વસ્તુઓનો પણ આપણે કેટલો બેફામ બગાડ કરીએ છીએ !

આ ઘટનાએ અમને બરાબર પાઠ ભણાવ્યો, અમને અમારી ખોટી આદતો સુધારવાનો બોધપાઠ આપ્યો.

અમને દંડ ભર્યાની જે ટિકિટ મળેલી, તેની ફોટોસ્ટેટ નકલ કરીને અમે દરેકે એક યાદગીરીરૂપે અમારી પાસે લઈ લીધી. અમે તે અમારા ઓરડાની દીવાલ ઉપર ચોંટાડીને રાખી છે - અમને કાયમ ઢંઢોળવા કે કોઈએ ક્યારેય કશાનોયે બગાડ કરવો નહિ.

**('ભૂમિપુત્ર'માંથી)**

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**છાપ** એક વસ્તુ બીજી વસ્તુ ઉપર દબાવતાં ઊઠતી પ્રતિકૃતિ (અહીં) બીજાના મન પરની અસર; **નિસ્બત** નાતો; **ગિરદી** લોકોની ભીડ; **ખણખોદિયું** ખણખોદ કરનારું, દોષ શોધનારું; **યુરો** યુરોપના દેશોના સમૂહે અપનાવેલ ચલણ; **દંડ** સજા, શિક્ષા; **ખાણું** ભોજન, જમણ; **ઝટ** જલદી; **જરીક** થોડુંક; **ઢંઢોળવું** હલબલાવી સભાન બનાવવા, ગરી જગાડવું.

### તળપદા શબ્દો

**ખાણું** ભોજન; **ઝટ** જલદી; **છંડાયેલું** (અહીં) બાકી છોડેલું; **જણ** માણસ, વ્યક્તિ

### વિરુદ્ધાર્થી શબ્દો

**શાંતિ** × અશાંતિ; **કંજૂસ** × ઉડાઉ; **ધનવાન** × ગરીબ; **ધ્યાન** × બેધ્યાન

### રૂઢિ પ્રયોગ

**આંજી નાખવું** છક કરી નાંખવું, પ્રભાવિત કરવું; **છોભીલા પડવું** શરમ અનુભવવી; **આંખ ન ઊઘડવી** સભાન/જાગૃત ન થવું; **પાઠ ભણાવવો** ખો ભુલાવવી, બોધપાઠ આપવો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) હોટેલમાં યુવાન દંપતી ભોજન કેટલું મંગાવતા હતા ?

(a) જથ્થાબંધ (b) વધારે પડતું (c) જરૂર પૂરતું (d) વારંવાર મગાવતું હતું

(2) ભારતીયોએ ખોરાક છાંડવા માટે શરમ કેમ ન અનુભવી ?

(a) તેઓ ભારતીય હતા (c) બધા પુરુષો હતા

(b) તેઓ વિદેશી હતા (d) ખોરાકના પૈસા ચૂકવ્યા હતા

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) વિદેશીઓ માટે લેખકને શો ખ્યાલ હતો ?

(2) વૃદ્ધ સ્ત્રીઓની ડિશમાં વેઈટર કેટલું પીરસતો હતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું ?

(2) સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું ?

**4. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.**

(1) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- જાહેર કાર્યક્રમો કે કૌટુંબિક પ્રસંગોમાં થતા ભોજનના બગાડ અંગે અવલોકન કરી શાળાની પ્રાર્થનામાં તેની રજૂઆત કરો.
- દુનિયામાં અને ભારતમાં કેટલા લોકોને પેટપૂરતું ખાવા મળતું નથી તેના આંકડા ગુગલ પરથી મેળવીને વર્ગખંડના અને શાળાના નોટિસબૉર્ડમાં મૂકો.
- ભોજનનો બગાડ ન કરવાનું વ્રત લેવા માટે તમારા મિત્રોમાં પ્રચાર કરો.
- કુપોષણથી પીડાતાં, અર્ધભૂખ્યાં બાળકોના ફોટા મેળવી તમારા ઘરમાં ધ્યાન ખેંચાય તેમ અથવા ઘરમાં ફ્રીઝ હોય તો તેના પર ચોંટાડો.

## ભાષા-અભિવ્યક્તિ

- અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધા છે. અમે કેટલું ખાધું અને કેટલું છાંડ્યું તેની તમારે શી નિસ્બત !
- વ્યક્તિની માનસિકતા (બેજવાબદારી, ઉદ્ધતાઈ, પૈસાનો અહંકાર, ખોટી પણ દલીલ કરવી વગેરે) પ્રગટ કરવામાં કેટલાંક વાક્યો ખૂબ ચોટડુક હોય છે. 'તમારે શી નિસ્બત' એ આવો પ્રયોગ છે તે ધ્યાનમાં લો.
- લેખકે નાની છતાં પાયાની બાબત સમજાવવા માટે ઉપયોગમાં લીધેલાં વિશેષણ-વિશેષ્યોને જુઓ. વર્ણનમાં વિશેષણો કેવો અસરકારક ભાગ ભજવે છે તે સમજો :

  નાનાં-નગર, યુવાન-દંપતી, કડક-અવાજ, ધનવાન-દેશ, ઉચ્ચ-ટૅક્નૉલૉજી, સાદું-ખાણું, તીવ્ર-અભાવ, બેફામ-બગાડ, વૈભલવિલાસી-જીવન, જાતભાતની-વાનગી, સાચી-વાત, ખોટી-આદત
- પ્રસંગની અસરકારકતા સાબિત કરવામાં રૂઢિપ્રયોગો ભાષામાં કેવા વણાઈ ગયા છે તે સમજો : પાઠ ભણાવવો, આંખ ઊઘડવી, આંજી નાખવું, બોધપાઠ આપવો, કાયમ ઢંઢોળવું.

## શિક્ષકની ભૂમિકા

- ભારતીય પરંપરા મુજબ અનાજને પણ દેવ તરીકે પૂજવામાં આવે છે. અન્નદેવ જઠરાગ્નિને તૃપ્ત કરી જીવનચાલક બળ પૂરું પાડે છે. છતાં વાર-તહેવાર, લગ્નપ્રસંગ કે મેળાવડામાં થતા સમૂહભોજનમાં કે હોટેલોમાં અન્નનો ખૂબ બગાડ થાય છે. હોટેલમાં પૈસા આપ્યા છે તેથી મને બગાડ કરવાનો અધિકાર છે એવી ખોટી સમજ પર ચાબખો મારતો પ્રસંગ આ કૃતિમાં ઉદાહરણ દ્વારા રજૂ થયો છે તેની વિદ્યાર્થીઓ સાથે વિગતે ચર્ચા કરવી.
- પૈસા તમારા છે પણ ભોજન બનાવવામાં જે સામગ્રી વપરાઈ છે તે તો સમાજની છે. તેની ઉપર સમાજનો પણ અધિકાર છે, માટે તેનો બગાડ ન થઈ શકે. કૃતિનો આ મુખ્ય ધ્વનિ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રગટ કરવો.
- વધેલું અન્ન અન્ય માણસોના ઉપયોગનું છે તેવી સમજણ પણ વિદ્યાર્થીઓને આપવી.

•

# વ્યાકરણ

## એકમ 2 | સંધિ, સમાસ

### સંધિ

મિત્રો, તમે સંધિથી સુપેરે પરિચિત છો. ગયા વર્ષે જોયું કે જ્યારે બે શબ્દ પાસે આવે ત્યારે પહેલા શબ્દના છેલ્લા અક્ષર અને બીજા શબ્દના પ્રથમ અક્ષરમાં ઉચ્ચારણ સંદર્ભે પરિવર્તન આવે - તે સંધિ. એટલે કે સંધિ એ 'બોલવા'નો વિષય છે.

આપણે પુનરાવર્તન કરીએ ? ગયા વર્ષે જોયેલા સંધિના નિયમો યાદ હશે. તમે સ્વરસંધિ, વિસર્ગ સંધિ અને વ્યંજન સંધિ જોઈ હતી. તો કેટલાક સ્વાધ્યાય કરીને સંધિ વિશે પુનરાવર્તન કરીએ ?

નીચેનાં વાક્યો વાંચો, આ વાક્યોમાં સંધિ છે. તમે ઓળખી શકશો ?

1. પીળાં પીતાંબર જરકસી જામા, પીળો તે પટકો બિરાજે છે.
2. પ્રાકૃતજનોને આ શરણાઈની સુરાવલિ સમજાય કે ન સમજાય, પણ મંત્રમુગ્ધ બનીને ડોલી ઊઠે.
3. વળી પાછી પતિના પ્રેમોપચારે રીઝી જતી.
4. સાવ શુષ્ક વાતાવરણમાં પણ સાસરિયે સોંઢતી પતિમિલનોત્સુક પરિણીતાનું કલ્પનાચિત્ર શ્રોતાઓની આંખ સામે તરી રહ્યું.
5. જેઠીમાએ મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટા અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી.

**ખ્યાલ આવ્યો ? ઉપરનાં વાક્યોમાં તમને કયા સંધિશબ્દો મળ્યા ?**

ચાલો, સાથે જોઈએ. 1. પીતાંબર, 2. સુરાવલિ, 3. પ્રેમોપચાર, 4. પતિમિલનોત્સુક, 5. સાંગોપાંગ

આ સંધિને છૂટી પાડી શકશો ? તમે પ્રયત્ન કરો. પછી ઉત્તર આપણે સાથે જોઈએ.

1. પીતાંબર – પીત + અંબર
2. સૂરાવલિ – સૂર + આવલિ
3. પ્રેમોપચાર – પ્રેમ + ઉપચાર
4. પતિમિલનોત્સુક – પતિ + મિલન + ઉત્સુક
5. સાંગોપાંગ – સ + અંગ + ઉપ + અંગ

દૃઢીકરણ માટે વિશેષ સ્વાધ્યાય કરીએ ? ચાલો, નીચે તમારા અભ્યાસક્રમમાંથી કેટલાં વાક્યો આપ્યાં છે. તેમાં સંધિ છે. તે ઓળખો અને તેનો વિગ્રહ કરો.

1. આકાશમાં પૂર્ણેન્દુ પ્રકાશ્યો હોય.
2. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે.
3. જેઠીબાઈની કુનેહનો કિસ્સો ભારતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે.
4. આ બંને અધિકારીઓએ ઘણી સહાનુભૂતિથી જેઠીબાઈને મુલાકાત આપી.
5. આ વખતે જેઠીમા એક વીરાંગના બની ગઈ.

**ધ્યાન રાખીને પ્રયત્ન કરજો. સાથે ઉત્તર જોઈએ :**

1. પૂર્ણેન્દુ, 2. ચિંતાતુર, 3. સુવર્ણાક્ષરે, 4. સહાનુભૂતિ, 5. વીરાંગના

| સંધિશબ્દ | વિગ્રહ |
|---|---|
| પૂર્ણેન્દુ | પૂર્ણ + ઈન્દુ |
| ચિંતાતુર | ચિંતા + આતુર |
| સુવર્ણાક્ષર | સુવર્ણ + અક્ષર |
| સહાનુભૂતિ | સહ + અનુભૂતિ |
| વીરાંગના | વીર + અંગના |

અહીં આપેલા સંધિવિગ્રહ સાથે જવાબ મેળવી જુઓ. જવાબ મળે છે ? ચાલો, તો બીજી રીતે સંધિનો અભ્યાસ કરીએ. નીચે વિગ્રહ આપ્યો છે. તમારે સંધિ કરવાની છે. આ તો સરળ છે ને !

1. સત્ + નારી
2. વાક્ + બાણ
3. દિક્ + અન્ત
4. નિઃ + વિવાદ
5. શાળા + ઉપયોગી

**ચાલો આ શબ્દોની સંધિ કરીએ :**

1. સત્ + નારી – સન્નારી
2. વાક્ + બાણ – વાગ્બાણ
3. દિક્ + અન્ત – દિગંત
4. નિઃ + વિવાદ – નિર્વિવાદ
5. શાળા + ઉપયોગી – શાળોપયોગી

સંધિ જોડી શક્યા હતા ને !

ચાલો, એક રમત રમીએ. તમને સંધિનું જૂથ આપવામાં આવે. તેમાંથી વિગ્રહ સંદર્ભે કયા વિકલ્પની ખોટી સંધિ થઈ છે તે તમારે જણાવવાનું.

1. (ક) યથા + ઈષ્ટ – યથેષ્ટ (ખ) તથા + એવ – તથોવ
   (ગ) ઉમા + ઈશ – ઉમેશ (ઘ) રાજ + ઈશ્વર – રાજેશ્વર
2. (ક) મનુ + અંતર – મન્વંતર (ખ) સુ + અલ્પ – સ્વલ્પ
   (ગ) અનુ + એષણા – અનેષણા (ઘ) વન + ઔષધિ – વનૌષધિ
3. (ક) નિઃ + મળ – નિર્મળ (ખ) પરિ + આવરણ – પરાવરણ
   (ગ) પરમ + ઈશ્વર – પરમેશ્વર (ઘ) દુઃ + ગમ – દુર્ગમ
4. (ક) વિદ્યા + ઉપાસના – વિદ્યોપાસના (ખ) સપ્ત + ઋષિ – સપ્તર્ષિ
   (ગ) ગંગા + ઉદક – ગંગોદક (ઘ) જીર્ણ + ઉદ્ધાર – જીર્ણદ્ધાર

5. (ક) વિ + અગ્ર - વિગ્ર (ખ) હૃદય + ઐક્ય - હૃદયૈક્ય

(ગ) સદા + એવ - સદૈવ (ઘ) વિશ્વ + એકતા - વિશ્વૈકતા

જો જો, બધા વિગ્રહ અને સંધિ ધ્યાનથી વાંચવા પડશે. તો જ કઈ સંધિ ખોટી છે, તે ખબર પડશે. સાથે ઉત્તર જોવા છે ? ચાલો, તો સાથે ઉત્તર જોઈએ. પણ પછી તમારે સાચી સંધિ શું હોઈ શકે જણાવવાનું.

1. (ખ) તથા + એવ - તથોવ સાચો ઉત્તર : ____________

2. (ગ) અનુ + એષણા - અનએષણા સાચો ઉત્તર : ____________

3. (ખ) પરિ + આવરણ - પરાવરણ સાચો ઉત્તર : ____________

4. (ઘ) જીર્ણ + ઉદ્ધાર - જીર્ણદ્ધાર સાચો ઉત્તર : ____________

5. (ખ) વિ + અગ્ર - વિગ્ર સાચો ઉત્તર : ____________

સંધિના ઉત્તર જણાવી શકો : 1. તથૈવ, 2. અન્વેષણા 3. પર્યાવરણ, 4. જીર્ણોદ્ધાર, 5. વ્યગ્ર. ઉત્તર સ્પષ્ટ છે ને !

ચાલો, તો કેટલીક સંધિ જોઈએ. તમે ધ્યાનપૂર્વક વાંચીને વિગ્રહ સમજો. તેના દ્વારા તમારી ભાષાસજ્જતા કેળવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કૃષ્ણાર્જુન | કૃષ્ણ + અર્જુન | ગુણાધીશ | ગુણ + અધીશ | ન્યાયાધીશ | ન્યાય + અધીશ |
| દેશાભિમાન | દેશ + અભિમાન | રામાયણ | રામ + અયન | રામાવતાર | રામ + અવતાર |
| લક્ષાધિપતિ | લક્ષ + અધિપતિ | શિલ્પાનુકૂળ | શિલ્પ + અનુકૂળ | શ્વેતાંબર | શ્વેત + અંબર |
| સ્વાર્થ | સ્વ + અર્થ | ઉપાહાર | ઉપ + આહાર | કાર્યાલય | કાર્ય + આલય |
| ગજાનન | ગજ + આનન | ગોળાકાર | ગોળ + આકાર | જીવાત્મા | જીવ + આત્મા |
| દુગ્ધાલય | દુગ્ધ + આલય | દેવાલય | દેવ + આલય | નાસ્તિક | ન + આસ્તિક |
| નિત્યાનંદ | નિત્ય + આનંદ | પરમાત્મા | પરમ + આત્મા | પ્રારંભ | પ્ર + આરંભ |
| પ્રેતાત્મા | પ્રેત + આત્મા | પ્રેમાનંદ | પ્રેમ + આનંદ | માંસાહાર | માંસ + આહાર |
| રસાત્મા | રસ + આત્મા | વાતાવરણ | વાત + આવરણ | વિરહાકુળ | વિરહ + આકુળ |
| સિંહાસન | સિંહ + આસન | સ્વાધીન | સ્વ + આધીન | હતાશા | હત + આશા |
| હર્ષાવેશ | હર્ષ + આવેશ | પુસ્તકાલય | પુસ્તક + આલય | પૂર્વાપર | પૂર્વ + અપર |
| શાળોપયોગી | શાળા + ઉપયોગી | અથેતિ | અથ + ઈતિ | નેતિ | ન + ઈતિ |
| રમેશ | રમા + ઈશ | યોગેશ | યોગ + ઈશ | સુરેન્દ્ર | સુર + ઈન્દ્ર |
| મદોન્મત્ત | મદ + ઉન્મત્ત | પુત્રૈષણા | પુત્ર + એષણા | દેવાલય | દેવ + આલય |
| દિગંબર | દિક્ + અંબર | સંરક્ષણ | સમ્ + રક્ષણ | આજ્ઞાધીન | આજ્ઞા + અધીન |
| ભાષાંતર | ભાષા + અંતર | વિદ્યાર્થી | વિદ્યા + અર્થી | ચિંતાગ્નિ | ચિંતા + અગ્નિ |
| બ્રહ્માનંદ | બ્રહ્મા + આનંદ | વાર્તાલાપ | વાર્તા + આલાપ | વિદ્યાલય | વિદ્યા + આલય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યથેષ્ટ | યથા + ઈષ્ટ | અગ્ન્યાસ્ત્ર | અગ્નિ + અસ્ત્ર | અત્યંત | અતિ + અંત |
| પર્યટન | પરિ + અટન | વ્યતિરેક | વિ + અતિરેક | પરીક્ષા | પરિ + ઈક્ષા |
| ગિરીશ | ગિરિ + ઈશ | પૃથ્વી | પૃથુ + ઈ | સિંધૂર્મિ | સિંધુ + ઊર્મિ |
| સૂક્તિ | સુ + ઉક્તિ | અન્વેષણ | અનુ + એષણ | માત્રર્થે | માતૃ + અર્થે |
| માત્રર્પણ | માતૃ + અર્પણ | પિત્રાદેશ | પિતૃ + આદેશ | | |
| સદ્ભાવના | સત્ + ભાવના | જગદીશ | જગત + ઈશ | તદ્રુપ | તત્ + રૂપ |
| ભગવદ્ભક્તિ | ભગવત્ + ભક્તિ | સદ્ધર્મ | સત્ + ધર્મ | વિદ્યુલ્લેખા | વિદ્યુત + લેખા |
| ચિન્મય | ચિત્ + મય | જગન્નાથ | જગત્ + નાથ | તલ્લીન | તત્ + લીન |
| તન્મય | તત્ + મય | સન્મતિ | સત્ + મતિ | વાઙમય | વાક્ + મય |
| ઉચ્ચારણ | ઉત્ + ચારણ | સજ્જન | સત્ + જન | ઉચ્છુંખલ | ઉત્ + શૃંખલ |
| ઉચ્છવાસ | ઉત્ + શ્વાસ | ઉદ્ધાર | ઉત્ + હાર | | |
| સંચય | સમ્ + ચય | સંકલ્પ | સમ્ + કલ્પ | સંબંધ | સમ્ + બંધ |
| સંપૂર્ણ | સમ + પૂર્ણ | સમંતિ | સમ્ + મતિ | | |
| દુશ્ચક્ર | દુઃ + ચક્ર | દુર્ગંધ | દુઃ + ગંધ | દુર્જન | દુઃ + જન |
| ધનુર્ધર | ધનુઃ + ધર | ધનુર્વિદ્યા | ધનુઃ + વિદ્યા | નિઃ + દય | નિર્દય |
| દુરાચાર | દુઃ + આચાર | નિરાકાર | નિઃ + આકાર | દુઃ + આગ્રહ | દુરાગ્રહ |
| પુનશ્ચ | પુનઃ + ચ | મનશ્ચક્ષુ | મનઃ + ચક્ષુ | નિઃ + ચિંત | નિશ્ચિંત |
| ચતુષ્કોણ | ચતુઃ + કોણ | ચતુષ્પાદ | ચતુઃ + પાદ | દુષ્કાળ | દુઃ + કાળ |
| દુષ્પ્રયોજન | દુઃ + પ્રયોજન | નિષ્કપટ | નિઃ + કપટ | ધનુષ્ટંકાર | ધનુઃ + ટંકાર |
| નિશ્ચલ | નિઃ +ચલ | નિઃશબ્દ | નિઃ + શબ્દ | પુનરુદ્ધાર | પુનઃ + ઉદ્ધાર |
| અંતસ્તત્ત્વ | અંતઃ + તત્ત્વ | નિસ્તેજ | નિઃ + તેજ | અધોગતિ | અધઃ + ગતિ |
| નીરવ | નિઃ + રવ | નીરસ | નિઃ + રસ | નીરોગી | નિઃ + રોગી |
| મનોહર | મનઃ + હર | શિરોમણી | શિરઃ + મણિ | સરોજ | સરઃ + જ |
| નાવિક | નૌ + ઈક | પવન | પો + અન | પાવક | પો + અક |
| પ્રતિષ્ઠા | પ્રતિઃ + સ્થા | પ્રાણાગ્નિ | પ્રાણઃ + અગ્નિ | સમૃદ્ધિ | સમ્ + ઋદ્ધિ |

આ સંધિ તો વાંચો જ. પણ સાથોસાથ પાઠના આરંભે કેટલાંક વાક્યોમાં આપ્યા છે તેમ તમારા પાઠ્યપુસ્તકમાંથી પણ સંધિશબ્દ શોધવા અને તેના વિગ્રહ કરવો તે સંધિના દૃઢીકરણ માટેનો સચોટ ઉપાય છે.

## સમાસ

**દ્વન્દ્વ સમાસ :**

તમે ગયા વર્ષે દ્વન્દ્વ, તત્પુરુષ આદિ સમાસનો અભ્યાસ કર્યો છે. તમને યાદ હશે કે જ્યારે સમાન વ્યાકરણી મોભો ધરાવતાં બે પદ જોડાય અને તેનો 'અને', 'કે', 'અથવા'થી વિગ્રહ થાય ત્યારે તેને 'દ્વન્દ્વ' સમાસ કહે છે. નીચે આપેલાં વાક્યમાં દ્વન્દ્વ સમાસ છે. તેને ઓળખીને જુદા તારવો.

1. ગામને જાણે લાંબોટૂંકો ઈતિહાસ પણ નથી. ____________
2. દીનદુઃખિયાનાં આંસુ લોતાં અંતર કદી ન ધરાજો ! ____________
3. જે બાળક નિરાધાર હોય તેનાં માલમિલકત જપ્ત કરી લેવાં. ____________
4. કાનજીના સગાંસંબંધીમાં જુઓ તો એકનો એક પુત્ર પમો. ____________
5. આ કાળાકાયદાના સકંજામાંથી છૂટવા શું કરવું તેના વિચારો જેઠીમાના અંતરમાં રાતદિવસ ઘોળાતા હતા. ____________

દ્વન્દ્વ સમાસનો તો તરત ખ્યાલ આવી ગયો હશે. સમાસ જોઈએ : 1. લાંબોટૂંકો - લાંબો કે ટૂંકો, 2. દીનદુઃખિયા - દીન કે દુખિયા, 3. માલમિલકત - માલ અને મિલકત, 4. સગાસંબંધી - સગા કે સંબંધી, 5. રાતદિવસ - રાત અને દિવસ.

**તત્પુરુષ સમાસઃ**

તત્પુરુષ સમાસ યાદ છે ને  જે સમાસનું પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને તત્પુરુષ સમાસ કહે છે.

વિભક્તિનો કોઠો પણ જોયો હતો. ફરી એક વાર યાદ કરી લઈએ ?

| વિભક્તિ | સંબંધ | વિભક્તિપ્રત્યય |
|---|---|---|
| પ્રથમા | કર્તા | એ, ને, થી |
| દ્વિતીયા | કર્મ | શૂન્ય, -ને |
| તૃતીયા | કરણ (સાધન) | -થી, વડે |
| ચતુર્થી | તાદર્થ્ય (તે માટે) | માટે |
| પંચમી | અપાદાન (છૂટા પડવું) | -થી, થકી, -એ |
| ષષ્ઠી | સંબંધ | -ન- (ઓ,ઈ,ઉ,આ..) |
| સપ્તમી | અધિકરણ (સ્થાન) | -માં, -એ, પર |

જ્યારે સમાસનો યોગ્ય અર્થ મેળવવા માટે વિગ્રહ કરતી વખતે ઉપર કોઠામાં સૂચવેલ વિભક્તિ પ્રત્યય પ્રયોજવામાં આવે ત્યારે તેને તત્પુરુષ કહે છે. નીચે કેટલાંક વાક્યોમાં તત્પુરુષ સમાસ છે. તેમને ઓળખી તેમનો યોગ્ય વિગ્રહ કરો.

1. કુટુંબમાયા ક્યમ છોડાયે, કુટુંબનું ક્યમ થાશે.
2. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે.
3. કન્યાપક્ષની સ્ત્રીઓએ ગીત ઉપાડ્યું.
4. વ્યવહારડાહ્યાં લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં.
5. લગ્નવિધિ પૂર્ણ થતાં જેઠીમાએ ઝડપી ગતિએ પમાનું નવું ઘર મંડાવી દીધુ.

ચાલો, ઉપરનાં વાક્યોમાંથી તત્પુરુષ સમાસ તારવીએ અને તેનો વિગ્રહ કરીએ :

1. કુટુંબમાયા – કુટુંબની માયા
2. ચિંતાતુર – ચિંતાથી આતુર
3. કન્યાપક્ષ – કન્યાનો પક્ષ
4. વ્યવહારડાહ્યાં – વ્યવહારમાં ડાહ્યાં
5. લગ્નવિધિ – લગ્ન માટેની વિધિ

દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસ સ્પષ્ટ છે ને !

**મધ્યમપદલોપી સમાસ :**

જ્યારે માત્ર વિભક્તિ પ્રત્યય જ ઉમેરાય ત્યારે તે તત્પુરુષ સમાસ છે; પરંતુ ક્યારેક યોગ્ય અર્થઘટન મેળવવા માટે માત્ર વિભક્તિપ્રત્યય ન ઉમેરતાં અન્ય શબ્દ કે પદ ઉમેરવાં પડે છે. અર્થાત્ આ સમાસની રચના કરવા માટે વચ્ચેના પદનો લોપ કરવો પડે છે. તેથી તેને મધ્યમપદલોપી સમાસ કહે છે. જેમકે,

ટપાલપેટી

આ શબ્દ સાંભળતાં તમે ખરેખર શું સમજો છો ?

ટપાલ અને પેટી ? પેટીમાં ટપાલ ? કદાચ 'ટપાલ માટેની પેટી' એવો વિગ્રહ સાચો લાગે પણ જો તમે 'ટપાલ નાંખવા માટેની પેટી' એવો વિગ્રહ કરો તો - વધુ સમજાય છે ?

નીચેનું વાક્ય વાંચો :

સંગ્રામનું આયોજન કરવા માટેના ચુનંદા, અગ્રણી સભ્યોની સમિતિની મિટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ ?

તેના બદલે જો આમ કહીએ તો -

સંગ્રામસમિતિની મિટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ ?

તમે જોઈ શકો છો કે 'સંગ્રામસમિતિ' કહેતાં જ મનમાં જે અર્થ સમજાય છે, તે મેળવવા માટે વચ્ચે પદ ઉમેરવાં પડ્યાં છે. તેથી આ સમાસને મધ્યમપદલોપી સમાસ કહેવાય છે. અન્ય ઉદાહરણ જોવાથી આ સમાસ વધુ સ્પષ્ટ થશે.

કલ્પવૃક્ષઃ કલ્પના - ઈચ્છા મુજબનું આપનાર વૃક્ષ

આવકવેરો - આવક અનુસાર ભરવો પડતો વેરો

સિંહાસન - સિંહ આકારનું આસન

હાથરૂમાલ - હાથમાં રાખવાનો રૂમાલ

ધારાસભા - ધારા - કાયદા ઘડવા માટેની સભા.

તમને મધ્યમપદલોપી સમાસ સમજાયો ? ચાલો, ખાતરી કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં મધ્યમપદલોપી સમાસ છે. તેને ઓળખો અને તેનો યોગ્ય વિગ્રહ કરો.

1. એમની પાછળ સુહાગણો વિદાયગીતો ગાતી. ____________
2. ધીરજકાકાએ મગનિયાના નામની મરણપોક મૂકી. ____________
3. વર્ગીસે શિષ્યવૃત્તિ મેળવી અભ્યાસ કરવા અમેરિકા જવાનું નક્કી કર્યું. ____________
4. થોડી વારે હસ્તઘડી સામે જોઈ ડૉક્ટર ઊભા થાય છે. ____________
5. આ તામ્રપત્ર ઘણા માન અને દબદબા સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું. ____________

આ વાક્યોમાં રહેલા સમાસ ઓળખી શક્યા ? જુદા તારવ્યા ? ચાલો, સાથે જોઈએ... 1. વિદાય ગીતો, 2. મરણપોક, 3. શિષ્યવૃત્તિ, 4. હસ્તઘડી, 5. તામ્રપત્ર.

હવે, તમે વિચારો કે આ સમાસના યોગ્ય અર્થ મેળવવા કેવી રીતે વિગ્રહ કરશો ? ચાલો, વિગ્રહ કરીએ.

વિદાયગીત – વિદાય આપતી વેળાએ ગવાતું ગીત.

મરણપોક – કોઈના મરણ પછી તેના સગાસંબંધી દ્વારા મોટેથી રડીને મૂકાતી પોક.

શિષ્યવૃત્તિ – શિષ્યને અભ્યાસ માટે મળતી વૃત્તિ (આર્થિક સ્રોત)

હસ્તઘડી – હસ્ત - હાથ પર પહેરાતી ઘડી (ઘડિયાળ)

તામ્રપત્ર – તામ્ર (તાંબા) પર લખાયેલ પત્ર

**દ્વિગુ સમાસ :**

તમને કર્મધારય સમાસ યાદ છે ? આમ તો કર્મધારય સમાસમાં વિવિધ રીતે વિગ્રહ થાય છે. પણ તમે એક પ્રકારનો વિગ્રહનો અભ્યાસ કર્યો હતો. તે અનુસાર પહેલું પદ વિશેણ હોય અને બીજું પદ વિશેષ્ય (સંજ્ઞા) હોય. આ સમાસને 'કર્મધારય' સમાસ કહેવાય. જ્યારે આ પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ હોય ત્યારે દ્વિગુ સમાસ તરીકે ઓળખાય છે. નીચે આપેલા સમાસ જુઓ.

આ સમાસની વિશેષતા એ છે કે તે હંમેશા સમૂહનો નિર્દેશ કરે છે અને એકવચનમાં પ્રયોજાય છે. જેમકે 'ચોમાસું' - ચાર માસનો સમૂહ - કેરળમાં ચોમાસું બેઠું.

અન્ય ઉદાહરણ જોતાં આ સમાસ વધુ સ્પષ્ટ થશે.

પંચામૃત – ઘી, દૂધ, દહીં આદિ પાંચ અમૃતનો સમૂહ

ત્રિભુવન – ત્રણ ભુવનનો સમૂહ

ત્રિલોક – ત્રણ લોકનો સમૂહ

પંચવટી – પાંચ વડનો સમૂહ

ષટ્કોણ – ષટ્-છ કોણનો સમૂહ

સપ્તાહ – સપ્ત (સાત) અહ્ન (દિવસ)નો સમૂહ

નવરાત્રિ – નવ રાત્રિનો સમૂહ

'જે વાંચે ચોપડી, ચોપડી ચોપડી ખાય; જે ન વાંચે ચોપડી, તે બેપડી કરમાં સ્હાય'. અહીં અધોરેખિત 'ચોપડી' એટલે 'ચાર પડી' (રોટલી) અને 'બે પડી' એટલે 'ઘંટી'. આ 'ચોપડી' અને 'બેપડી' દ્વિગુ સમાસ છે.

તમને દ્વન્દ્વ, તત્પુરુષ ઉપરાંત મધ્યમપદલોપી તથા દ્વિગુ સમાસ પણ સમજાઈ ગયા હશે.

નીચે કેટલાક મધ્યમપદલોપી અને દ્વિગુ સમાસ આપ્યા છે. તેનો વિગ્રહ કરો અને તેને આધારે પ્રકાર ઓળખાવો.

| | | | | |
|---|---|---|---|---|
| સપ્તર્ષિ, | ઘરજમાઈ, | ટિકિટબારી, | ત્રિકોણ, | પંચેન્દ્રિય, |
| બેપડી, | લોકગીત, | વરાળયંત્ર, | શતાબ્દી, | આમંત્રણપત્રિકા |

આ સમાસનો વિગ્રહ કરવો અને તેથી ઓળખવા સહેલા છે ને !

•

# 7 જીવમાં જીવ આવ્યો

**હરિકૃષ્ણ પાઠક**

**(જન્મ : તા. 05-08-1938)**

હરિકૃષ્ણ રામચન્દ્ર પાઠકનું વતન બોટાદ છે. તેમણે સચિવાલયમાં અધિકારી તરીકે સેવાઓ આપી હતી. 'સૂરજ કદાચ ઊગે' તેમનો કાવ્યસંગ્રહ છે. 'અડવાપચ્ચીસી'માં હાસ્ય કટાક્ષની કવિતા છે. 'કોઈનું કંઈ ખોવાય છે' એ બાળકાવ્યોનો સંગ્રહ છે. 'ગુલાબી આરસની લગ્ગી' કિશોરકથા અને 'મોર બંગલો' તેમનો વાર્તાસંગ્રહ છે. 'નગર વસે છે' તેમનું સંપાદન છે.

ઉનાળાની આકળ-વિકળ પછી વર્ષાનું આગમન થવાથી આખી સૃષ્ટિમાં જાણે કે નવજીવન આવી જાય છે તે ભાવને કવિએ આ સૉનેટમાં મંદાક્રાન્તા છંદમાં પ્રગટ કર્યો છે. તે માટે રૂઢિપ્રયોગ યોજ્યો છે. 'જીવમાં જીવ આવ્યો.' બધું હતું, પણ જીવ નહોતો. ધૂળની ડમરી, પંખીના માળાઓ, પર્ણો, રાફડાની કીડીઓ, તડકાનું રૂપ, વગડો, સીમ, માણસો - બધું એનું એ છે; પરંતુ ફોરાં ઝર્યાં અને બધું બદલાઈ ગયું. જીવમાં જીવ આવી ગયો. આખી સૃષ્ટિ જાણે સજીવન થઈ ગઈ. આ બદલાયેલી સૃષ્ટિનાં મધુર ચિત્રો કવિએ આલેખ્યાં છે જે માણવાં ગમે એવાં છે. આ કાવ્ય સાથે સ્વપ્નસ્થનું 'મેહુલા' કાવ્ય મૂકવાથી બંને કાવ્ય વધુ ઊંડાણથી સમજી શકાશે.

---

વંટોળાતી પવન-ડમરી થૈ ઠરીઠામ અંતે,
ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો.
હાંફી હાંફી વ્યથિત સઘળાં નીડ ઝૂલ્યાં હવામાં
આછા હેલે, પરણ પરણે ઊજળો રંગ કાઢ્યો.
તાતા તાપે ખદખદી રહ્યો રાફડો સાવ ધીરે-
ધીરે ચાલ્યો થડ પર ભીનાં ઝીણી લંગાર લૈને.
સોને-રૂપે જડિત તડકો ક્યાંક આછો ઢળ્યો, ને
ફૂટું ફૂટું ફરફર થતું રૂપ ખીલ્યું ધરાનું.
ટ્હોકી ઊઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં,
ગાણે-ગાણે હરખ ઊઘલ્યો, ઘૂઘવ્યાં પૂર આઘાં,
ક્યાંથી મ્હોર્યાં સ્મરણ નમણાં, ભાંભર્યાં દૂધ ક્યાંથી,
ક્યાંથી આવ્યાં - મનભર મળ્યાં લોક કાચી ઘડીમાં !
આઘે-ઓરે, અડખે-પડખે એનું એ સૌ છતાંયે
ફોરાં જ્યાં બે ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો !

**('સૂરજ કદાચ ઊગે'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**વ્યથિત** દુ:ખી, પીડિત; **તડકો** આતપ, તાપ; **કાચી ઘડી** તરત જ; **હરખ** આનંદ-ઉલ્લાસ; **નીડ** (પક્ષીનો) માળો, આશ્રય; **રાફડો** કીડી, ઊધઈ વગેરેનું દર; **ધરા** ધરતી; **સ્મરણ** યાદ કરવું એ, સ્મૃતિ; **દૂધ** દુગ્ધ, પય.

## તળપદા શબ્દો

**થૈ** થઈ **લંગાર** હાર (Line); **ફોરાં** વરસાદના છાંટા; **ગાણું** ગીત; **પરણ** પાંદડું, પાન; **ઊઘલ્યો** ઉઘલવું, પ્રસ્થાન કરવું, નીકળવું (અહીં)છલકાઈ જવું; **સઘળા** બધા; **આઘે** દૂર; **ઓરે** નજીક

## વિરુદ્ધાર્થી શબ્દો

**અંત** × આરંભ; **સ્મરણ** × વિસ્મરણ

## રૂઢિ પ્રયોગ

**જીવમાં જીવ આવવો** ભય જતાં સ્થિરતા અનુભવવી

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**ઘૂમરી લઈ વાતો ભારે પવન** - ચક્રવાત, વંટોળ **સાપને રહેવાનું ઘર** - રાફડો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'જીવમાં જીવ આવ્યો' – કૃતિમાં શેનું વર્ણન છે ?

(a) પ્રાણીઓના અવાજનું (b) પક્ષીઓના કલરવનું (c) માનવસૃષ્ટિના દુઃખનું (d) વરસાદના આગમનનું

(2) ફોરાં જ્યાં બે ઝરમર ઝર્યાં.....

(a) ઊજળો રંગ કાઢ્યો (b) જીવમાં જીવ આવ્યો (c) ઘૂઘવ્યાં પૂર આઘાં (d) રૂપ ખીલ્યું ધરાનું

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ફોરાં ઝરમર વરસ્યાં ત્યારે પવન ડમરીનું શું થયું ?

(2) વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઈ ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ ?

(2) ટ્હૌકી ઊઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં,
ગાણે-ગાણે હરખ ઊઘલ્યો, ઘૂઘવ્યાં પૂર આઘાં – પંક્તિઓ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'જીવમાં જીવ આવ્યો' – શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(2) પ્રથમ વરસાદ થયા પછીની નવચેતનાને તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- વરસાદમાં ન્હાવાનો અનુભવ મેળવી વર્ગખંડમાં વર્ણવો.
- આ કાવ્યનું સમૂહપઠન કરો.
- કાવ્યમાં વપરાયેલા તળપદા શબ્દોની યાદી તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

કાવ્યમાં 'થૈ', 'લૈને', 'ટ્હૌકી' શબ્દો આ રીતે વપરાયા છે. તે 'થઈ', 'લઈને' અને 'ટહુકી'નાં રૂપો છે. આ શબ્દોના ઉચ્ચારણ વખતે થતો ધ્વનિ-થડકાર કાવ્યમાં એક પ્રકારની રમણીયતા પ્રગટાવે છે તે જુઓ.

કવિએ કેટલાક શબ્દોના પુનરાવર્તનથી અભિવ્યક્તિને વધુ ધારદાર અને અસરકારક બનાવી છે. આ પુનરાવર્તન સિવાય આ પંક્તિઓ વાંચતા આ બાબત વધુ સમજાશે.

- હાંફી હાંફી વ્યથિત સઘળાં...
- પરણ પરણે ઉજળો રંગ કાઢ્યો.
- ફૂટું ફૂટું, ફર ફર થતું રૂપ ખીલ્યું...
- ગાણે ગાણે હરખ ઊઘલ્યો...

આ પુનરાવર્તન 'દરેક' અથવા 'ખૂબ જ' એવો ભાવ વ્યક્ત કરે છે.

વર્ણનને તાદૃશ બનાવતા 'ફરફર' અને 'ખદખદી' જેવાં રવાનુકારી અને 'અડખે-પડખે', 'ઝરમર' જેવા દ્વિરુક્ત પ્રયોગ પણ ધ્યાનમાં લો.

વગડો ટહુકે ખરો ? સ્મરણ મહોરે ખરાં ? દૂધ ભાંભરે ? કવિએ વરસાદની અસર કેવી અદ્ભુત રીતે વર્ણવી છે તે જુઓ. વળી, 'નમણી' વિશેષણથી વિશિષ્ટ વ્યક્તિનો નિર્દેશ તો 'ભાંભર્યાં'થી પશુઓનો ઉલ્લેખ કેવો ઇશારામાં કહી દેવાયો છે તે પણ ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

સૉનેટ સ્વરૂપમાં લખાયેલી આ કૃતિમાં જળ વિના વિહ્વળ થયેલ જીવ માત્રને વરસાદનાં બે-ચાર ફોરાં પડવાનાં શરૂ થતાં જ જીવમાં જીવ આવે છે. તેથી શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ થાય છે તે વિદ્યાર્થીઓને સમજાવવું ! સૉનેટમાં છેલ્લી બે પંક્તિમાં આવતા ભાવપલટા વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

વર્ષાના આગમનથી પ્રકૃતિમાં/વાતાવરણમાં કેવો બદલાવ આવે છે તેનો વિદ્યાર્થીઓને અન્ય ઉદાહરણ દ્વારા ખ્યાલ આપવો. પક્ષીના માળાઓમાં/હવામાં ઝૂલવું, પર્ણોમાં આવેલી તાજગી/નવો રંગ, રાફડામાંથી કીડીઓનું ઝાડ પર ચડવું, તડકાનું સોનેરી સ્વરૂપ અને ફૂટું ફૂટું થઈ રહેલું ધરા/પૃથ્વીનું રૂપ – આ સર્વે આનંદ, ઉત્સાહ, સ્વાગત અને જીવન વિકાસને પ્રગટ કરે છે તે અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

- આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ,
  ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક.
- 'મેહુલો ગાજે ને માધવ નાચે'
- 'રિમઝિમ વરસે વાદળી' જેવી કાવ્યપંક્તિઓના સંદર્ભ દ્વારા વર્ષાના આગમનનો ઉત્સાહ રજૂ કરવો.
- સૉનેટ કાવ્યપ્રકારનો પ્રાથમિક પરિચય આપવો.
- સૉનેટની ગુજરાતી સાહિત્યમાં કોણે શરૂઆત કરી તે જણાવીને સૉનેટના પ્રકારોની જાણકારી આપો.

•

# 8 સૂરજ તો બધે જ સરખો

**વિનોદ ભટ્ટ**

**(જન્મ : તા. 14-01-1938)**

વિનોદ જશવંતલાલ ભટ્ટ અમદાવાદના વતની છે. મધુર વ્યંગ એમનાં લખાણોનું પીઠબળ છે. એમણે હાસ્ય સાહિત્યના મોટાભાગના પ્રકારોમાં પ્રદાન કરેલું છે. 'ઇદમ તૃતીયમ્', 'વિનોદની નજરે', 'આંખ આડા કાન', 'હાસ્યોપચાર', 'ભૂલચૂક લેવીદેવી', 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો' વગેરે હાસ્યરસથી સભર પુસ્તકો તેમણે આપ્યાં છે. તેમણે નર્મદ, મુનશી, જ્યોતીન્દ્ર દવે, ચાર્લી ચેપ્લિન, બર્નાડ શો, એન્ટની ચેખવ વગેરેનાં ચરિત્રો લખેલાં છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો છે. હાસ્યલેખન માટે સાહિત્ય પરિષદને અને ગુજરાત સાહિત્ય અકાદમીના એવૉર્ડ મળ્યા છે.

આ લેખ હળવી શૈલીમાં આપણી વિચિત્રતાઓ અને ટેવો વિશે ધ્યાન દોરે છે. માણસ વિખ્યાત જગ્યાએ પ્રવાસમાં જઈને પણ ત્યાં વાત તો ખાણીપીણીની જ કરે, જોવા લાયક સ્થળની ખાસિયતની નહિ, એ ટેવ વિશે લેખક કટાક્ષ કરે છે. જેમ સૂરજ બધે સરખો જ હોય તેમ આવા માણસો માટે બધાં સ્થાન સરખાં જ હોય છે. 'સર્વજ્ઞભાઈ' નામ પણ જાણે માત્ર ખાણીપીણીનું-એ લેખકનો વ્યંગ માણવો ગમે તેવો છે. વ્યંગાત્મક રીતે રજૂ થયેલ મનુષ્ય સ્વભાવ હાસ્ય નિપજાવે છે, એને મમળાવવું ગમે છે.

---

'આ વખતે રજાઓમાં કઈ તરફ ઊપડવા વિચારો છો, બાપુ ?'

'હજી કંઈ નક્કી નથી કર્યું. છોકરાં આગ્રા જવાનું કહે છે. તાજમહેલ જોવાની એમની બહુ ઇચ્છા છે.

'વાહ, સરસ. ટેસ્ટી.'

'તાજમહેલ અને ટેસ્ટી ?'

'એમ નહિ, ત્યાં તાજમહલની ઉત્તરે ખાડામાં એક દાળવડાંવાળો ઊભો રહે છે. સાલો શું બ્યુટિફૂલ દાળવડાં બનાવે છે ! સુપર્બ... અમે તો જ્યારે જ્યારે આગ્રા જઈએ ત્યારે ત્યારે હું તો તાજની બહાર બેસીને દાળવડાં ખાઈ લઉં છું.'

'બાકી તાજમહેલ અદ્ભુત છે, નહિ ?'

'સાચું પૂછો તો બૉસ, મેં અંદર જઈને તાજમહેલ જોયો જ નથી.'

'ગજબ કહેવાય, સર્વજ્ઞભાઈ...'

'એમાં ગજબ શું છે, યાર ! એક માણસ ચૌદમી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ આ રીતે પૈસા બરબાદ કરે એ વાત જ આપણને પસંદ નથી. બીજો કોઈ સમજુ માણસ હોય તો બૈરી પાછળ આખું આગ્રા શહેર જમાડે કે પછી તેની યાદમાં તાજમહેલ જેવી કોઈ મોટી હોટેલ બાંધે... લાખ્ખો રૂપિયા ખરચીને તેણે બાંધી તો એક કબર જ ને !'

'સર્વજ્ઞભાઈ, માથેરાન જવા જેવું ખરું ?'

'દાદાગીરી બૉસ, માથેરાન એટલે માથેરાન. આપણા પુરોહિતવાળાની જ ત્યાં એક હોટલ છે. એ હોટલનાં દાળભાત ! આંગળાં કરડ્યા કરીએ. ફેન્ટાસ્ટિક !'

'ત્યાં જોવા જેવી કોઈ ખાસ જગ્યા ?'

'છે ને... ઘણાં પૉઇન્ટ્સ સનસેટ પૉઇન્ટ, એકો પૉઇન્ટ, પેનોરમા પૉઇન્ટ. પેનોરમા પૉઇન્ટ પર એક નારિયેળવાળો બેસે છે. અમે તો ઘણીવાર નારિયેળનું પાણી પીવા માટે જ પૅનોરમા પૉઇન્ટ પર જતાં. બીજા કશા ખાતર નહિ, તો નારિયેળ-પાણી ખાતરેય તમારે માથેરાન તો જવું.'

'દાર્જિલિંગ આ સિઝનમાં મોંઘું પડે ?'

'સહેજ પણ મોઘું નહિ; શેઠિયા, તમારે એમ કરવાનું, એક ટંક જમવાનું ને સાંજે નાસ્તાથી ચલાવી લેવાનું. ત્યાં દિલ્લી ચાટસેન્ટરની બાજુમાં એક દહીંવડાંવાળો બેસે છે. પઠ્ઠો શું ફક્કડ દહીંવડાં બનાવે છે ! બસ ખાધા જ કરીએ....'

‘કહે છે કે ત્યાંના ખળખળ વહેતા ઝરણામાં પગ બોળીને બેસી રહેવાની મઝા આવે છે..એ એક લહાવો છે.’

‘અરે સાવ હમ્બગ યાર, એક વાર પેલા ઉલ્લુના પઠ્ઠા જગદીશિયા સાથે ઝરણામાં પગ બોળીને બેસી રહ્યા એમાં તો સાલી હોટેલ બંધ થઈ ગઈ ને ફૂટની દાળઢોકળી ગુમાવવી પડી. ત્યારથી પ્રતિજ્ઞા કરી નાખી છે કે ખાધા વગર હોટેલની બહાર પગ ન મૂકવો અને હવે તો આતંકવાદીઓને કારણે સાલી કશ્મીરમાંય ગરમી પડે છે.’

‘તો મહાબળેશ્વર કેમ રહે ?’

‘અરે ડોન્ટ મિસ ઈટ બાબા, પણ મહાબળેશ્વર જવું હોય તો કોઈ ટ્રાવેલ ટુરમાં જ જવું. સાલી પછી કોઈ ઝંઝટ જ નહિ. બે ટાઈમ ખાવાનું ત્રણ ટાઈમ ચા-નાસ્તો પ્રહ્લાદ ટ્રાવેલ્સવાળા આપે છે. તમે કહો એ નાસ્તો આપે, બટાટાપૌંઆ, સેવ-ખમણી, બ્રેડનાં ભજિયાં - જે માગો એ નાસ્તો તૈયાર.’

‘વહેલી સવારે પોણા ચાર વાગ્યે મહાબળેશ્વરમાં સૂર્યોદય ગાંડાં કરી મૂકે એવો હોય એ વાત ખરી ?’

‘પણ એવા ગાંડપણમાં ન પડવું મારા ભૈ. સૂરજ તો નવરો છે તે વહેલો ઊગી જાય. એને માટે થઈને આપણે શા માટે ઉજાગરો વેઠવો!’ સૂરજ તો બધે જ સરખો. માટે એવી કોઈ બબાલમાં પડવું નહિ. પણ વૅકેશનમાં મહાબળેશ્વરમાં હાડમારી બહુ પડશે, એના કરતાં સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાતરા જેવું કરવું હોય તો આબુ ઊપડી જાઓ. કહેતા હો તો રમેશ દાણી પાસે ચિઠ્ઠી લખાવી દઉં. એક બ્લૉક કાઢી આપશે. રાંધવાના વાસણો પણ મળે. એક વાર રાંધવાનું ને બે વખત ખાવાનું. બીજી કોઈ ઝંઝટ જ નહિ. ખાઈને સાંજ સુધી ઘોર્યા કરવાનું. સાંજે નખી લેક પર ચક્કર લગાવવાનાં. નખી લેકની ત્રાંસમાં એક રબડીવાળો બેસે છે. તેને ત્યાંથી અઢીસોત્રણસો ગ્રામ રબડી લઈને ઝાપટી જવાની. પણ આબુમાં સાલી એક તકલીફ રહેવાની. તમને અડધું અમદાવાદ ત્યાં જોવા મળશે. અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે પોળની ગલીમાં છુપાઈ જવા મથીએ એ બધાં ત્યાં સામે ભટકાવાનાં. ત્યાંના પાછા રસ્તાય થોડા પહોળા એટલે ભાગીનેય ક્યાં ભગાય ! એ વખતે સાલું એમ થાય કે આટલા પૈસા ખરચીને આબુ આવ્યા એ કરતાં અમદાવાદમાં જ રહ્યા હોત તો વધુ સારું થાત.’

‘આઈડિયા ખોટો નથી, થાય છે કે આ વખતે ક્યાંય જવું નહિ. સાંજે છ વાગ્યે ધાબામાં પાણી છાંટીને ઠંડકમાં પથારી કરી લેટી જવું. અમદાવાદની સાંજ આમેય ઠંડકવાળી હોય છે.’

‘વાહ એ તો ઉત્તમ. ધાબામાં બેસીને પટેલનો આઈસ્ક્રીમ ખાતાં ખાતાં ગપ્પાં મારવાની જે મઝા છે તે સાલી બીજે ક્યાંય નથી. એટલે તો કહું છું કે પૃથ્વીનો છેડો ઘર. એટલે બાપુ, આપણી તો એ જ સલાહ છે કે... સમજી ગયા ને !’

**(વગેરે, વગેરે, વગેરે...માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ટેસ્ટી** સ્વાદિષ્ટ (અંગ્રેજી શબ્દ); **બ્યૂટીફુલ** સુંદર (અં); **ઝરણું** સરવાણી, નિર્ઝર; **હમ્બગ** તદન ખોટું (અં); **પ્રતિજ્ઞા** ટેક, પણ; **ઝંઝટ** રકઝક, માથાકૂટ; **હાડમારી** હેરાનગતિ, મુશ્કેલી; **પઠ્ઠો** પહેલવાન; **પ્રતિજ્ઞા** સંકલ્પ, શપથ; **બબાલ** મુસીબત, આફત

### તળપદા શબ્દો

**જાતરા** યાત્રા **ભૈ** ભાઈ; **ઝાપટી જવું** ખાઈ જવું; **લેટી જવું** સૂઈ જવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સૂર્યોદય** × સૂર્યાસ્ત; **ખરું** × ખોટું; **સાંજ** × સવાર; **ઊગવું** × આથમવું

### કહેવત

**સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા** - મર્યાદિત સાધનોથી કામ પૂર્ણ કરવું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) રજાઓમાં છોકરાંઓ લેખકને ક્યાં જવાનું કહે છે ?

(a) અંબાજી (b) આગ્રા (c) દિલ્લી (d) હરદ્વાર

(2) માથેરાનમાં સર્વજ્ઞભાઈ કયા પોઈન્ટ પર નાળિયેરનું પાણી પીતા ?

(a) પેનોરમા (b) ડોના-પૌલા (c) એકો પોઈન્ટ (d) સનસેટ પોઈન્ટ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) સર્વજ્ઞભાઈના મતે મોંઘવારીમાં દાર્જિલિંગમાં ફરવા માટે શું કરવું ?

(2) મહાબળેશ્વર જવા માટે સર્વજ્ઞભાઈ ટ્રાવેલ્સનો કેમ આગ્રહ રાખે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો :**

(1) તાજમહેલ વિશે સર્વજ્ઞભાઈ શું કહે છે ?

(2) 'સૂર્યને જોવા માટે સર્વજ્ઞભાઈ મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ સર્વજ્ઞભાઈ શા માટે કહે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) સૌંદર્ય માણવાને બદલે ખાણી-પીણીમાં વિશેષ રસ લેતા પ્રવાસીઓના સ્વભાવ વિશે પાઠને આધારે નોંધ લખો.

(2) આખરે સર્વજ્ઞભાઈ ક્યાંય ન જવા માટે કેમ વિચારે છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભારતનાં પ્રાકૃતિક સ્થળોના ફોટોગ્રાફ્સ તથા વિગતો ઈન્ટરનેટના માધ્યમથી મેળવી ચાર્ટપેપરમાં લગાડો.
- પ્રવાસને કેવી રીતે માણવો ? જૂથ ચર્ચા કરો.
- પ્રવાસથી કયા ગુણોનો વિકાસ થાય છે તેની યાદી તૈયાર કરો.

### ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત હાસ્યનિબંધમાં લેખકે કરેલ વિવિધ સંબોધનો જેવાં કે દાદાગીરી બોસ, શેઠિયા, યાર, બાબા, ભૈ, બાપુ... ગુજરાતીઓની બોલચાલની લઢણ અને લાક્ષણિકતા બતાવે છે.

વિવિધ વાનગીઓ માટે લેખકે વાપરેલ વિશિષ્ટ શબ્દો જેવાં કે 'બ્યુટિફૂલ દાળવડાં', 'ફેન્ટાસ્ટિક દાળભાત', ફક્કડ દહીંવડાં', 'ફૂટ્સની દાળઢોકળી' ગુજરાતીઓનો ભોજનપ્રેમ બતાવે છે અને એ દ્વારા જ લેખક વ્યંગ પણ કરે છે કે તેઓ પ્રવાસ અને પ્રકૃતિના નહિ પણ ખોરાક-ભોજનના પ્રેમી છે.

સીધી વાતની અવળી રજૂઆત એ હાસ્યનિબંધોની ખાસિયત હોય છે. અહીં પણ 'સૂરજ ઊગતાં ઊઠવું' માટે 'ઉજાગરો વેઠવો' શબ્દપ્રયોગ અને 'સૂરજ' માટે 'નવરો' વિશેષણ વ્યંગ અને હાસ્ય નિષ્પન્ન કરે છે.

## શિક્ષકની ભૂમિકા

- ગુજરાતીઓ માટે કહેવાય છે કે પરદેશમાં જાય તો પણ ગુજરાતી થાળીનો આગ્રહ રાખે. જે વિસ્તારમાં ગયા હોઈએ ત્યાંની વિશેષતા, રહેણી-કરણી, જોવા લાયક સ્થળો, તેની માહિતી તેનો ઇતિહાસ, ત્યાંનું સૌંદર્ય આ બધી વાતો પ્રવાસમાં કેન્દ્રસ્થાને હોવી જોઈએ, નહિ કે ખાવાની. આ બાબત વિદ્યાર્થીઓને પાઠમાં આપેલાં ઉદાહરણો દ્વારા સમજાવવી.
- શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું અને નજીકના પ્રાકૃતિક સ્થળોની મુલાકાત ગોઠવવી.
- ‘મારો યાદગાર પ્રવાસ’ નિબંધ લખાવવો.

•

# 9 હાથ મેળવીએ

**નિરંજન ભગત**

**જન્મ : તા. 19-05-1926**

નિરંજન નરહરિ ભગતનો જન્મ અમદાવાદમાં થયો હતો. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ' આ ત્રણેય કાવ્યસંગ્રહોની કવિતા લઈ નવો કાવ્યસંગ્રહ 'છંદોલય' પ્રકટ થયો છે. તેમાં 'પ્રવાલદ્વીપ' અને '33કાવ્યો' પણ સમાવાયાં છે. સૉનેટ, પરંપરિત અને ઊર્મિકાવ્યોનું સફળ ખેડાણ તેમણે કર્યું છે. 'આધુનિક કવિતાઃ કેટલાક પ્રશ્નો', 'યંત્રયુગ અને મંત્રકવિતા', 'મીરાં', 'સ્વાધ્યાયલોક – ભાગ 1થી 8' એમના વિવેચન ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા સાહિત્ય અકાદમીનો એવૉર્ડ પ્રાપ્ત થયેલા છે.

કવિએ આ નાનકડા ઊર્મિકાવ્યમાં ભાવસંવેદનનું મહત્ત્વ સ્થાપ્યું છે. અહીં હાથ હૃદયભાવનું પ્રતીક બનીને વર્ણવાયો છે. કવિ કહે છે કે મારે ધન, સંપત્તિ, સત્તા કશું નથી જોઈતું, બસ મૈત્રીપૂર્ણ હાથ જોઈએ છે. હું હાથ લંબાવીને તમારા હૃદય સુધી પહોંચવા માગું છું. નિઃસ્વાર્થ સંવેદન બધું સભર કરી આપે છે. તેમાંથી હૃદયૈક્ય કેળવવાનો કવિનો મનોરથ પ્રગટ થયો છે તે નોંધપાત્ર છે.

---

લાવો તમારો હાથ મેળવીએ
(કહું છું હાથ લંબાવી !)
કહો શું મેળવી લેવું હશે મારે ? તમારા હાથમાં તો કેટલુંયે –
ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે...
શું શું નથી હોતું તમારા હાથમાં ?
મારે કશાનું કામ ના,
ખાલી તમારો હાથ...
ખાલી તમારો હાથ ?
ના, ના આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે !
આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો –
અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,
અને બિનઆવડત સારું નઠારું કેટલુંયે કામ કરતા
આપણા આ હાથ કેળવીએ !
અજાણ્યા છો ? ભલે !
તોયે જુઓ, આ હાથ લંબાવી કહું –
લાવો તમારો હાથ, મેળવીએ ! **('છંદોલય'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**કીર્તિ** ખ્યાતિ, નામના; **થડકો** થડકારો; **ઉષ્મા** ગરમાવો (અહીં) હૂંફ; **ધન** પૈસો, સંપત્તિ; **હાથ** હસ્ત, કર.

## વિરુદ્ધાર્થી શબ્દો

**કીર્તિ** × અપકીર્તિ; **આવડત** × બિનઆવડત; **સારું** × નઠારું; **જાણ્યા** × અજાણ્યા

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કવિ અહીં કોનો હાથ માંગે છે ?

(a) અજાણી વ્યક્તિનો (b) મિત્રનો (c) પત્નીનો (d) પાડોશીનો

(2) 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિ કયા ભાવને ભેળવવાની વાત કરે છે ?

(a) પરસ્પરના વેરભાવ (b) પરસ્પરના હૃદયનો ભાવ (c) પરસ્પરની ટીકાનો ભાવ (d) પરસ્પરનો દ્વેષભાવ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ ખાલી હાથમાં શું હોવાનું અનુભવે છે ?

(2) કવિ અજાણ્યા માણસને શું કહે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) તમારા હાથમાં શું-શું છે ?

(2) 'હાથ મેળવવા' દ્વારા કવિ શું સૂચવે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

(1) 'આ બેય ખાલી હાથમાંયે કેટલું છે ! – પંક્તિ સમજાવો.

(2) ધન, સત્તા, કીર્તિનું કામ નથી – એમ કવિ શા માટે કહે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ''સાથી હાથ બઢાના'' ગીત યુ-ટ્યૂબ પરથી મેળવો અને સાંભળો.
- નવા મિત્રો બનાવો અને તેની મૈત્રીની ભાવનાનો તમારો અનુભવ વર્ગખંડમાં કહો.
- 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- મૈત્રીદિવસની શાળામાં ઉજવણી કરો.
- 'મારો દોસ્ત' નિબંધ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

• કવિ ભાષા દ્વારા ભાવ, વિચાર અને સંવેદન પ્રગટ કરે છે. અહીં વાતચીતની શૈલીથી કાવ્ય ઊઘડે છે 'લાવો તમારો હાથ મેળવીએ' અહીં 'લાવો'નો શબ્દશઃ અર્થ લેવાનો નથી. કોઈ કામ માટે ઉમળકો દર્શાવવા કે અભિમુખ થવા આવા શબ્દો વપરાય છે તે સમજો.

• આ કાવ્ય સંવાદ શૈલીમાં લખાયું નથી છતાં કવિએ કેટલાક પ્રશ્નો ગૂંથી લઈ જાણે કે ઉત્તર આપતા હોય તેમ વાત–ચીતની શૈલીથી કાવ્ય આલેખ્યું છે. એ માટે કવિએ રચેલા પ્રશ્નો જુઓ અને વિષયગૂંથણી આમ પણ થઈ શકે છે એ બાબત ધ્યાનમાં લો.

– કહો શું મેળવી લેવું હશે મારે ?

– શું શું નથી હોતું તમારા હાથમાં ?

– ખાલી તમારો હાથ ?

– અજાણ્યા છો ?

– અજાણ્યા છો ? ભલે !

પ્રશ્નાર્થ અને ઉદ્ગારવાળી આ પંક્તિ કેટકેટલું કહી જાય છે ! લાઘવની આ કરામત અને કાવ્યમાં એનું મહત્ત્વ સમજો. કોઈપણ માણસ સાથે સમભાવ કેળવવા કે સહકાર સાધવા કવિ ઉત્સુક છે એ બાબત માત્ર એક શબ્દ 'ભલે' દ્વારા રજૂ થઈ છે. કવિતા એ ઓછા શબ્દોમાં ઝાઝું કહેવાની-સૂચવવાની કળા છે. કવિકર્મની આ ખૂબી છે.

## શિક્ષકની ભૂમિકા

- આજના ઝડપી જીવનમાં આપણે પોતાના લોકોની પણ મદદ કરવા માટે અસમર્થ બની જઈએ છીએ. જ્યારે કવિ તો અજાણ્યા સાથે પણ હાથ મેળવવા તૈયાર છે. હાથ મેળવવો એટલે એકમેકના સહકારથી પરસ્પરના હૈયા સુધી પહોંચવું. હાથ મેળવીએ, હાથ કેળવીએ અને એ રીતે હૃદયને પણ કેળવીએ તેવો કવિનો સંદેશ વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરવો.
- પૈસો, મોટાઈ, મોભો, મદ ત્યજીને સહજ બની કોઈને આત્મીયતાથી મળી તો જુઓ ! જીવન જીવવા જેવું લાગશે તે બાબતે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.
- કૃષ્ણ-સુદામાની મિત્રતાનું મહત્ત્વ સમજાવતું કાવ્ય 'તને સાંભરે રે...' સંદર્ભ તરીકે સમજાવવું.

•

# વ્યાકરણ

## એકમ 3 રૂઢિપ્રયોગ, કહેવત

### રૂઢિપ્રયોગ

મિત્રો, તમે ઘણાં વર્ષોથી રૂઢિપ્રયોગનો અભ્યાસ કરો છો. આ વર્ષે પણ તમે કેટલાક રૂઢિપ્રયોગનો અભ્યાસ કરશો. આમાંના ઘણા રૂઢિપ્રયોગ તમને પરિચિત પણ લાગશે. મહત્ત્વની બાબત એ છે કે તમે આ રૂઢિપ્રયોગને તમારા રોજના ભાષાવ્યવહારમાં સામેલ કરો અને તમારી ભાષા-અભિવ્યક્તિને વધુ સચોટ બનાવો.

| | |
|---|---|
| **અધૂરો ઘડો છલકાય ઘણો** | અપૂર્ણ કે અધકચરું જ્ઞાન હોવા છતાં જ્ઞાની હોવાનું ગુમાન દાખવે |
| **આંખ ઉઘડવી** | ચેતી જવું, સાવધાન થવું |
| **આંખે આંસુનું તોરણ બંધાઈ જવું** | સતત રડ્યા કરવું |
| **આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા** | સતત રડ્યા કરવું |
| **ઊની આંચ ન આવવી** | જરા પણ નુકસાન ન થવું |
| **કજિયાનું મોં કાળું કરવું** | કલેશથી વેગળા રહેવું |
| **કડવો ઘૂંટડો ગળી જવો** | અપમાન સહન કરી લેવું |
| **કાળજું કોરાવું** | દિલને સંતાપ થવો |
| **કેડ પર કાંકરો મૂકવો** | સખત મહેનત કરવી |
| **જીવમાં જીવ આવવો** | ભય જતાં સ્થિરતા અનુભવવી, ચિંતા દૂર થવી |
| **ડાગળી ચસકી જવી** | પાગલ થઈ જવું |
| **તાસીરો બોલી રહેવો** | સૂર તાલની રમઝટની મઝા આવવી |
| **દીપક હોલવાઈ જવો** | મૃત્યુ પામવું |
| **દુઃખે પેટ અને કૂટે માથુ** | એક વાતનું દુઃખ બીજી વાતમાં વ્યક્ત થવું |
| **ધૂળમાં મળી જવું** | નાશ પામવું |
| **નાક કાપવું** | આબરૂને કલંક લગાડવું; બેઈજ્જત કરવું |
| **પરસેવો રેડવો** | સખત મહેનત કરવી |
| **બાજી બગડી જવી** | યોજના કે ગોઠવણ નિષ્ફળ જવી |
| **ભોઠાં પડવું** | શરમિંદા થવું |
| **રસ્તો કાઢવો** | ઉપાય શોધવો |
| **વાળ ધોળા થઈ જવા** | ઉંમર વધી જવી |
| **શ્રાવણ ભાદરવો વરસવો** | ચોધાર આંસુએ રોવું |
| **સોડ તાણવી** | નિરાંતે સૂવું, મૃત્યુ પામવું |
| **સોપાનો સર કરવાં** | સિદ્ધિઓ હાંસલ કરવી |
| **હૃદય હાથ ના રહેવું** | હિંમત કે ધીરજ ન રહેવી |

### કહેવત

મિત્રો, તમે કહેવતોથી સુપેરે પરિચિત છો. કહેવતો માત્ર યાદ રાખવાની કે નિબંધ-અર્થવિસ્તારમાં લખવાની જ બાબત નથી. એમાં આપણા પૂર્વજોના અનુભવો વણાયેલા છે. જીવનનાં, સમાજનાં સનાતન સત્યો ગૂંથાયેલાં છે. કહેવત પરથી જીવન જીવવાના પાઠ પણ શીખી શકાય. જેમકે, 'પારકી આશ, સદા નિરાશ'. શક્ય હોય ત્યાં સુધી તમારા કામ માટે અન્ય પર આધાર ન રાખો. તમારે એમને કહેવું પડે, વિનવવું પડે અને છતાં કામ ન થાય અથવા કામ પૂરતી ગુણવત્તા સાથે ન થયું હોય તેવું બને

કે 'ચેતતો નર સદા સુખી' કે 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય'... કેટલી કહેવતો ! અને તેમાં વણાયેલું અનુભવનું ડહાપણ ! તો અહીં પણ આવી કેટલીક કહેવતો છે. વાંચો, યાદ રાખો અને શીખો !

| | |
|---|---|
| **અક્કલનો ઓથમીર, મંગાવી ભાજી ને લઈ આવ્યો કોથમીર** | મૂર્ખ માણસ એકને બદલે બીજું જ કામ કરે. |
| **અણીચૂક્યો સો વરસ જીવે** | એક વખત નિષ્ફળતા કે આફતમાંથી ઉગરી જનાર સફળતાની પરંપરાનો લાભ મેળવે. |
| **અત્તરનાં છાંટણાં હોય, એના ફૂવારા ન હોય** | જે તે ચીજ જરૂર જેટલી જ વાપરવી. |
| **અપના હાથ જગન્નાથ** | પોતાનું કામ પોતાની જાતે કરવું કે જેથી તે સંતોષજનક અને સારું થાય |
| **આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ** | જાતમહેનત સર્વશ્રેષ્ઠ છે., અપના હાથ જગન્નાથ. |
| **કડવું ઓસડ મા જ પાય** | જેને પ્રેમ હોય તે જ ન ગમતી પણ ઉપયોગી અથવા સાચી વાતની શિખામણ આપે. |
| **ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે** | જે હાથવગું હોય, પોતાના કબજામાં હોય તે જ વસ્તુ કામની. |
| **ઘરડાં ગાડાં વાળે** | અનુભવી લોકોની સલાહ ખરે સમયે કામ લાગે. |
| **જાનમાં કોઈ જાણે નહિ, ને હું વરની ફૂઈ.** | પોતાનું સ્થાન નગણ્ય હોવા છતાં 'સઘળો વહીવટ પોતાના હાથમાં જ છે', તેવો આડંબર કરવો. |
| **જ્યાં પંચ ત્યાં પરમેશ્વર** | એકતામાં પ્રભુતાનો વાસ છે. |
| **જ્યાં લગી શ્વાસ ત્યાં લગી આશ** | આશા અમર છે. |
| **ઝાઝી કીડીઓ સાપને તાણે** | નાના, પણ ઘણા હોય તો મોટું કામ કરે. |
| **ધોબીનો કૂતરો, ન ઘરનો ન ઘાટનો** | બંને પક્ષને પ્રસન્ન રાખવા મથનાર બંને પક્ષનો વિશ્વાસ ગુમાવે છે. |
| **ન મામા કરતાં કહેણા (કહેવાતા) મામા સારા** | તદ્દન અભાવ કરતાં જે થોડું મળે તે પણ સારું ગણવું. |
| **નવરો બેઠો નખ્ખોદ વાળે** | કામ વગરનો માણસ મુશ્કેલી ઊભી કરે. |
| **પાડાના વાંકે પખાલીને ડામ** | એકને વાંકે બીજાને સજા. |
| **પાણી પહેલાં પાળ તો સલામત તળાવ** | ચેતતા નર સદા સુખી. |
| **બે ઘરનો પરોણો ભૂખે મરે** | અનિશ્ચિત મનોદશા મુશ્કેલી સર્જે. |
| **ભાવતું હતું ને વૈદે કીધું** | પોતાને પસંદ હોય તેનું જ કોઈક દ્વારા સૂચન કરવામાં આવે. |
| **ભેંસ આગળ ભાગવત** | અણસમજુને ઉપદેશ આપવો નકામો છે. |
| **મન હોય તો માળવે જવાય** | ઈચ્છા હોય તો બધું થાય. |
| **માગ્યા વગર સગી મા પણ ના પીરસે** | કહ્યા વગર કોઈ સમજે નહિ. |
| **હસવું અને લોટ ફાકવો, એ સાથે ન બને** | એક સાથે બે કામ ન થઈ શકે. |
| **હાજર સો હથિયાર** | જે સાધન પાસે હોય તેનાથી કામ પાર પાડવું. |
| **હાથીના પગલામાં બધાંનાં પગલાં સમાય** | મુખ્ય વાત કે વ્યક્તિમાં અન્ય બધી જ ગૌણ વાત કે વ્યક્તિનો સમાવેશ થાય. |

# 10 નથી

**મોહમ્મદ માંકડ**

**(જન્મ : તા. 13-02-1928)**

મોહમ્મદ વલીભાઈ માંકડનો જન્મ સૌરાષ્ટ્રના પાળિયાદ ગામમાં થયો હતો. તેમણે ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. 'કાયર', 'વંચિતા', 'માટીની ચાદર', 'ધુમ્મસ', 'અશ્વદોડ', 'ખેલ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'ના', 'ઝાકળનાં મોતી', 'વાતવાતમાં' તેમના જાણીતા વાર્તાસંગ્રહો છે. 'કેલીડોસ્કોપ ભાગ 1થી 4', 'સુખ એટલે', 'આપણે માણસો', 'ઉજાસ' વગેરેમાં તેમની જીવનપ્રેરક કથાઓ સંગ્રહિત છે.

માતાનો નિઃસ્વાર્થ પ્રેમ અને પુત્રની ઉપેક્ષા અને અવગણનાની આ વાર્તા છે. માનવસંબંધોમાં કેવી કેવી ગૂંચો સર્જાય છે અને બધું મળે છે, પરંતુ માતા ફરી મળતી નથી એની કરુણતાને લેખક અસરકારક રીતે વર્ણવે છે. વાર્તામાં 'બા ક્યારેય રિસાતી નથી' એ વાક્ય દરેક વખતે નવો સંદર્ભ રજૂ કરે છે. પુત્રની ભૂલોને સદા માફ કરતી માતા અંતે પૈસા-ઘર બધું કાંતિને આપી જાય છે; પરંતુ હવે એ ઘરમાં બા નથી એની ખોટ કાંતિને બાનાં મૃત્યુ પછી સમજાય છે. એ વાત્સલ્ય-સમર્પણ ને સંતાનની બેદરકારીને પ્રગટાવી આ વાર્તા માતાના મહિમાને અને સંતાનની લઘુતાને યાદગાર રીતે ઉપસાવે છે.

---

કાન્તિ શેરીનું નાકું વળ્યો. એના પગ ભારે થઈ ગયા હતા. શેરી પરિચિત હતી, છતાં અપરિચિત હતી. ઘણાં વર્ષો પછી પોતાના વતનમાં એ આવ્યો હતો. એક નજર સામા છેડા સુધી કરી લીધી. છોકરાંઓ શેરીમાં રમતાં હતાં. પગ ચાલતા હતા. માથું જાણે ભારે થવા લાગ્યું. અંદર કાંઈક વજન મુકાઈ રહ્યું હોય તેમ લાગવા માંડ્યું. થોડાં ડગલાં ચાલ્યો. એકાએક એની બાજુમાં થઈને એક પથ્થર સમ્મ્ દઈ ને પસાર થયો અને પાણીના ખાબોચિયામાં જઈને પડ્યો. એનાં કપડાં ઉપર પાણીના છાંટા ઊડ્યા.

''મારા રોયા, એમ ઘા કરાય ?''

પાછળથી એક સ્ત્રીનો અવાજ આવ્યો. કાન્તિએ પાછા ફરીને જોયું નહિ, પણ એ અવાજે જેને ઠપકો આપ્યો હતો એ નાગાપૂગા છોકરા સામે જોયું. કાન્તિ સામે એ સહેજ ભયથી જોઈ રહ્યો હતો. કોનો છોકરો હશે ? લાલજી મોચીનો હોઈ શકે અથવા તો પરસોત્તમ સુથારનો, દરજીનો–કાન્તિને થયું, શેરીમાં કોઈ નવું રહેવા આવ્યું હોય એવું પણ બને અથવા તો, લાલજી મોચીના છોકરાનો પણ આવડો છોકરો હોઈ શકે... પગનું વજન ઉપાડીને એ ચાલવા લાગ્યો.

માંડ માંડ ઘર આવ્યું. ઘર શેરીની અધવચ્ચે હતું. શેરી ઘણી લાંબી હતી. કાન્તિ નાનો હતો ત્યારે એને એમ લાગતું હતું કે શેરી ઘણી લાંબી હતી. 'ભગવાન કોલ્ડ્રિંગ હાઉસ'માંથી બરફ લઈને દોડાદોડ એ ઘેર પહોંચતો તોય બા એને ઠપકો આપતી. 'બરફનો ગાંગડો લાવ્યો છો કે ગાંગડી...?' આજે પણ શેરી એને ઘણી લાંબી લાગી.

ઘર ખોલ્યું, બૅગ નીચે મૂકીને બારણાને હાથથી ધક્કો માર્યો ત્યારે એમ લાગ્યું કે હાથ ભારે થઈ ગયો હતો. હાથનું વજન એને લાગતું હતું. હાથ, પગ, માથું, આખું શરીર ભારે ભારે થઈ ગયું હતું. સામે ઓસરીની કોરે બા ઊભી હતી. મધુરું-મધુરું હસતી હતી. કાન્તિને થયું બા શરીરમાંથી ભાર લઈ લે તો કેવું સારું ! કાન્તિ ઘેર આવતો ત્યારે બા એનાં દુખણાં લેતી. હાથમાંથી બૅગ લઈ લેતી. બે-ચાર એવા શબ્દો બોલતી કે કાન્તિનો બધો ભાર ઊતરી જતો. કાન્તિ ઓસરીની કોરે પહોંચ્યો. શરીર જાણે ગળી પડતું હતું. એક હાથમાં બૅગ હતી, બીજા હાથમાં બે થેલી હતી. બૅગ અને થેલી ઓસરીની કોરે મૂકીને કાન્તિ બાજુમાં બેસી ગયો. ઠીક વાર સુધી કાન્તિ બેસી રહ્યો.

ઘર ઉગમણાબારનું હતું. ધૂળિયું હતું. મોટું ફળિયું હતું. ડાબા હાથ તરફ ..... હતું ગારમાટીનું ચણતર, જમણા હાથ તરફની ભીંત પડી ગઈ હતી. આ ઘરમાં કાન્તિનો જન્મ થયો હતો. આ ફળિયામાં એ ભમરડો ફેરવતાં શીખ્યો હતો. ઓસરીમાંથી ગારનાં પોડાં ઉખાડીને છાનાંમાનાં ખાઈ લેતો, બા રસોડામાં હોય ત્યારે –

અત્યારે પણ બા રસોડામાં ચાલી ગઈ હોય એમ લાગ્યું. બહાર નહોતી. રસોડામાં ગઈ હશે. થોડી વાર પછી પાણી લઈને આવશે. એક ક્ષણ કાન્તિને થયું, બાને રીસ તો નહિ ચડી હોય ને ?

ના, નહિ જ ચડી હોય અને ચડી હશે તો તરત જ ઊતરી જશે. બાને ઘણી વાર રીસ ચડી જતી પણ પછી તરત જ ઊતરી જતી.

એક વાર એ પથ્થરથી નિશાન તાકતો હતો. દસ-અગિયાર વરસનો હશે . બહુ અનાડી હતો. બા વાસણ ધોતી હતી. પથ્થર એની પાસે જઈને પડ્યો. બા ખિજાઈ, ''હમણાં વાગી જાત. આખો દિવસ તોફાન સિવાય બીજું...'' પણ એ પૂરું બોલી રહે તે પહેલાં બીજો પથ્થર છૂટી ચૂક્યો હતો. બાની આંખ પાસે જઈ વાગ્યો. બાના મોંમાંથી નાનકડી ચીસ નીકળી ગઈ. આંખ ઉપર એણે હાથ દાબી દીધો. ઓટલા ઉપર પાડોશી કંચનમાસી બેઠાં હતાં. દોડીને એ બા પાસે ગયાં. આંખ પાસેથી લોહી વહોતું હતું. ''હાય, હાય આંખ ફૂટી ગઈ કે શું ?'' કંચનમાસી બોલી ગયાં ! કાન્તિને પાછળથી ખબર પડી કે બાની આંખ ફૂટી ગઈ નહોતી. પણ એ વખતે બાનો લોહીવાળો હાથ, લોહીવાળો ચહેરો, કંચનમાસીના શબ્દો, બધું જોયું ન જોયું, સાંભળ્યું ન સાંભળ્યું ને દોડીને ઘર બહાર ભાગી છૂટ્યો.

હરજીવન મિસ્ત્રીના ખાંચામાં સંતાઈને બેઠો હતો ત્યાંથી અંધારું થયું ત્યારે મોટો એને પરાણે ઘેર લઈ ગયો–મોટો એટલે એનો મોટોભાઈ, હિંમત. બાની આંખ ફૂટી ગઈ નહોતી. મોટો એને શોધીને થાકી ગયો હતો. ઠેઠ ગઢકા સુધી જઈ આવ્યો હતો. બાને એણે કહ્યું હતું, ''એની મેળે થાકીને ઘેર આવશે. તું નકામી ચિંતા શા માટે કરે છે ?'' પણ બાએ એક જ વાત પકડી રાખી હતી, ''કાન્તિને ઘેર લઈ આવ્યા પછી જ હું ખાઈશ.''

ત્યારથી કાન્તિને ખાતરી થઈ ગઈ હતી : બા ખિજાઈ જતી હતી, એને રીસ ચડી જતી હતી, પણ બહુ જલદીથી એની રીસ ઊતરી જતી હતી.

અને કંચનમાસી તે દિવસે પોટલું આપી ગયાં ને રમાની હાજરીમાં એણે એ ખોલ્યું અને એમાંથી પૈસા નીકળ્યા; ત્યારે પણ એને લાગ્યું હતું કે, બાને રીસ ચડતી નહોતી. કેવું બની ગયું હતું ! દુઃખના સબાકા જેવો એક વિચાર મગજની આરપાર નીકળી ગયો હતો–કેવું બની ગયું હતું ! કોઈ પણ માણસને રીસ ચડી જાય...પણ બાને...રીસ ચડી નહોતી. બાને રીસ ચડતી જ નહોતી અને ચડતી તો તરત જ ઊતરી જતી.

માથા ઉપર એણે હાથ ફેરવ્યો અને મોં સહેજ ફેરવ્યું. ખુલ્લા બારણામાંથી આવીને ત્રણ છોકરા ફળિયામાં ઊભા હતા અને એક છોકરી બારણા વચ્ચે આવીને અટકી ગઈ હતી. છોકરાઓ સામે એણે જોયું, બે છોકરાએ ચડ્ડી પહેરી હતી, એકે પહેરી નહોતી.

ઉઘાડા બારણા સામે કાન્તિ થોડી વાર જોઈ રહ્યો. બારણામાં ઊભેલી છોકરી એક બાજુ લપાઈ ગઈ. સારું થયું, નહિ તો હમણાં કંચનમાસી આવત ત્યારે એને આઘી ખસેડી મૂકત. અત્યાર સુધી કંચનમાસી ન આવ્યાં એ નવાઈ કહેવાય. કાન્તિ અમદાવાદથી ગમે ત્યારે ઘેર આવે, પાડોશીમાંથી સૌ પહેલાં કંચનમાસી જ આવી પહોંચતાં, ''કાં પારવતીબોન, કાન્તિ આવી ગયો ને ? તમે નકામી એની ઉપાધિ કર્યા કરો છો !'' અને કાન્તિને એ પૂછતાં, ''શરીર તો સારું છે ને, ભાઈ ? તારી બાને કાગળ ટેમસર લખતો હો તો ? બિચારાં લોહવાટ કરીને અડધાં થઈ જાય છે.''

કાન્તિએ માથા ઉપર ફરીથી હાથ ફેરવ્યો. કોણ જાણે કેમ એને લાગ્યું કે એના વાળ ધોળા થઈ ગયા હતા (અરીસામાં જોયેલ પોતાના ચહેરાની સ્મૃતિઓ ઊભરી આવી હશે), ફળિયામાં ઊભેલા છોકરાઓ એના લુખ્ખા ધોળા વાળ સામે જોઈ રહ્યા હતા. 'છોકરાઓ, શું તાકી રહ્યા છો ?' એને કહેવાનું મન થઈ ગયું. 'વાળ ધોળા થઈ જાય–હું કાંઈ જુવાન નથી, પિસ્તાળીસ વટાવી ગયો છું.'

ચડ્ડી પહેરીને ઊભા હતા એ બંને છોકરા ખોડા દરજીના હોય એમ એને લાગ્યું. અણસાર ઉપરથી અને ખાસ તો કપડાના ટુકડાઓમાંથી સીવેલી ટૂંકી ચડ્ડીઓ ઉપરથી એમ લાગતું હતું. બંનેની ઉંમરમાં ખાસ ફેર લાગતો નહોતો.

એમ તો મોટાની અને કાન્તિની ઉમરમાં પણ બહુ ફેર નહોતો અને બંને નાના હતા ત્યારે ખોડા દરજી પાસે જ ચડ્ડીઓ સિવડાવતા હતા. પછી અંદરોઅંદર બંને ઝઘડતા હતા. એકેય ચડ્ડી એકેયને થતી નહોતી. બા કહેતી, ''તમે જલદી મોટા થઈ જાવ છો એમાં દરજીનો બાપડાનો શો વાંક ?'' બા પણ ખરી હતી. નવી ચડ્ડીને અને મોટા થવાને શું લાગેવળગે ? ઘણી વાર બાને સાચું કહી દેવાનું એને મન થતું હતું : તું કાપડ પૂરું લઈ દેતી નથી ને ઉપરથી અમારો શું વાંક કાઢે છે ? પણ બાને એથી કદાચ માઠું લાગે. બા વિધવા હતી. સ્થિતિ નબળી હતી. બાને માઠું લગાડવાની હિંમત એ વખતે ચાલતી નહોતી. બાકી પછી તો...

એમ તો બા મોટાને તેડતી અને એને ચાલવાનું કહેતી ત્યારેય એને કાંઈનું કાંઈ થઈ જતું. બંને ભાઈઓ લગભગ સરખા હતા. બા ક્યારેક એને તેડતી, તો ક્યારેક મોટાને તેડતી. પણ મોટાને તેડતી એ એને ગમતું નહોતું. કંચનમાસી પણ ક્યારેક બાને કહેતાં, 'પારવતીબોન, આ નાનાને તેડો છો ઈ તો જાણે ઠીક, પણ મોટા ઢગાને શું કામ તેડો છો ?'' કાન્તિનું મન એ શબ્દો વર્ષો સુધી ઘૂંટતું રહ્યું હતું—બા મોટાને ફટવતી હતી અને એને અન્યાય કરતી હતી.

પણ એની બાએ ત્યાર પછી નવો જ રસ્તો કાઢ્યો હતો. એ બેય છોકરાઓને બે કાખમાં તેડતી. થાકી જતી, હાંફી જતી, પણ એકેયને ઓછું આવવા દેતી નહિ.

છતાં કાન્તિને તો ઓછું આવતું જ. એની બા મોટાને ખોટાં લાડ કરાવતી હતી.

ચડ્ડી પહેરેલા બેય છોકરા, આઘાપાછા થઈને ઘરબહાર જતા રહ્યા. ત્રીજો ચડ્ડી વગરનો છોકરો હજી કાન્તિ સામે જોઈને ઊભો હતો.

અલ્યા ભઈ, શું જોયા કરે છે ? વાળ ધોળા થઈ ગયા છે એ જુએ છે ? આમ જો, આ વાળ ધોળા થઈ ગયા છે એટલે જ તું અહીં ફળિયામાં ઊભો રહી શકે છે, નહિ તો મારો એક હાકોટો પડે ત્યાં શેરીનાં છોકરાં એમના ઘરમાં ભરાઈ જતાં. હા, તારાં કોઈ મોટાં ભાઈબહેન હોય તો પૂછી જોજે. ભગતની દુકાનેથી હું પાન ખાઈને આવતો હોઉ ને છોકરાંઓ શેરીમાં બાઝતાં હોય કે રમતાં હોય તો મને જોતાં જ રફ્ફુ થઈ જતાં. પણ એ દિવસો જુદા હતા. અત્યારે હવે ધોળા થઈ ગયા –

રમા કહેતી, હવે ચાળીસ થવા આવ્યાં, બેતાળીસ થવા આવ્યાં, પિસ્તાળીસ થવા આવ્યાં. (કાન્તિનાં વર્ષોનો હિસાબ એ બરાબર રાખતી હતી.) અડધી જિંદગી વીતી ગઈ, માથે ધોળા આવી ગયા, જિંદગી કાંઈ માણી નહિ. ડોશી ડાબલો રાખીને બેઠાં છે. પૈસા એમના ગળેથી છૂટતા નથી.

કાન્તિને કહેવાનું થતું કે, બા પાસે પૈસા હોય ક્યાંથી ? વિધવા બાઈ, બે છોકરા ઉછેરીને મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા, એની પાસે હોય પણ શું ? અને ધારો કે એની પાસે પૈસા હોય તો પણ એ આપણા રળેલા તો નથી જ ને ? આપણે જિંદગી માણવી હોય તો આપણે કમાવું જોઈએ...

પણ રમા સાથે દલીલ થઈ શકે તેમ નહોતું. રમા પાસે બહુ અટપટો હિસાબ હતો. પરણ્યા પછી બીજા જ વર્ષે કાન્તિ અને રમા ગામડું છોડીને અમદાવાદ ગયાં હતાં. મોટો એ વખતે બા સાથે રહેતો હતો. કાન્તિને એ વખતે મિલમાં નોકરી હતી. કાન્તિ દર મહિને બાને પૈસા મોકલતો હતો. એની એ ફરજ હતી. બે એક વરસ માંડ પૈસા મોકલ્યા હશે પછી મિલની નોકરી છૂટી ગઈ હતી અને બા સાથેથી મન પણ વછોડાઈ ગયું હતું. ગાય પાસેથી વાછડાને વાળી લે એમ ખૂબીથી રમાએ એને વાળી લીધો હતો. પણ જિંદગીનાં એ બે વરસ કાન્તિએ બાને પૈસા મોકલ્યા એનો હિસાબ રમા પાસે અટપટો હતો. એ કહેતી કે આપણે પૈસા મોકલ્યા એટલે જ ડોશી મૂડી કરી શક્યાં, નહિ તો એમની પાસે શું હતું ?

કાન્તિને પૂછવાનું મન થતું, પણ બે વરસમાં આપણે પૈસા કેટલા મોકલ્યા હશે ?

પણ રમા જુદો જ હિસાબ ગણાવતી હતી, આપણે જે પૈસા મોકલ્યા એમાં ડોશી તાણીતૂસી પૂરું કરતાં હશે અને પોતાની કમાણીનું બધું બચાવતાં હશે. એ કાંઈ ઓછાં કસબી નહોતાં. વડી, પાપડ, ગોદડાં, ગાદલાં, ભરત, ગૂંથણ, કેટકેટલું જાણતાં હતાં—કમાણી સારામાં સારી હતી, એટલે તો મોટાભાઈ એમની સાથે ગદરી ખાતા હતા ને ? બાકી મોટાભાઈ કે'દી એક પૈસોય રળ્યા છે ?

રમાનાં વેણ ધીમેધીમે એને સાચાં લાગવા માંડયાં. મોટા તરફ એને બચપણથી જ કચવાટ હતો. ધીમેધીમે એમાંથી નફરત અને ધિક્કારની લાગણી જન્મી, મોટો છે જ એવો !

અને એક દિવસ એણે બાને કહી દીધું હતું, ''મોટાને તારી સાથે રાખવો હોય તો હવેથી હું એક પૈસો તને નહિ મોકલું. હું કમાયા કરું ને એ વાપર્યા કરે એ નહિ બને.''

એ સાંભળી બાની આંખમાં ગરમી આવી ગઈ હતી, ''મોટો મારી ભેગો રહે છે કે હું એની ભેગી રહું છું ? બોલતાં જરાક વિચાર કર. મોટાની વહુ ને મોટાનાં છોકરાં મારી સેવાચાકરી કરે છે. તારે ને તારી વહુને કાંઈ કરવું નથી ને ઉપરથી મારું કામ કરે છે એને કરવાય દેવું નથી ? તું રળે છે ને બે પૈસા મોકલે છે એમાં આટલો રોફ શું મારે છે ? જા પૈસોય મોકલતો નહિ. તારો પૈસો મારે આજથી હરામ છે.'' બા રડી પડી હતી અને રસોડામાં ચાલી ગઈ હતી.

કાન્તિને થોડા દિવસ તો ચેન પડ્યું નહોતું, પણ પછી રમાએ મલમપટ્ટા કરીને બધું ઠીકઠાક કરી દીધું હતું. એ બનાવ બન્યો પછી કાન્તિનું અમદાવાદથી વતનમાં જવા-આવવાનું ઓછું થઈ ગયું હતું અને પછી તો સાવ બંધ થઈ ગયું હતું.

પછી જોકે, બા સાથે થોડોક વખત મનમેળ પણ થયો હતો અને ક્યારેક ક્યારેક એ પૈસા પણ મોકલતો હતો અને એક-બે વાર મોટા સાથે ઝઘડો પણ થયો હતો, પણ પછી વતનની દિશા લગભગ બંધ થઈ ગઈ હતી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી બા વતનમાં એકલી રહેતી હતી. મોટો રાજકોટમાં નોકરી કરતો હતો. બા એની સાથે રહેવા ગઈ હતી, પણ શહેરમાં ફાવ્યું નહિ એટલે પાછી ગામડામાં ચાલી આવી હતી.

મોટો બે-ત્રણ વાર અમદાવાદ આવીને ઝઘડી ગયો હતો : હત્ નમાલા ઘરડી માનુંય તને દાઝતું નથી ?

રમા કહેતી, મોટાભાઈને કહી દો કે, બહુ દાઝતું હોય તો માને કાવડમાં લઈને જાત્રા કરાવો ને, અહીં શું કામ બાઝવા દોડ્યા આવો છો ?

પણ કાન્તિ કોઈને કાંઈ કહી શકતો નહિ. કહેવાનું મન તો ઘણું થતું, પણ કોને કહેવું ?

બા ક્યારેક કાગળમાં લખતી કે, ભાઈ તું બે પૈસા કમાય છે તો તારે કાંઈક સમજવું જોઈએ. મોટો બચરવાળ માણસ છે... બા કંચનમાસી પાસે પત્ર લખાવતી.

રમા પત્ર વાંચીને તરત જ કહેતી, ‘તમારી બા મને વાંઝણી કહે છે. ડોશીના કહેવાનો અરથ તમે સમજ્યા ? તમારે કાંઈ છોકરુંછૈયું નથી. પૈસા કમાવ છો એ કોના માટે ? આખરે તો બધું મોટાભાઈનાં છોકરાંને જવાનું છે, એટલે અત્યારથી સમજો તો સારું... પણ હું એક પૈસોય મોટાનાં છોકરાંઓને આપવાની નથી. ભલે મારે છોકરું ન હોય, ભલે હું વાંઝણી હોઉં, દાનધરમ કરી દઈશ. નદીમાં નાખી દઈશ પણ બીજા કોઈને આપીશ નહિ. ડોશીનાં વેણ તો જુઓ ! કેવાં વેણ લખે છે !’

પણ રમા દાનધરમ કરવા ન રોકાણી ને નદીમાં પૈસા નાખી દેવાય ન રોકાણી અને પૈસા કાન્તિ પાસે હતાય ક્યાં ? પણ કેવું બની ગયું ? જાણે એક સપનું આવીને ઊડી ગયું. રમા ઊડી ગઈ-ગીધ ઊડી જાય એમ ઊડી ગઈ.

એક દિવસ કંચનમાસીનો કાગળ આવ્યો : કાન્તિને માલૂમ થાય કે પારવતીબોન બહુ માંદાં છે. પથારીમાં છે. તને ઝંખે છે. જલદી આવજે. કાગળ વાંચીને રમાએ જંગ માંડ્યો, બધું ખોટું, પૈસા પડાવવાના ધંધા. કાં તો અહીં અમદાવાદ આવવું હશે–દવા કરાવવા... પણ અહીં મારી તબિયતનું જ ઠેકાણું નથી ત્યાં એમનો ઢસરડો હું ક્યાંથી કરું ?

કાન્તિને બા પાસે જવું હતું પણ રમાને એ સાંજે પેટમાં દુખવા આવ્યું. રાત્રે ઊલટી થઈ, રમા માંદી પડી ગઈ. કાન્તિ બા પાસે જઈ ન શક્યો.

કંચનમાસીનો બીજો કાગળ આવ્યો. થોડા દિવસ પછી એક દિવસ કંચનમાસી પોતે અમદાવાદ આવ્યાં. સાથે એમના વર હતા. કાન્તિને એમણે કહ્યું, ‘‘પારવતીબોને આ પોટલું તને સોંપવાનું કીધું છે એટલે આવી છું. ઘરની જે કાંઈ થોડીઘણી ઘરવખરી હતી, વાસણકૂસણ એ મોટાને આપ્યું છે અને તને ઘર સોંપવાનું કીધું છે. આ પોટલામાં...ઘરેણુંગાંઠું, પૈસા જે હોય ઈ...અમે ઉઘાડીને જોયું નથી.’’

કાન્તિ મૂંગો રહ્યો હતો. કંચનમાસી અને એમના વર પોટલું સોંપીને આવ્યાં હતાં એમ જ જતાં રહ્યાં. કાન્તિ એમને ચાપાણીનું પણ પૂછી શક્યો નહોતો. કશું જ બોલી શક્યો નહોતો.

રમા એ વખતે માંદી હતી. ખાટલામાં હતી. એ બોલી હતી, ‘‘આવાંને કાંઈ સોંપાતું હશે ? ડોશી જેવું મૂરખ કોઈ નહિ હોય. પોટલીમાં કોઈ પૈસા ને ઘરેણાં રાખતું હશે ? એમાંથી લઈ લેતાં વાર કેટલી ?’’

કાન્તિને કહેવાનું મન થયું હતું, ‘આ કંચનમાસીને તું ઓળખતી નથી, રમા !’

પણ રમા, કાન્તિને એની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી : ઘરની બધી ઘરવખરી મોટાભાઈને સોંપી–જોયું ને ? તમારી ડોશીનું કૂડકપટ.

કાન્તિએ નીચું જોઈ પોટલું ખોલ્યું હતું. એમાં પૈસા હતા. એ બરાબર અણીના વખતે એને કામ લાગ્યા હતા. રમા માંદી હતી. સાચું ખોટું કરતાં જાણે સાચોસાચ માંદી પડી ગઈ હતી. એની દવા માટે પૈસા નહોતા. પોટલામાંથી પૈસા મળ્યા. એ બરાબર ટાણે આવી ગયા હતા.

પણ રમા બચી નહોતી. એની માંદગી વધતી ગઈ હતી. દવાખાનામાં દાખલ કરવી પડી હતી. ખૂબ પૈસા કાન્તિએ ખર્ચ્યા હતા. છતાં એ બચી નહોતી અને કાન્તિ પાસે પૈસા પણ બચ્યા નહોતા. બાએ જે આપ્યું હતું એય એણે વાપરી નાખ્યું હતું. રમા ચાલી ગઈ હતી અને એ જન્મ્યો હતો ત્યારે જેવો લાચાર અને નિર્બળ હતો, એવો જ લાચાર અને નિર્બળ આ જગતમાં રહી ગયો હતો.

અને હવે માથે ધોળા આવી ગયા હતા.

ફળિયામાં ઊભેલા છોકરા સામે અને બારણા વચ્ચેથી એક તરફ લપાઈ ગયેલી છોકરી સામે એણે ફરીથી જોયું. કંચનમાસી એ વખતે હળવેહળવે ફળિયામાં દાખલ થયાં. માંદાં હોય એમ લાગતું હતું.

‘‘આવી ગયો ભાઈ ?’’ એ હાંફતાં હાફતાં બોલ્યાં. ‘‘શરીર સારું છે ને ?’’

અને પછી રડવા લાગ્યાં.

કાન્તિ સહેજ મૂંઝાઈ ગયો. એણે માથે હાથ ફેરવ્યો.

કંચનમાસી બોલ્યાં, ‘‘મને તો હવે પગે વા આવ્યો છે. બહુ હાલીચાલી શકાતું નથી...’’

કાન્તિને એકાએક સાંભરી ગયું, અરે માસી, આપણા ઘરમાં વાનો મંત્રેલો પારો છે... અને બાને બૂમ પાડવાનું એને મન થયું, બા, કંચનમાસીને ઓલ્યો વાનો .......... આપ ને.

એણે રસોડા તરફ મોં ફેરવ્યું. એકાએક એના પગ નીચેની ધરતી જાણે ધ્રૂજી ગઈ. એની બા ક્યાં રસોડામાં હતી ? પાણી લઈને હમણાં આવશે એમ એને આછુંઆછું લાગ્યું હતું પણ એ હવે ક્યાંથી આવવાની હતી ? એની બા તો – મૃત્યુ પામી હતી.

કંચનમાસી તે દિવસે એને ત્યાં અમદાવાદ પોટલું લઈને આવ્યાં એ પહેલાં જ બા મૃત્યુ પામી હતી. કંચનમાસી પાસે બાએ કાગળ લખાવ્યો હતો. તાર કરાવ્યો હતો. પણ કાન્તિ જઈ શક્યો નહોતો...

પણ બાને ક્યારેય રીસ ચડતી નહોતી. કાન્તિ ઉપર ક્યારેય રીસ ચડતી નહોતી. પોટલું, ઘરેણાંગાંઠાં, પૈસા જે કાંઈ હતું અને આ ઘર....

આ ઘરમાં કાન્તિ જન્મ્યો હતો. ક્યારામાં છોડ પાંગરે એમ આ ઘરમાં એ મોટો થયો હતો. આ ઘરની દીવાલોમાં એનું હાસ્ય, એનું રુદન, એની રીસ, એનો આનંદ, એની બાનું હેત, એના છણકા...કાન્તિ દીવાલો સામે જોવા લાગ્યો....વાદળાં ધીમેધીમે ક્ષિતિજમાં સમાઈ જાય એમ બધું જ ધીમેધીમે ડૂબી ગયું હતું. બા નહોતી. કશું જ નહોતું, ઘર નહોતું, ખાલી ખોરડું હતું, ધોળ કર્યા વિનાની ભીંતો હતી. ગાર કર્યા વિનાની ઓસરી હતી. ફળિયું હતું, પહોળુ, મોટું, એકલું ફળિયું હતું. બા નહોતી. કોઈ નહોતું. કાન્તિ એકલો હતો. કંચનમાસી હતાં. થોડે દૂર બેઠાં હતાં. રડતા હતાં. દોડીને એમની આંગળી પકડી લેવાનું કાન્તિને મન થયું.

પણ એ ઊઠી ન શક્યો : એક ડૂસકું એને આવી ગયું. એની બા, એની જનેતા, એને જન્મ આપીને, આ દુનિયામાં એકલા છોડીને જતી રહી હતી અને માથા ઉપર એના વાળ ધોળા થઈ ગયા હતા. એ રડી પડ્યો.

**(‘સંગાથ’માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**પરિચિત** ઓળખીતું, જાણીતું; **અણસાર** ઈશારો, સંકેત; **બાપડો** બિચારો; **રસ્તો** પથ, માર્ગ; **બરફ** હિમ; **રસોડું** પાકશાળા, રસોઈઘર; **કંચન** સોનું, હેમ; **આંખ** લોચન, નયન; **ચિંતા** ઉચાટ, ફિકર; **ફળિયું** મહોલ્લો, શેરી, (અહીં)ઘરનું આંગણું; **કાન્તિ** તેજ, પ્રકાશ; **રમા** લક્ષ્મી (અહીં પાત્ર નામ)

### તળપદા શબ્દો

**કોરે** તરફ; **દુઃખણાં** ઓવારણાં; **ઉગમણું** પૂર્વ દિશા; **સબાકા** પીડા, વેદના; **બોન** બહેન; **પોડા** પડ; **ગાર** ગારો, કીચડ; **ટેમસર** ટાઈમસર; **લોહવાટ** ચિંતા

## વિરુદ્ધાર્થી શબ્દો

**પરિચિત** × અપરિચિત; **અંધારું** × અજવાળું; **અન્યાય** × ન્યાય; **નિર્બળ** × સબળ

## રૂઢિપ્રયોગ

**પગ ભારે થઈ જવા** - સંકોચ થવો; **વાળ ધોળા થઈ જવા** ઉંમર વધી જવી; **અડધા થઈ જવું** વધુ પડતી ચિંતા થવી; **રસ્તો કાઢવો** ઉપાય શોધવો; **રફફુ થઈ જવું** ભાગી જવું; **જિંદગી માણવી** મજા કરવી; **માઠું લાગવું** લાગણી દુભાવવી

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**છોકરાં છૈયાંવાળું** - બચરવાળ, વસ્તારી; **સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી** - વાંઝણી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કાન્તિ ઘેર આવતો ત્યારે બા તેનાં ............ લેતી.

(a) કપડાં (b) ભોજન (c) પૈસા (d) દુઃખણાં

(2) ''હાય-હાય આંખ ફૂટી ગઈ કે શું ?'' – આ વાક્ય કોણ બોલે છે ? કોને કહે છે ?

(a) કંચનમાસી બાને (b) કાન્તિ કંચનમાસીને (c) બા કાન્તિને (d) કાન્તિ બાને

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કાન્તિ અને રમા ક્યાં જઈને વસે છે ?

(2) લેખકના મતે રમાએ કાન્તિને બા પાસેથી કેવી રીતે વાળી લીધો હતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) કાન્તિએ નાનપણમાં રમતાં-રમતાં પથ્થર ફેંક્યો તે કોને વાગ્યો હતો ? તેનું શું પરિણામ આવ્યું ?

(2) બા નાનપણમાં મોટાને તેડતી ત્યારે કાન્તિના દિલમાં કેવો ભાવ જાગતો ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) વિધવા બા પારવતીએ કાન્તિ અને તેના મોટાભાઈને કેવી-કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉછેર્યા હતા ?

(2) પારવતીબા અને મોટાભાઈ માટે રમાના મનમાં કેવો ભાવ હતો તે પાઠને આધારે લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'અવતાર' અને 'બાગબાન' ફિલ્મ નિહાળી તેની વાર્તા વર્ગખંડમાં કહો.
- માતૃત્વની ભાવના વ્યક્ત કરતા પ્રસંગોનો સંગ્રહ કરો અને વર્ગખંડમાં વાંચી સંભળાવો.
- માતૃપ્રેમનાં કાવ્યો મેળવી વાંચો.
- 'મા તે મા' વિશે નિબંધ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''ઘર ઉગમણા બારનું હતું. ધૂળિયું હતું. મોટું ફળિયું હતું. ડાબા હાથ તરફ રસોડું હતું. ગારમાટીનું ચણતર, જમણા હાથ તરફની ભીંત પડી ગઈ હતી.''
- પાઠના આ ફકરામાં કોઈ શબ્દ કઠિન નથી, ભાષા સરળ છે. આવી સરળ ભાષામાં પણ લેખકે 'ઘર' અને 'ફળિયા'નું સુંદર ચિત્ર ઉપસાવ્યું છે. વળી, 'ઉગમણા બારનું', 'ધૂળિયું', 'મોટું', 'ગારમાટીનું' જેવા શબ્દોથી ગ્રામ પરિવેશ આબેહૂબ ચિતરાયો છે.
- ''પણ પછી વતનની દિશા લગભગ બંધ થઈ ગઈ હતી.''
- આ એક જ વાક્યમાં લેખક સંસારીઓના સામાન્ય અને સનાતન સત્યને રજૂ કરે છે. શહેરમાં નોકરી, ભાઈઓનો ઝઘડો અને પછી વતનની છૂટી જતી માયા... છતાં 'લગભગ' શબ્દથી લેખક, વતનનો દરવાજો હજી અંશતઃ ખુલ્લો છે એમ પણ સૂચવે છે.
- ''બાને રીસ ચડતી જ નહોતી અને ચડે તો તરત ઊતરી જતી.''
- આ સરળ વાક્યમાં લેખકે 'મા'ની લાક્ષણિકતા વર્ણવી દીધી છે. માને બાળક માટે ગુસ્સો કે ફરિયાદ ન હોય અને હોય તો લાંબો સમય ટકે નહિ. આ વાત લેખકે 'જ' નિપાત અને 'તરત' ક્રિયાવિશેષણથી અસરકારક રીતે રજૂ કરી છે.

## શિક્ષકની ભૂમિકા

- માતાનું મૃત્યુ થયું હોઈ માતા હવે નથી. પાઠનું શીર્ષક છે – 'નથી.' છતાં સમગ્ર પાઠમાં માતા કેન્દ્રસ્થાને છે. માના અવસાન પછી પૂર્વજીવનના સંસ્મરણોમાં મગ્ન બનેલો કાન્તિ પોતાના માતા તરફના દુર્લક્ષને અપરાધભાવે જુએ છે. પરોક્ષ રીતે પસ્તાવો પણ કરે છે. તેની પત્ની રમાએ ગાય પાસેથી વાછરડાને વાળી લે તેમ કાન્તિને તેની બા પાસેથી પોતાના તરફ વાળી લીધો હતો તે બાબત વિદ્યાર્થીઓને સમજાવવી. તમે તમારી માતા સાથે કેવું વર્તન કરશો તેની ચર્ચા કરવી.
- પાઠમાં ભણનાર દરેક વિદ્યાર્થીને 'હું કાન્તિ જેવું વર્તન નહિ કરું' અને દરેક વિદ્યાર્થિનીને 'હું રમા જેવું વર્તન નહિ કરું' એવો જીવનબોધ શિક્ષકે આપવો.
- 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ' જેવા સંદર્ભો આપી વિદ્યાર્થીઓમાં કૃતજ્ઞતાની ભાવના દઢ કરવી.
- પુત્રવધૂ સાસુના ભાવને સમજી દીકરીનો દરજ્જો મેળવે અને સાસુ વહુમાં દીકરીનાં દર્શન કરતી થઈ જાય તો સમાજની મોટા ભાગની સમસ્યાનું સમાધાન થઈ જાય.

•

# 11 દીવાનખાનામાં

**પન્ના નાયક**

**(જન્મ : તા. 28-12-1933)**

પન્ના ધીરજલાલ નાયકનું વતન સુરત છે, હાલ તેઓ અમેરિકામાં વસે છે. 'પ્રવેશ', 'ફિલાડેલ્ફિયા', 'નિસબત', 'અરસ પરસ', 'ચેરીબ્લોસમ્સ અને ફ્લેમિંગો' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'રંગઝરૂખે' એ તેમનો અગિયાર દીર્ઘકાવ્યોનો સંગ્રહ છે. 'વિદેશિની' ગ્રંથમાં તેમની તમામ કવિતા સંગ્રહિત થઈ છે. નારી સંવેદનાની અભિવ્યક્તિ એ તેમની ખાસ ઓળખ છે.

અમેરિકામાં વસતાં કવયિત્રી આધુનિક માણસની એકલતા અને નારીનું સંવેદન અસરકારક રીતે આલેખે છે. આજે સંબંધો વચ્ચેનું અંતર વધતું જાય છે. ઘરના દીવાનખાનામાં પડદા, લૅમ્પ, ગાલીચા, સોફા વગેરે તો સરસ રીતે ગોઠવી દીધા, એથી દીવાનખાનું સુશોભિત થયું, પણ પછી નાયિકા જાતને પૂછે છે કે, 'આ બધામાં મારું સ્થાન ક્યાં ? હું મને ક્યાં ગોઠવું ?' તે પોતાનું કેન્દ્ર શોધી શકતી નથી. માણસ સંબંધની જગ્યા સાધનોથી ભરી તો શકે, પણ પછી એકલતા પણ અનુભવે તેની વેદના કાવ્યમાં સરસ રીતે વ્યક્ત થઈ છે.

---

દીવાનખાનાને
વ્યવસ્થિત કરું છું
ઘડી અહીં, ઘડી તહીં
વિવિધ ફેરફારથી –
વસ્તુનું મન પૂછી પૂછી
ગોઠવણી કરું છું.
સોફા અને લૅમ્પને નવું સ્થાન આપ્યું
બારીના પડદા બદલી કાઢ્યા
જૂના ગાલીચાની જગ્યાએ
Wall to wall કારપેટ નખાવી દીધી.
સુશોભને પ્રસન્ન થાય છે દીવાનખાનું
સઘળું બરાબર થાય છે ત્યારે જ
છટકે છે મારું મન –
આ બધાંમાં મને ક્યાં ગોઠવું ?
કેન્દ્ર શોધું છું.
જ્યાં હું સરખું બેસી શકું....
–પણ બારી કનેથી રસ્તો નિહાળતી
હું ઊભી જ રહું છું.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ગાલીચો** જાજમ **Wall to wall કાર્પેટ**(અહીં) દીવાલથી દીવાલ સુધી શેત્રંજી; **કેન્દ્ર** મધ્યબિંદુ **રસ્તો** માર્ગ, પથ; **મન** અંતઃકરણ, અંતર

### તળપદા શબ્દો

**કનેથી** - પાસેથી; **નિહાળવું** - જોવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**પ્રસન્ન** × અપ્રસન્ન; **જૂનું** × નવું; **વ્યવસ્થિત** × અવ્યવસ્થિત

### રૂઢિપ્રયોગ

**છટકી જવું** - નાસી જવું (અહીં) વિચારે ચડવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**મુલાકાત માટેનો બેઠકનો ઓરડો** - દીવાનખાનું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) સુશોભનથી કોણ પ્રસન્ન થાય છે ?

(a) કાવ્યનાયિકા (b) દીવાનખાનું (c) મન (d) બારી

(2) કાવ્યનાયિકા કઈ જગ્યાએ વસ્તુઓ વ્યવસ્થિત કરી રહ્યાં છે ?

(a) રસોડામાં (b) ઓસરીમાં (c) દીવાનખાનામાં (d) ફળિયામાં

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) નાયિકા દીવાનખાનામાં વસ્તુઓ કેવી રીતે ગોઠવે છે ?

(2) કાવ્યમાં કયા અંગ્રેજી શબ્દોનો સમાવેશ થયો છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) નાયિકા દીવાનખાનાની કઈ-કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે ?

(2) કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે ?

**4. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.**

(1) કાવ્યમાં 'વસ્તુઓ ગોઠવાઈ શકે છે, મન ગોઠવાતું નથી', તેની વેદનાને સમજાવો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- કાવ્યના આધારે – દીવાનખાનામાં ઊભા રહી બારીમાંથી દૂર દૂર રસ્તો નિહાળતી સ્ત્રીનું ચિત્ર દોરો.
- વર્ગની વસ્તુઓ, ચિત્રો વગેરેની નવેસરથી ગોઠવણ કરી શો ફેરફાર થયો તે મૂલવો.

### ભાષા-અભિવ્યક્તિ

આ કાવ્યમાં 'ફેરફારથી', 'મારું મન' અને 'બેસી શકું' આ શબ્દો પછી ગુરુરેખા વપરાઈ છે, જે આ શબ્દોનો સંદર્ભ રજૂ

કરે છે અને મુદ્દાને સ્પષ્ટ કરે છે. ગુરુરેખાનો આ ઉપયોગ હવે બિલકુલ સ્પષ્ટ થયો હશે.

આ અછાંદસ કાવ્યમાં કવયિત્રીએ Wall to wall જેવા અંગ્રેજી શબ્દો સહજ રીતે ગૂંથી લીધા છે તો 'મને ક્યાં ગોઠવું ?'થી પ્રશ્ન અને 'જ્યાં હું સરખી બેસી શકું...' જેવા અપૂર્ણ વાક્યથી વિચારવાનો અવકાશ અને 'હું ઊભી જ રહું છું'ના પરિણામથી કાવ્ય પૂર્ણ કર્યું છે.

## શિક્ષક-ભૂમિકા

- મનોવૃત્તિ, નિર્ણય-અનિર્ણય વચ્ચે ઝોલાં ખાવાં – વર્ણનની આ વિવિધતા કાવ્યને હૃદયસ્પર્શી બનાવે છે તેનું દર્શન કરો. કાવ્યમાં પંક્તિઓના ટુકડા કરીને એક એક વિધાન દ્વારા એક ચિત્ર દોરીને એને અધૂરું રાખીને નાયિકાના ચિત્તને પ્રગટાવવામાં વર્ણન કેવું અસરકારક બની શકે તે સમજો. 'વસ્તુનું મન પૂછી પૂછી ગોઠવણી કરું છું' વસ્તુને પણ પસંદગી મળે છે – મને મળતી નથી તે વેદના પ્રગટ કરવી.
- 'મારો અસબાબ મારો રાગ' સરોજ પાઠકની નવલિકા મેળવીને તેનું વર્ણન રજૂ કરો.

•

# 12 ઝબક જ્યોત

**કૃષ્ણલાલ શ્રીધરાણી**

**(જન્મ : તા. 16-09-1911; અવસાન : તા. 23-07-1960)**

કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામે થયો હતો. તેમણે દક્ષિણામૂર્તિ, ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતન જેવી રાષ્ટ્રીય સંસ્થાઓમાં કેળવણી લીધી હતી. 'કોડિયાં' અને 'પુનરપિ' તેમના કાવ્યસંગ્રહો છે. 'વડલો', 'મોરનાં ઇંડા', 'પિયોગોરી' તેમનાં જાણીતા નાટકો છે. તેમણે કેટલાંક બાળનાટકો પણ આપ્યાં છે. 'ઇન્સાન મિટા દૂંગા' સંગ્રહમાં તેમની આઠ વાર્તાઓ છે. પત્રકારત્વ ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ કાળની ઘટના વર્ણવતું આ એકાંકી છે. એ કાળે અનેક કુટુંબોમાં પુત્ર-પિતા કે કુટુંબીઓ વચ્ચે આવો સંઘર્ષ થયો હતો. યુવાનો પોતાની આહુતિ આપીને પરિવારને સાચી વાત સમજાવે છે તેનું આ એકાંકીમાં ઉત્તમ રીતે આલેખન થયું છે.

પિતા અમલ દેરાસરી અંગ્રેજ સરકારના અધિકારી છે અને અંગ્રેજોનો ખિતાબ મેળવીને રાજી છે. પરંતુ તેમનો પુત્ર દીપક સ્વાતંત્ર્યના રંગે રંગાયેલો છે. અગાશી પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડી જાય છે અને ઘાયલ થાય છે. સારવાર કારગત નીવડતી નથી; પરંતુ મૃત્યુ સુધી તેનાં ખુમારી અને દેશપ્રેમ અખંડ રહે છે. પુત્રના મૃત્યુથી દેરાસરીની આંખ ખુલે છે અને તેમનો દેશપ્રેમ જાગ્રત થાય છે. જાણે તેમનો નવો જન્મ થાય છે. દીપક મૃત્યુ પામીને પણ દેશપ્રેમની જ્યોત પિતામાં જગાવતો જાય છે. પિતા-પુત્રના સંઘર્ષ અને દેશપ્રેમને ઉજાગર કરતું આ હૃદયસ્પર્શી એકાંકી છે.

---

(17મી મે, 1930. અંધારી રાતના આઠ. ગામદેવીના રસ્તા ઉપર આવેલા સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળનું દીવાનખાનું.

કાચનાં ઝુમ્મરો વચ્ચે વીજળીના દીવાઓ બળે છે. ઉત્તર અને દક્ષિણની દીવાલોમાં બાજુના ઓરડાઓમાં જવાનાં સામસામાં બારણાં પડે છે. પૂર્વ તરફ અગાશીમાં જવાની ચાલ છે અને પછી બાગમાં ઊતરવાની સીડી છે. પશ્ચિમનો ઝરૂખો રસ્તા પર પડે છે.

ઓરડાની લાદી ઉપર કાશ્મીરી ગાલીચો છે. ખૂણાઓની ઘોડીઓ ઉપર ગ્રીક પૂતળાં ગોઠવ્યાં છે. ભીંતને અઢેલીને લાલ મખમલના સોફા મૂક્યા છે. વચ્ચે એક મોટું ટેબલ છે અને એની ઉપર પિત્તળના ફૂલદાનમાં ગલગોટા અને જાસૂદનાં સહેજ કરમાયેલાં ફૂલો ગોઠવ્યાં છે. બગીચામાંથી આવતો પવન ધૂપસળીઓની સૌરભ લઈને પશ્ચિમના ઝરૂખામાંથી મંદ ગતિએ પસાર થઈ જાય છે.

દીવાલો ઉપર ગવર્નરો અને વાઇસરૉયોની છબીઓ છે. પશ્ચિમની દીવાલમાં ઊંચે મહારાણી વિક્ટોરિયાનો ઝભ્ભો ઉપાડીને ચાલતા રાજાઓનું મોટું તૈલચિત્ર છે. એનાથી ઘણે નીચે સોનાની ફ્રેઇમમાં મઢેલો નાઇટહૂડનો ઇલકાબખત વીજળીના પ્રકાશમાં ચળકે છે.

પશ્ચિમના ઝરૂખા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાવથી ધગધગે છે. એના માથા ઉપર અડધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. વચલા ઉઘાડા ભાગમાંથી અને કાનની આસપાસથી એના લાંબા સોનેરી વાળની લટો ડોકિયાં કરે છે. દીપકની માતા મેના દીપકના ઓશીકા પાસે દીપકનાં બિડાયેલાં પોપચાં સામે તાકતી નીચી દષ્ટિએ અને મ્લાન વદને બેઠી છે. દીપકની નવ વર્ષની બહેન ઊર્મિ ઓશીકાની બીજી બાજુએ લપાઈને ઊભી છે અને ભાઈના મોઢા તરફ એકીટશે જોઈ રહી છે. આસપાસ ખુરશીઓ ઉપર દીપકના પિતા અમલ દેરાસરી, ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાય અને અન્ય લોકો વ્યાકુળ ચિત્તે બેઠા છે.

(થોડી વારે હસ્તઘડી સામે જોઈ ડૉક્ટર ઊભા થાય છે અને દીપકના ઓશીકા તરફ જાય છે)

**ડૉક્ટર** : મેનાબહેન, થરમૉમિટર લઈ લો તો !

(મેના દીપકની બગલમાંથી થર્મોમિટર લઈ ડૉક્ટરને આપે છે અને પછી ફિક્કે ચહેરે ડૉક્ટર સામે જોઈ રહે છે.

સૌની આંખો ડૉક્ટર સામે મંડાઈ છે.)

તાવ તો વધતો જ જાય છે.

(ડૉક્ટરના મોં ઉપર ઉચાટ દેખાય છે.)

**સર અમલ :** (સૂકા અવાજે) કેટલો ?

**ડૉક્ટર :** ચાર

**સૌ :** (ચમકી) ચાર !

**ડૉક્ટર :** હા ! બરફ મૂકવાની જરૂર છે. પણ માથાનો ઘા બહુ ઊંડો છે એટલે મુકાય પણ કેમ ?

(સર અમલ નિસાસો મૂકે છે. ડૉક્ટર નીચા નમી દીપકનો હાથ પોતાના હાથમાં લે છે.)

દીપક, હવે તને કેમ લાગે છે ? માથું દુઃખે છે ?

**મેના :** (દીપકના કાન સુધી નમી) બેટા, ડૉક્ટરકાકા પૂછે છે કે હવે તને કેમ છે ? માથું દુઃખતું મટી ગયું ?

**દીપક :** (ધીરે ધીરે આંખો ખોલે છે.) બા, માથું તો ખૂબ દુખે છે, પણ મને ઠીક છે. (ફરી આંખો મીચી દે છે. ક્ષણવારે ફરી ઉઘાડી) બા, ઊર્મિને બોલાવ ને.

**મેના :** ઊર્મિ તો અહીં જ છે, બેટા ! તારી પડખે જ ઊભી છે. (ઊર્મિનો હાથ પકડી પોતાની તરફ ભાવથી ખેંચી ખોળામાં બેસાડી માથું પંપાળવા લાગે છે.) તું પડી ગયો ત્યારથી એણે આંસુ સૂકવ્યાં જ નથી. (ઊર્મિ ફરી રડવા લાગે છે અને મેનાની છાતીમાં મોઢું ઢાંકી દે છે.)

**દીપક :** ઊર્મિ, રોવાનું નહિ, હો ! રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાશીએ ચડ્યો, બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો અને પડી ગયો એમાં તારો વાંક નથી.

**સર અમલ :** રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક.

**નંદરાય :** રાષ્ટ્રધ્વજે તો મોકાણ માંડી છે. હજારોનાં માથાં ફૂટ્યાં તોય લોકોનો ચડસ ખૂટતો નથી. નેતાઓ તો બધા જેલમાં બેસી બગાસાં ખાય છે અને આવા હૈયાફૂટાઓ હોમાય છે.

**દીપક :** એવું ન બોલો, નંદકાકા. તમે બોલો છો ત્યારે મને એમ થાય છે કે જાણે મારા માથાનો પાટો છૂટી ગયો અને સવારની જેમ દડદડ લોહી દડવા માંડ્યું. (સહેજ ફરી) પણ બા, હું પડી ગયો ત્યારે રડ્યો નો'તો, નહિ ? મારાથી રડાય જ કેમ ? હું તો રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડ્યો.

**સર અમલ :** દીપક, હવે રાષ્ટ્રધ્વજની વાત છોડે છે કે નહિ ? તેં પાપ કર્યું અને પ્રભુએ તને તેની સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી ?

**દીપક :** રાષ્ટ્રધ્વજને હું કેમ ભૂલું, બાપુ ? આંખો બંધ કરું છું, ત્યારે જાણે આખું આકાશ સફેદ, લીલા અને કેસરી પટ્ટામાં વહેંચાઈ જાય છે અને અંદર તારલાઓનો રેંટિયો પુરાય છે. આંખો ઉઘાડું છું તોય દીવાલે દીવાલે એ જ ત્રણ રંગો !

**સર અમલ :** (કડકાઈથી) દીપક....

**ડૉક્ટર :** સાહેબ, આપ અત્યારે સંભાળી જાઓ. આપ ધારો છો તેથી કેસ વધારે ગંભીર છે. આપની વાતોથી દીપક વધારે ઉશ્કેરાશે. અત્યારે તો પ્રભુ ઉપર....

**મેના :** (આંખોનાં આંસુ લૂછતી) બેટા, બે ઘડી સૂઈ જા ને !

**દીપક :** બા, મારા શિક્ષક કહેતા હતા કે કોરિયામાં મારા જેવાં હજારો બાળકોએ વાવટા માટે પ્રાણ આપ્યા હતા. એમના પિતાઓ એમને યાદ કરી ગૌરવ લેતા; તોયે બાપુ કેમ મારી ઉપર ચીડાય છે ?

**મેના :** (પાટા ઉપર હળવો હાથ ફેરવતી) બેટા, સૂઈ જા ને !

**દીપક** : (વાચાળ થતો જાય છે. આંખ વધારે ગહન બનતી જાય છે.) ઊર્મિ, બપોરે બા જરા સૂઈ ગઈ ત્યારે તું આવીને મને કહી ગઈ ને કે બાપુએ આપણા રામાના સુંદરને મારીને પૂરી દીધો છે ? એને છોડ્યો કે નહિ ? (ઊર્મિનો હાથ પકડે છે) કેમ બોલતી નથી !

**ઊર્મિ** : (ધીમે સાદે, બીકથી) બાપુએ હજી એને છોડ્યો નથી. વળી બાપુ તો કહેતા હતા કે હવે રામાને અહીંથી રજા આપવી પડશે. એ સાંભળ્યું છે ત્યારથી સુંદરની મા અને રામો રડ્યા જ કરે છે.

**દીપક** : (અસ્વસ્થ થઈ આંખો મીંચી દે છે. એનાં બીડેલાં પોપચામાંથી આંસુ દડે છે.) બાપુ, એવું શા માટે કરો છો ? મને એ નથી ગમતું. એમાં સુંદરનો વાંક હતો જ નહિ. એ તો વાવટો લેવા નો'તો જતો. મેં એની સાથે અબોલા લેવાની વાત કરી એટલે ડરતો ડરતો ગયો. ત્યાર પછી પણ એણે તો કેટલીય વાર મને ના પાડી. એમાં એનો વાંક નથી. બાપુ, એને છોડી દો. રામાને રાખી લો ! નહિ તો હુંય...હુંય... (હીબકાં ભરી રડવા લાગે છે.)

**સર અમલ** : (ગળગળા થઈ દીપકના ઓશીકા પાસે જાય છે અને માથે હાથ મૂકે છે.)

બેટા, તું કહીશ એમ કરીશ, પણ હમણાં તું સૂઈ જા, દીપક.

**દીપક** : બાપુ, તમે મારી પાસે જ બેસો ને ! અને તુંય ઊર્મિ ! અને બા, તને ઊંઘ આવે તોય ઊઠીશ નહિ, હો ! આજે તમે સૌ મારી પાસે જ રહેજો. પાસે જ, હો !

**મેના** : અમે સૌ અહીં જ છીએ, બેટા, તું નિરાંતે સૂઈ જા.

**દીપક** : બા, મને ઊંઘ આવતી નથી. જરાક મટકું મારું છું ત્યાં સ્વપ્નું આવે છે કે બાપુ વાવટો ઉતારી લેવા આવ્યા અને ઝબકીને જાગું છું પછી બાપુને અહીં જ ભાળી શાંત થાઉં છું. ઊર્મિ, જા તો જોઈ આવ ને, વાવટો બરાબર છે કે નહિ ?

**સર અમલ** : બેટા, એ બરાબર છે. તું હવે છાનો રહે. જિંદગીભર સેવેલી મારી વિચારસરણીઓ જાણે કડડભૂસ કરીને તૂટી પડે છે. હવે બંધ કર, બેટા, બધું બરાબર છે.

**દીપક** : શું બોલી ગયા, બાપુ ? તૂટી પડે છે ? આપણો બંગલો તૂટી પડે છે ? એનું કારણ કહું ? જુઓ, તમે આપણા બંગલા ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતા નથી ને તેથી. જો તમે ધજા ચડાવો ને તો એ અડગ ઊભો રહે !

**મેના** : હવે સૂઈ જા, બેટા, તારું માથું ચડશે !

(દીપક આંખો મીંચી જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે. થોડી વારે દીપક આંખો ઉઘાડે છે.)

**દીપક** : ઊર્મિ, જો નવ વાગ્યે, બરાબર નવને ટકોરે હું અહીંથી ફરવા જવાનો છું. તું મારી સાથે આવવાની હો તો તૈયાર થઈ રહેજે. સુંદરને પણ તૈયાર થઈ રહેવા કહેજે, હો !

(ફરી આંખો મીંચી જાય છે. ડૉક્ટર 'હરિ ! હરિ!' કરતા અસ્વસ્થ થઈ ઓરડામાં આમથી તેમ ટહેલવા લાગે છે. સર અમલ અસહ્ય થવાથી બારીમાં જઈ આંખો લૂછે છે. મેનાની આંખોમાં શ્રાવણ ને ભાદરવો છે. દીપક થોડી વારે ફરી આંખો ઉઘાડે છે.)

બા, તુંય આવીશ ને ? બાપુનું કામ નથી. આપણે જંગલમાં જઈને વાવટો ખોડીશું. ત્યાં કોઈ આવશે તો તકરાર કરશું, હો !

(ફરી આંખો મીંચી જાય છે. એનો શ્વાસ ચડતો જાય છે.)

**નંદરાય** : સાહેબ, હું જઈશ, કાંઈ કામ પડે તો ટેલિફોન કરજો. આપને ત્યાં વાવટો ચડયો તેની કોઈને જાણ પણ નહિ થવા દઉં, એટલે બેફિકર રહેજો. બાકી તો મને આવાં કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર...

**સર અમલ** : (એકદમ ફરીને) ઠીક, ઠીક, નંદરાય, પધારજો. તમારો ખૂબ ઉપકાર થયો.

(નંદરાય જાય છે. થોડી વાર કોઈ જ બોલતું નથી. ઊર્મિ બાઘાની માફક ઘડીક બહાર જોતા સર અમલ

તરફ, તો ઘડીક મેના તરફ જોયા કરે છે. રસ્તા ઉપર દૂરથી સરઘસનાં પગલાંના અવાજ સાથે ધીરે ધીરે સ્પષ્ટ થતા ગીતનો ધ્વનિ આવે છે.)

ત્રીશ કોટિ શીશ પ્રણમે તને,
ભારતની ઓ ધર્મ-ધજા !
નવલખ તારા આશિષ જપે,
ભારતની ઓ કર્મ-ધજા

**દીપક** : (ઝબકીને જાગે છે.) બા, સાયંફેરી નીકળી લાગે છે. મને બારીએ લઈ જાઓ ! અરે જલદી કરો, મારે સૌને જોવા છે !

**મેના** : બેટા, તને કષ્ટ પડશે. અહીં જ સૂઈ રહે ને ! આવતીકાલે જોજે, એઓ તો આવતીકાલેય નીકળશે !

**દીપક** : બા, તું આજે મને કશાયની ના નહિ કહેતી ! આજે નહિ ! હું તને કેમ સમજાવું ? મને બારીએ લઈ જા !

**ડૉક્ટર** : એ જે કહે તેમ કરો ! એને ઉશ્કેરો નહિ !

(સૌ ખાટલાને ઉપાડી ઝરૂખામાં લઈ જાય છે. મેનાની છાતીમાં ટેકવાઈ-ગોઠવાઈ દીપક બેઠો થાય છે. નીચેથી આવતા મશાલોના પ્રકાશમાં ગીતથી ઉત્તેજિત થયેલું એનું મોઢું ચળકી રહે છે. આગળ વાનર અને માંજર સેનાની મેળ વિનાની પગલીઓ પડે છે. પાછળનાં નરનારીઓ બુલંદ અવાજે ગાતાં હોય છે.)

વ્યોમ તણી ફરકત પતાકા,
હિમડુંગરના દંડ.
સંસ્કૃતિના જગ ચોક મહીં
ધ્વજ ફરકતો પડછંદ.

**દીપક** : (મેનાની આંખોમાં જોવા દૃષ્ટિ ઊંચી કરી) બા, કેવું સરસ ગીત છે ! તને નથી આવડતું ? ગા ને, આવડતું હોય તો !

(ઊછળીને એક ચૂમી ચોડે છે. નીચેથી આવતા લોકોના અવાજ સાથે મેના પણ જોડાય છે.)

જે ઝંડાને ગાંધીજીએ
સ્ફટિક હૃદયથી ધવલ કીધો,
જે ઝંડાને ભગત, જતીને
રુધિર રંગ રંગી દીધો !
લીલા શાંતિ તણા નેજા !
ભારતની ઓ ધર્મ-ધજા !

(નીચેથી વાનરસેનામાં 'દીપકની જય !' ગર્જી ઊઠે છે અને સૌ પસાર થઈ જાય છે.)

**દીપક** : બા, એ કોની જય પુકારતા ગયા ?

**મેના** : દીપકની.

**દીપક** : દીપક કોણ ?

**મેના** : તું, બેટા ! તેં આજે ધજા ચડાવતાં માથું વધેર્યું એટલે સૌએ તારો જયજયકાર કીધો !

**દીપક** : તે બા, ધજા ચડાવે તેની જય બોલાવે એમ ? તો તુંય ચડાવ ને ? હું, ઊર્મિ અને સુંદર ત્રણેય તારી જય બોલાવશું.

(મેના દીપકને એક ચૂમી લે છે. દીપક ઘડીવાર આકાશમાં જોઈ રહે છે.)

બા, જો તો, તારાઓ આંખો પટપટાવે છે. મારે આજે નવ વાગે ફરવા જવાનું છે એની મને તેઓ યાદ આપે છે ! તુંય આવીશ ને ?

**મેના** : હા, બેટા

(ફરી થોડી વાર દીપક આકાશની આંખોમાં આંખો પરોવે છે.)

**દીપક** : બા, આકાશમાં તારા ઊગે અને ઓરડામાં કેમ નહિ ઊગતા હોય ? બા, બંગલા ઉપર વાવટો ચડાવીએ તો ઓરડામાંય તારા ઊગે, હો !

(મેનાની આંખોમાંથી બે આંસુ સરી દીપકના જુલફાંમાં અટવાઈ જાય છે.)

બા, મને ઊંઘ આવે છે. હું સૂઈ જાઉં, પણ તું ઊંઘ આવે તોયે ઊઠતી નહિ. બરાબર નવને ટકોરે મને ઉઠાડજે, હો ! અને તમે-તું, ઊર્મિ અને સુંદર તૈયાર રહેજો.

(મેના દીપકને સુવાડી દે છે. સર અમલ પાસે આવી એનું માથું પંપાળવા લાગે છે. એમની આંખમાં આંસુ સમાતાં નથી. દીપક ફરી જાગે છે.)

બા, બપોરે ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારું મોઢું સરસ લાગે છે. અરીસો લાવ ને, જોઉં તો ખરો !

(સર અમલ અરીસો લાવી દીપકના મોઢા સામે ધરે છે. દીપક અરીસામાં જોઈ રહે છે. એની આંખો ચમકવા લાગે છે.)

બા, પાટોય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે ! મારા લોહીનો લાલ રંગ, કાપડનો સફેદ રંગ અને લીલા રંગને બદલે મારા વાળ ! અને રેંટિયો તો કેટલીય વાર કહ્યું તોયે બાપુ ક્યાં લાવી દે છે ! (રોષ કરતો) જાઓ, લઈ જાઓ તમારો અરીસો ! અમારે તમારા અરીસામાં નથી જોવું !

(સર અમલ અરીસો લઈ જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. દીપક ફરી આંખો ઉઘાડે છે.)

બા, હું ફરવા જાઉં પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશ ને કે દીપક ફરવા ગયો છે ? પણ એવું લખજે કે દીપક જ્યાં હશે ત્યાં વાવટો ફરકતો રાખશે !

**મેના** : (એક બચી ભરી) હા, બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

**દીપક** : હા, હવે સૂઈ જાઉં. બરાબર નવને ટકોરે હો !

(દીપક આંખો મીંચી જાય છે. સૂનકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઊપડતી જાય છે.)

**સર અમલ** : (પાસે જઈ) ઊંઘી ગયો લાગે છે !

**મેના** : હા..... પણ.....

(આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે.)

**ડૉક્ટર** : મેનાબહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. જેણે એને સરજાવ્યો છે એ જ એનું સંરક્ષણ કરશે.

**મેના** : ડૉક્ટર, તમારે દીકરો છે ?

**ડૉક્ટર** : ના, મેનાબહેન

**મેના** : તો બસ કરો.

(ડૉક્ટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.)

આ બધા તમારા પ્રતાપ !

**સર અમલ** : મેના, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત...

**મેના** : (આંસુ લૂછતી) મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

**સર અમલ :** સંભવ છે. મેના.

**મેના :** (રડી પડતી) વાહ રે પિતા ! શી તટસ્થતા !

**સર અમલ :** (મનની લાગણીઓ દબાવી) હું પુરુષ છું, મેના.

**મેના :** અને હું માતા છું, અમલ ! દીપક વિના મને...

(ઘડીયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.)

**દીપક :** બા, નવના ટકોરા થયા નહિ ? ચાલો, ચાલો, ત્યારે હું ફરવા ઊપડું. પછી બા, મેં વિચાર ફેરવી નાખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું ! એ રસ્તે એકલા જ સારું ! બાપુ, ઊર્મિ, જાઉં છું, હો ! અને બા, મોડી રાત સુધી પાછો ન ફરું તોયે મારી રાહ નહિ જોતી, હોં !

(થોડી વારે) અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

(દીપક આંખો મીંચી દે છે.)

**મેના :** (બેબાકળી) બેટા, બેટા !...

(એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર ઉપર એ ઢગલો થઈ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.)

**ડૉક્ટર :** (પાસે જઈ નાડી તપાસી) દીપક હોલવાઈ ગયો !

**સર અમલ :** અને આખું જગ અંધારું ! અંધારું ! ઓહ ! ઓહ  નથી ખમાતું !

(બે હાથમાં જોરથી માથું દાબી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાનું કલ્પાંત આખા ઓરડાને ધ્રુજાવી મૂકે છે. પવનની લહેરથી દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.)

**સર અમલ :** (ટેલિફોન પાસે જાય છે) યસ, વન, ફોર, નોટ, સેવન.

(થોડી પળે)

હાં ! કૉંગ્રેસ હાઉસ ? હાં ! કોણ છો તમે ?

(સાંભળે છે, પછી) સ્વયંસેવક ?

હા, જરી શિશિરકુમારને બોલાવો તો ?

(સાંભળીને)

સંગ્રામસમિતિની મિટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ ? અરે, ન કેમ આવે ? કહો કે સર અમલ દેરાસરી અગત્યના કામસર બે મિનિટ બોલાવે છે. વારુ.

(ટેલિફોન નીચે મૂકી ટહેલવા લાગે છે. ખિતાબખત પાસે જઈ એક મુક્કાથી એના ચૂરા કરી નાખે છે. હાથમાંથી લોહી વહેવા લાગે છે. ભૂત ભરાયું હોય તેમ દીપકના પલંગ પાસે જઈ એ લોહિયાળ હાથે દીપકના પગને અડકે છે. પછી બે પગ ઉપર માથું મૂકી ડૂસકાં ભરવા લાગે છે.)

બેટા, તેં તારા બાપુને આજે નવો જન્મ આપ્યો !

(ફરી ટેલિફોન પાસે જઈ, એક હાથ રૂમાલથી આંસુ લૂછતાં બીજે હાથે ટેલિફોન ઉઠાવે છે.)

હાં ! આપ કોણ ?

(સાંભળીને)

શિશિરકુમાર ?

વારુ, શહેરમાં જાહેર કરો કે આવતી કાલથી વડાલા રેઈડ સર અમલ દેરાસરી લીડ કરશે, સમજ્યા ?...

ઉપકાર !

(ટેલિફોન જોરથી પછાડી દોડતા બીજા રૂમમાં ચાલ્યા જાય છે.)

**('પિયો ગોરી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**મ્લાન** ફીકું પડી ગયેલ, ઉદાસ; **હસ્તઘડી** કાંડા ઘડિયાળ; **રુધિર** રક્ત, લોહી; **વદન** ચહેરો, મોઢું; **ગહન** ઊંડું, ગાઢ; **વ્યોમ** આકાશ, આભ; **બીડેલું** બંધ; **કષ્ટ** દુઃખ, પીડા; **પડછંદ** પ્રચંડ શરીરનું, મહાકાય; **ધવલ** ધોળા રંગનું, શ્વેત; **કલ્પાંત** અતિશય રડવું, રુદન; **ખિતાબખત** માનદ્પદવી; **તટસ્થતા** નિષ્પક્ષતા, તટસ્થપણું; **ભગતસિંહ, જતીન** શહીદ ભગતસિંહ અને જતીનદાસ બે ક્રાંતિકારીઓ; **ઈન્કલાબ** આઝાદી, સ્વતંત્રતા; **નેજા** વાવટો (અહીં) આગેવાની; **સાયંફેરી** સાંજનું સરઘસ; **કોટિ** કરોડ

### તળપદા શબ્દો

**અઢેલવું** ટેકો દેવો; **લપાવું** છુપાવું; **વિસરવું** ભૂલવું; **ચડસ** ઈર્ષ્યા; **વાચાળ** બટકબોલું, વાતોડું; **ભાળવું** જોવું, અવલોકવું; **પતાકા** નાની ધજા; **વધેરવું** ફોડવું, બલિદાન આપવું (અહીં) માથુ ફોડવું; **ઝૂલ્ફાં** વાળની લટ; **વાવટો** ઝંડો, નેજો; **વાંક** ગુનો; **ઉચાટ** ચિંતા

### વિરુદ્ધાર્થી શબ્દો

**પાપ** × પુણ્ય; **બીડેલું** × ખુલ્લું; **અસહ્ય** × સહ્ય; **સંભવ** × અસંભવ; **આભ** × ધરતી; **આકાશ** × પાતાળ; **સ્વસ્થ** × અસ્વસ્થ; **ફિકર** × બેફિકર

### રૂઢિપ્રયોગ

**આંખો મીંચી જવી** - મૃત્યુ થવું; **છાતીમાં મોં ઘાલવું** - છુપાઈ જવું; **ગળગળું થઈ જવું** રડું રડું થઈ જવું, ગદ્ ગદ્ થઈ જવું; **શ્રાવણ ભાદરવો વહેવો** ચોધાર આંસુએ રડવું; **આંખ ઊઘડવી** જાગવું, સાવધાન કે સતેજ થઈ જવું; **ધમણ ઉપડવી** જોરભેર શ્વાસ ચાલવો, હાંફ ચડવી; **ઢગલો થઈ જવું** થાકીને લોથપોથ થઈ જવું; **દીપક હોલવાઈ જવો** મરણ પામવું; **માથું વધેરવું (ફોડવું)** - બલિદાન આપવું

### શબ્દસમૂહો માટે એક શબ્દ

**જે ડગે નહિ તેવું** - અડગ; **સહન ન થઈ શકે તેવું** - અસહ્ય; **પક્ષપાતરહિત છે તે** - તટસ્થ; **ઉષ્ણતામાન માપવાનું સાધન** - થર્મોમિટર; **એકી નજરે જોયા કરવું** - તાકવું; **ચોવીસ મિનિટનો સમય** - ઘડી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'ઝબક જ્યોત' – એકાંકીના કેન્દ્રમાં કઈ ઘટના છે ?

(a) પિતાની બીક (b) પિતાની જોહુકમી (c) સ્વાતંત્ર્યસંગ્રામ (d) આંદોલન

(2) ઘવાયેલો દીપક કોનું સ્મરણ કરે છે ?

(a) ઈશ્વરનું (b) રાષ્ટ્રધ્વજનું (c) અંગ્રેજોનું (d) ડૉક્ટરોનું

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઘવાયેલા દીપકની પાસે કોણ કોણ વ્યાકુળ ચિત્તે બેઠાં છે ?

(2) દીપક બાને કોને કાગળ લખવા કહે છે ? અને કાગળમાં શું લખવા કહે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) અરીસામાં પોતાનું મોં જોયા પછી દીપક કઈ કલ્પના કરે છે ?

(2) દીપક કેવી રીતે ઘવાયો ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો :**

(1) એકાંકીને આધારે માતૃહૃદયની વ્યથા આલેખો.

(2) દીપકના પિતાનું હૃદયપરિવર્તન તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- શાળાના વાર્ષિકોત્સવમાં આ નાટક ભજવો.
- શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુભાષચન્દ્ર બોઝ અને ગાંધીજી જેવા રાષ્ટ્રભક્તોની વેશભૂષા કરો.
- કોણ સાચું ? સર અમલ દેરાસરી કે દીપક ? વિષય પર જૂથમાં ચર્ચા કરો.
- દેશભક્તિનાં ગીતો મેળવી સંગ્રહ કરો.
- શહીદોના નામની યાદી તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

''વાહ રે પિતા ! શી તટસ્થતા !''

વાહ શબ્દ સામાન્ય રીતે પ્રશંસા માટે વપરાય છે. અહીં એવો ભાવ નથી. અહીં વ્યંગ છે. એમાં પિતા સર અમલની પુત્ર માટેની લાગણીશૂન્યતાનો નિર્દેશ છે. શબ્દો સંદર્ભ અનુસાર વિવિધ અર્થો દર્શાવે છે તે ધ્યાનમાં લો.

સર અમલ (કડકાઈથી) દીપક.....

કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર.....

આ વાક્યો જુઓ. લેખકે જે કહેવું છે તે વર્ણવ્યું નથી; પરંતુ વાક્યને અંતે વિલોપ ચિહ્ન (...) મૂકી વાક્ય અપૂર્ણ છોડી દેવાયું છે. આ અપૂર્ણ વાક્ય વાચકે પોતાની સમજ પ્રમાણે પૂર્ણ કરી લેવાનું છે. લેખનની આ રીત અને વિલોપ ચિહ્નનો ઉપયોગ ધ્યાનમાં લો.

આ કૃતિમાં તત્કાલીન (આઝાદી પહેલાંની) ભાષાનો પરિચય કેટલાક શબ્દોથી મળે છે જેવાં કે... વીજળીના દીવાઓ, હસ્તઘડી, બાપુ

આ શબ્દો તત્કાલીન વાતાવરણનો અને માહોલનો પણ પરિચય કરાવે છે.

## શિક્ષકની ભૂમિકા

- આપણા દેશને આઝાદી નહોતી મળી તે પહેલાંની આ ઘટના દર્શાવાઈ છે. દેશદાઝ જેની રગેરગમાં વ્યાપી ગઈ છે તેવો દીપક દેશની આઝાદીની ચળવળમાં જોડાઈ શહીદી વહોરે છે. દીપકની ઝબક ઝબક થતી આયુજ્યોત બુઝાઈ જાય છે પણ અંગ્રેજ અફસર તરીકે કાર્ય કરતા તેના પિતામાં એ જ્યોતનો ઝબકારો જાગી ઊઠે છે. એકાંકીના આ ભાવને પ્રગટ કરવો.
- 'દીવાથી દીવો પેટે' તેમ આવા અનેક શહીદોએ આઝાદીની લડતને ઉપાડી લીધી અને કંઈ કેટલાય નામી-અનામી દેશભક્તોની શહીદીથી આ દેશ આઝાદ થયો છે. તેથી તેનું મૂલ્ય સમજવું, જાળવવું તે દરેક નાગરિકની ફરજ છે.

આ એકાંકીમાં રજૂ થયેલા દેશપ્રેમમાંથી પ્રેરણા મેળવી વિદ્યાર્થીઓમાં દેશ પ્રત્યેની વફાદારી, ફરજની ભાવના, દેશપ્રેમ અને સારા નાગરિક બનવાના ગુણો વિકસે તેવી ચર્ચા કરવી.

- ચુનીલાલ મડિયાની 'દીપનિર્વાણ' અને મનુભાઈ પંચોળીની 'બંધન અને મુક્તિ' કૃતિઓનું વિદ્યાર્થીઓ સમક્ષ વાચન કરવું.
- આ એકાંકીની ભજવણી વર્ગખંડમાં કરવી.

•

# વ્યાકરણ

## એકમ 4 | વાકયપ્રકાર, વિશેષણ

### વાક્યપ્રકાર : કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક

(અ) કાન્તિ રમા સામે કાંઈ ન બોલ્યો.

(બ) કાન્તિથી રમા સામે કાંઈ ન બોલાયું.

મિત્રો, આ બે વાક્યોમાં શો તફાવત છે ? આપણે પરિસ્થિતિ વિચારી જોઈએ.

સહેજ ધ્યાનથી, ફરીથી વાંચો. વાક્ય (અ)માં કાન્તિ કોઈક કારણસર રમા સામે બોલતો નથી, બોલવા પર તેનું નિયંત્રણ છે, બોલવું કે ન બોલવું તે કાન્તિ નક્કી કરે છે. પણ વાક્ય (બ)માં તેની અવશતા દર્શાવાઈ છે, તેને કાંઈ કહેવું કે નહિ – તે વાત જ નથી. તેથી એમ કહી શકાય કે વાક્ય (અ)માં કાન્તિનું કર્તૃત્વ છે વાક્ય (બ)માં કાન્તિનું કર્તૃત્વ નથી. એટલે કે દેખીતી રીતે ક્રિયા – ઘટના સરખી જ લાગતી હોય, પણ એ ક્રિયા કરવાનું પ્રયોજન ન હોય, એ ક્રિયા કરવાનો ઇરાદો ન હોય તો કર્તૃત્વ સ્વીકારાતું નથી. આ બધી બાબતોને આધારે કર્તા ઓળખી શકાય. ચાલો, નીચેનાં વાક્ય વાંચો. તમારી ભાષક તરીકેની સૂઝ તમને કહેશે કે આ વાક્યમાં કોઈ કર્તા છે કે નહિ :

1. કાલે રજા છે.
2. ભેંસને બે શિંગડાં હોય છે.
3. સુનીલ નિબંધ લખે છે.
4. સૂરજ ઊગે છે.

તમારી ભાષા તરીકેની સૂઝ શું કહે છે ? શું ઉપરનાં વાક્યોમાં રજા, શિંગડાં, સુનીલ કે સૂરજ – કર્તા છે ? એક સામાન્ય માન્યતા છે કે ક્રિયા કરે તે કર્તા. વાક્ય 1 અને 2માં માત્ર કોઈ સ્થિતિનું નિરૂપણ છે. તેમાં કોઈ ક્રિયાનો નિર્દેશ નથી. તેથી તેમાં કોઈ 'કરનાર'નો પણ નિર્દેશ નથી. એટલે કે તેમાં કોઈ કર્તા નથી. વાક્ય 3માં 'લખવા'ની વાત છે. તેમાં 'સુનીલ'નો ઉલ્લેખ છે. વાક્ય 4માં 'ઊગવા'ની વાત છે. તેમાં 'સૂરજ'નો ઉલ્લેખ છે. અહીં કેવી રીતે નક્કી કરવું કે 'સુનીલ' તથા 'સૂરજ' – એ કર્તા છે કે નહિ ? આ માટે કર્તાનાં લક્ષણો જોઈએ.

### કર્તરિ પ્રયોગ

- એ ચેતન પદાર્થ હોય.
- ક્રિયા પર જેનું નિયંત્રણ હોય.
- જેની ઇચ્છા કે હેતુથી ક્રિયા અસ્તિત્વમાં આવે.
- ક્રિયા માટે જેની જવાબદારી હોય.

જ્યારે 'સુનીલ નિબંધ લખે છે' કહેવાયું ત્યારે 'સુનીલ' ચેતનત્વ ધરાવે છે, 'લખવાની' ક્રિયા પર તેનું નિયંત્રણ છે. તે કોઈ કારણસર નિબંધ લખી રહ્યો છે અને તેણે કયો અને કેવો નિબંધ લખ્યો છે – સંદર્ભે તેની જવાબદારી છે. તેથી 'લખવાની' ક્રિયા સંદર્ભે 'સુનીલ' કર્તા છે.

હવે, ચોથું વાક્ય જોઈએ. 'સૂરજ ઊગે છે.' – શું 'સૂરજ' ચેતનત્વ ધરાવે છે ? વહેલા ઊગવું કે મોડા ઊગવા પર સૂરજનું નિયંત્રણ છે ? ઊગવા માટે સૂરજ પાસે કોઈ હેતુ છે ? તમે કહેશો કે એવું તો કઈ રીતે બને ? સૂરજ તો ઊગે છે, એ તો કુદરતી બાબત છે. તમે વહેલા કે મોડા ઊઠવાનું નક્કી કરી શકો. પણ સૂરજ કાંઈ વહેલો કે મોડો ઊગવાનું નક્કી કરી શકે ? એમાં સૂરજનાં કોઈ ઇચ્છા, હેતુ હોતાં નથી કે નથી હોતું સૂરજનું કોઈ નિયંત્રણ. તેથી સૂરજ એ કર્તા નથી. એટલે કે 'સૂરજ ઊગવો' એ કુદરતી પ્રક્રિયા છે અને પ્રક્રિયામાં કોઈ કર્તા હોતો નથી.

પ્રક્રિયાનાં અન્ય વાક્ય જોશો એટલે ખ્યાલ આવશે કે આમાં કોઈનું નિયંત્રણ હોતું નથી કે નથી કોઈની જવાબદારી હોતી.

1. વાવાઝોડાને કારણે ચાર ઝાડ મૂળમાંથી ઊખડી પડ્યાં

2. પવનથી ડાળીઓ હલે છે.

3. કાલે અહીં ખૂબ મોગરા ખીલશે.

તમે જોઈ શકો છો કે 'ઊખડી પડવા' પર 'ઝાડ'નું, 'હલવા' પર 'ડાળી'નું કે 'ખીલવા' પર 'મોગરા'નું કોઈ નિયંત્રણ નથી કે નથી એમ કરવા માટે 'ઝાડ, ડાળીઓ, મોગરા'નું કોઈ પ્રયોજન. અર્થાત્ 'ઊખડી પડવું, હલવું, ખીલવું' – એ પ્રક્રિયાઓ છે અને 'ઝાડ, ડાળીઓ, મોગરા' તેનાં કર્મ છે, ઉદ્દેશ છે, પણ કર્તા નથી.

આવવું, જવું, લખવું, વાંચવું, ખાવું, પીવું વગેરે પર કોઈનું નિયંત્રણ હોય છે, કોઈની જવાબદારી હોય છે તેથી આ ક્રિયાઓ છે. જેમકે, તમને પેટમાં દુઃખે તો મમ્મી તરત પૂછે બહાર કાંઈ ખાધું હતું ? શું ખાધું, ક્યાં ખાધું, કેટલું ખાધું – આ બધાનાં તમારે જવાબ આપવા પડે. જેનું નિયંત્રણ હોય, જેની જવાબદારી હોય તે કર્તા કહેવાય અને જેમાં કર્તા હોય તે કર્તરિ વાક્ય કહેવાય.

તમે સ્થિતિ, પ્રક્રિયા અને ક્રિયા બરાબર સમજ્યા ? જો એ સ્પષ્ટ હશે તો આગળની વાત સમજાશે. ચાલો, એક કામ કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા દર્શાવતાં વાક્યો છૂટાં પાડો.

1. નદીમાં પૂર આવ્યું.

2. માળામાં કાગડીનાં બચ્ચાં છે.

3. છોકરો પાણીમાં કૂદ્યો.

જે માત્ર કોઈ પરિસ્થિતિ દર્શાવે છે તે 'સ્થિતિ'; જેમાં નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવનારું કોઈ નથી. સહજ રીતે થાય છે તે 'પ્રક્રિયા' અને જેમાં કોઈ ચેતનતત્ત્વ નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવે છે તે 'ક્રિયા'. સમજાય છે ? વાક્યો છૂટાં પાડ્યાં ? ચાલો, નીચે આ વાક્યો છૂટાં પાડ્યાં છે. તેની સાથે તમારા જવાબ મેળવો.

| **સ્થિતિ** | **પ્રક્રિયા** | **ક્રિયા** |
|---|---|---|
| માળામાં કાગડીનાં બચ્ચાં છે. | નદીમાં પૂર આવ્યું | છોકરો પાણીમાં કૂદ્યો |

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે 'કશુંક હોવું કે ન હોવું' – તે સ્થિતિનો નિર્દેશ કરે છે. 'પૂર આવવા' પર કોઈનું નિયંત્રણ નથી. તે કુદરતી પ્રક્રિયા છે 'પાણીમાં કૂદવા' સંદર્ભે છોકરાનું નિયંત્રણ છે. તે તરવા માટે અથવા અન્ય કોઈ કારણસર પાણીમાં કૂદ્યો છે.

મિત્રો, તમને સ્થિતિ, પ્રક્રિયા અને ક્રિયા વચ્ચેના ભેદની સમજણ હોવી જરૂરી છે. કારણ કે જે વાક્ય ક્રિયા હોય તેમાં જ કર્તા હોય. કર્તા હોય તે જ વાક્ય કર્તરિ હોઈ શકે અને કર્તરિ હોય તે જ વાક્ય કર્મણિ, ભાવે કે પ્રેરકમાં રૂપાંતર પામી શકે. સ્થિતિ કે પ્રક્રિયા દર્શાવતાં વાક્યો કર્મણિ કે ભાવેમાં રૂપાંતર ન પામી શકે એટલે કે' માળામાં કાગડીનાં બચ્ચાંથી હોવાય છે.' જેવું વાક્ય સંભવી શકે નહિ. તમને યાદ આવે છે કે તમે ક્યારેય 'કાલે રજાથી હોવાશે' કે 'ઝાડથી પડાયું', 'ફૂલથી ખીલાશે' – જેવાં વાક્યો બોલો છો ? – આ વાક્યો તમને અગુજરાતી લાગશે. માત્ર કર્તરિ-ક્રિયા ધરાવતા વાક્યમાં જ આવી વાક્યરચના યોગ્ય લાગશે – 'સુનીલથી નિબંધ લખાય છે.' 'હવે કાગડાથી ઉડાશે.'

કર્તા ધરાવે તે વાક્ય રચના કર્તરિ વાક્યરચના કહેવાય છે. હવે નીચેનાં બે જૂથમાં વહેંચેલાં વાક્યો વાંચો અને તેમની વચ્ચેનો તફાવત સમજો :

| **અ** | **બ** |
|---|---|
| મોહનકાકા ચાલે છે | મોહનકાકાથી હવે ચલાય છે. |
| દીદીએ સાડી ફાડી | દીદીથી સાડી ફાટી. |
| મુન્નો ખીચડી ખાય છે. | મુન્નાથી ખીચડી ખવાય છે. |
| અજયે ચા ઢોળી | અજયથી ચા ઢોળાઈ |

દેખીતી રીતે તમને ખ્યાલ આવશે કે વિભાગ **'બ'**નાં વાક્યોમાં 'થી' પ્રત્યય લગાવ્યો છે. તમે બંને જૂથનાં વાક્યો ફરીથી વાંચો અને આ રીતે કહેવાથી વાતના અર્થમાં શો ફેર પડ્યો તે સમજવાની કોશિશ કરો. જેમકે, 'મોહનકાકા ચાલે છે'માં સામાન્ય ક્રિયાનું નિરૂપણ છે; પરંતુ 'મોહનકાકાથી ચલાય છે.' એમ જ્યારે કહેવાયું ત્યારે ત્યાં એવું સૂચવાયું છે કે મોહનકાકાને કોઈ તકલીફ હતી. પણ હવે એમાં રાહત છે અને હવે તે ફરીથી, ધીમે ધીમે 'ચાલવાની ક્ષમતા' ધરાવે છે. એ જ રીતે વાક્ય 3માં જ્યારે મુન્નાથી ખીચડી ખવાય છે.' કહેવાય ત્યારે મુન્નો નાનો છે અને ખાતાં આવડ્યું છે અથવા મુન્નો બીમાર હતો અને હવે તેનાથી ખીચડી ખાવા જેટલી ક્ષમતા આવી છે... વગેરે જેવા સંદર્ભ સમજાય છે.

તો વાક્ય 2 અને 4 જુઓ. તેમાં 'કર્તાનો ઈરાદો' સ્પષ્ટ થાય છે. વિભાગ 'અ'માં 'દીદીએ સાડી ફાડી' કહેવાય ત્યારે સમજાય છે કે સાડી ઘસાઈ ગઈ છે કે હવે નથી પહેરાતી તેથી તેનો અન્યત્ર ઉપયોગ કરવાનો છે તેથી 'સાડી ફાડી' કે ચા સારી નહોતી બની, ચામાં કચરો હતો... જેવાં કારણોસર અજયે 'ચા ઢોળી' પણ વિભાગ 2માં 'સાડી ફાટે' તે માટે દીદીનો કોઈ પ્રયત્ન કે ઈરાદો નથી કે નથી 'ચા ઢોળવા' માટે અજયનો. સાડી કશેક ભરાઈ, ખેંચાઈ અને ફાટી - અજાણતાં અને ઈરાદો તો બિલકુલ નહિ. એ જ રીતે અજયથી 'ચા ઢોળાઈ' એટલે કાં તો હાથ લાગ્યો અથવા ધ્યાન નહોતું.... જેવાં કારણોસર અજાણતાં 'ચા ઢોળાઈ' છે.

ટૂંકમાં સમજીએ તો વિભાગ 'અ'નાં વાક્યોમાં કર્તા છે. તેઓ જાણીને, ઈરાદાપૂર્વક, જવાબદારીપૂર્વક કોઈ ક્રિયા કરી રહ્યા છે. જ્યારે વિભાગ 'બ'માં કર્તા નથી. કારણ કે તેઓ જાણીજોઈને, ઈરાદાપૂર્વક કશું કરી રહ્યાં નથી, તેમનું કર્તૃત્વ નથી, તેવો નિર્દેશ છે. તેમાં તેમની ક્ષમતા આદિ બાબતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

વિભાગ 'અ' અને 'બ'ની વાક્યરચનામાં બે તફાવત જોવા મળશે. 1. કર્તાને '-થી' પ્રત્યય લાગે છે અને 2. ધાતુનું – ક્રિયાપદનું રૂપ બદલાય છે અથવા તેમાં '-આ' પ્રત્યય ઉમેરાય છે જેમકે, 'ફાડવું', 'ફાટવું'માં રૂપ બદલાયું છે તો 'ચાલ', 'ચલા', 'ખા' 'ખવા', 'ઢોળ', 'ઢોળા'-માં '-આ' લાગ્યા બાદ કાળ (ઢોળાશે...) અવસ્થા (લખાતું...), લિંગ, વચન (ખવાતો...) આદિ અન્ય પ્રત્યયો લાગે છે.

ગુજરાતી ક્રિયાત્મક વાક્યરચનાના મુખ્ય ત્રણ ઘટક છે. કર્તા, કર્મ અને ક્રિયાપદ. જો કર્તાનું મહત્ત્વ હોય તો તેને કર્તરિ વાક્યરચના કહેવાય છે. પણ જો કર્તાનું મહત્ત્વ ઘટાડવામાં આવે તો ? એટલે કે 'દીદીથી સાડી ફાટી' કહેવામાં આવે ત્યારે 'દીદી' કર્તાનાં લક્ષણો ધરાવતી નથી. તે ચેતન છે. પણ એ ક્રિયા પર તેનું નિયંત્રણ નથી, તે કરવા માટે તેનું કોઈ પ્રયોજન નથી, ઈરાદો નથી અને તેની જવાબદારી પણ નથી. તેથી 'દીદી'નું કર્તા તરીકે મહત્ત્વ રહેતું નથી.

જો વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટે તો કર્મનું મહત્ત્વ દેખાય. પણ તમને ખબર છે કે ગુજરાતી ભાષામાં બે પ્રકારના ક્રિયાપદ છે સકર્મક અને અકર્મક. સકર્મક ધાતુમાં તો કર્મ હોય તો કર્મનું મહત્ત્વ દેખાય પણ અકર્મમાં તો કર્મ જ નથી હોતું. તો શેનું મહત્ત્વ દેખાય ?

આગળ અભ્યાસ કર્યો છે; પરંતુ અહીં ફરીથી જોઈ લઈએ કે કર્મ એટલે કર્તાની ક્રિયા જેને આધારે દેખાય, કર્તાની ક્રિયાનું પરિણામ જેનામાં દેખાય, ક્રિયા થતાં અથવા પત્યા પછી જે પદાર્થમાં ફેરફાર દેખાય તે કર્મ જેમકે, 'લેવું', 'મૂકવું' વગેરે ક્રિયા જે પદાર્થના આધારે દેખાય તે નોટ, પેન, ચોપડી કે વસ્તુ – તેનું કર્મ. અથવા 'વાંચવું', 'સાંભળવું' વગેરે જે વસ્તુઓને આધારે થાય તે 'જવાબ', 'ગીત' વગેરે તે ક્રિયાઓનું કર્મ. 'દોરવું', 'દળવું' વગેરેમાં ચિત્ર, લોટ આદિ ક્રિયા પછી દેખાય તે વસ્તુ એટલે તે ક્રિયાઓનું કર્મ. જે ધાતુઓ કર્મ ધરાવી શકે તે સકર્મક અને જે ધાતુઓ કર્મ ન લઈ શકે તે અકર્મક ધાતુઓ.

- નીચે કેટલાક સકર્મક અને અકર્મક ધાતુ આપ્યા છે. તમે તેનાં કર્મ વિચારી જુઓ :

| | |
|---|---|
| **સકર્મક** | ખોદવું, શોધવું, પૂછવું, ખાવું, પીવું, નાખવું, પકડવું, તોડવું, બાંધવું, લેવું વગેરે |
| **અકર્મક** | આવવું, જવું, ઉંઘવું, સૂવું, બેસવું, ઉઠવું, તરવું, હસવું, રડવું, રહેવું, ડરવું વગેરે |

- નીચેનાં વાક્યોના ધાતુ સકર્મક છે કે તે વિચારો અને જણાવો :

  (1) તમે બજારમાંથી શું લાવશો ? ________________

  (2) મનન હોસ્ટેલમાં રહે છે. ________________

  (3) સાહેબ ઊભા થયા. ________________

  (4) કબૂતર આખો દિવસ ચણ્યા કરે છે. ________________

અહીં ચારમાંથી એક પણ વાક્યમાં કર્મનો નિર્દેશ કરેલો નથી. તેથી સહજ ધ્યાનથી વાંચીને ઉત્તર આપજો. ચાલો, ઉત્તર જોઈએ. 1. સર્કમક, 2. અકર્મક, 3. અકર્મક, 4. સકર્મક. હવે, તમને સકર્મક અને અકર્મક ધાતુ વચ્ચેનો ભેદ સમજાઈ ગયો હશે.

તમે કર્તરિ વાક્યરચના વિશે સમજ્યા, તમે સકર્મક અને અકર્મક વિશે સમજ્યા. એટલે કર્મણિ અને ભાવે પ્રયોગ તરત સમજાઈ જશે.

**કર્મણિ પ્રયોગ - ભાવે પ્રયોગ :**

'ક્રિયા' પ્રકારના વાક્યમાં 'કર્તા' સૌથી મહત્ત્વનો ઘટક હોય છે. તેથી તે વાક્યરચનાને કર્તરિ વાક્યરચના કહે છે. પણ કોઈક કારણસર વક્તા કર્તાનું મહત્ત્વ ઘટાડે તો ? એવે વખતે જો સકર્મક ધાતુ હોય તો 'કર્તા' પછી 'કર્મ'નું મહત્ત્વ દેખાય છે. ત્યારે જે વાક્યરચના થાય તેને 'કર્મણિ' વાક્યરચના કહે છે. જેમકે, 'દીદીથી સાડી ફાટી.' તે જ રીતે જો અકર્મક ધાતુ હોય અને કર્તાનું મહત્ત્વ ઘટે તો ? એમાં તો કર્મ પણ હોતું નથી. આવી વાક્યરચનાને 'ભાવે' વાક્યરચના કહેવાય છે. જેમકે, 'મોહનકાકાથી હવે ચલાય છે.'

નીચેના વાક્યો વાંચો :

**કર્મણિ પ્રયોગ :**

ગુજરાતી ભાષામાં જુદી જુદી રીતે કર્મણિ પ્રયોગ જોવા મળે છે. ક્યારેક કર્તાને એટલો ગૌણ કરવામાં આવે કે તેનો ઉલ્લેખ પણ જરૂરી ન લાગે. જેમકે,

માંડવો વધાવાઈ ગયો.

જાનને શીખ દેવાઈ ગઈ.

ધર્માદાનાં લાગાલતરાં ચૂકવાઈ ગયાં.

પ્રસંગોની હારમાળા વર્ણવાઈ રહી છે. તેમાં માંડવો વધાવવાની ક્રિયા કોણે કરી કે જાનને શીખ આપવાની ક્રિયા કોણે કરી - તેનું મહત્ત્વ નથી. તેથી અહીં કર્તાનો ઉલ્લેખ અધ્યાહાર થઈ ગયો છે. તેથી આ કર્મણિ વાક્યરચના છે. આ કર્મણિ વાક્યરચનાને ઓળખવા માટેની ચાવી છે - તેના પ્રત્યય.

ગુજરાતી ભાષામાં કર્મણિપ્રયોગના બે પ્રત્યયો છે :

1. -આઃ - લખ - લખા (લખાય, લખાશે, લખાતું...)

ઉપરનાં વાક્યોમાં 'વધાવાઈ', 'દેવાઈ', 'ચૂકવાઈ' - વગેરેમાં 'વધા-', 'દેવા-', 'ચૂકવા-' -માં '-આ' પ્રત્યય જોઈ શકાય છે. અન્ય ઉદાહરણ જોઈએ તો -

| કર્મ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ (-આ પ્રત્યય) |
|---|---|---|
| 1. | બા માથું ઓળે છે. | બાથી માથુ ઓળાય છે. |
| 2. | રોહને આબેહૂબ એવું જ ચિત્ર દોર્યું. | રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું. |
| 3. | મુન્નો દવા પીશે. | મુન્નાથી દવા પીવાશે |

2. -વા + માં + આવઃ- લખ - લખવામાં આવ-

| ક્રમ | કર્તરિ વાક્ય - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ (-વા + માં + આવ) |
|---|---|---|
| 1. | આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવ્યું. | આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું |
| 2. | 60% થી વધુ પરિણામ લાવનાર વિદ્યાર્થીને સરકાર શિષ્યવૃત્તિ આપશે. | 60% થી વધુ પરિણામ લાવનાર વિદ્યાર્થીને સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |

સામાન્ય રીતે આ બીજો પ્રયોગ ઔપચારિક - formal રચનામાં થતો હોય છે.

અહીં તમે જોઈ શકો છો કે કર્મણિ પ્રયોગ દ્વારા શક્યાર્થ, ઇચ્છાર્થ, ક્ષમતા, ઔચિત્ય આદિ દર્શાવવા માટે કર્તાનું ગૌણત્વ અને કર્મનું પ્રધાનત્વ દર્શાવાયું છે.

- નીચે આપેલાં વાક્યો વાંચો અને તેને કર્મણિમાં ફેરવો :

(1) બાપુએ સુંદરને છોડ્યો ?

(2) છબીલે ધીરજ કાકાને બે રૂપિયા આપવાની હા પાડી.

(3) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શક્યો ન હતો.

(4) મીર તો હજી સગડ મેલતો નથી.

(5) જેણે હાથ વચ્ચે નામ ઘૂંટ્યું હોય તે અહીં બેસે.

ઉપરનાં વાક્યમાં કર્તાની ઇચ્છા, ક્ષમતાનો અભાવ, અવશતા આદિ ઉમેરવા કર્તાને ગૌણ કરવો પડે, તો કર્મણિ થાય. તમે આ વાક્યોને કર્મણિમાં ફેરવો. ચાલો, કર્તરિ અને કર્મણિ વાક્યોને સાથે જોઈએ.

| ક્રમ | કર્તરિ | કર્મણિ |
|---|---|---|
| 1. | બાપુએ સુંદરને છોડ્યો ? | બાપુથી સુંદરને છોડાયો ? |
| 2. | છબીલે ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પાડી. | છબીલથી ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પડાઈ. |
| 3. | સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શકયો ન હતો. | સકીનાના મૃત્યુનો ભેદ રમઝુથી પણ ઉકેલી શકાયો ન હતો. |
| 4. | મીર તો હજી સગડ મેલતો નથી. | મીરથી તો હજી સગડ મેલાતો નથી. |
| 5. | જેણે હાથ વચ્ચે નામ ઘૂંટ્યું હોય તે અહીં બેસે. | જેનાથી હાથ વચ્ચે નામ ઘૂંટાયું હોય તેનાથી અહીં બેસાય. |

તમે તમારી કૃતિઓને ધ્યાનપૂર્વક વાંચશો તો ખ્યાલ આવશે કે રજૂઆતની સચોટ ભાવાભિવ્યક્તિ માટે કર્મણિ વાક્યરચના કેવી ઉપયોગી બને છે. જેમકે,

(1) અને એની શરણાઈનો સૂર બદલાયો.

(2) કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપડ્યું હતું.

(3) ધીરજકાકાથી પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો.

(4) અમારાથી ના કહેવાય ?

(5) અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રથી એકાએક ડોકું બહાર ખેંચાઈ લેવાયું.

આ કર્મણિ વાક્યો છે. તમે તેને કર્તરિમાં ફેરવો અને તેમાંથી અવશતા, લાચારી કે પ્રતિક્રિયાના ભાવ દૂર થાય છે; ઇચ્છા, નિયંત્રણ આદિના ભાવ ઉમેરાય છે તે સમજો.

| ક્રમ | કર્મણિ | કર્તરિ |
|---|---|---|
| 1. | અને એની શરણાઈનો સૂર બદલાયો. | એને એણે શરણાઈનો સૂર બદલ્યો. |
| 2. | કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપડ્યું હતું. | કન્યાપક્ષે કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઉપાડ્યું હતું |
| 3. | ધીરજકાકાથી પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લેવાઈ ગયો. | ધીરજકાકાએ પાટલીનો છેડો ઘૂંટણ ઉપર લીધો. |
| 4. | અમારાથી ના કહેવાય ? | અમે ના કહીએ ? |
| 5. | અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રથી એકાએક ડોકું બહાર ખેંચાઈ લેવાયું. | અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રે એકાએક ડોકું બહાર ખેંચી લીધું. |

**ભાવે પ્રયોગ**

હવે નીચેનાં વાક્યો વાંચો :

- ધીમેધીમે સીમમાંથી બહાર નીકળવા મળ્યું.
- તક મળતી ગઈ તેમ તેમ નાનાં-મોટાં ભ્રમણો થતાં ગયાં.
- ગાડીના ડબ્બામાં બારી પાસે બેસી કલાકોના કલાકો પસાર થતા.

સામાન્ય રીતે તમે 'મારું ગામ' ('તેષાં દિક્ષુ') વાંચો અને તમને લાગે કે લેખકે પોતાની વાત કરી છે. પણ જો આ વાક્યને ભાવેપ્રયોગ તરીકે વાંચો તો તમને લેખકની અનુભૂતિ સમજાય. તેમના માટે ક્રિયા કરનાર, પોતે મહત્ત્વના નથી, તેમના માટે મહત્ત્વની છે ક્રિયા. બહાર નીકળવું, ભ્રમણ થવું, સમયનું પસાર થવું -

આ બધી બાબતોનું મહત્ત્વ વધારે છે અને તે અભિવ્યક્ત થયું છે ભાવેપ્રયોગ દ્વારા.

તમને લાગશે કે કર્મણિપ્રયોગ પણ આવો જ છે ને! કર્મણિ અને ભાવેપ્રયોગ વચ્ચે સામ્ય એ છે કે બંનેમાં કર્તાનું કર્તૃત્વ ગૌણ થાય. પણ બંને વચ્ચે તફાવત ધાતુ (ક્રિયાપદ)નો છે. જો ધાતુ સકર્મક હોય તો કર્મણિરચના થાય અને જો ધાતુ અકર્મક હોય તો ભાવેપ્રયોગ થાય.

| કર્મ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | ભાવે પ્રયોગ |
|---|---|---|
| 1. | રમઝુ યંત્રવત આગળ વધ્યો. | રમઝુથી યંત્રવત્ આગળ વધાયું. |
| 2. | કંચનમાસી બોલ્યાં | કંચનમાસીથી બોલાયું. |
| 3. | તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો. | તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. |
| 4. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશ કુટુંબથી દૂર નહિ રહે. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશથી કુટુંબથી દૂર નહિ રહેવાય. |
| 5. | દાદા ઠંડા પાણીએ ન્હાય છે. | દાદાથી ઠંડા પાણીએ ન્હવાય છે. |

આ વાક્યોમાં અકર્મક ધાતુ પ્રયોજાયેલો છે. તેથી ભાવેપ્રયોગમાં કર્તાના ગૌણત્વ દ્વારા શક્યાર્થ, ઇચ્છાર્થ, ઔચિત્ય, ક્ષમતા આદિનો નિર્દેશ થયો છે.

હવે તમને કર્મણિ અને ભાવેપ્રયોગ સમજાયો હશે. હવે પ્રેરક વાક્યરચના જોઈએ.

**પ્રેરક વાક્યરચના :**

તમે જોયું કે ક્રિયા પર જેનું નિયંત્રણ હોય, ક્રિયા કરવા પાછળ જેનો કોઈ હેતુ હોય કે ક્રિયા અંગે જેની જવાબદારી હોય તેને કર્તા કહેવાય. હવે નીચેનાં વાક્યો વાંચો.

(અ) માળીએ શીમળાનું વૃક્ષ કાપ્યું.

(બ) કાકાએ માળી પાસે શીમળાનું વૃક્ષ કપાવ્યું.

આ બે વાક્યોમાં શો તફાવત છે ? વાક્ય (અ) અને (બ) બંનેમાં 'ઝાડ કાપવાની ક્રિયા તો 'માળી' જ કરે છે. અર્થાત્ માત્ર 'ક્રિયા કરનાર'ના અર્થમાં જોઈએ તો બંને વાક્યમાં કર્તા 'માળી' જ છે. પણ કયું ઝાડ કાપવું કયું ન કાપવું, કેટલું કાપવું - વગેરે. સંદર્ભે નિયંત્રણ, હેતુ અને જવાબદારી જોઈએ તો વાક્ય (અ)માં 'માળી'નાં અને વાક્ય (બ)માં જોઈએ તો 'કાકા'નાં છે. તેથી વાક્ય (અ)નો કર્તા 'માળી' અને વાક્ય (બ)નો કર્તા 'કાકા' છે. તો વાક્ય (બ)માં ખરો કર્તા કોણ ? ક્રિયા કરનાર અલગ છે અને નિયંત્રણ-જવાબદારી આદિ અન્યનાં છે. આ પરિસ્થિતિમાં એમ કહી શકાય કે 'કાકા' ક્રિયા કરવા માટે પ્રેરનાર છે, તેથી તે પ્રેરક કર્તા છે અને 'માળી' માત્ર ક્રિયા કરનાર છે. તેથી તે 'પ્રેરિત' કર્તાને 'પાસે, દ્વારા' જેવા નામયોગી કે કર્મસૂચક '-ને' પ્રત્યય લાગે છે. તેથી ખરેખર ક્રિયા ન કરનાર; પરંતુ ક્રિયા પર નિયંત્રણ ધરાવનાર, ક્રિયાની જવાબદારી ધરાવનાર પ્રેરક કર્તા મુખ્ય કર્તા ગણાય છે. આ પ્રકારની વાક્ય રચનામાં કર્તાની પ્રેરણા મુખ્ય હોય છે તેથી તેને 'પ્રેરક' વાક્યરચના કહે છે.

**નોંધ :** વાક્યરૂપાંતર વખતે પ્રેરક અથવા પ્રેરિત કોઈ પણ કર્તા ઉમેરી શકાય. જેમકે,

- માળી ઝાડ કાપે છે – કર્તરિ
- સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે. – પ્રેરકરચનામાં પ્રેરક કર્તાનું ઉમેરણ.
- માળી તેના દીકરા પાસે ઝાડ કપાવે છે. – પ્રેરકરચનામાં પ્રેરિત કર્તાનું ઉમેરણ.

નીચે કેટલાક કર્તરિ અને પ્રેરક વાક્યો આપ્યાં છે. તે ધ્યાનથી વાંચો. આમાં તમને સકર્મક અને અકર્મક બંને ધાતુ જોવા મળશે. બંનેમાં પ્રેરક કર્તા ઉમેરાઈ શકે.

| ક્રમ | કર્તરિ પ્રયોગ | પ્રેરક વાક્યરચના |
|---|---|---|
| 1. | બાપુ વાવટો ઉતારી લે છે. | બાપુ રામા પાસે વાવટો ઉતારી લેવડાવે છે. |
| 2. | જેઠીબાઈએ છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકી | જેઠીબાઈએ પોમા પાસે છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકાવી. |
| 3. | બા, તું એ ગીત ગા ને ! | બા, તું અમને એ ગીત ગવડાવ ને ! |
| 4. | બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો. | બલાઈએ મિત્ર પાસે તેની કાકીને પત્ર લખાવ્યો. |
| 5. | જો, જો, છોકરાઓ કાંઈ નઠારું શીખે. | જો, જો, ધીરજભાઈ, છોકરાઓને કાંઈ નઠારું શીખવતા. |
| 6. | સકીના પકવાન જમતી. | રમઝુ સકીનાને પકવાન જમાડતો. |

હવે તમે કર્તરિ, કર્મણિ, ભાવેપ્રયોગ અને પ્રેરકરચનાથી પરિચિત છો. શક્ય હોય તો તમારા પાઠ્યપુસ્તકની કૃતિ વાંચતી વખતે તમારી સામે જે વાક્યો છે તે સ્થિતિ, ક્રિયા કે પ્રક્રિયા - શું દર્શાવે છે તે જોજો અને જો તે ક્રિયા હોય તો કર્તરિ છે કે કર્મણિ કે ભાવે પ્રયોગ છે કે પ્રેરક રચના છે - તે જોજો. તેના દ્વારા લખાણમાં કેવી સચોટતા કે સાર્થકતા ઉમેરાય છે તે જોજો.

# વિશેષણ

- નીચેનો ફકરો વાંચો :

રમઝુએ સકીનાને હેતથી ઉછેરીને મોટી કરેલી. વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે કપડાં પર સો થીગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. પુત્રીને રમઝુ અછો અછો વાનાં કરતો.

હવે નીચેનો ફકરો વાંચો :

રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી ઉછેરીને મોટી કરેલી. માતા તેમજ પિતાના બેવડા વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર સૂકો રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે ફાટ્યાંતૂટ્યાં કપડાં પર સો થીગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. નમાઈ પુત્રીને રમઝુ અછો અછો વાનાં કરતો.

બંને ફકરામાં શો ભેદ લાગ્યો ? બીજો ફકરો વધુ ભાવવાહી લાગે છે ! તેનું કારણ સમજાય છે ? તેનું કારણ છે બીજા ફકરામાં પ્રયોજાયેલાં વિશેષણો.

તમે 'વિશેષણ' વિશે અગાઉ અભ્યાસ કર્યો છે. તમે જાણો છો કે વિશેષણ 'નામના અર્થમાં વધારો' કરે છે. તમે વિશેષણના વિવિધ પ્રકારો વિશે પણ જાણો છો.

રચનાને આધારે વિશેષણના (1) વિકારી વિશેષણ અને (2) અવિકારી વિશેષણ - એવા બે પ્રકાર કરવામાં આવે છે. જે વિશષણ તેના વિશેષ્ય (સંજ્ઞા)નાં લિંગ-વચન આદિને આધારે બદલાય  તે વિકારી વિશેષણ. જેમકે 'નાનું' - નાનો ભાઈ, નાની કવિતા, નાનું ઝાડ અને જે વિશેષણ તેના વિશેષ્ય (સંજ્ઞા)ને આધારે પરિવર્તન લેતું નથી તે અવિકારી વિશેષણ. જેમકે હોશિયાર વિદ્યાર્થી, હોશિયાર પ્રાણી.

કાર્યને આધારે વિશેષણના પ્રકાર પણ તમે જાણો છો (1) ગુણવાચક, (2) સંખ્યાવાચક, (2) જથ્થાવાચક (4) માત્રા સૂચક. આ ઉપરાંત સર્વનામ પરથી પણ વિશેષણ સાધવામાં આવે છે, તેને સાર્વનામિક વિશેષણ કહે છે. આપણે આ પ્રકારો ફરી એક વાર જોઈ લઈએ ?

1. ગુણવાચક વિશેષણ :

   સુંદર, ખરાબ, ચોખ્ખું, ઊંચું, કાળું, સફેદ, જાડું, મોટું, ઘરડું, ઠંડુ, ડાહ્યું, વિશાળ, સાંકડું વગેરે.

2. સંખ્યાવાચક વિશેષણ :

   (ક) સાદી – પૂર્ણ સંખ્યાવાચક એક, બે, પાત્રીસ, નેવ્યાશી વગેરે.

   (ખ) ક્રમિક સંખ્યાવાચક – પહેલું, બીજું, આઠમું વગેરે

   (ગ) સંખ્યાંશવાચક – પા, અડધું, પોણું, સવા વગેરે

3. જથ્થાવાચક : બહુ, ઘણું, થોડું, ઓછું, વધારે (બહુ કામ, ઘણી પ્રવૃત્તિ...)
4. માત્રાસૂચક : આછું, ઘેરું, સાવ, તદ્દન વગેરે
5. સાર્વનામિક વિશેષણ : મારું, તારું, આપણું, તેનું, તેમનું, આટલું, આવડું

વિશેષણના આ પ્રકારોનો ખ્યાલ આવ્યો ?

- **નીચેના વાક્યો-પંક્તિઓમાંથી વિશેષણ તારવી તેના પ્રકાર જણાવી શકો ?**

(1) પછી આવે મારું નાનું ગામ.

(2) બે-ત્રણ નાના-મોટા ટીંબા છે.

(3) એથી અદકો વિષાદ રમઝુ મીરના હૃદય પર છવાયો હતો.

(4) એ પહાડો વચ્ચેના વાંકાચૂંકા સાંકડા માર્ગમાંથી લાંબી લાંબી વણઝાર આવી રહી છે.

(5) ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી.

**ચાલો, વિશેષણ તારવી તેના પ્રકાર જોઈએ :**

(1) મારું – સાર્વનામિક, નાનું – ગુણવાચક

(2) બે-ત્રણ – સંખ્યાવાચક, નાના-મોટા – ગુણવાચક

(3) અદકો – માત્રાસૂચક

(4) વાંકાચૂકા – ગુણવાચક, સાંકડા – ગુણવાચક, લાંબી લાંબી – ગુણવાચક

(5) ઉજ્જડ – ગુણવાચક, ખાલી – ગુણવાચક

આ વિશેષણોમાંથી વિકારી-અવિકારી અલગ તારવીએ ? ચાલો ઝડપથી જોઈએ, યાદી બનાવતા જઈએ.

**વિકારી :** મારું, નાનું, મોટું અદકું, વાંકુંચુંકું, સાંકડું, લાંબુ

**અવિકારી :** ઉજ્જડ, ખાલી

સમજાઈ ગયું ? નીચે અન્ય કેટલાંક વાક્યો આપ્યાં છે. તેનાં વિશેષણ તારવો અને તેના રચનાગત અને કાર્યગત પ્રકારો જણાવો.

(1) અરજીમાં લખાયેલી કરુણ કહાણીએ રાણીની આંખોમાં આંસુ આણી દીધાં.

(2) ખોટેખોટાં રૂસણાં લેતી, અજબ નટખટ ને નખરાળી નવોઢા રમી રહી હતી.

(3) જેઠીમાએ મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટા અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી.

(4) તેણે યોગ્ય ઉપાય કર્યો હતો.

(5) ગામની બાજુમાંય કોઈ પ્રસિદ્ધ સ્થળ નથી.

(6) પરિણામે રમઝુના હૃદયમાં બમણું દર્દ ઘૂંટાતું હતું.

(7) રાંક રમઝુ રાજીરાજી થઈ ગયો.

(8) લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહેતાં હતાં.

(9) વગડા વચ્ચે એકાકી મંદિર છે.

(10) વ્યવહારડાહ્યા લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં. પણ મનસ્વી મીરને આવા અભિપ્રાયોની ક્યાં પડી હતી ?

વિશેષણ ઓળખીને પ્રકાર જણાવી શકશો ને ! ચાલો, જોઈએ :

(1) કરુણ – ગુણવાચક

(3) ખોટેખોટાં – ગુણવાચક, અજબ – ગુણવાચક, નટખટ – ગુણવાચક, નખરાળી – ગુણવાચક

(3) મોટી – ગુણવાચક, રેશમી – ગુણવાચક, મોટા – ગુણવાચક

(4) યોગ્ય – ગુણવાચક

(5) કોઈ – સાર્વનામિક, પ્રસિદ્ધ – ગુણવાચક

(6) બમણું – માત્રાસૂચક

(7) રાંક – ગુણવાચક

(8) લાંબા – ગુણવાચક, ઝીણી – ગુણવાચક

(9) એકાકી – ગુણવાચક

(10) વ્યવહારડાહ્યા – ગુણવાચક, ગરીબ – ગુણવાચક, મનસ્વી – ગુણવાચક

**વિકારી – અવિકારીમાં વર્ગીકૃત કરીએ ?**

**વિકારી વિશેષણ :** નખરાળું, મોટું, બમણું, લાંબુ, ઝીણું, વ્યવહાર ડાહ્યું

**અવિકારી વિશેષણ :** કરુણ, અજબ, નટખટ, રેશમી, યોગ્ય, કોઈ, પ્રસિદ્ધ, રાંક, એકાકી, ગરીબ, મનસ્વી

તમારી દરેક કૃતિમાંથી પસાર થતી વખતે વિશેષણ સમજશો, તો કૃતિ જુદી રીતે માણી શકશો.

•

# 13 ક્યાં રે વાગી

**લોકગીત**

લોકગીત કોઈ કવિનું સર્જન હોતુ નથી. લોકો દ્વારા કંઠોપકંઠ ઊતરી આવતું ગીત છે. એના પાઠમાં સમયાંતરે ફેરફારો પણ થતાં રહે છે.

ગોપીના કૃષ્ણપ્રેમને વ્યક્ત કરતા આ લોકગીતમાં ગોપીની કૃષ્ણમયતા બખૂબી વ્યક્ત થઈ છે. મોરલીએ ગોપીનું મન હરી લીધું છે. ગરબો ઘેલો થયો છે. મોરલીના ઘેરા ગૂઢ નાદથી વિહ્વળ બનેલી ગોપી સુધબુધ ગુમાવી, મા-બાપને ભૂલીને, બાળકોને રડતાં મૂકીને, ઘરનાં સઘળાં કામ પડતાં મૂકીને દોડી જાય છે. ઈશ્વરપ્રાપ્તિની ઘેલછામાં રહેલો નર્યો ત્યાગ અને અનન્ય ભક્તિ ભાવનાનો બોધ સુપેરે વ્યક્ત થાય છે. 'ક્યાં રે વાગી !'ની ધ્રુવપંક્તિમાં પુનરાવર્તિત થતો ઉદ્‌ગાર પ્રભુપ્રેમની તાલાવેલીનો અણસાર આપે છે. કૃષ્ણમય બનેલી ગોપીને ભગવાન શ્રીકૃષ્ણ 'અહીં-તહીં-સઘળે' વિસ્તરતા દેખાય છે.

---

કાન, તારી મોરલીએ જી રે, મારાં મન હેર્યાં,

સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી !

ગૂઢા રાગની જી રે, મોરલી ક્યાં રે વાગી !

મધરાતની જી રે, અભાગણી ક્યાં રે વાગી !

સરવા સાદની જી રે, મોરલી ક્યાં રે વાગી !

કાન, તારી મોરલીએ જી રે ગરબો ઘેલો કીધો. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે સૈયરુંનો સાથ મેલ્યો. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે મા ને બાપ મેલ્યાં. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે રોતાં બાળ મેલ્યાં. – સમી સાંજની

કાન, તારી મોરલીએ જી રે કોઠીએ કણ ખૂટ્યાં. – સમી સાંજની

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**હેર્યાં** હરી લીધાં, ચોરી લીધા; **વજોગણ** વિરહિણી; **સમીસાંજ** સંધ્યાકાળ, સાંજની વેળા; **સૈયર** સહિયર **સાદ** અવાજ; **ગૂઢ** ગહન

### તળપદા શબ્દો

**મેલવું** મૂકવું, છોડી દેવું; **કણ** (અહીં) અનાજ, ધાન

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**રાત્રિનો મધ્યભાગ** - મધરાત; **અનાજ ભરવાનું માટીનું મોટું વાસણ** - કોઠી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કાવ્યનાયિકા પર કાનાની મોરલીની શી અસર થઈ છે ?

(a) સ્તબ્ધ બનાવી દીધી (b) મન હરી લીધું (c) ભાન ભૂલાવી દીધું (d) રાસ રમવા લાગી

(2) કાનાની મોરલીએ કોણ ઘેલું બન્યું ?

(a) ગોપાળો (b) ગોપીઓ (c) ગાયો (d) ગરબો

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કાવ્યમાં મોરલીના રાગને કેવો કહ્યો છે ?

(2) ગોપીએ કોનો સાથ છોડ્યો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) મોરલીના સાદની ગોપીઓના મન પર કેવી અસર થાય છે તે વર્ણવો.

(2) શ્રીકૃષ્ણની મોરલીને કવિએ અભાગણી કેમ કહી છે ?

**4. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો.**

(1) 'ક્યાં રે વાગી' – કાવ્યનો ભાવાર્થ સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- લોકગીતો ગાવાની સ્પર્ધા રાખો.
- ઈન્ટરનેટના માધ્યમથી બીજાં લોકગીતો મેળવી સાંભળો.
- ઝવેરચંદ મેઘાણીનો કાવ્યસંગ્રહ 'રઢિયાળી રાત' મેળવી તેમાંનાં લોકગીતોનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

ઘણીવાર કવિ કાવ્યની આંતરગૂંથણી માટે લોકપરંપરાને અનુસરતા હોય છે. આ લોકગીતમાં પણ વારંવાર 'જી રે'નો ઉપયોગ થયો છે. આ 'જી રે' કાવ્યને લય અને ગતિ આપે છે, સાથોસાથ કાવ્યગાનને પણ સુંદર બનાવે છે.

'સમી સાંજની જી રે, વજોગણ ક્યાં રે વાગી'

આ પંક્તિ ધ્રુવપંક્તિ છે. તે ભાવની અભિવ્યક્તિનું મહત્ત્વનું અંગ છે. એનાથી કૃષ્ણની મોરલીની જે અસર થાય છે તે અસરનું દૃઢીકરણ થતું રહે છે.

'મોરલી ક્યાં રે વાગી !' આ પ્રશ્ન અહીં વારંવાર પૂછાયો છે છતાં તેની સાથે પ્રશ્નાર્થચિહ્ન નહિ, ઉદ્ગાર ચિહ્ન મૂકાયું છે જે બતાવે છે કે અહીં મુખ્ય ભાવ સવાલ પૂછવાનો નહિ પણ આશ્ચર્યનો છે.

મોરલી માટે વજોગણ, અભાગણી, ગૂઢ રાગની, મધરાતની, સરવા સાદની- જેવા શબ્દો વપરાયા છે, જે મોરલીની વિશિષ્ટતા અને અસરકારકતા બતાવે છે. શબ્દોની આ વિવિધતાની અસર ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

- કૃષ્ણની મોરલીનો જાદુ અનેરો હતો. જ્યારે જ્યારે મોરલી વાગે ત્યારે જાણે સંમોહન થતું હોય તેમ ગોપીઓ હાથમાં લીધેલાં કામ, આસપાસની વ્યક્તિ, વાતાવરણ, સંબંધો બધું ભૂલીને વાંસળીના સૂરમાં લીન બની જાય છે તે બાબત સ્પષ્ટ કરવી.
- મોરલી માટે મનહર, વિજોગણ, અભાગણ જેવાં વિશેષણો વિશે ચર્ચા કરવી.
- બંસીબોલના કવિ દયારામનાં પદો, લોકગીતો અને અન્ય કવિઓના વાંસળી વિશેનાં કાવ્યોના સંદર્ભો રજૂ કરી શિક્ષણકાર્યને વધુ સમૃદ્ધ અને રસપ્રદ બનાવવું.

•

# 14 જેઠીબાઈ

**દુલેરાય કારાણી**

**(જન્મ : તા. 26-02-1896; અવસાન : તા. 26-02-1989)**

દુલેરાય કારાણીનો જન્મ કચ્છ જિલ્લાના મુંદ્રામાં થયો હતો. કચ્છના પ્રતિષ્ઠિત સાહિત્યકાર, કવિ અને લોકસાહિત્યના વિદ્વાન સંશોધક દુલેરાય કારાણીની જન્મ અને મૃત્યુની તારીખ સમાન છે.

તેમણે 'બ્લેક હિલ્સ ઑફ કચ્છ' ગ્રંથનો 'કારા ડુંગર કચ્છા જા' નામે અનુવાદ કર્યો છે. તેમણે થોકબંધ લોકકથાઓ આપી છે. કચ્છના 'મેઘાણી' તરીકે તેઓ ઓળખાતા હતા. તેમણે લખેલો 'કચ્છ કલાધર' એક ઔતિહાસિક ગ્રંથ છે. તેમની પાસેથી 'ગાંધીબાવની', 'સોનલબાવની' તેમજ 'કચ્છી સંગર' જેવી પદ્ય રચનાઓ મળી છે. તેમણે 'કચ્છના સંતો અને કવિઓ', 'કચ્છનું લોકસાહિત્ય' જેવી કૃતિઓ આપી છે.

આ લોકકથામાં દીવમાં રંગાટનું કારખાનું ચલાવતાં જેઠીબાઈ પોર્ટુગીઝ સરકારના અન્યાયી કાયદાઓનો પ્રતિકાર કેવી રીતે કરે છે તેની કથા છે. જે બાળકનાં માતપિતા ન હોય તેની મિલકત જપ્ત થતી, ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાની ફરજ પડાતી તે કાયદાની સામે જેઠીબાઈ યુક્તિ અને ઉદારતાથી વિજય મેળવે છે. એટલું જ નહિ, પોર્ટુગલ જઈને ત્યાંની રાણીને મળીને અન્યાયી કાયદો દૂર કરાવે છે એમાં એક નિરક્ષર સ્ત્રીની સંવેદનશીલતા, ખુમારી અને કોઠાસૂઝ ઉત્તમ રીતે વ્યક્ત થાય છે. આજથી દોઢ-બે સદી પહેલાં આવું વ્યક્તિત્વ હોય તે આપણા સંસ્કારજીવનનું ગૌરવ છે એ આ લોકકથા દ્વારા પ્રગટ થયું છે.

---

રાઓશ્રી ભારમલ્લજીના રાજ્ય-અમલ દરમિયાન માંડવીની ખત્રિયાણી જેઠીબાઈની હિંમત અને કુનેહનો આ કિસ્સો માત્ર કચ્છ માટે જ નહિ પણ સમસ્ત ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

અમાસની અંધારઘેરી રાત્રિનો ગાઢ અંધકાર દશે દિશાને ઘેરી વળ્યો હતો. અર્ધી રાત વીતી ગઈ હતી. એ સમયે સૌરાષ્ટ્રને દક્ષિણ કિનારે આવેલ દીવ બંદરના રંગાટ અને વણાટકામના એક કચ્છી કારખાનામાં કાનજી નામનો એક કચ્છનો કામદાર છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. અહીં એનાં ઘરબાર ન હતાં. પત્ની તો ક્યારનીયે પરમ ધામમાં પહોંચી ગઈ હતી. પેટનો ખાડો પૂરવા તે પોતાના એકના એક નમાયા પુત્રને લઈને કચ્છ-માંડવીના પંજુ ખત્રી અને તેની ધર્મપત્ની જેઠીબાઈના દીવબંદરના કારખાનામાં મજૂરી કરતો હતો.

દસ વરસના દીકરાને લઈને તે અહીં આવ્યો હતો. આજે એનો દીકરો ચૌદ વરસનો થયો હતો. ત્યાં તો કાનજી પણ એની સ્વર્ગવાસી પત્ની પાસે પહોંચી જવાની તૈયારીમાં આવી પડ્યો હતો. સગાં-સંબંધીમાં તો તેનો એકનો એક પુત્ર પમો અને કારખાનાના મજૂરો સિવાય બીજું કોઈ ન હતું. હા, કારખાનાની માલિકણ જેઠીમા તો મા કરતાં પણ વધારે હતી. એક કાનજી માટે જ નહિ આ કારખાનાના તમામ કામદારો પર એ માતા જેટલું જ વહાલ રાખતી હતી. પારકા પ્રદેશમાં પેટનું પૂરું કરવા આવેલ કામદારોની માતાની ખોટ જેઠીમા પૂરી કરતી હતી.

જેઠીમાએ કચ્છ-માંડવીથી ઉપડીને દીવ બંદરમાં રંગાટ અને વણાટકામનું એક મોટું કારખાનું ઊભું કર્યું હતું. ભારતના રંગાટકામના હુન્નરમાં કચ્છનો ફાળો મોટો હતો. જામ રાવળના વખતમાં કચ્છથી જામનગર આવેલ ખત્રીઓએ રંગાટકળાને ખૂબ ખીલવી હતી. સમસ્ત સૌરાષ્ટ્રમાં જામનગરનું રંગાટકામ એક અવાજે વખણાતું. પરંતુ જેઠીબાઈએ તો દૂર દૂરના દીવબંદર પર પસંદગી ઉતારી હતી. દીવબંદરથી એના કારખાનાનો પુષ્કળ માલ પરદેશ પણ ચડતો હતો. યુરોપ, ઈરાન અને જંગબાર-મોઝાંબિક સુધી એનો માલ પહોંચી જતો હતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે દિવસે દિવસે આ કારખાનાનો વિકાસ વધુ ને વધુ થતો જતો હતો.

ગુજરાતના સુલતાનોના સમયમાં પોર્ટુગીઝ લોકોએ આક્રમણ કરીને દીવ જીતી લીધું હતું. સત્તરમાં સૈકાની અધવચ્ચેનો એ સમય હતો. પોર્ટુગલની મહારાણી વતી દીવનો વહીવટ પોર્ટુગીઝ ગવર્નર ચલાવી રહ્યો હતો.

એ અરસામાં પોર્ટુગલના પાદરીઓ તરફથી ધર્મપરિવર્તન વટાળપ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી. ભારતમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે પાદરીઓ જમીન-આસમાન એક કરી રહ્યા હતા. અજ્ઞાન અને ભોળા લોકોને લાલચમાં લપટાવીને તેમને ખ્રિસ્તી ધર્મમાં ખેંચી લેવામાં આવતા હતા. અહીંના કાયદાઓ પણ વટાળપ્રવૃત્તિને ઉત્તેજન આપે એવા પ્રકારના કરવામાં આવ્યા

હતા. એમાં એક કાયદો એવો હતો, કે કોઈ પણ બાળક નિરાધાર હોય તો તેને બળજબરીથી ખ્રિસ્તી બનાવી ને તેનાં માલ-મિલકત જપ્ત કરી લેવાં. આ અતિ અન્યાયી કાયદાએ દીવની જનતાના હૃદયમાં ફફડાટ પેદા કરી દીધો હતો. કાયદો એ કાયદો જ હતો અને કાયદો એનું કામ કરી રહ્યો હતો. પાદરીઓની સત્તા અને એમની જોહુકમી આ કાયદાથી બેમર્યાદ બની જતી હતી.

પોર્ટુગીઝ અમલની આવી આપખુદીના સમયમાં મરણપથારી પર પડેલ કાનજીનો જીવ નીકળતો ન હતો. એના મૃત્યુ બાદ ચૌદ વરસના એના પુત્ર પર ખ્રિસ્તી પાદરીઓનો કાયદો કેવી આફત વરસાવશે એ ચિંતા કાનજી કામદારના કાળજાને કોરી ખાતી હતી. એનો જીવ એ ચિંતામાં જ અટવાયા કરતો હતો. આજે આઠ આઠ દિવસથી એણે અનાજનો એક દાણો પણ લીધો ન હતો. આમ છતાં છેલ્લાં ડચકાં ખાતો એનો જીવડો કેમે કરી નીકળતો ન હતો. એના જીવની મુક્તિ થતી ન હતી.

આઠમા દિવસની અર્ધી રાતે એના જીવને રૂંધાતો જોઈને જેઠીમા એને આશ્વાસન આપી રહ્યાં હતાં, 'કાનાભાઈ, તું તારા જીવને ગતે કર ! તારે જે કંઈ કહેવું હોય તે કહી દે ! તારો જીવ કેમ અકળાય છે ?'

આ વખતે કાના કામદારે બાજુમાં જ ઊભેલા એના કિશોર પુત્ર તરફ અંગુલિનિર્દેશ કર્યો. જેઠીમા તરત જ એના મનની વાત પામી ગયાં. કિશોરનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું : 'કાના, હું આજે ભગવાનને સાક્ષી રાખીને પ્રતિજ્ઞા લઉં છું કે મારું આખું કારખાનું ઊંધું વળી જાય તો પણ તારા દીકરાને ઊની આંચ આવવા નહિ દઉં ! આજથી આ દીકરો તારો નથી પણ મારો છે. તું સુખેથી તારો જીવ ગતે કર.'

જેઠીમાના આ શબ્દોએ કાનાના અંતરના ઉત્પાતને શમાવી દીધો. એનું મૂંઝાતું મનડું શાંત બની ગયું. જેઠીમાનાં વચનોમાં એને પૂરેપૂરી શ્રદ્ધા હતી. થોડી જ વારમાં એના પ્રાણ પરવારી ગયા.

ખેલ ખરાખરીનો હતો. કાનાના અવસાનની વાત બહાર પડી જાય તો તે જ ઘડીએ પાદરીઓ અને પોલીસોનો ધસારો આખા કારખાનામાં ઊથલપાથલ મચાવી દે એવું હતું. કાનાના નિરાધાર દીકરાને અને એની ઘરવખરીને પણ ખેંચી જાય. જેઠીમાએ સમયસૂચકતા વાપરીને કાનાના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો અને બીજી જ દિશામાં પગલાં માંડ્યા. એ જ રાતે કારખાનાના એક બીજા કામદારની પુત્રી સાથે કાનાના પુત્ર પમાનાં લગ્ન પણ કરાવી દીધાં. લગ્નવિધિ પૂર્ણ થતાં ઝડપી ગતિએ પમાનું નવું ઘર મંડાવી દીધું.

બીજા દિવસની સાંજે કાનાના મૃત્યુની જાહેરાત કરવામાં આવી. પાદરીઓ તો ટાંપીને જ બેઠા હતા. તરત જ પોલીસપાર્ટીને સાથે લઈને પાદરી લોકોનું ધાડું આવી પહોંચ્યું. આ વખતે જેઠીમાં તો એક વીરાંગના બની ગયાં. પાદરીઓ અને પોલીસ આડે દીવાલ જેવાં બનીને તેણે નીડરતાથી પડકાર કર્યો કે, કાનાનો પુત્ર નિરાધાર નથી, એ તો ક્યારનોયે પરણી બેઠો છે. લગ્નગ્રંથિથી જોડાઈ ગયો છે.

જેઠીમાનું રૂપ આજે તો રણચંડી જેવું બની ગયું હતું. પોલીસ અફસર એની તેજસ્વિતા આગળ ડઘાઈ ગયા હતા. થોડા ધમપછાડા મારી સૌ પાછા ફર્યા.

આમ છતાં એ લોકો ઝટ મમત મેલી દે એવા ન હતા કારણ કે એ તો મમતીલી પોર્ટુગીઝ સરકારના પાદરી હતા. કાનાનો મુકદમો એ લોકો દીવાની પોર્ટુગીઝ અદાલતમાં લઈ ગયા. કાનાના પુત્રનાં લગ્ન ફોક કરવા એમણે ન્યાયની આદાલતનો આશરો લીધો. પણ થયેલ લગ્ન ફોક થઈ શકે નહિ એવો હિંદુ ધર્મના અબાધિત અધિકારનો અદાલત પણ ભંગ કરી શકે નહિ. અદાલતમાં આખરે આ લગ્ન કાયદેસર ગણાયાં અને પોર્ટુગીઝો હાથ ઘસતા રહી ગયા.

આ રીતે જેઠીમાનો નૈતિક વિજય તો થયો, પરંતુ પોર્ટુગીઝ સરકારનો જાલીમ કાયદો એના અંતરમાં હજુ કાંટાની પેઠે ખટકતો હતો. આ કાળા કાયદાના સકંજામાંથી છૂટવા માટે કયો રસ્તો લેવો એ જ વિચારો એના અંતરમાં રાતદિવસ ઘોળાતા હતા.

જેઠીમાની સામે પોર્ટુગીઝની હઠાગ્રહી સરકાર હતી. સીધો સામનો કરવાથી તો આ સરકાર એને ચાંચડની માફક ચોળી નાખે એવો એ જમાનો હતો. એટલે જેઠીમાએ એક નવો જ માર્ગ ગ્રહણ કર્યો.

એક બાહોશ બૅરિસ્ટરની સલાહ લઈને પોર્ટુગલની રાણી ઉપર, જેઠીમાએ પોર્ટુગીઝ સરકારના જુલમની કહાણી પોર્ટુગીઝ ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરી. ત્યાર પછી આ અરજીના અંગ્રેજી અક્ષરોમાં મોટાં બીબાં લાકડાની પટ્ટીઓમાં કોતરાવીને તૈયાર કર્યાં. મોટી રેશમી ઓઢણી પર આ અરજી મોટાં અક્ષરોમાં સાંગોપાંગ છાપીને તૈયાર કરી.

અરજીની આજુબાજુ ચારે તરફ એક સુંદર ફૂલવેલ પણ છાપીને ગોઠવી દીધી. આખી ઓઢણી પર આ અરજી એવી કળાપૂર્વક તૈયાર કરવામાં આવી હતી કે જોનાર એને જોઈને જ ચકિત થઈ જાય. અરજીમાં માતબર હિંદુ ગૃહસ્થોની સહીઓ પણ લઈ લેવામાં આવી હતી. ધર્મને નામે ચાલતા જુલમોનો એમાં આબેહૂબ ચિતાર હતો.

આ અરજી છાપેલી ઓઢણીને સુંદર કિનખાબની થેલીમાં મૂકીને જેઠીબાઈએ પ્રવાસની તૈયારી કરવા માંડી. દીવ બંદરેથી વહાણોમાં ઊપડીને બે અઠવાડિયાં પછી પોર્ટુગલની ધરતી પર પગ મૂક્યો.

અહીં આવી પોર્ટુગલના ગવર્નરના બે મોટા અધિકારીઓની જેઠીબાઈએ મુલાકાત લીધી. એકનું નામ હતું, એન્ટોનિયોમેલો-દ-કેસ્ટ્રો અને બીજાનું નામ હતું એનલિકેસ્ટ્રો-દ-રાલ. આ બંને અધિકારીઓએ ઘણી જ સહાનુભૂતિથી જેઠીબાઈને મુલાકાત આપી. એની બધી હકીકત પણ ધ્યાનમાં લીધી. આ મુલાકાત વખતે જેઠીબાઈ ધોળે દિવસે હાથમાં સળગતી મશાલ લઈને ગઈ હતી. કારણમાં એમ હતું કે પોર્ટુગીઝ સરકારના રાજ્યમાં ઘોર અંધકાર છે એટલે એને પ્રકાશની જરૂર છે.

આ પ્રયોગે ઉભય અધિકારીઓ પર ભારે અસર કરી. આ ઑફિસરોએ એ વખતની પોર્ટુગલની રાણી ડૉન લ્યૂઝાની મુલાકાતની સગવડ કરી આપી, એટલું જ નહિ પણ જેઠીબાઈની અરજ પર ખાસ લક્ષ્ય આપવાની ભલામણ પણ કરી દીધી.

પોર્ટુગલની રાણી અને જેઠીબાઈની મુલાકાત ઠીક ઠીક લાંબી ચાલી. ભારતની એક કાળા રંગની બાઈને મુલાકાત આપતી વખતે પોર્ટુગલની રાણીએ ખૂબ સૌજન્ય દાખવ્યું હતું. જેઠીબાઈએ હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની છાપેલી ઓઢણી રાણીને ભેટ કરી. ઓઢણીની અંદર મોટા અક્ષરે છાપેલી અરજી વાંચીને રાણી તો આશ્ચર્યમુગ્ધ બની ગઈ. અરજીની કરુણ કહાણીએ તેની આંખોમાં આંસુ આણી દીધાં. ખરેખર, એક સ્ત્રીના હૃદયને સ્ત્રીના હૃદય સિવાય બીજું કોણ પારખી શકે ?

રાણીએ જેઠીબાઈની કલામય કૃતિ અને હિંમત માટે ધન્યવાદ આપ્યા અને આભારની લાગણી વ્યક્ત કરી. ભારતમાં પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો તેણે પોતાના ખાસ ફરમાનથી રદ કરાવ્યો.

તે દિવસથી જેઠીબાઈની ઓઢણી - 'પાન-દ-જેઠી'નું નામ વિખ્યાત બની ગયું. આ ઓઢણીની ભાત સાથે જેઠીબાઈનું નામ પણ જોડવામાં આવ્યું. આ ભાત ભારતની એક અનોખી ભાત ગણાઈ.

રાણીની આજ્ઞાનો ઠરાવ એક તામ્રપત્ર પર કોતરવામાં આવ્યો. આ તામ્રપત્ર ઘણા માન અને દબદબા સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું.

એ ઉપરાંત જેઠીબાઈના માનમાં અઠવાડિયામાં એક દિવસ તેમના ઘર આગળ બેન્ડ વગાડવાનો હુકમ કરવામાં આવ્યો. જેઠીબાઈની જિંદગી સુધી આ કાર્યક્રમનો અમલ ચાલુ હતો. પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે જેઠીબાઈના માનમાં પોતાના માથા પરથી હેટ ઉતારી નાખતા.

કચ્છ-માંડવીનાં એક અભણ બાઈ-જેઠીબાઈ આ રીતે પોતાના ગજા ઉપરવટનું એક અદ્‌ભુત કાર્ય કરીને પોતાના નામને પ્રખ્યાત કરી ગયાં, અમર કરી ગયાં

**('કચ્છડો બારે માસ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**શાણપણ** ડહાપણ; **આપખુદી** આપખુદ વર્તન, સ્વેચ્છાચાર; **ઉત્પાત** ધાંધલ, તોફાન; **શમાવી દેવું** ટાઢું પાડવું, શાંત કરવું; **મમત** હઠ, જિદ; **ચાંચડ** એક જંતુ; **જાલિમ** જુલમ કરનારું; **સકંજો** (ગાળિયો) ભીંસ; **જુલમ** સિતમ, અત્યાચાર; **સાંગોપાંગ** પૂરેપૂરું; **માતબર** ભરપૂર, સમૃદ્ધ; **સૌજન્ય** સજ્જનતા, માણસાઈ; **ફરમાન** હુકમ, આદેશ

### વિરુદ્ધાર્થી શબ્દો

**અમાસ** × પૂનમ; **અંધકાર** × ઉજાસ; **અજ્ઞાની** × જ્ઞાની; **ભોળું** × લુચ્ચું; **શાંત** × અશાંત; **ન્યાય** × અન્યાય; **વિજય** × પરાજય; **નૈતિક** × અનૈતિક

## રૂઢિપ્રયોગ

**કાળજાને કોરી ખાવું** - દુઃખની અનુભૂતિ થવી; **ઊની આંચ આવવી** - દુઃખ કે તકલીફ આવવી; **બાજી બગડી જવી** - યોજના કે ગોઠવણ નિષ્ફળ જવી; **ધૂળમાં મળી જવું** - નાશ પામવું; **પ્રાણ પરવારી જવા** - મૃત્યુ થવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**કામ કઢાવી લેવાની કળા** - કુનેહ; **અંધારિયા પક્ષનો છેલ્લો દિવસ** - અમાસ; **કળા કારીગરીવાળો ઉદ્યોગ** - હુન્નર; **બહાદુર સ્ત્રી** - વીરાંગના

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) જેઠીબાઈનું મૂળ વતન કયું ?

(a) કચ્છ-માંડવી (b) કચ્છ-અંજાર (c) કચ્છ-ભૂજ (d) કચ્છ-મુંદ્રા

(2) જેઠીબાઈ અને તેમના પતિ શેનું કારખાનું ચલાવતાં હતાં ?

(a) હીરા ઉદ્યોગ (b) શણ ઉદ્યોગ (c) રંગાટ-વણાટકામ (d) ભરત-ગૂંથણકામ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) જેઠીબાઈએ કયા સ્થળે રંગાટ અને વણાટકામ ઊભું કર્યું હતું ?

(2) સૌરાષ્ટ્રમાં કયા સ્થળનું રંગાટકામ વખણાતું ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) જેઠીબાઈના કારખાનાનો માલ કયા-કયા દેશમાં જતો હતો ?

(2) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) પોર્ટુગલના પાદરીઓ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે કેવી રીતો અપનાવતા હતા ?

(2) ‘જેઠીબાઈ’નું પાત્રાલેખન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ‘સ્વાતંત્ર્યસેનાનીઓ’ની વેશભૂષા સ્પર્ધા ગોઠવવી.
- ગૌરવરૂપ સ્ત્રીઓનાં ચરિત્ર વર્ગખંડમાં સંભળાવો
- ભારતની વીરાંગનાઓના પ્રસંગો એકઠા કરી હસ્તલિખિત અંક તૈયાર કરો.
- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર સ્ત્રીપાત્રોનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

- વધુ ને વધુ વિકાસ થતો જતો હતો.
- પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી.

- <u>ઝડપી ગતિએ</u> ઘર મંડાવી દીધું.
- <u>દબદબા સાથે</u> જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું.

અહીં લીટી દોરેલ શબ્દો તેની પાછળ આપેલ ક્રિયા કેવી રીતે થઈ તે વર્ણવે છે. અર્થાત્ ક્રિયાના અર્થમાં ઉમેરો કરે છે. આમ, ક્રિયાના અર્થમાં ઉમેરો કરતાં શબ્દો ક્રિયાવિશેષણ તરીકે ઓળખાય છે તે સમજો. આપણે રોજિંદા જીવનમાં આવા શબ્દો વાપરીએ છીએ... જેમકે 'હું ઝડપથી દોડ્યો', મેં એને દૂરથી જોયો.' આવાં વાક્યોમાં પણ આપણે ક્રિયાવિશેષણરૂપે વાપરીએ છીએ. પાઠનાં અન્ય વાક્યો તપાસી ક્રિયાવિશેષણ ઓળખો.

- ''જેઠીમાનું રૂપ આજે રણચંડી જેવું બની ગયું હતું.''
- ''...તો આ સરકાર એને ચાંચડની માફક ચોળી નાખે...''

આ હકીકતને આ રીતે રજૂ કરવામાં આવે કે... 'જેઠીમા આજે ખૂબ ગુસ્સામાં દેખાતાં હતાં' અને 'સરકાર એને અન્યાય કરે' તો હકીકતનું આ સાવ સામાન્ય વર્ણન થયું ગણાય; પણ લેખકે તેને વધારે અસરકારક બનાવવા, ચોટદાર બનાવવા 'જેઠીમા'ને 'રણચંડી'ની ઉપમા આપી છે અને 'એને' (જેઠીમાને) ચાંચડની ઉપમા આપી છે. તથા સરકાર કેટલી તાકાતવાન છે તે બતાવ્યું છે. અલંકારના પ્રયોગથી વ્યક્તિ, ઘટના કે પ્રક્રિયા કેટલી પ્રત્યક્ષ બને છે, ચિત્રાત્મક બને છે, થોડામાં ઘણું સૂચવે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

- નારીશક્તિનું રૂપ છે. જેઠીબાઈ તેનું ઉદાહરણ છે તે પ્રસ્તુત પાઠને આધારે વિદ્યાર્થીઓને સમજાવવું. માલિક અને નોકર વચ્ચે ભેદભાવ રાખ્યા વિના પોતાના કારીગરના મૃત્યુને સુધારનાર જેઠીબાઈએ માનવતાની મિસાલ રજૂ કરી. એટલું જ નહિ, પોર્ટુગીઝોને કાયદામાં પરિવર્તન લાવવું પડે તેવા લાગણીસભર ઉપાયો કર્યા. કાયદો બદલાવી સન્માન પણ પ્રાપ્ત કર્યું. તે વિસ્તારથી સમજાવી સ્ત્રી ધારે તો શું શું કરી શકે તેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.
- ઝાંસીની રાણી જેવી વિરાંગનાઓના સંદર્ભો આપી વિદ્યાર્થીઓમાં સ્ત્રી સન્માનની ભાવના વધે તેવા પ્રયત્ન કરવા. 'સર્વધર્મ સમ, સર્વધર્મ મમ'ની ઉક્તિ મુજબ વિદ્યાર્થીઓને બધા ધર્મો પ્રત્યે સમાનભાવ, આદર અને સન્માન જાગે તે વિશે પણ ચર્ચા કરવી.

•

# 15 તે બેસે અહીં

**સ્નેહી પરમાર**

**(જન્મ : તા. 01-06-1971)**

સ્નેહી હરિભાઈ પરમારનું જન્મસ્થળ અમરેલી જિલ્લાનું સનાળિયા છે. તેઓ બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સરળ, બોલચાલની ભાષામાં લખાયેલી એમની ગઝલો ખૂબ જ લોકપ્રિય બની છે. 'પીડા પર્યંત', 'યદા તદા ગઝલ' તેમના ગઝલ સંગ્રહો છે.

કવિએ આ ગઝલમાં સભામાં, એટલે કે માનભર્યા સ્થાનમાં, બેસવાની લાયકાત શામાંથી મળે છે તેનું સુંદર વર્ણન કર્યું છે. બીજાને માટે સંવેદના, મોટા સ્થાન ઉપર પહોંચીએ ત્યારે પણ પોતાની લાયકાત વિશે સજાગ થઈ જાતને પૂછવું. યોગ્યતા ન લાગે તો સભામાંથી ઊઠી જવું એનાં નિખાલસ ચિત્રો કવિએ અલગ અલગ શેરમાં રજૂ કર્યાં છે. આ રીતે મનુષ્યના મહિમાનો આધાર વર્ણવ્યો છે. પ્રશ્નો અને તેના ઉત્તરો દ્વારા કવિએ જાણે જાત-તપાસ રજૂ કરી છે. દરેક મનુષ્યે જાતને પૂછવા જેવા આ પ્રશ્નો છે એમ પણ સૂચવાય છે.

---

કોઈનું પણ આંસુ લૂછ્યું હોય, તે બેસે અહીં
ને પછી છાતીમાં દુખ્યું હોય, તે બેસે અહીં.

સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં
કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય, તે બેસે અહીં.

હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહિ
કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં.

એટલો લાયક ખરો કે હું અહીં બેસી શકું ?
એટલું પોતાને પૂછ્યું હોય તે બેસે અહીં

જે ક્ષણે પોતાને પૂછ્યું હોયની બીજી ક્ષણે
આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં.

**('યદા તદા ગઝલ'માંથી)**

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**સૂર્ય** ભાસ્કર, રવિ, આદિત્ય; **હાથ** હસ્ત, કર, પાણિ; **ચરણ** પગ **ક્ષણ** પળ, ઘડી

#### વિરુદ્ધાર્થી શબ્દો

**લાયક** × ગેરલાયક; **ઊઠવું** × બેસવું

#### રૂઢિપ્રયોગ

**આંસુ-લૂછવું** - દુઃખ દૂર કરવું; **સૂર્ય તપવો** - પ્રગતિના શિખર પર હોવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'સૂર્ય તપતો હોય એનો મધ્યમાં'નો અર્થ....

(a) વૈશાખ મહિનાનો સૂર્ય (b) લાલ ધગધગતો ગોળો

(c) પ્રગતિની ટોચે હોવું (d) સૂર્ય અને ચન્દ્રની મધ્યમાં

(2) કવિ કઈ રીતે આપેલ દાનને ઉત્તમ માને છે ?

(a) ગુપ્ત રીતે દાન આપ્યું હોય (b) હાથથી દાન આપ્યું હોય

(c) દાનની ખૂબ જ જાહેરાત કરી હોય (d) દાન આપ્યું જ ન હોય

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) માણસની નમ્રતા કવિએ કઈ પંક્તિ દ્વારા દર્શાવી છે ?

(2) કવિએ સભામાં બેસવા માટેની લાયકાત કઈ ગણાવી છે?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બીજાના દુઃખે દુઃખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે ?

(2) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) માણસની સભાપાત્રતાની યોગ્યતા ગઝલને આધારે સમજાવો.

(2) અંતિમ બે શેરને આધારે આત્મનિરીક્ષણ અને પ્રામાણિકતા સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પ્રાર્થનાસભામાં મુશાયરાનો કાર્યક્રમ રાખો.
- આ ગઝલનું ભાવવાહી પઠન કરો.
- ગુજરાતના જાણીતા ગઝલકારોની ગઝલો સાંભળો.
- નેટ પરથી ગુજરાતી ગઝલો ડાઉનલોડ કરી સાંભળો.

## ભાષા-અભિવ્યક્તિ

ગઝલની બે પંક્તિઓ મળી એક 'શેર' બને છે. અહીં પ્રથમ શેરમાં અને ત્યારબાદ દરેક શેરના અંતમાં 'હોય, તે બેસે અહીં' શબ્દો એકસરખી રીતે વપરાયા છે. આ શબ્દો 'રદીફ' તરીકે ઓળખાય છે. આ શબ્દોની આગળ 'લૂછ્યું, 'દુખ્યું, 'ઝૂક્યું, 'પૂછ્યું', 'ઊઠ્યું' પ્રાસસભર રીતે ગોઠવાયા છે. આ શબ્દો ગઝલમાં 'કાફિયા' તરીકે ઓળખાય છે તે ધ્યાનમાં લો. વળી 'તે બેસે અહીં'ના પાંચ અક્ષરના રદીફમાં કવિએ કેટકેટલા અર્થો ભરી દીધા છે, અર્થની શક્યતાઓ ચીંધી છે તે પણ સમજો.

''જે ક્ષણે પોતાને પૂછ્યું હોયની બીજી ક્ષણે,

આ સભામાંથી જે ઊઠ્યું હોય તે બેસે અહીં.''

પાત્રતા હોય તે બેસે અહીં-એ ભાવના દૃઢીકરણ પછી કવિ અંતિમ શેરમાં ભાવપલટો કરાવે છે. કવિ કહે છે પોતાને

પૂછ્યા બાદ જે ઊઠી ગયું હોય (!) તે બેસે અહીં ! આ વિરોધાભાસને સમજો અને માણો.

કોઈ વાર સર્જક બે ભિન્ન ભિન્ન સ્થિતિ કે મનોભાવને પડખેપડખે મૂકીને કેવું કામ લેતા હોય છે તે આ ગઝલને આધારે સમજો.

## શિક્ષકની ભૂમિકા

- શિક્ષકે વિદ્યાર્થીઓને રદીફ અને કાફિયા આપીને તેને આધારે શેર બનાવવાનું કહેવું.
- સુકૃત (સારાં કર્મો) કર્યાં હોય તે દરેક સ્થળે ઉત્તમ સ્થાન પામે છે. તે માટે પરોપકારી, સહૃદયી, નમ્ર, દાની, સ્વદર્શની, વિવેકી અને સજ્જન બનવું જરૂરી છે. પોતાની જાતને સભાપાત્ર બનાવવા માટે, ગૌરવભર્યા સ્થાને બેસવાના હકદાર બનાવવા માટે ઉપર્યુક્ત ગુણો વ્યક્તિમાં વિકસે તે અનિવાર્ય છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી
- ‘પથ્થર થરથર ધ્રૂજે’ જેવા કાવ્યનો સંદર્ભ આપી પ્રસ્તુત કાવ્યના ભાવ સાથે તુલના કરવી.

•

# વ્યાકરણ

## એકમ 5 | વિરામચિહ્નો, વાર્તાલેખન

### વિરામ ચિહ્નો

મિત્રો, તમે વિરામચિહ્નો વિશે અભ્યાસ કર્યો છે. તમે કૃતિ, લેખ આદિમાંથી પસાર થતાં વિરામચિહ્નો વાંચતાં જ હશો. કદાચ બધાં ચિહ્નો નહીં જોતાં હોવ તો પણ પૂર્ણવિરામ, પ્રશ્નાર્થચિહ્ન, ઉદ્ગારચિહ્ન, અલ્પવિરામ, અવતરણચિહ્ન આદિ તો જોતાં જ હશો. કારણ કે તમે આ ચિહ્નો યોગ્ય રીતે વાંચો તો જ કૃતિને યોગ્ય રીતે વાંચી કે સમજી શકો. જેમકે, ‘મારું ગામ’ પાઠ વાંચતા હોવ અને -

(અ) સરાણિયા આવતા, રહેતા અને જતા.

(બ) સરાણિયા આવતા રહેતા અને જતા.

કૃતિમાં વાક્ય (અ) છે. પણ જો તમે (બ)ની જેમ વાંચો તો ? અર્થ જ બદલાઈ જાય ને ! તો અહીં એ જ વિરામચિહ્નોને ફરીથી જોઈએ, જેનાથી તમે સારી રીતે વાકેફ છો (1) પૂર્ણવિરામ, (2) પ્રશ્નાર્થચિહ્ન (3) ઉદ્ગારચિહ્ન (4) અલ્પવિરામ, (5) અવતરણચિહ્ન. આ ચિહ્નો ધરાવતાં વાક્યો જોઈએ.

1. પૂર્ણવિરામ (.)

(1) આ શબ્દો પવનપાવડી બની જાય છે મારે માટે જાણે.

(2) આ તામ્રપત્ર ઘણાં માન અને દબદબા સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું.

(3) રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાશીએ ચડ્યો.

(4) એ આ મેલાઘેલા માણસે સાધ્ય કરેલા સૂરશક્તિની જ બલિહારી હતી.

(5) રમઝુનું મન વારેવારે પુત્રી વિદાયના પ્રસંગ પર જ આવીને અટકતું હતું.

2. પ્રશ્નાર્થચિહ્ન (?)

(1) દુનિયાની લાંબામાં લાંબી નદી કઈ ?

(2) બાને રીસ તો નહિ ચડી હોય ને ?

(3) આંખ ફૂટી ગઈ કે શું ?

(4) દીપક, હવે તને કેમ લાગે છે ?

(5) રામાના સુંદરને છોડ્યો કે નહીં ?

3. ઉદ્ગારચિહ્ન (!)

(1) મારું ગામ કોઈ ડુંગરાની તળેટીમાં હોત તો કેવું !

(2) કચ્છી ભરવાડની જેમ ઊંટ ઉપર આખું ઘર લઈને ભટકવા મળે તો !

(3) મારું જીવન અંજલિ થાજો !

(4) કંસના વધનું કાર્ય આરંભતા શ્રીકૃષ્ણનો ઉત્સાહ કેવો હશે !

(5) તાવ તો વધતો જ જાય છે !

4. અલ્પવિપરામ (,)

(1) સવાર પડે, બપોર પડે, સાંજ આથમે અને ગહન અંધારામાં ગાડી જતી હોય.

(2) બસ, ટ્રક, વિમાન બધાંયની ગતિ આકર્ષતી રહી છે.

(3) એમની આંખ સામે તો વાતેવાતમાં છણકા કરતી, આંખમાંથી અગનતણખા વેરતી, ખોટેખોટાં રૂસણાં લેતી, વળી પાછી પતિના પ્રેમોપચારે રીઝી જતી, અજબ નટખટ ને નખરાળી નવોઢા રમી રહી હતી.

(4) પ્રાકૃતજનોને આ શરણાઈની સૂરાવલિ સમજાય કે ન સમજાય, પણ મંત્રમુગ્ધ બનીને ડોલી ઊઠે.

(5) ગાડીમાં બારી પાસે બેસી ગામ, ખેતર, નદી, નગર જોયાં છે.

5. અવતરણચિહ્ન (‘ ’ / “ ”)

અવતરણચિહ્ન બે પ્રકારનાં હોય છે. એકવડાં અને બેવડાં, જ્યારે કોઈ કૃતિ, તખલ્લુસ કે કોઈ વિશેષ શબ્દોનો નિર્દેશ કરવો હોય ત્યારે એકવડાં અવતરણ પ્રયોજાય છે. જેમકે,

- ‘અખાના છપ્પા’, ‘અખેગીતા’, ‘અનુભવબિંદુ’ વગેરે અખાની પ્રખ્યાત કૃતિઓ છે. તેઓ મધ્યકાલીન સાહિત્યમાં ‘જ્ઞાનના ગરવા વડલા’ તરીકે જાણીતા છે.
- નટવરલાલ કુબેરદાસ પંડ્યાએ ‘ઉશનસ્’ના તખલ્લુસથી સાહિત્યસર્જન કર્યું છે.

સામાન્ય રીતે કોઈ ઉક્તિ, સંવાદ દર્શાવવા હોય ત્યારે તે બેવડાં અવતરણમાં દર્શાવાય છે. જેમકે,

- ઘોડાવાળો ધ્રુજતો આવ્યો. ‘‘હજૂર, ધીરજકાકા ઉસકી માપણી કર રહે હૈ.’’

જો કે, તેના વિકલ્પે એકવડાં અવતરણચિહ્નમાં પણ સંવાદ લખાય છે. જેમકે,

- એક ઉતારુ બોલ્યો કે, ‘વહેમ, ઈમ કાંઈ સોકરાં જીવે સે ?’

આ ચિહ્નનાં કેટલાંક ઉદાહરણ નીચે મુજબ છે.

(1) ‘‘હાલો, મીર હાલો, ઝટ વહેતા થાવ’’

(2) તેમની પ્રથમ નવલકથા ‘પાટણની પ્રભુતા’, ‘ઘનશ્યામ’ ઉપનામથી પ્રગટ થઈ હતી.

(3) ‘ભગવાન કોલ્ડ્રીંક હાઉસ’માંથી બરફ લઈ એ દોડાદોડ ઘરે પહોંચતો.

(4) ‘‘બલાઈ તું કેવી ગાંડા જેવી વાત કરે છે !’’

(5) ‘‘શ્રી મોહમયીની બે મૂલ્યપત્રિકા આપો.’’

વિરામચિહ્નો સ્પષ્ટ થઈ ગયાં છે ને ! ચાલો, એક સ્વાધ્યાય કરીએ ?

નીચેનાં વાક્યો વાંચો અને યોગ્ય સ્થાને યોગ્ય વિરામચિહ્ન મૂકો.

(1) મારા એ ગામના પાદરમાં થઈને એક નદી વહેતી હોત તો કેવું સારું.

(2) સવાર પડે બપોર પડે સાંજ આથમે અને ગહન અંધારામાં ગાડી જતી હોય.

(3) બરફનો ગાંગડો લાવ્યો છે કે ગાંગડી

(4) એક તો બીકાળો મારગ ને ભેગું જરજોખમ

(5) જેઠીબાઈએ છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકી

કયાં ચિહ્નો વાક્યાંતે આવે અને કયાં ચિહ્નો વચ્ચે આવે તે તો યાદ હશે જ ! ચિહ્નો સાથે આ વાક્યો ફરીથી જોઈએ.

(1) મારા એ ગામના પાદરમાં થઈને એક નદી વહેતી હોત તો કેવું સારું !

(2) સવાર પડે, બપોર પડે, સાંજ આથમે અને ગહન અંધારામાં ગાડી જતી હોય.

(3) બરફનો ગાંગડો લાવ્યો છે કે ગાંગડી ?

(4) ''એક તો બીકાળો મારગ ને ભેગું જરજોખમ...''

(5) જેઠીબાઈએ છાપેલી ઓઢણી સુંદર કિનખાબની થેલીમાં મૂકી.

## લેખનકૌશલ

ભાષાસજ્જતા કેળવવી એટલે યોગ્ય અભિવ્યક્તિક્ષમતા કેળવવી. કઈ ભાષમાં તમારી કેટલી હથોટી કેળવાઈ છે તે પ્રશ્નોત્તર કરતાં લેખનવિભાગમાં વધુ જોઈ શકાય. તમે જ્યારે નિબંધ લખો છો ત્યારે તમારા વિચાર કે અનુભૂતિને તમે અન્ય વાચક સુધી યોગ્ય રીતે પહોંચી શકે તે રીતે મૂકી શકો છો કે કેમ, તેનો ખ્યાલ આવે છે. અહીં તમારા વિચારોને તમે તર્કબદ્ધ ક્રમમાં સચોટ અને ચુસ્ત રીતે મૂકી શકો તેવી સજ્જતા અપેક્ષિત છે. તો અહેવાલ લેખનમાં તમે ઘટના કે કાર્યક્રમનો, તમારી અંગત અનુભૂતિને વચ્ચે લાવ્યા વિના, યથાતથ ચિતાર આપતા શીખો છો. અર્થવિસ્તાર અને સંક્ષેપીકરણ તમારી કલમની સજ્જતાનું સ્તર કેળવે છે. અર્થવિસ્તારમાં તમે એક બુંદ જેવા વિચારને સાગરની જેમ વિસ્તારતા શીખો તેનું મહત્ત્વ છે. તમે ચિંતનાત્મક અભિગમ અને સહજ વહેતી પ્રવાહી ભાષામાં એ વિચારને ખોલવાની અને આલેખવાની કેળવણી મેળવો છો. તો સંક્ષેપીકરણ તેનાથી તદ્દન વિપરીત દિશામાં લઈ જાય છે. વિસ્તારથી કહેવાયેલી વિગતનો મર્મ તમે પામી શક્યા છો કે કેમ તે સમજવાનું છે. એ મર્મને ઓછા અને સચોટ શબ્દમાં તમે મૂકી શકો છો કે કેમ - તે શીખવાનું છે. અને આ બધાથી જુદી દિશામાં લઈ જાય છે વાર્તાલેખન. કલ્પનાનો સ્વૈરવિહાર, વાચક અને શ્રોતાને રસતરબોળ કરતાં શીખવું તે વાર્તાલેખન.

અર્થાત. કોઈ પણ વિચાર કે વાતને ટૂંકમાં કહેવી કે વિસ્તારથી કહેવી, અંગત અનુભૂતિ સાથે સ્વૈરવિહાર સાથે આલેખવી કે તદ્દન પર રહીને માહિતીલક્ષી જ આલેખન કરવું - આ શીખવું તે લેખનકૌશલ. આ લેખનકૌશલના વિભાગમાં તમારી ભાષાસજ્જતાની કેળવણી અપેક્ષિત છે. ભાષા સજ્જતા કેળવવાય તે જ તમારો ખરો ભાષા અભ્યાસ.

## વાર્તાલેખન

વાર્તા ! આબાલવૃદ્ધ સહુને પ્રિય શબ્દ ! અચાનક તમને શિક્ષક વર્ગમાં આવીને કહે કે ''આજે હું તમને એક વાર્તા કહીશ.'' તો કેવી મઝા પડી જાય ! તો તમારે કોઈને વાર્તા કહેવાની હોય તો ? વાર્તાકથનમાં સહુથી મહત્ત્વની બાબત છે તેમાં પડતો રસ. તમે વિવિધ વાક્યરચનાઓ, વિશેષણ બધું શીખ્યા છો. તેનો ઉપયોગ કરવાનો છે વાર્તાલેખનમાં, આમાં નિબંધ કે અર્થવિસ્તાર જેવી ચુસ્તી નથી. આમાં છે કલ્પનાનો વિહાર. સાંભળનારના મનને સ્પર્શી જાય તેવું મનોરમ, મનોહર કથન.

સામાન્ય રીતે તમને જે મુદ્દાઓ આપ્યા હોય તેને માત્ર વાક્યમાં મૂકવાથી પણ વાર્તા થઈ શકે છે. પણ તમે એ મુદ્દાઓને કેવી રીતે બહેલાવી શકો છો તે મહત્ત્વનું છે. ઉદાહરણ દ્વારા સમજીએ. તમારી વાર્તા કોઈ કંજૂસ શેઠ વિશે છે. તો કંજૂસ શેઠ વિશે, તેમની કંજૂસાઈ વિશે તમે કેવી રીતે આલેખન કરો તે વિચારો.

**નમૂનો - 1**

એક ગામ હતું. ત્યાં એક શેઠ રહેતા હતા. તેઓ ખૂબ કંજૂસ હતા. તેથી કોઈ તેમને પસંદ કરતું નહીં.

હવે તમે આ જ વાત કાંઈક આમ લખો :

**નમૂનો - 2**

ઘણાં વર્ષો પહેલાંની એક વાત છે. પહાડોની ગોદમાં, ખળખળ વહેતી નદીના કિનારે એક નાનકડું રળિયામણું ગામ વસેલું હતું. એક નાનકડું ગામ. કુદરતના ખોળે વસેલું નાનકડું ગામ. ગામના બધા પરિવારો પૈસે-ટકે સામાન્ય હતા. પરંતુ તેમનામાં એકતા હતી. સહુ સુખદુઃખમાં એક બીજાની પડખે ઊભા રહેતા, મદદ કરતા અને હળીમળીને જીવતા.

એ ગામમાં એક શેઠ પણ રહેતા હતા. તેમની પાસે ખૂબ સંપત્તિ હતી. તેમની પાસે ખૂબ જમીન હતી. તેથી તે લોકોને પોતાને ત્યાં મજૂરીએ બોલાવતા. તેમનાં ખેતરો મોટાં હોવાથી પાક પણ ખૂબ ઉતરતો. તેમની પાસે ગાડાં પણ હતાં. તેથી તે પોતાનો પાક દૂર શહેરમાં વેચવા મોકલી શકતા. તેથી તેમને ભાવ પણ સારો મળતો અને અન્ય કરતાં તેમને પાકની આવક પણ વધારે થતી. તેમનું ઘર પણ મહેલ જેવું મોટું હતું. પણ... તેમનું મન ખૂબ સાંકડું હતું.

આવક તો ખૂબ હતી પણ પૈસો ખરચતાં તેમનો જીવ નીકળી જતો. એક વાર નોકરે શેઠને ચા આપી. શેઠની નજર ચાના કપ પર પડી. તેમણે જોયું કે ચામાં માખી પડી છે. તરત જ શેઠે ચામાંથી માખી કાઢી. એમને લાગ્યું કે માખીની પાખોમાં ચા ભરાઈ ગઈ છે. એટલે એમણે માખીને દબાવી, નીચોવીને માખીને ફેંકી દીધી અને પછી આરામથી ઘૂંટડે ઘૂંટડે ચા પીવા લાગ્યા...

હવે, તમે વિચારો કે નમૂનો - 1 વાંચવો સારો લાગ્યો કે નમૂનો - 2 ? કદાચ તમને લખવાનો કંટાળો આવતો હોય એવું બને પણ 'વાર્તા' તો વાર્તા હોવી જોઈએ ને ! વાંચનારને વાંચવાનો કે સાંભળનારને સાંભળવાની મઝા તો પડવી જોઈએ ને !

અહીં તમને કેટલાક મુદ્દાઓ આપ્યા છે. તમે વાર્તા લખવાની કોશિશ કરી જુઓ. તેમાં રસ જળવાવો જોઈએ તેનું ધ્યાન રાખજો.

(1) એક કંજૂસ - વાડામાં રૂપિયા દાટવા - દરરોજ રાતે રૂપિયા ગણવા - ચોરનું જોઈ જવું - રૂપિયા કાઢી લેવા અને કાંકરા મૂકવા - કંજૂસને જાણ - માથું કૂટવું - પાડોશીનું મહેણું ''હવે કાંકરા ગણજે'' - બોધ

(2) એક સાંકડો પુલ-બે કૂતરાંઓનું સામસામું આવવું - બંને ઝઘડાળુ - બંનેનું ઝઘડવું - નદીમાં પડવું - એ જ પુલ પરથી બે બકરીઓનું સામસામું આવવું - બંને સમજદાર - એક બકરીનું બેસવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું - બોધ.

મિત્રો, હવે તમે વાર્તાલેખનનો મહાવરો કરજો.

•

# 16 પ્રાણનો મિત્ર

**રવીન્દ્રનાથ ટાગોર**

**(જન્મ : તા. 07-05-1861; અવસાન : તા. 07-08-1941)**

રવીન્દ્રનાથ દેવેન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકાતામાં થયો હતો. તેમણે કાવ્ય, વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર લેખો અને નિબંધો દ્વારા બંગાળી સાહિત્યમાં વિપુલ અને સમૃદ્ધ સર્જન કર્યું છે. 'પોસ્ટમાસ્તર', 'કાબુલીવાલા', 'દીદી', 'નષ્ટનીડ', 'ક્ષુધિત પાષાણ' એમની ઉત્તમ વાર્તાઓ છે. 'ઘરે બાહિરે' અને 'ગોરા' તેમની વિશ્વવિખ્યાત નવલકથાઓ છે. 'માનસી', 'ચિત્રા', 'ચૈતાલી', 'બલાકા' એમના ઉત્તમ કાવ્યસંગ્રહો છે. એમનું સર્જન ગુજરાતીમાં તથા અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદ રૂપે સુલભ છે. 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ માટે તેમને વિશ્વવિખ્યાત 'નોબેલ પારિતોષિક' પ્રાપ્ત થયું હતું. ગુજરાતી ભાષાના અધ્યાપક અને વિવેચક પ્રસાદ બ્રહ્મભટ્ટે 'બલાઈ'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

વૃક્ષો દ્વારા પ્રકૃતિ પ્રત્યે સ્વજન જેવી ઊંડી લાગણી અનુભવતા છોકરા બલાઈનું, વૃક્ષ કપાઈ જાય છે ત્યારે પ્રાણ કાંઈક ગુમાવી દે છે એવું હૃદયંગમ આલેખન રવીન્દ્રનાથે આ વાર્તામાં કર્યું છે. વૃક્ષો અને પુષ્પો સાથેના બલાઈના હૃદયસંબંધનું ચિત્ર નિરાળું છે. સાવ નાની જણાતી વિગતો પણ વાર્તાના ઘડતરમાં કેવો ફાળો આપે છે તે દૃષ્ટિએ પણ આ વાર્તા નોંધપાત્ર છે. બલાઈ સીમલાથી પોતાના પ્રિય વૃક્ષની તસવીર મંગાવે છે ત્યારે સમજાય છે કે કેવળ એક વૃક્ષ નથી કપાયું, કાકીએ તો બલાઈ પણ ગુમાવ્યો છે. કાકીનાં ડૂસકાં સાથે પૂરી થતી વાર્તામાં સંબંધોની સૂક્ષ્મતા વેધક રીતે પ્રગટ થઈ છે. ગદ્ય સ્વરૂપે જાણે ઊર્મિકાવ્ય હોય તેવી ટાગોરે આ વાર્તાની માવજત કરી છે.

---

મૂળ સ્વરો જ પ્રબળ બની ગયા છે. ઝમઝમ વરસાદ પડે છે. તેનું આખું શરીર જાણે વરસાદનો ધ્વનિ સાંભળે છે. અગાશીમાં સાંજનો તડકો પડ્યો છે, તેમાં એ ઉઘાડા ડિલે ફરે છે, સમસ્ત આકાશમાંથી જાણે તે કંઈક એકઠું કરી રહ્યો છે. તેને એકલા બેઠા બેઠા પોતાના મન સાથે વાતો કરવાની ઈચ્છા થાય છે.

હું એકવાર તેને પહાડ પર લઈ ગયો હતો. અમારા ઘર સામે લીલું ભરાવદાર ઘાસ પહાડના ઢોળાવ પરથી તળેટી સુધી પથરાયેલું હતું, એ જોઈને તેનું મન પ્રસન્ન થઈ ગયું હતું. એને મન તો ઘાસનો પુંજ ઘાસની ગબડવાની રમત છે, બસ ગબડ્યા કરે છે. એટલે તે પોતે પણ એ ઢોળાવ પર ગબડે છે. આખું શરીર ઘાસ ઘાસ થઈ જાય છે - ગબડતાં ગબડતાં ઘાસના તણખલામાંથી તેની ડોકમાં ગલીપચી થાય છે અને તે ખડખડાટ હસી પડે છે !

કોઈ છોડનું ફૂલ તોડતું તો તેને ખૂબ લાગી આવતું. બીજા કોઈની પાસે તેની આ લાગણીનો કશો અર્થ નથી એ તે સમજતો હતો. એટલા માટે તે વ્યથા છુપાવવાનો પ્રયાસ કરતો. તેની ઉંમરના છોકરા ઝાડ પર પથરા ફેંકીને કાતરા પાડતા, તે કશું બોલી શકતો નહિ. ત્યાંથી મોં ફેરવી ચાલ્યો જતો.

મજૂરો જે દિવસે ઘાસ કાપવા આવતા એ તેનો સૌથી વધુ દુઃખનો દિવસ બનતો; કેમકે ઘાસની ભીતર ફરી ફરીને તેણે જોયું હતું - નાનકડી લતાઓ, જાંબલી, પીળાં, અનામી ફૂલો, પક્ષીઓએ ખાધેલી લિંબોળીઓના ઠળિયા પડીને ક્યાંક ઊગી નીકળ્યા છે, કેવાં સુંદર છે તેનાં પર્ણ ! આ બધું જ નિષ્ઠુર દાતરડા વડે કપાઈ જશે. તેમની ફરિયાદ સાંભળનાર કોઈ નથી.

કોઈ કોઈ દિવસ તે તેની કાકીના ખોળામાં આવી બેસતો અને તેને ગળે વળગી પડી કહેતો, ''પેલા મજૂરોને કહો ને, મારાં આ વૃક્ષો ન કાપે!''

કાકી કહેતી, ''બલાઈ, તું કેવી ગાંડા જેવી વાત કરે છે ! આ બધું તો જંગલ છે, એ સાફ કર્યા વિના ચાલશે કેવી રીતે ?''

બલાઈ ઘણા દિવસોથી સમજી ગયો હતો કે કેટલાંક દુઃખ એવાં હતાં જે સંપૂર્ણપણે તેણે એકલાએ જ સહેવાનાં હતાં, તેની ચારે બાજુના માણસો પર તેની કોઈ અસર થતી ન હતી.

એક દિવસ સવારે હું ધ્યાનપૂર્વક સમાચારપત્ર વાંચતો હતો એવામાં બલાઈ મને બગીચામાં ખેંચી ગયો. એક જગ્યાએ એક છોડ દેખાડી મને તેણે પૂછ્યું, ''કાકા, આ કયું વૃક્ષ છે ?''

મે જોયું તો એક શીમળાના વૃક્ષનો અંકુર બગીચાના રસ્તાની વચમાં જ ફૂટી નીકળ્યો હતો.

હાય, બલાઈએ મને બોલાવી જવામાં ભૂલ કરી હતી ! આનો પ્રથમ અંકુર જેવો ફૂટ્યો તેવો જ બલાઈની નજરે પડ્યો. તે

પછી દરરોજ બલાઈ પોતાના હાથે તેને થોડું થોડું પાણી પાતો હતો અને સવાર-સાંજ છોડ કેટલો વધ્યો તેની વ્યાકુળ બની તપાસ કરતો. શીમળાનું વૃક્ષ ઝડપથી ઊગે છે, પણ બલાઈના ઉત્સાહને તે કેવી રીતે આંબી શકે ? છોડ જ્યારે બે હાથ ઊંચો થયો ત્યારે તેની પર્ણસમૃદ્ધિ જોઈ તે વિચારવા લાગ્યો કે આ કોઈ અદ્ભુત વૃક્ષ છે, બલાઈએ કલ્પેલું કે હું પણ આભો બની જઈશ.

મેં કહ્યું, ''માળીને કહેવું પડશે, એને ઉખાડીને ફેંકી દેશે.''

બલાઈ ચમકી ઊઠ્યો. આ કેવી ભયાનક વાત ! તે બોલ્યો, ''ના, કાકા, તમારા પગે પડું, તેને ઉખાડી નાખશો નહિ.''

મેં કહ્યું, ''તું શું બોલે છે એનું તને ભાન નથી. એકદમ રસ્તાની વચ્ચોવચ ઊગ્યું છે, મોટું થતાં ચારે બાજુ ઘટા ફેલાવી પરેશાન કરી મૂકશે.''

મારી પાસે જ્યારે એનું કંઈ ઊપજ્યું નહિ ત્યારે એ નમાયો છોકરો તેની કાકી પાસે ગયો, તેના ખોળામાં બેસી તેના ગળે વળગી ધ્રુસકે ધ્રુસકે રડતાં એ બોલ્યો, ''કાકી, તમે કાકાને રોકો, કહો કે ઝાડ ન કાપે.''

તેણે યોગ્ય ઉપાય કર્યો હતો. તેની કાકીએ મને બોલાવી કહ્યું. ''અરે, સાંભળો છો કે ? એનું ઝાડ રહેવા દેજો.''

રહેવા દીધું. હકીકતમાં બલાઈએ મને બતાવ્યું ન હોત તો સંભવતઃ મને તેનો ખ્યાલે ન આવત. પરંતુ હવે તે રોજ મારી આંખમાં આવતું. વરસ દહાડામાં તો ઝાડ નિર્લજ્જની જેમ ખૂબ વધી ગયું. બલાઈને બધાં વૃક્ષો કરતાં આ વૃક્ષ પર જ સૌથી વધુ લાગણી હતી.

દરરોજ મને ઝાડ મૂઢ જેવું લાગતું. ખોટી જગ્યાએ આવીને ઊભું હતું, એકદમ લાંબુ-પહોળું થઈ ગયું હતું. જે જોતું એ વિચારતું, આ અહીં શા માટે ? ફરી બે-ચાર વાર તેને મૃત્યુદંડ દેવાની દરખાસ્ત કરી. બલાઈને મેં લાલચ આપી કે એના બદલામાં હું તને ગુલાબના કેટલાક ખૂબ સુંદર છોડ લાવી આપીશ.

મેં એમ પણ કહ્યું, ''તને જો શીમળાનું વૃક્ષ જ પસંદ હોય તો એનો એક રોપો લાવી હું વડ પાસે રોપાવું. સુંદર લાગશે.''

પરંતુ કાપવાનું નામ દેતાં તે ફફડી ઊઠતો અને તેની કાકી કહેતી, ''રહેવા દો ને. એવું શું ખરાબ લાગે છે ?''

મારી ભાભીનું અવસાન થયું ત્યારે આ છોકરો ધાવણો હતો. ધારું છું કે એ શોક ભૂલવા મોટાભાઈ એન્જિનિયરિંગના અભ્યાસ અર્થે વિલાયત ગયા. છોકરો અમારા નિઃસંતાન ઘરમાં કાકીના ખોળામાં ઊછરીને મોટો થયો. દસેક વરસ પછી મોટાભાઈ પાછા આવ્યા ત્યારે બલાઈને વિલાયતી ઢબે શિક્ષણ આપવા પહેલાં તો સિમલા લઈ ગયા તે પછી વિલાયત લઈ જવાની વાત હતી.

રડતો રડતો બલાઈ કાકીનો ખોળો છોડી ચાલ્યો ગયો. અમારું ઘર ખાલી થઈ ગયું.

તે પછી બે વરસ વીતી ગયાં. આ દરમિયાન બલાઈની કાકી એકાંતમાં આંસુ સારતી અને બલાઈના સૂવાના ખાલી ઓરડામાં જઈ તેનાં તૂટેલાં જૂતાં, તેનો ફાટેલો રબરનો દડો અને જાનવરોની વાર્તાઓવાળી સચિત્ર ચોપડી રમાડ્યા કરતી અને હવે તો આ બધાં રમકડાં છોડીને ગયેલો બલાઈ ખૂબ મોટો થઈ ગયો હશે એવા વિચારો બેઠાં બેઠાં કરતી.

એક દિવસે મેં જોયું તો પેલું શીમળાનું ઝાડ ખૂબ મોટું થઈ ગયું હતું. એટલું મોટું કે તેને હવે આશ્રય આપી શકાય નહિ, એક દિવસ મેં તે કપાવી નાખ્યું.

એવામાં સિમલાથી બલાઈએ તેની કાકીને એક પત્ર લખ્યો, ''કાકી, મારા પેલા શીમળાના વૃક્ષનો એક ફોટોગ્રાફ મને મોકલી આપજો.''

વિલાયત જતાં પૂર્વે બલાઈ એક વાર મને મળવા આવશે એવી વાત થઈ હતી, પણ હવે તે આવવાનો ન હતો તેથી બલાઈ પોતાના મિત્રનો ફોટો સાથે લઈ જવા ઇચ્છતો હતો.

તેની કાકીએ મને બોલાવી કહ્યું, ''એ કંઈ સાંભળો છો ? કોઈ ફોટોગ્રાફરને બોલાવી લાવો.''

મેં પૂછ્યું, ''શા માટે ?''

બલાઈનો કાચા અક્ષરે લખેલો પત્ર તેણે મને વાંચવા આપ્યો.

મેં કહ્યું, ''એ વૃક્ષ તો કપાઈ ગયું છે !''

બલાઈની કાકીએ બે દિવસ અન્નનો દાણો મોંમાં નાખ્યો નહિ અને ઘણા દિવસ સુધી મારી સાથે વાત સુધ્ધાં ન કરી. બલાઈના પિતા તેને તેના ખોળામાંથી લઈ ગયા તે જાણે તેની નસ કપાયા જેવું થયું હતું અને તેના કાકાએ બલાઈનું પ્રિય વૃક્ષ સદાને માટે દૂર કર્યું તેથી જાણે તેનો સમગ્ર સંસાર મિથ્યા બની ગયો અને તેના હૃદયમાં ફરીથી ઘા થયો.

એ વૃક્ષ તેના બલાઈનું પ્રતિરૂપ, તેના પ્રાણનું મિત્ર.

('ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ'માંથી)

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ઉપસંહાર** સારરૂપે આટોપી લેવું; **પદાર્થ** વસ્તુ, દ્રવ્ય; **અરણ્ય** જંગલ, વન; **ધ્વનિ** સ્વર, નાદ; **સ્મૃતિ** સ્મરણ, યાદ; **પ્રસન્ન** આનંદિત, ખુશખુશાલ; **પ્રલાપ** અસંગત બબડાટ; **પ્રકૃતિ** સ્વભાવ; **નવાંકુર** નવો ફણગો; **વયસ્યભાવ** મિત્રતા, મિત્રભાવ; **બકુલવૃક્ષ** બોરસલીનું ઝાડ; **દ્યુલોક** સ્વર્ગ; **બલાઈ** પાત્રનું બંગાળી નામ; **ધાત્રી** પાલન કરનાર; **પૂંજ** ઢગલો; **ભીતર** અંદરની બાજુએ.

### વિરુદ્ધાર્થી શબ્દો

**ભીતર** × બહાર; **નિષ્ઠુર** × દયાળુ; **જન્મ** × મરણ; **ધ્યાન** × બેધ્યાન;

### રૂઢિપ્રયોગ

**લાગી આવવું** - દુઃખ થવું; **હૃદયમાં ઘા થવો** - દુઃખની તીવ્ર અનુભૂતિ થવી.

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**કાયમ મુસાફરી કરનાર** - ચિરપથિક; **જેમાં સમયની મર્યાદા ન હોય તેવું** - નિરવધિ, અનંત; **સમાન ગુણ લક્ષણ હોવાપણું** - પ્રતિરૂપ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને શેની માવજત માટે જાગૃત કરે છે ?

(a) તંદુરસ્તીની (b) પ્રાણીની (c) પર્યાવરણની (d) પાણીની

(2) બલાઈને સૌથી વધુ આકર્ષણ કયા વૃક્ષનું હતું ?

(a) દેવદાર (b) ગુલમહોર (c) શીમળો (d) પીપળો

(3) બલાઈને ઉછેરીને કોણે મોટો કર્યો હતો ?

(a) દાદીએ (b) માસીએ (c) કાકીએ (d) ફોઈએ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) છોકરાઓ ઝાડ પર પથ્થર ફેંકીને કાતરા પાડતા ત્યારે બલાઈની પ્રતિક્રિયા કેવી હતી ?

(2) મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈને શી લાગણી થતી ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે ?

(2) મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈ અને કાકી વચ્ચે શી વાત થતી ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો :**

(1) બલાઈનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.

(2) બલાઈ કયું વૃક્ષ ન કાપવાની વિનંતી કરે છે ? શા માટે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- રક્ષાબંધનના તહેવારમાં વૃક્ષને રાખડી બાંધવાનો કાર્યક્રમ રાખો.
- તમે વાવેલા વૃક્ષની વિકાસયાત્રાને વર્ગખંડમાં કહો.
- તમારી આસપાસનાં વૃક્ષોનો પરિચય મેળવો.
- વૃક્ષોનું માનવજીવનમાં મહત્ત્વ દર્શાવતાં સૂત્રો શાળાના ભીંતપત્રો પર દર્શાવો.

## ભાષા-અભિવ્યક્તિ

'ઝાડ નિર્લજ્જની જેમ ખૂબ વધી ગયું', 'ઝાડ મને મૂઢ જેવું લાગતું', 'અક્કરમી શીમળાનું ઝાડ...' મોટેભાગે માનવસ્વભાવને આલેખવા વપરાતા શબ્દો નિર્લજ્જ', 'મૂઢ' અને 'અક્કરમી' અહીં વૃક્ષ માટે વપરાયા છે, જે બલાઈના કાકાનો વૃક્ષ માટેનો અણગમો તો અસરકારક રીતે સૂચવે જ છે; સાથોસાથ બલાઈની વૃક્ષપ્રીતિ સામે વિરોધાભાસ પણ સહજ રીતે સૂચિત કરી જાય છે.

## શિક્ષકની ભૂમિકા

- બલાઈની વૃક્ષ પ્રત્યેની લાગણી અંગેની રજૂઆતમાંથી ઊભરી આવતા બાળમાનસની સમજ આપવી. બાળપણનાં સંસ્મરણો મોટી ઉંમરે પણ યથાવત્ રહે છે તેથી તેની માવજતનું મહત્ત્વ સમજાવવું.
- આપણે ત્યાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ સાથેનું સંતુલન જોખમાય છે. પર્યાવરણની જાળવણી, વૃક્ષોનું વાવેતર અને તેની માવજતનો મહિમા વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરવો.
- વૃક્ષને સો પુત્ર સમાન ગણાવાયું છે તે સમજાવી પર્યાવરણ જાળવવામાં વિદ્યાર્થીઓને સહભાગી બનવા પ્રેરણા આપવી.
- વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવી અને સ્પર્ધા ગોઠવવી.

•

# 17 ટિફિન

**પ્રેમજી પટેલ**

**(જન્મ : તા. 12-02-1955)**

પ્રેમજી સોમાભાઈ પટેલ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ખેરોલના વતની છે. તેઓ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત હતા.

'ત્રેપનમી બારી', 'અમૃત વર્ષ', 'સ્પર્શમણિ', 'અવેર', 'કીડીકથા' તેમના લઘુકથાસંગ્રહો છે. 'ચૌદલોક', 'લોકજણસ', 'અમીલોક' તેમનું સંપાદિત લોકસાહિત્ય છે. 'મંકોડાની મુસાફરી', 'નવતર બાળવાર્તાઓ' તેમનું બાળસાહિત્ય છે. 'ગુજરાતી જીવન કથાઓ', 'વિવેચના તરફ', 'ગુજરાતી આત્મકથાઓ' તેમના વિવેચન ગ્રંથો છે.

આ લઘુકથામાં એક માર્મિક ઘટના વર્ણવવામાં આવી છે. નાનાં અને સાદાં વાક્યોથી અમથી માનો પશુપ્રેમ અને તેમની પરોપકારની વૃત્તિનું ઉત્તમ આલેખન થયું છે. જમણવાર પ્રસંગે પ્રૌઢો માટે ટિફિન આવવાનું છે, છતાં અમથી મા રોટલા ઘડતાં દેખાય છે તેથી લેખક અકળાય છે; પરંતુ અમથી મા જુદી રીતે વિચારે છે : ગાય અને કૂતરી શું ખાશે ? લઘુકથાનો વળાંક ત્યાં છે કે છતે કુટુંબે એકલવાયું જીવન જીવતાં અમથી મા માટે તો આ પશુઓ જ તેમનાં પોતીકાં હતાં, કુટુંબી હતાં. એક જ પ્રસંગમાં મનુષ્યના સંબંધો સચોટ રીતે પ્રગટ થાય છે તે આ લઘુકથાની વિશેષતા છે.

---

ટિફિન લઈ માંડવીમાં પ્રવેશતાં સાદ કર્યો :

'અમથી મા... એ અમથી... મા'

'આય ભઈ' એમનો ધીમો અવાજ ડાબી તરફથી આવતો જણાયો. ત્યાં ગયો તો રોટલા ઘડવાનું ચાલે. ટપ...ટપ...ટપ

આ ડોશી તો ખરાં છે, કહીને ગયો'તો કે હું તમને જાતે આવીને ટિફિન..., જમણવારની ગમે તેટલી ધમાલ હશે પણ...

એક દિવસ પૂરતાં તો ધુમાડાથી બચે પણ અમથી મા જેનું નામ...

મેં કહ્યું ય ખરું : 'માજી કહ્યું'તું તો ખરું કે ટિફિન...'

'હં.... તે સારું કર્યું'

'તો આ રોટલાનું વૈતરું શું કામ ?'

તેમણે મારી તરફ જોયું. હળવાશથી કહે :

'ઉં ધરાઈ જઉં પણ આ સામે બેઠી કાળવી અને ગોરવી હમણાં આવશે... એ બંનેને શો જવાબ આપવાનો ?'

માજીનો ઈશારો ક્ષણેક વીત્યા બાદ સમજાયો કે કાળી કૂતરી અને ગોરી ગાયની વાત કરે છે ! અટકીને આગળ કહે : 'બે જીવ નેંહાકા નાંખે તો મારું ખાધેલું ય...!' ડોશી જાણે પોતાનાં કુટુંબીજનોની વાત કરતાં હોય એમ બોલ્યાં...!

**('પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**સાદ** અવાજ, બૂમ; **ધમાલ** કામ માટે દોડધામ; **ઈશારો** સંકેત; **ધરાઈ જવું** તૃપ્ત થવું

### તળપદા શબ્દો

**આય** આવ; **ભઈ** ભાઈ; **ઉં** હું; **નેંહાકા** નિઃસાસા

## વિરુદ્ધાર્થી શબ્દો

**સવાલ** × જવાબ; **દિવસ** × રાત

## રૂઢિપ્રયોગ

**લાગી આવવું** - દુઃખ થવું; **હૃદયમાં ઘા થવો** - તીવ્ર દુઃખની અનુભૂતિ થવી.

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**ઘર આગળની ઊંચી બેઠક** - માંડવી, રવેશી; **પરાણે કરાવવામાં આવતું કામ** - વૈતરું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) ટિફિન લઈ માંડવીમાં પ્રવેશતા વાર્તાનાયક કોને સાદ કરે છે ?

(a) પત્નીને (b) બાળકોને (c) અમથી માને (d) જીવી માને

(2) 'ટિફિન' કૃતિમાં ગાય માટે કયો શબ્દ પ્રયોજાયો છે.

(a) માતા (b) કામધેનુ (c) કાળવી (d) ગોરવી

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) વાર્તાનાયક ટિફિન લઈ માંડવીમાં પ્રવેશે છે ત્યારે અમથીમા શું કરતાં નજરે પડે છે ?

(2) વાર્તાનાયક અમથીમાને શું કહે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'આ રોટલાનું વૈતરું શું કામ?' – આ વાક્યનો પ્રત્યુત્તર શો મળે છે ?

**4. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો :**

(1) આ લઘુકથાનું હાર્દ સમજાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- જીવદયા-પ્રેમના પ્રસંગો મેળવીને વર્ગખંડમાં કહેવા.
- તમારી આસપાસના જીવોને ખાવાનું આપો અને તેનો ખ્યાલ રાખો.
- તમે કોઈ પશુ, પક્ષી કે જીવજંતુની મદદ કરી હોય તેવા અનુભવો વર્ગખંડમાં કહો.

## ભાષા-અભિવ્યક્તિ

આ લઘુકથામાં લેખકે કેટલાંક વાક્યો અપૂર્ણ છોડી દીધાં છે. બોલાયેલી ઉક્તિમાં પાત્ર પોતાને શબ્દ નહિ જડવાથી, મૂંઝવણ દર્શાવવા કે બીજા કોઈ પણ કારણસર અટકે તો લખાણમાં એને પ્રતિબિંબિત કરવા માટે લેખક વિલોપચિહ્ન વાપરે છે તે હવે સ્પષ્ટ થયું હશે. નીચેનાં વાક્યો તપાસતાં આ બાબત સ્પષ્ટ થશે :

- કહીને ગયો'તો કે હું તમને જાતે આવીને ટિફિન....
- પણ અમથી મા જેનું નામ...
- બે જીવ નેંહાકા નાંખે તો મારું ખાધેલું ય...!

આ વાક્યો વાંચતા જણાશે કે અહીં ગદ્યાત્મક કાવ્ય જેવું વર્ણન છે અને એથી ચિત્રાત્મકતા ઊભી થાય છે, જે કૃતિનું સૌથી આકર્ષક પાસું બની ગયું છે.

અહીં વપરાયેલ તળપદા શબ્દો 'આય' (આવ), 'ભઈ' (ભાઈ) 'ઉં' (હું), 'નેંહાકા' (નિઃસાસા)-અમથી માના પાત્રને કેવું સરસ રીતે ઉપસાવી આપે છે તે ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

- ભારતીય સંસ્કૃતિમાં ભોજન પહેલાં ગાય, કૂતરું અગ્નિ અને ઈષ્ટદેવનો થાળ એમ ચાર કોળિયા જુદા કાઢવામાં આવતા હતા એ સંદર્ભ આપી વિદ્યાર્થીઓને વહેંચીને ખાવું, બીજાનો વિચાર કરવો, આશ્રિતને ભૂખે ન રાખવો, અતિથિને દેવ માનવા જેવી સાંસ્કૃતિક પરંપરાઓથી વાકેફ કરવા.
- ગાય, કૂતરા જેવા અબોલ જીવ પોતાને આંગણે ભૂખ્યા ન રહેવા જોઈએ એવી આપણી ભારતીય સંસ્કૃતિની માન્યતાઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા. જીવદયા વિશેનો ભાવ જાગે તેમ કરવું.
- મોહનલાલ પટેલ, રમેશ ત્રિવેદી, ઉર્વીશ વસાવડા તથા ઈજ્જતકુમાર ત્રિવેદીની લઘુકથાઓ મેળવી વર્ગમાં કહો.

•

# 18 લઘુકાવ્યો

દુહાનું સ્વરૂપ બે લીટીનું હોય છે, પરંતુ જીવનભાવને સચોટ રીતે પ્રગટ કરતું હોય છે. પહેલા દુહામાં કવિ સ્વજનો વચ્ચેના પ્રેમની વાત કરે છે. લીમડો કડવો હોય, પણ તેનો છાંયો શીતળ હોય છે, તેમ ભાઈઓ વચ્ચે અબોલા થયા હોય તો પણ ખરે ટાણે એ પડખે ઊભા રહે છે. બીજા દુહામાં કહ્યું છે કે ઘડો પૂરેપૂરો ભરેલો હોય તે છલકાતો નથી, અધૂરો જ છલકાય છે, તેમ જે પૂર્ણતા પામ્યો હોય છે તે ફૂલાતો નથી, ઘમંડ કરતો નથી. દૃષ્ટાંતો દ્વારા જીવનનો બોધ કવિએ સુંદર રીતે પ્રગટ કર્યો છે.

**દુહા**

કડવા હોય લીમડા, પણ શીતલ એની છાંય,
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

જે જન પામે પૂર્ણતા, તે કદી ન ફૂલાય,
પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.

---

**શેખાદમ આબુવાલા**

જન્મ : તા. 15-10-1929, અવસાન : તા. 20-05-1985

શેખ આદમ મુલ્લા શુજાઉદ્દીન આબુવાલાનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓ કેટલોક સમય પશ્ચિમ જર્મનીમાં રહ્યા. વૉઇસ ઑફ જર્મનીમાં હિન્દુસ્તાન રેડિયો વિભાગનું હિંદી-ઊર્દૂ સર્વિસનું સંચાલન કર્યું. ગુજરાતી ગઝલના વિકાસમાં મુશાયરા પ્રવૃત્તિ દ્વારા તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સરળ, બોલચાલની ભાષામાં લખાયેલી એમની ગઝલો ખૂબ જ લોકપ્રિય બની છે. 'ચાંદની', 'સોનેરીલટ' તેમના ગઝલ સંગ્રહો છે. 'ખુરશી' તેમનો કટાક્ષનો કાવ્યસંગ્રહ છે.

શેખાદમ આબુવાલાએ જિંદગી ખુમારીથી, બેફિકરાઈથી, મોજથી કેમ જીવાય તે હૃદયસ્પર્શી રીતે મુક્તકના લઘુ સ્વરૂપ દ્વારા વર્ણવ્યું છે. અમે જિંદગીની આગને પણ બાગમાં ફેરવશું, અરે, મૃત્યુ પણ લાગમાં આવશે તો બાથ ભીડીને બધા મોરચા સર કરશું એ ભાવમાં ગમે તેવી કઠણ સ્થિતિમાં પણ નહિ હારવાનો ભાવ કવિએ માર્મિક રીતે પ્રગટ કર્યો છે.

**મુક્તક**

અમને નાખો જિંદગીની આગમાં
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં.

– શેખાદમ આબુવાલા

---

**હર્ષદ ત્રિવેદી**

જન્મ : તા. 17-07-1958

હર્ષદ અમૃતલાલ ત્રિવેદીનું વતન સુરેન્દ્રનગર છે. 'એક ખાલી નાવ', 'રહી છે વાત અધૂરી', 'તારો અવાજ', 'તારા-વિના', તેમના કાવ્યસંગ્રહો છે. 'શબ્દાનુભવ' તેમનો વિવેચનાત્મક લેખોનો સંગ્રહ છે. 'લાલિત્ય', 'રાજેન્દ્ર શાહનાં સૉનેટ', 'અલંકૃતા', 'નવલકથા અને હું' તેમનાં સંપાદનો છે.

હર્ષદ ત્રિવેદીએ નીચે આપેલ મુક્તકમાં માણસ વિશેનો અન્ય જીવસૃષ્ટિનો અવિશ્વાસનો ભાવ ચોટદાર રીતે રજૂ કર્યો છે. માણસ પીંજરાનું બારણું ખોલી પક્ષીને કહે છે કે ‘હવે તું મુક્ત છે.’ પક્ષી બહાર આવીને માણસ સામે જુએ છે અને પાછું પિંજરામાં ભરાઈ જાય છે તેમાં ઊંડો કટાક્ષ છે. માણસના દંભ અને ડોળને ખુલ્લું પાડતું આ મુક્તક ભૂલાય નહિ તેવું છે.

### મુક્તક

પિંજરાનું બારણું ખોલીને
પંખીને કહેવામાં આવ્યું,
‘હવે તું મુક્ત છે’
પંખીએ બહાર નીકળીને
માણસ સામે જોયું અને
પાછું પિંજરામાં ભરાઈ ગયું.

– હર્ષદ ત્રિવેદી

---

## ફિલિપ ક્લાર્ક

જન્મ : તા. 23-12-1940

ફિલીપ સ્ટાનીસા ક્લાર્કનો જન્મ આણંદ જિલ્લાના શામરખામાં થયો હતો. શરૂઆતમાં શિક્ષક, ત્યારબાદ સરકારી અધિકારી તરીકે સેવાઓ આપી છે. ‘ટહુકી રહ્યું ગગન’, ‘સૂરથી ગાજે વન’, ‘તે પહેલાં’ તેમના કાવ્યસંગ્રહો છે.‘બારી’ તેમનો લઘુકથા સંગ્રહ છે. ‘રિમઝિમ રિમઝિમ’, ‘રમતાં રમતાં રાત પડી’, ‘સવારના તડકામાં’ તેમના બાળસાહિત્યના સંગ્રહો છે. ‘મોર્નિંગ વૉક તેમનું હાસ્યવ્યંગનું પુસ્તક છે.

હાઈકુ જાપાનીઝ કાવ્યપ્રકાર છે, તેમાં 5-7-5 એમ સત્તર અક્ષરની ત્રણ પંક્તિ હોય છે. એક ચમકારાની જેમ તેમાં ચિત્ર ખડું થતું હોય છે. અહીં આપેલ હાઈકુમાં લીલને કારણે જાણે કે તળાવ પોઢી ગયું છે, કશો સંચાર નથી, જીવંતતા નથી. પરંતુ એક પક્ષી આવીને ચાંચ બોળે છે અને તળાવ જાગી ઊઠે છે, જાણે તેમાં સજીવતા આવી જાય છે. આમ તો આ પ્રાકૃતિક ઘટના છે, પરંતુ અસ્તિત્વ કેમ જાગી ઊઠે તેનું આ મધુર ચિત્ર છે.

### હાઈકુ

લીલ ઓઢીને
પોઢ્યું તળાવ, જાગ્યું
પંખીની ચાંચે

– ફિલિપ ક્લાર્ક

---

## ધીરુ પરીખ

જન્મ : તા. 31-08-1933

ધીરુભાઈ ઈશ્વરલાલ પરીખનો જન્મ વિરમગામમાં થયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં અધ્યક્ષ તરીકે સેવા આપી તેઓ નિવૃત્ત થયા છે. ‘કંટકની ખુશ્બો’ તેમનો વાર્તા સંગ્રહ છે. ‘ઉઘાડ’ તેમનો કાવ્યસંગ્રહ છે. ‘અંગપચ્ચીસી’માં છપ્પા શૈલીનાં પચીસ કટાક્ષ કાવ્યો છે. ‘આગિયા’ એમનો હાઈકુ સંગ્રહ છે. ‘રાસયુગમાં પ્રકૃતિ નિરૂપણ’ એમનો શોધપ્રબંધ છે. દેશ-વિદેશના કવિઓ વિશેનો પરિચય આપતું પુસ્તક પણ તેમણે આપ્યું છે. ‘નિષ્કુળાનંદ પદાવલી’, ‘સાત મહાકાવ્યો’, ‘પંચ મહાકાવ્યો’ તેમના સંપાદન ગ્રંથો છે.

નીચે આપેલ હાઈકુમાં ઊડતું વાદળ ઊંચેને ઊંચે ચડતાં પર્વત ટોચે પહોંચે છે ને વેરાઇ જાય છે, ભાર વગરનું થઈ જાય છે. આપણે જેટલા ઊંચે જઈએ એટલા હળવા થતાં જવાનું છે. હળવાશના આનંદનું આ ચિત્ર સ્મરણમાં રહી જાય તેવું છે.

### હાઈકુ

પર્વત ટોચે
પહોંચ્યું વાદળ, સ્વયં
ગયું વેરાઈ.

– ધીરુ પરીખ

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ/સમાનાર્થી

**બાંધવ** ભાઈ, સહોદર; **શીતળ** ઠંડું; **ઘટ** ઘડો; **ફૂલાવું** (અહીં) અભિમાન કરવું; **મુક્ત** આઝાદ; **સ્વયં** પોતે, ખુદ; **આગ** અગ્નિ, (અહીં) અસહ્ય પીડા.

### તળપદા શબ્દો

**સમંદર** સમુદ્ર; **પોઢવું** સૂઈ જવું; **વેરાઈ જવું** છૂટું પડવું

### રૂઢિપ્રયોગ

**અધૂરો ઘડો છલકાય ઘણો** અપૂર્ણ જ્ઞાન હોવા છતાં જ્ઞાનીપણાનું ગુમાન દાખવવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**પૂર્ણ** × અપૂર્ણ; **મુક્તિ** × બંધન; **ફુલાવું** × સંકોચાવું; **છાંય** × તડકો; **શીતલ** × ઉષ્ણ; **પૂરો** × અધૂરો

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**બંધિયાર પાણીમાં થતી ચીકણી લીલી વનસ્પતિ** - લીલ; **રીસાઈને અમુકની સાથે ન બોલવું તે** - અબોલા

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) કડવા લીમડાની છાયા કેવી હોય છે ?

(a) તૂરી (b) શીતળ (c) ગરમ (d) આકરી

(2) કેવો માણસ કદી ફૂલાતો નથી ?

(a) દંભી (b) નિરાશ (c) પૂર્ણતાવાળો (d) દુઃખી

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) જિંદગીની આગને શેમાં ફેરવી નાખવા કવિએ વાત કરી છે ?

(2) પંખીએ માણસ સામે જોયા પછી શું કર્યું ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) તળાવને કોણ જગાડે છે ?

(2) 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ શું કહેવા માગે છે ?

(3) કવિ મૃત્યુ સાથે કેવો સંઘર્ષ કરવા માગે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'વાદળ ટોચે પહોંચી વેરાઈ ગયું' પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ.

(2) 'પંખી પીંજરામાં ભરાઈ ગયું'માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- વર્ગખંડમાં દુહા ગાવાનો કાર્યક્રમ રાખો.
- સુવિચારોનો સંગ્રહ કરો.
- તમારા શિક્ષક પાસેથી હાઈકુનું બંધારણ સમજી હાઈકુ લખો અને સાથે તેનું ચિત્ર દોરો.
- પ્રાર્થનાસભામાં દુહા-છંદનું ગાન કરો.
- દુહા-હાઈકુ-મુક્તક-લઘુકાવ્ય વગેરે શોધીને તમારી શાળાના બુલેટિન બોર્ડ પર મૂકો.

## ભાષા-અભિવ્યક્તિ

કવિ ચોટ અને લાઘવથી, દુહામાં બે જ લીટીમાં અમૂલ્ય વાત વણી લે છે ત્યારે એકમાં સાધન અને બીજામાં સાધ્ય હોય છે. અહીં 'પૂર્ણ' માનવીની વાત 'ઘટ'ના ઉદાહરણ દ્વારા સમજાવી છે. વળી, 'ઘડો' ને બદલે 'ઘટ' શબ્દ વપરાયો છે જે વધુ લાલિત્યસભર લાગે છે તે ધ્યાનમાં લો.

મુક્તકમાં કવિએ 'આગમાં', 'બાગમાં' અને 'લાગમાં' જેવા અર્થ અને શબ્દની ચમત્કૃતિ સાધી દે એવા ચોટદાર શબ્દો ગૂંથ્યા છે. મુશ્કેલીમાંથી મંઝિલ સુધી પહોંચવાની વાત, ત્રણ શબ્દોના પ્રાસ અને વિરોધાભાસ આ મુક્તકને ચિરંજીવ બનાવે છે.

'તળાવ સૂઈ ગયું છે'ની કલ્પના, પોઢ્યું અને જાગ્યું-નો વિરોધાભાસ અને નાનકડા પંખીની નાનકડી ચાંચનો તળાવને જગાડવાનો સફળ પ્રયાસનો વિચારતણખો હાઈકુની આ રચનાને સફળ બનાવે છે.

## શિક્ષકની ભૂમિકા

### દુહા

- લોકસાહિત્યમાં દુહાનું વિશિષ્ટ સ્થાન છે. અર્થને ચોટદાર રીતે પ્રગટ કરવાની ક્ષમતા ધરાવતા બે લીટીના લખાણને દુહા કહેવામાં આવે છે.
- પ્રસ્તુત દુહામાં લીમડાના ઉદાહરણ દ્વારા પોતાના પરિવારના લોકો આત્મીય-શુભેચ્છક હોય છે તે વાત સ્પષ્ટ કરવી. સ્વાદમાં કડવો પણ લીમડો ગુણકારી છે તેમ ભાઈ કવેણ બોલી જાય કે અબોલા લીધા હોય તો પણ તેને લાગણી હોય જ તેથી સંબંધો સાચવવા પ્રયત્ન કરવો તે અંગે સ્પષ્ટતા કરવી.
- વ્યક્તિ જેમ મહાન બને, વિકાસ કરે, કશુંક પામે ત્યારે તે વધુ નમ્ર અને સજ્જન બનતી હોય છે. પોતાની પ્રગતિનું અભિમાન નથી કરતી તે વાત વિદ્યાર્થીઓને ઘડાના ઉદાહરણ દ્વારા સમજાવવી.

### મુક્તક

- મુક્તક એટલે મોતી. મોતીમાં રહેલા કેટલાક ગુણ મુક્તકમાં પણ હોય છે જેમકે મોતી નાનું હોય, સુંદર હોય અને કિંમતી હોય. તે જ રીતે મુક્તક પણ ઓછા શબ્દોમાં લખાયું હોય, ભાવની રીતે સુંદર હોય અને વિચારની રીતે કિંમતી હોય. માનવ માત્રે દરેક પશુ, પક્ષી, પ્રકૃતિને પોતાના સ્વાર્થ માટે નુકસાન પહોંચાડવાને બદલે તેનું રક્ષણ કરવું જોઈએ.
- યુવાનીનો થનગનાટ, જુસ્સો અને સાહસ બેજોડ હોય છે. આત્મવિશ્વાસથી થનગનતો યુવાન ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર હોય છે.જીવનમાં આવનાર અવરોધોથી ગભરાયા વિના અવરોધોને જ પોતાના વિકાસની સીડી બનાવે તે સાચો યુવાન. તે મૃત્યુને પણ પડકારી શકે છે એ અંગે અન્ય ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને યુવાનીનું મહત્ત્વ સમજાવવું.

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,

અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.'

મેઘાણીની આ પંક્તિ અને આવા અન્ય સંદર્ભો આપી શિક્ષણકાર્યને સમૃદ્ધ બનાવવું.

## હાઈકુ

- જાપાનમાંથી આવેલો આ કાવ્યપ્રકાર લાઘવમાં ઘણું કહી જતો હોય છે. શબ્દાર્થ કરતાં ભાવાર્થનું વિશેષ મહત્ત્વ જોવા મળતું હોય છે. હાઈકુને 'સત્તરાક્ષર' પણ કહે છે. હાઈકુમાં ચિત્ર દ્વારા ભાવ પ્રગટ થાય છે.
- પક્ષીઓનો કલરવ વહેલી સવારે માનવ સમાજને ઉઠાડનાર એલાર્મ તરીકેનું કાર્ય વિનામૂલ્યે પરાપૂર્વથી કરે છે. રાત્રીના નીરવ વાતાવરણમાં જાણે લીલ ઓઢીને સૂઈ ગયેલા તળાવને પક્ષી પોતાની ચાંચ મારીને ઊઠાડે છે. એવા શબ્દાર્થમાં, વ્યક્તિને ચેતનવંતુ બનાવવા માટે પક્ષીની ચાંચની જેમ નાની ઘટના, નાનો પ્રસંગ, નાની ટકોર કે થોડોક ચચરાટ નિમિત્ત બનતા હોય છે તેવો ભાવાર્થ પણ આપી શકાય. વિદ્યાર્થીઓ પાસે આવા વૈવિધ્યસભર અર્થો કઢાવવા પ્રયત્ન કરવો.
- વાદળ ઉપર જઈને વરસાદ સ્વરૂપે વેરાઈ જાય છે આ શબ્દાર્થ સાથે વ્યક્તિ જેમ ઊંચાઈ પ્રાપ્ત કરે, ઉચ્ચ હોદ્દો મેળવે તેમ તેનામાં વધુ નમ્રતા, બીજાની દરકાર, વિશાળતા, ઉદારતા, ત્યાગભાવના જેવા ગુણોનો વિકાસ થાય તે અત્યંત જરૂરી છે તેવો ભાવાર્થ સ્પષ્ટ કરવો અને તેવા ગુણો વિદ્યાર્થીઓમાં વિકસે તે માટે પ્રેરણા આપવી.

•

# વ્યાકરણ

## એકમ 6 | અહેવાલલેખન, સંક્ષેપીકરણ, અર્થવિસ્તાર, નિબંધલેખન

### અહેવાલલેખન

અહેવાલ એટલે વૃતાંત, નિવેદન. કોઈ પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની હકીકત જણાવવી, તેનું વર્ણન કરવું. અહેવાલ વાંચવાથી સંસ્થાને અથવા અન્ય લોકોને જે - તે કાર્યક્રમ, પ્રસંગ કે ઘટના વિશેની સાચી અને મહત્ત્વની વિગતો મળી શકે. આ અહેવાલ કેવી રીતે લખાય તે સમજીએ.

- અહેવાલ સંપૂર્ણપણે તટસ્થ આલેખન હોય છે. તેમાં અહેવાલ લખનારના દૃષ્ટિકોણ, અભિપ્રાય કે મંતવ્યને કોઈ અવકાશ હોતો નથી.
- અહેવાલમાં કાર્યક્રમ, પ્રસંગ કે ઘટનાનું યથાતથ નિરૂપણ અપેક્ષિત છે.
- અહેવાલમાં વિગતોનું સચોટ અને ટૂંકું વર્ણન કરવામાં આવે છે.
- જે દિવસનો કાર્યક્રમ હોય તેના તારીખ, દિવસ અને સમયગાળો ચોકસાઈપૂર્વક નોંધવા.
- પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની વિગતોની ક્રમિક નોંધ લેવી.
- અગત્યની વીગતો ચૂકી ન જવાય તેની કાળજી રાખવી અનિવાર્ય છે.
- જે કોઈ મુખ્ય વક્તા હોય તેમના વ્યાખ્યાનમાં જણાવાયેલી મહત્ત્વની, સારરૂપ વીગત અવતરણરૂપે લઈ શકાય.
- અહેવાલની ભાષા અન્ય સાહિત્યસ્વરૂપો કરતાં અલગ હોય છે, તે ખાસ ધ્યાન રાખવું.
  પરિચિત શબ્દો ધરાવતી સાદી અને સરળ ભાષા હોવી જોઈએ.
  આલંકારિક ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ.
- આવશ્યકતા અનુસાર બે કે ત્રણ ફકરામાં આખો અહેવાલ સમાઈ જવો જોઈએ.
- બિનજરૂરી લંબાણ, પુનરાવર્તન અહેવાલને શિથિલ પાડી શકે.
- સામાન્ય રીતે અખબાર કે સામયિકમાં અહેવાલ પર હેડલાઈન હોય છે. પરંતુ અહીં તમારે સચોટ શીર્ષક પ્રયોજવું.

તમારી શાળામાં કોઈ કાર્યક્રમ થાય કે તમે ક્યાંય મુલાકાતે ગયા હો તો તમે તેનો અહેવાલ લખી શકો ?

નીચે કેટલાક કાર્યક્રમો કે પ્રસંગો આપ્યા છે. તમે તેની ક્રમિક વીગતો વિચારી શકો ? તેને સરળ અને સચોટ ભાષામાં લખી શકો ?

- તમે જોયેલા જીવલેણ અકસ્માતનો અહેવાલ લખો.
- તમારી સંસ્થાના નિવૃત્ત થતા શિક્ષક - અધ્યાપકના વિદાય સમારંભનો અહેવાલ લખો.
- તમારી શાળાએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ પુસ્તકબૅન્કના ઉદ્‌ઘાટનપ્રસંગનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં યોજાયેલ ‘સ્વચ્છતા અભિયાન’નો અહેવાલ આપો.
- તમારી સંસ્થામાં બારમા ધોરણના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ તૈયાર કરો.
- તમારી સંસ્થામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ તૈયાર કરો.
- તમારી શાળામાં યોજાયેલ ‘શિક્ષકદિન’ની ઉજવણીનો અહેવાલ આપો.
- તમારી સંસ્થાના સ્વાંતત્ર્યદિનની ઉજવણીનો અહેવાલ તૈયાર કરો.
- તમારી સંસ્થામાં રેડક્રોસ સાથે મળીને યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ લખો.

- તમારી સંસ્થામાં યોજાયેલ પુસ્તકપ્રદર્શનનો અહેવાલ તૈયાર કરીને તમારી સંસ્થાના સંચાલકમંડળને મોકલો.
- તમારી સંસ્થામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો.

## સંક્ષેપીકરણ

સંક્ષેપીકરણ એટલે વિસ્તારથી કહેવાયેલી વિગતના મર્મને સમજીને, તેમાંની વધારાની લાગતી વિગતોને દૂર કરીને, મર્મને હાનિ ન પહોંચે તે રીતે, ટૂંકમાં અને સચોટ રીતે મૂળ વાતને ફરીથી મૂકવી તે સામાન્ય રીતે સંક્ષેપીકરણ એટલે મૂળ લખાણના, પરિચ્છેદનો ત્રીજો ભાગ લખવો તે.

નોંધ : અહીં એક વાત ખાસ યાદ રાખવી કે ત્રીજો ભાગ એટલે તમારે અપાયેલા પરિચ્છેદના શબ્દો કે વાક્યો ગણીને તેનો ત્રીજો ભાગ કરવો - એવો અર્થ નથી. એટલે કે ફકરાનાં 18 વાક્યો ગણ્યા હોય તો તે જ ફકરાના કોઈ 6 વાક્યો ભેગાં કરીને મૂકવાથી સંક્ષેપીકરણ ન થાય.

સંક્ષેપીકરણ એટલે ભાષાનો કરકસરભર્યો ઉપયોગ. જરૂર ન હોય તો નિપાત કે સંયોજક પણ ન વાપરવાં તે કરકસર.

સંક્ષેપીકરણ કરવા માટે બે તબક્કામાંથી પસાર થવું પડે.

(1) મૂળ લખાણનું યોગ્ય અર્થગ્રહણ કરવું, તેના મર્મને - મહત્ત્વની વિગતોને સમજવી, સારરૂપ વિગત સમજવી.

(2) અર્થગ્રહણ થયા પછી વધારાની આલંકારિક રજૂઆતો, દૃષ્ટાંતો, પુનરાવર્તનો આદિને દૂર કરી મર્મનું ઓછા અને સચોટ શબ્દો દ્વારા સઘન પુનર્લેખન કરવું.

**યોગ્ય સંક્ષેપીકરણ કરવા માટે જરૂરી પ્રક્રિયા :**

- આખા પરિચ્છેદને ત્રણ વખત વાંચો. પહેલી વખત વાંચો ત્યારે એમાં શું કહેવાયું છે, તે સમજો. બીજી વાર વાંચો ત્યારે તમે જે સમજી રહ્યા છો, તેમાં કાંઈ ચૂકી નથી જવાતું, તે તપાસો. ત્રીજીવાર વાંચો ત્યારે તમે સમજેલા મર્મને વ્યક્ત કરતા શબ્દોને રેખાંકિત કરો.
- ફકરામાં કઈ વીગતો દૃષ્ટાંતરૂપ છે તે સમજો. તે સંક્ષેપ કરતી વખતે ટાળવાની થશે.
- તે જ રીતે પુનરાવર્તન પામતી વીગતો પણ ટાળવાની છે, તે વિગતો તારવો.
- મર્મને સીધી ન સ્પર્શતી હોય તેવી વિશેષણ, ક્રિયાવિશેષણ, ગૌણવાક્ય વગેરે જેવી ભાષાસામગ્રી પણ ન લેવી.
- મૂળ ફકરાનાં વાક્યો યથાતથ લેવાનાં નથી, તે ખાસ યાદ રાખો.
- જે શબ્દો, મૂળ બાબત વ્યક્ત કરે છે તેને યોગ્ય વાક્યરચનામાં ગોઠવો.
- તમે અત્યાર સુધીમાં સંધિ, સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત આદિનો અભ્યાસ કર્યો છે, તેનો સંક્ષેપીકરણની પ્રક્રિયામાં ઉપયોગ કરી શકો.
- આ વાક્યોને મૂળ પરિચ્છેદના સઘન સંક્ષેપરૂપ ફકરા તરીકે લખો.
- સંક્ષેપ રૂપે લખાયેલા લખાણને ફરી એક વાર વાંચો અને તપાસો કે કોઈ મહત્ત્વની વિગત સંક્ષેપીકરણ કરતી વખતે ચૂકી નથી જવાઈ ને !

સંક્ષેપીકરણ કરતી વખતે ખાસ યાદ રાખો કે અહીં અર્થ કેન્દ્રસ્થાને છે, કહેવાયેલી મૂળ વાતનો વિચાર - મર્મ કેન્દ્રસ્થાને છે અને ભાષાનો કરકસરભર્યો ઉપયોગ અપેક્ષિત છે.

# અર્થવિસ્તાર

કોઈ પંક્તિ કે ગદ્ય-ઊક્તિના વિચારને, અર્થને કે મર્મને ખોલીને, વિસ્તારીને વર્ણવવું તે અર્થવિસ્તાર અથવા વિચારવિસ્તાર. સાહિત્યમાં મુક્તક, સુભાષિત વગેરેમાં ઉત્તમ જીવનસત્ય વણાયેલું હોય છે. જ્યારે અર્થવિસ્તાર કરવામાં આવે છે ત્યારે મર્મરૂપ રહેલા વિચારને, અર્થને ખોલવામાં આવે છે. તેમાં અન્ય દૃષ્ટાંત, પંક્તિઓ વગેરે મદદરૂપ થાય છે.

તમે આ પહેલાં પણ અર્થવિસ્તાર કર્યા છે. તમને ખ્યાલ છે કે અર્થવિસ્તાર કરવા માટે સૌથી પહેલું પગથિયું છે - જે તે પંક્તિના શબ્દો સમજાવા - તે. કારણ કે જો પંક્તિ જ ન સમજાય તો ? અર્થવિસ્તાર માટે સતત વાચન ઉપયોગી રહે છે.

- અપાયેલી પંક્તિને ધ્યાનપૂર્વક વાંચો. બે વાર - ત્રણ વાર વાંચો.
- તેના બધા શબ્દોનો અર્થ સમજો. શક્ય છે કે એકાદ શબ્દ ન સમજાય, પણ જો એને અવગણીને ચાલો અને એ જ શબ્દ પંક્તિને ખોલવાની ચાવી હોય તો મર્મ નહીં પકડાય. આ સંજોગોમાં પંક્તિમાં રહેલા સંદર્ભને ઉકેલવાની કોશિશ કરો.
- પંક્તિના વિચારને સમજ્યા બાદ એ અર્થને ખોલવામાં મદદરૂપ થાય તેવાં દૃષ્ટાતો, પ્રસંગો, વિચારો, અન્ય પંક્તિઓ યાદ કરો અને પંક્તિના મૂળ અર્થની નજીક હોય તેવી, મર્મને ઉપયોગી નીવડે તેવી વિગતોનો ઉપયોગ કરીને વિચારનો વિસ્તાર કરો.
- અન્ય દૃષ્ટાંતો કે પંક્તિઓ ટાંકતી વખતે ધ્યાનમાં રાખવું જરૂરી છે કે મૂળ પંક્તિના મર્મથી વિષયાંતર ન થઈ જાય અથવા પંક્તિઓનો અતિરેક ન થાય.
- સુંદર રીતે અર્થવિસ્તાર કરવાની ક્ષમતા કેળવવાનો ઉત્તમ ઉપાય છે 'વાચન'. લેખનની ગુણવત્તા સતત વાચનથી વધે છે.

પંક્તિવાચનનો મહાવરો પણ અર્થવિસ્તાર કરવામાં મદદરૂપ થઈ શકે. નીચે આવી કેટલીક પંક્તિઓ આપી છે, જેમાં જીવનનું રહસ્ય કે જીવનનું કોઈ સનાતન સત્ય વણાયેલું છે. તમે આ અને આવી પંક્તિઓ વાંચજો. જેથી તમે આવા વિચારથી પરિચિત થઈ શકો. એટલું જ નહીં, સમાન અર્થ ધરાવતી પંક્તિઓનું જૂથ પણ કરી શકો કે જેથી કોઈ અર્થવિસ્તાર કરતી વખતે તે મદદરૂપ નીવડી શકે.

(1) અમને નાંખો જિંદગીની આગમાં,
અમે આગને પણ ફેરવીશું બાગમાં.

(2) આજ કરશું, કાલ કરશું, લંબાવો નહિ દહાડા,
વિચાર કરતાં વિઘ્નો, વચમાં આવે આડાં.

(3) આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ,
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

(4) આળસ એ તો જીવતા માણસની કબર છે.

(5) ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,
ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.

(6) કડવા હોય લીમડા, પણ શીતલ તેની છાંય,
બાંધવા હોય અબોલડા, તોય પોતાની બાંય.

(7) કે હીન જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ.

(8) દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં ટકે.

(9) ન હિંદુ નીકળ્યા, ન મુસલમાન નીકળ્યા,
કબરો ઉઘાડીને જોયું તો ઈન્સાન નીકળ્યા.

(10) નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન,

(11) મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.

(12) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;
ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી !

(13) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.

(14) હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

(15) હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય,
હસી જાણે જગઝેર પી, સંત તે કહેવાય.

## નિબંધ

મિત્રો, તમે વર્ષોથી નિબંધ લખો જ છો. અહીં આપણે થોડી નોંધપાત્ર બાબતો જોઈશું જે તમારા નિબંધને વધુ અભિવ્યક્તિક્ષમ અને વધુ ચુસ્ત બનાવી શકે.

- તમે પહેલાં નક્કી કરો કે તમે ક્યા પ્રકારનો નિબંધ વધુ સારી રીતે લખી શકો. તમને ખ્યાલ તો હશે જ કે નિબંધ વિવિધ પ્રકારના હોય છે. પ્રકૃતિવિષયક, માહિતીપ્રધાન, ઘટનાપ્રધાન, ચિંતનપ્રધાન, આત્મકથા જેવા નિબંધો લખવાના થતા હોય છે.
- તમે જે નિબંધ લખવા માગો છો તેમાં કઈ કઈ વિગતો આવી શકે, તે વિચારો અને નોંધો. તેના મુદ્દા તારવો. આ મુદ્દાની કાચી યાદી બનાવો. ત્યાર બાદ મુદ્દાની ક્રમિકતા નક્કી કરો. ક્યો મુદ્દો પહેલા લેવાથી તમારો નિબંધ વધુ ચુસ્ત બનશે અને લખાણ વધુ પ્રવાહી લાગશે.
- તમે સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવત, દુહાઓ વગેરેનો અભ્યાસ કર્યો છે. તેનો ઉપોયગ કરો અને તમારા લખાણને વધુ સચોટ અને અસરકારક બનાવો.
- પસંદ કરેલા નિબંધ અનુસાર તમારી ભાષા હોવી જોઈએ.

જો તમે પ્રકૃતિવર્ણનનો વિષય પસંદ કર્યો હોય તો તેમાં પ્રકૃતિનું દૃશ્ય નજર સામે ઊભું થઈ જાય તેવું, સૂક્ષ્મ વીગતો સાથે વર્ણન કરવું જોઈએ. પ્રકૃતિના રમ્ય - રૌદ્ર રૂપની વાત કરતી વખતે તેને માનવસ્વભાવની સંકુલતા સાથે પણ સાકળી શકાય. પ્રકૃતિ મન - હૃદયને સ્પર્શતી હોય છે. તેથી તેમાં પ્રયોજાયેલાં ભાવવાચક, ઉદ્ગરવાચક વાક્યો પણ નિબંધને વધુ હૃદયસ્પર્શી બનાવી શકે.

જો તમે માહિતીપ્રધાન નિબંધ લખવા માગતા હોવ તો તમારી પાસે મુદ્દાઓને અનુરૂપ માહિતી હોવી જોઈએ. જરૂરી પરિભાષા, તેના લાભ-ગેરલાભ અંગે અથવા પક્ષ-વિપક્ષ અંગેની માહિતી, તેનાં કારણો, ઉપાયો વગેરે જેવી વિગતો સમાવી લેવી જોઈએ.

ઘટનાપ્રધાન નિબંધ લખવા માગતા હો તો એ ઘટનાનું તમારે મન શું મહત્ત્વ છે, વ્યક્તિગત અથવા સામાજિક સંદર્ભોમાં એ ઘટના વિશેષ છે ? તમારા મનમાં રોપાયેલી ઘટના વાંચનારના મનમાં રોપાય તેવું વર્ણન ઘટનાપ્રધાન નિબંધને આસ્વાદ્ય, બનાવી શકે.

જો ચિંતનાત્મક નિબંધ લખવો હોય તો શીર્ષકના શબ્દોને ખોલીને ઉદાહરણ - દૃષ્ટાંત દ્વારા તેની પરિભાષાને સ્પષ્ટ કરીને તાર્કિક ક્રમિકતાથી બધી વીગતો ચુસ્ત રીતે મુકાવી જોઈએ. પ્રકૃતિવિષયક કે ઘટનાપ્રધાન નિબંધમાં થોડો સ્વૈરવિહાર થઈ શકે. પણ ચિંતનાત્મક નિબંધમાં સ્વૈરવિહાર તેની નબળી બાજુ બને.

જો તમારે આત્મકથનાત્મક નિબંધ લખવો હોય તો તમે વિચારી જુઓ કે તમને કેવી વાત સાંભળવામાં રસ પડી શકે ? કોઈ પોતાની આત્મકથા કહે તો કોણ સાંભળે ? ક્યારે સાંભળે ? તેથી આ પ્રકારના નિબંધમાં બોલચાલની લઢણ નિબંધને આકર્ષક બનાવી શકે. વળી જે પોતાના જીવનના અંતિમ તબક્કામાં હોય, તે પોતાના જીવનના સારરૂપ કોઈ સંદેશ આપે, તેથી કોઈ પણ આત્મકથા જો જીવનસંદેશ આપતી હોય તો તેનું મહત્ત્વ હોય.

- આમ, નિબંધને યોગ્ય ભાષા, રૂઢિપ્રયોગ - કહેવત - અલંકાર આદિના ઉપયોગથી ઉપસતી આકર્ષક શૈલી, તાર્કિકતા, પ્રવાહિતા વગેરે તમારા નિબંધને વધુ આસ્વાદ્ય બનાવી શકે.

નિબંધનું માળખું

નિબંધના લખાણને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય : (1) આરંભ (2) વિષયવસ્તુ (3) સમાપન

- આરંભ : નિબંધનો આરંભ વિષયનો પ્રવેશ કરાવનાર હોવો જોઈએ. કાવ્યપંક્તિ, સુભાષિત કે પ્રસંગથી થતો આરંભ આકર્ષક લાગે છે.
- વિષયવસ્તુઃ નિબંધનો આ ભાગ મહત્ત્વનો છે. તેમાં મહત્ત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે, તર્કબદ્ધ રીતે મુકાયેલા હોવા જોઈએ.
- સમાપન આખા નિબંધના અંતે સારરૂપ ફકરો આવવો જોઈએ. એમાંય જો સૂત્રાત્મક રીતે મુકી શકાય તો અંત વધુ આકર્ષક અને સચોટ બને.

નીચે નિબંધનાં કેટલાંક શીર્ષક આપ્યાં છે. તમે એ નિબંધ વિશે વિચારી જુઓ :

| | | | |
|---|---|---|---|
| (1) | જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ | (9) | આજનો વિદ્યાર્થી - વિદ્યાર્થી કે પરીક્ષાર્થી |
| (2) | મૈત્રીની મહેક | (10) | મારું પ્રિય પુસ્તક |
| (3) | સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય | (11) | વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો |
| (4) | પરિશ્રમ એ જ પારસમણિ | (12) | માતૃભાષાનું મહત્ત્વ |
| (5) | ખબર છે એટલી કે માતની હાકલ પડી છે. | (13) | યાદગાર પ્રવાસ |
| (6) | પાણી બચાવો - પ્રાણી બચાવો | (14) | વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો. |
| (7) | મારો પ્રિય સર્જક | (15) | આધુનિક સાધનો - શાપ કે આશીર્વાદ |
| (8) | દીકરી, ઘરની દીવડી | (16) | મારો પ્રિય તહેવાર |

•

## પૂરક વાચન

# 1 ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર

**કુમારપાળ દેસાઈ**

**(જન્મ : 03-08-1942)**

કુમારપાળ બાલાભાઈ દેસાઈનો જન્મ રાણપુરમાં થયો હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. ગુજરાતી વિશ્વકોશ સાથે તેઓ પ્રારંભથી જોડાયેલા છે. ચરિત્રસાહિત્યમાં તેમનું મોટું પ્રદાન છે. તેમના નિબંધોમાં વિચાર બળકટ રીતે પ્રગટ થાય છે. 'ઝાકળભીનાં મોતી', 'જીવનનું અમૃત', 'માનવતાની મહેક', 'ક્ષણનો સાક્ષાત્કાર' તેમના નોંધપાત્ર નિબંધ - સંગ્રહો છે. તેઓ જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. એ ક્ષેત્રમાં તેમણે ઘણું સંશોધન કરેલું છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં તેમણે અનેક પુસ્તકો આપેલાં છે. ભારત સરકારના 'પદ્મશ્રી' પુરસ્કારથી તેઓ સન્માનિત થયા છે.

આ ચરિત્ર નિબંધમાં ગુજરાતના પ્રેરણાપુરુષ વીરચંદ ગાંધીનાં ધર્મભાવના, સંસ્કૃતિપ્રેમ અને દેશપ્રેમ આલેખાયાં છે. અમેરિકા ખાતે યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે જેમ સ્વામી વિવેકાનંદ ગયા હતા એમ જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વીરચંદ ગાંધી ગયા હતા એ વાતથી ગુજરાતમાં એ ઓછા જાણીતા છે. એમણે અમેરિકામાં તેમ જ યુરોપના દેશોમાં ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, જીવનરીતિ વિશે અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં. દેશભક્તિની તીવ્ર ભાવનાને કારણે સતત કાર્ય અને દરિયાઈ પ્રવાસને લીધે શરીર ઘસાઈ ગયું ને યુવાન વયે એમનું અવસાન થયું. એમના ચરિત્રનાં અનેક અજાણ્યાં પાસાં આ નિબંધમાં અસરકારક રીતે નિરૂપાયાં છે.

---

આપણો દેશ પરાધીનતાની બેડીઓમાં જકડાયેલો હતો, ત્યારે દેશની સ્વાધીનતા અને ભારતીય પ્રજાના આત્મસન્માનને માટે વીરચંદ રાઘવજી ગાંધીએ દેશ-વિદેશમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. અમેરિકા અને ઇંગ્લૅન્ડ જેવા દેશોમાં પોતાના ત્રણ વિદેશ પ્રવાસમાં તેમણે ભારત અને ભારતીય ધર્મો વિશે 650થી વધુ પ્રવચનો પશ્ચિમના લોકો વચ્ચે આપ્યાં. એ સમયે ભારત એટલે વાઘ, સાપ અને રાજાઓનો દેશ એવી ભ્રામક માન્યતા હતી તે તેમણે દૂર કરી. ભારતીય ધર્મો રૂઢિઓ અને ક્રિયાંકાંડોનો ધર્મ છે એવો ખોટો પ્રચાર કરવામાં આવતો હતો ત્યારે વીરચંદ ગાંધીએ ભારત અને એની સંસ્કૃતિની ભવ્યતાનો પશ્ચિમને ખ્યાલ આપ્યો.

ભારતના પ્રાચીન ગ્રંથો અને તેની વૈચારિક સમૃદ્ધિની હાંસી ઉડાવવામાં આવતી હતી, ત્યારે તેમણે ભારતીય શાસ્ત્રગ્રંથોમાં રહેલી વૈચારિક અને આધ્યાત્મિક સમૃદ્ધિની વિદેશમાં સમજ આપી. વેદોની મહત્તા, ભારતનું મનોવિજ્ઞાન, ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડાણ વિશે પ્રવચનો આપ્યાં , સાચી સમજ ફેલાવી.

આવા ભારતીય સંસ્કૃતિના જ્યોર્તિધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રની દક્ષિણે ભાવનગર શહેરથી એકસો કિલોમીટર દૂર આવેલા મહુવા ગામમાં તા. 25-8-1868ના રોજ થયો. એમના પિતા રાઘવજીભાઈ મહુવામાં સોનીકામ કરી ધર્મમય જીવન ગાળતા હતા.

વીરચંદ રાઘવજી ગાંધી વધુ અભ્યાસ માટે ભાવનગર આવ્યા. ત્યાં છાત્રાલયની સગવડ નહિ હોવાથી મહુવાનો ધંધો સમેટીને કેળવણીપ્રિય પિતા રાઘવજીભાઈ અને માતા માનબાઈ ભાવનગર આવ્યાં. મૅટ્રિકની પરીક્ષામાં વીરચંદ ગાંધી ગોહિલવાડ રાજ્યમાં પ્રથમ ક્રમે આવ્યા. પછી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી વીસ વર્ષની ઉંમરે બી.એ.ની પદવી મેળવી. મુંબઈમાં તેઓ 'જૈન એસોશિયેશન ઑફ ઇન્ડિયા'ના મંત્રી બન્યા. પોતાની કાર્યકુશળતા, વ્યાપક દૃષ્ટિકોણ અને પ્રગતિશીલ વિચારધારાથી સંસ્થાને તેમણે નવો ઘાટ આપ્યો.

ઈ.સ. 1893ના સપ્ટેમ્બર મહિનામાં અમેરિકામાં 17 દિવસ માટે યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદ ગયા હતા, તો જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વીરચંદ ગાંધી ગયા હતા. ધર્મ પરિષદમાં આ 29 વર્ષના યુવાને પોતાની વિદ્વત્તા અને વાણીપ્રવાહથી સૌને સ્તબ્ધ કરી દીધા. એમણે માથે સોનેરી કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને પગમાં દેશી આંકડિયાળાં પગરખાં પહેર્યાં હતાં. ઊંચું ભરાવદાર શરીર, તેજસ્વી આંખો, હસતો

ચહેરો અને શાંત પ્રકૃતિથી વિશ્વધર્મ પરિષદની પહેલી હરોળમાં બેઠેલા વીરચંદ ગાંધી જુદા તરી આવતા હતા. એમના ભારતીય પોષાક તરફ સૌનું ધ્યાન ગયું હતું.

વિશ્વધર્મ પરિષદમાં એમણે જૈનદર્શન અને ભારતીય સંસ્કૃતિ વિશે પોતાના વિચારો પ્રભાવક રીતે પ્રગટ કર્યા. ખાસ તો ભારતીય ધર્મો, એના રીતરિવાજો તથા એના તહેવારો પાછળ રહેલી તાર્કિકતા અને વૈજ્ઞાનિકતાનો ખ્યાલ આપ્યો. એમનાં પ્રવચનોમાં સહુને ભારતીય જીવનશૈલી પ્રત્યેનો આદર અને પરાધીન ભારતની કપરા સંજોગોમાં પણ ગરિમા જાળવવાની રાષ્ટ્રભક્તિનો ધબકાર જોવા મળ્યો. તેમણે કહ્યું કે 'તમારે ત્યાં અબ્રાહમ લિંકન થયા છે, તો અમારા દેશમાં મહાન વિક્રમાદિત્ય અને સમ્રાટ અશોક થયા છે.' તેમણે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને શ્રીમદ્ રાજચંદ્ર જેવી પ્રતિભાઓનો પશ્ચિમને પરિચય આપ્યો. વીરચંદ ગાંધીએ ભારતની યોગપ્રણાલી, આહારવિજ્ઞાન, શ્વાસવિજ્ઞાન જેવા વિષયો પર રસપ્રદ પ્રવચનો આપ્યાં. વિશેષ તો 'ભારતનો અમેરિકાને સંદેશ' જેવા વિષયો પરનાં વ્યાખ્યાનોમાં તેમણે સિદ્ધ કર્યું કે અમેરિકા ભારત પાસેથી કેટલી બધી વૈચારિક અને આધ્યાત્મિક સામગ્રી મેળવી શકે તેમ છે. અમેરિકાના નૂતન સમાજને તેમનામાં ભારતીય દર્શન અને સંસ્કૃતિનો દૃઢ અવાજ સાંભળવા મળ્યો.

રેવરન્ડ એફ. પેન્ટાકોસ્ટે વિશ્વધર્મ પરિષદમાં હિંદુ મંદિરોની પૂજારણો ઉપર આક્ષેપો કર્યા ત્યારે વીરચંદ ગાંધીએ એનો ઐતિહાસિક પ્રમાણો સહિત પ્રતિવાદ કર્યો હતો. અમેરિકાનાં જુદાં જુદાં નગરોમાં તેમણે વિદેશીઓને ભારતની મહત્તાનો ખ્યાલ આપ્યો. છેક 1893માં એમણે કહ્યું કે 'ભારત સ્વતંત્ર થશે ત્યારે તે કોઈ પણ દેશ ઉપર હિંસક માર્ગે આક્રમણ નહિ કરે.' વૉશિંગ્ટનમાં એમણે 'ગાંધી ફિલોસોફિકલ સોસાયટી'ની સ્થાપના કરી અને એના દ્વારા ભારતીય શાકાહાર કે ભારતીય ધર્મપ્રણાલીમાં વિદેશીઓને રસ લેતા કર્યા હતા.

મહાત્મા ગાંધીજી સાથે પણ વીરચંદ ગાંધી મુંબઈની એક ઓરડીમાં રહ્યા હતા અને બંને ખોરાક અંગેના પ્રયોગો કરતા હતા. વીરચંદ ગાંધીએ પાલીતાણા તીર્થ પર આવતા યાત્રાળુઓનો મુંડકાવેરો દૂર કરાવવાનું કાર્ય કર્યું હતું. સમેતશિખર તીર્થમાં બેડમસાહેબ નામના અંગ્રેજે ડુક્કરોની ચરબી કાઢવાનું કારખાનું નાખ્યું, ત્યારે તે દૂર કરવા માટે વીરચંદ ગાંધી છ મહિના કોલકાતામાં રહ્યા હતા. 14 ભાષાઓના જાણકાર વીરચંદ ગાંધીએ સમેતશિખર તીર્થ અંગે જૂના દસ્તાવેજોનો અભ્યાસ કર્યો હતો અને એ માટે બંગાળી ભાષા પણ શીખ્યા હતા.

વીરચંદ ગાંધી અમેરિકા હતા ત્યારે ભારતમાં દુષ્કાળ પડ્યો હતો. એ સમયે અમેરિકામાં સ્થપાયેલી દુષ્કાળરાહત સમિતિના પ્રમુખ તરીકે તેમણે તાત્કાલિક સાનફ્રાન્સિસ્કો શહેરથી મકાઈ ભરેલી સ્ટીમર કોલકાતા મોકલાવી હતી અને આશરે ચાલીસ હજાર રૂપિયાની સહાય ભારતના જુદા જુદા ભાગોમાં મોકલી હતી.

ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીને અમેરિકામાં અભ્યાસ કરાવવા માટે તેમણે અમેરિકામાં એક સંસ્થા સ્થાપી હતી. પોતે બૅરિસ્ટર થયા હતા. પરંતુ વકીલાતનો અંગત વ્યવસાય કરવાને બદલે પોતાની નિપુણતા અને સમજનો ઉપયોગ ધર્મ, સમાજ અને રાષ્ટ્રને માટે કર્યો હતો. એ કાળે વિદેશપ્રવાસ માટે વિમાનવ્યવહાર નહોતો, તેથી દરિયાઈ માર્ગે મહિનાઓ પસાર કરીને વિદેશ પહોંચવું પડતું હતું. એ માટે તેમણે અતિશ્રમ વેઠીને વિદેશમાં ભારતીય સંસ્કૃતિની ગરિમા દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. એમના જીવનની પ્રત્યેક પળ આ કાર્ય માટે જ વપરાઈ હતી. અતિપ્રવૃત્તિ અને પરિશ્રમને કારણે તેમનું સ્વાસ્થ્ય કથળ્યું અને તા. 7-8-1901ના રોજ માત્ર 37 વર્ષની વયે એમનું અવસાન થયું.

વીરચંદ ગાંધી જીવ્યા થોડું પણ ભારતના મહિમાને ઉજાળવા જીવ્યા. તેમની સામાજિક પ્રવૃત્તિઓ અને ભારતીય દર્શનનાં અભ્યાસ અને શ્રદ્ધાને કારણે તેઓ ભારતને ગૌરવ અપાવી શક્યા. એમનું ધૂપસળી જેવું જીવન પછીની પેઢી માટે ખૂબ પ્રેરણારૂપ છે.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**રૂઢિ** અગાઉથી ચાલી આવતી રસમ; **મહત્તા** મોટાઈ, ગૌરવ; **કેળવણી** શિક્ષણ, તાલીમ; **મૅટ્રિક** જૂનો, અગિયારમી શ્રેણી સુધીનો અભ્યાસ; **સ્તબ્ધ** આશ્ચર્યચકિત, દિગ્મૂઢ થયેલું; **પ્રગટ કરવું** પ્રસિદ્ધ કરવું, જાહેર કરવું; **ગરિમા** (અહીં) માન, સન્માન; **બૅરિસ્ટર** કાયદાના જાણકાર, વકીલ; **મૂંડકાવેરો** માથાદીઠ લેવાતો કર

●

# 2 અનોખું મૈત્રીપર્વ

**હિમાંશી શેલત**

**(જન્મ : તા. 08-01-1947)**

હિમાંશી શેલતનો જન્મ સૂરતમાં થયો હતો. તેમણે સૂરતની કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી હતી. 'આઠમો રંગ', 'સપ્તધારા' તેમની નવલકથાઓ છે. 'અંતરાલ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'એ લોકો', 'સાંજનો સમય', 'પંચવાયકા' તેમના ટૂંકી વાર્તાઓના સંગ્રહો છે. 'મુક્તિવૃત્તાંત' તેમની આત્મકથા છે. 'વિક્ટર' પુસ્તકમાં પ્રાણીઓના ઉછેરની સંવેદનકથાઓ છે. 'એકડાની ચકલીઓ' તેમનો નિબંધ સંગ્રહ છે. લેખિકાને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમી દિલ્હીના એવૉર્ડ ઉપરાંત પાંચ એવૉર્ડ મળ્યાં છે.

મનુષ્યની પશુઓ સાથેની મૈત્રી યુગયુગોથી રહી છે. આજે આપણે એ ભૂલતાં જઈએ છીએ. પોતાના ઘરમાં પાળેલાં બિલાડી અને કૂતરાનાં બચ્ચાં સાથે લેખિકાને એવી મૈત્રી હતી કે એને પર્વરૂપે ઓળખાવે છે. આ બચ્ચાંઓનું વર્ણન જાણે કુટુંબીજનોનું વર્ણન હોય એવી આત્મીયતા આખા પાઠમાં છલકાય છે. ઝીણી ઝીણી વિગતોથી દરેક બચ્ચાની ખૂબીઓ રજૂ થઈ છે તે વર્ણન મોહક છે. લેખિકાની અવલોકનશક્તિ કેવી સૂક્ષ્મ છે તે પણ સૂચવાય છે. કૂતરાં-બિલાડાં ઝઘડે જ એવી માન્યતા સામે, અહીં સૌ પ્રેમથી સાથે રહે છે એ નોંધપાત્ર છે. ઝઘડતા માણસો માટે કોઈ કૂતરાં-બિલાડાંની ઉપમા આપે તો લેખિકાને માઠું લાગે છે એ તેમની મૈત્રી કેવી મધુર અને નિકટની હતી તે સૂચવે છે.

---

બારણું ધકેલીને અંદર દાખલ થઈ. ઉત્તેજના, ઉત્કંઠા સમાય નહિ એવી. ઓરડામાં તો અંધારું ઘોર. ભીંતે હાથ ફેરવી સ્વિચ દાબી. આમતેમ નજર દોડાવી.

ત્યાં તો નજર પડી, પડી તેવી જ જકડાઈ ગઈ, જડાઈ ગઈ. જે મોટા ટોપલામાં એમના શયનાર્થે રજવાડી સગવડ કરી આપી હતી એમાંથી જ ટપોટપ એ ત્રણેય ટબૂકલાં બહાર આવ્યાં. મારી ગેરહાજરીમાં બાએ એમને સાચવવા ઠીકઠીક શ્રમ લીધો હતો એમ જણાતું હતું. બહાર નીકળ્યાં તેવાં એ ત્રણેય પકડદાવ રમવા લાગ્યાં, મારી હાજરીની જાણે એમણે નોંધ સુધ્ધાં લીધી નહોતી. કાળા રેશમનાં બન્યાં હોય તેવાં હતાં ત્રણેય. રંગ એકદમ સરખો, જરીકે ફેર નહિ. દેશી બિલાડીઓને હોય તેવું એકાદ સફેદ કે કેસરી ધાબું-ટપકુંયે નહિ. કાળો એટલે કાળો, અમાસની રાતના પોલમાંથી તાર તાર કાઢી ઝળહળ તડકે ઝબકોળી તૈયાર કરી હોય એવી રુંવાટી. એક જરા મોટું લાગ્યું. બીજું નાનું ને નબળું ને ત્રીજું પાતળિયું પણ મજબૂત. રમતાંરમતાં એમની નજર મારા પર પડી અને તરત એમણે રમત અટકાવી દીધી, મને ટગરટગર જોવામાં એ પરોવાયાં ત્યારે એમની રૂપાળી આંખોના રંગ મેં જોયા, મોટાની આંખ સોનેરી, નાના-નમણાની ભૂરાશ પડતી અને પાતાળિયાની લીલી ઝાંયવાળી બદામી.

મને તો એમ કે બિલ્લીનાં બચ્ચાં પહેલાં તો સંતાઈ જશે, દોસ્તી બાંધતાં દિવસો જશે. આવો જૂનો અનુભવ. આ તો ભાગ્યાં નહિ એટલે જરા આત્મવિશ્વાસથી મેં એમને પુચકાર્યાં. એમની ભોળી, ફૂટડી આંખોમાં નર્યું વિસ્મય છલકાયું. ભાગવું કે ઊભા રહેવું એ નક્કી ન થતાં એ વચ્ચેની સ્થિતિમાં દેખાયાં. હું હળવેથી નીચે બેસી પડી. ત્રણમાંનું સહુથી મોટું મારી નજીક આવ્યું. ત્રાંસુંત્રાંસુ ચાલતું, એનો કોઈ પેંતરો હોય એ ઢબે. મેં જરાક હાથ લંબાવ્યો, શ્વાસ રોકીને, પછી એને ગાલે, દાઢીએ, ગરદન પર, મારી આંગળીઓ ફેરવી. મોટે ભાગે બિલાડીઓ આ ભાષા જાણે જ. એ તરત રાજીરાજી થઈ વહાલભરી ઘુરઘુરાટી બોલાવતું સાવ પાસે આવી ગયું. (આ Purring માટે આપણી પાસે કોઈ સરસ શબ્દ કેમ નહિ હોય ?) ખોળામાં બેઠું તેવું જ એ તો ગેલ કરવા લાગ્યું. એને આમ મઝા કરતું જોઈ પેલાં બે પણ પાસે ખેંચાઈ આવ્યાં અને આમ એ સિયામીઝ માર્જાર-ત્રિપુટી સાથેની મારી સરસ મઝાની દોસ્તીનો રોમહર્ષક આરંભ થયો.

બિલ્લીઓ માટેનું મારું ગાંડપણ મારી દોસ્ત બરાબર જાણે, એટલે એણે તો બચ્ચાં મેળવી જ લીધાં અને મોટી બાસ્કેટમાં સારો સંગાથ મેળવી સૂરત મોકલી આપ્યાં. આ મહામૂલાં મિત્રો અમારે ત્યાં આવ્યાં તે વેળા ઘરમાં પાંચ દેશી બિલાડીઓ હાજર. તેમાં આ નવાં ત્રણ, ને તે પાછા ઊંચા કૂળના માનવંતા નબીરા. પરિવારના સભ્યોને ઉત્સાહ અને ટેન્શન એક સાથે. યોગાનુયોગ હું એમના આગમન ટાણે બહારગામ, એટલે એમની ખાતરબરદાસ્ત કરવાનું બાને ભાગે. મને તો સ્ટેશને જ ખબર પડી કે ઘેર મારે માટે નવાં દોસ્ત આવ્યાં છે. એવી અધીરાઈ વ્યાપી કે પૂછવું નહિ. રણઝણ રોમાંચમાં બારણું હડસેલ્યું અને પછી તો...

આ ક્યારની શું કરે છે ? બિલાડીનાં બચ્ચાં જોઈને ગાંડી થઈ જાય છે ! ખાવુંપીવું નથી ?

બાએ બબડતાં ડોકિયું કર્યું અને ખુશ થઈ ગઈ. હું પગ લંબાવી આરામથી બેઠી હતી અને ત્રણેય ઝીણકાં હરખઘેલાં થઈ રમતાં હતાં. ગેલગમ્મતના અજબગજબ ખેલ ચાલતા હોય ત્યાં ખાવાનું કોને યાદ આવે ? આમેયે બિલાડી એક અત્યંત આકર્ષક છટાવાળું પ્રાણી છે. એના ઠાઠની તો શી વાત કરવી ! જેણે પાળ્યું હોય કે નજીકથી જોયું હોય એ જ જાણે. ટટ્ટાર ડોક રાખી, લાબા પગ કરી નિરાંતે બેઠી હોય ત્યારે વાઘની નાની આવૃત્તિ લાગે, એકાગ્ર ચિત્તે પંજો ભીનો કરીકરીને મોં સાફ કરતી હોય ત્યારે અરીસો ધરવાનું મન થઈ આવે, કોઈ પણ ચીજને અપાર કુતૂહલથી, બારીક નજરે એવું જુએ કે દુનિયાનો શ્રેષ્ઠ જાસૂસ પણ બાજુ પર ને સાવ અમસ્તી મજાકમાં પોતાની જ પૂંછડી પકડવા જે રીતે ગોળગોળ ફરે તે જોઈને તો હસીહસીને બેવડ થઈ જવાય. મને તો કદી સમજાયું નથી કે આવા રૂપાળા પ્રાણીને જોઈને કોઈને હડહડ કરી ભગાડવાનું મન જ શી રીતે થાય.

અમારાં વીઆઈપી-નિવાસીઓને એમને શોભે એવાં નામ અમે આપ્યાં, બિલાડીઓ મેબલ અને રાશેલ, બિલાડો થિયોડોર. એવું ઠર્યું કે જ્યાં લગી આ ત્રિપુટી બરાબર ગોઠવાય નહિ ત્યાં લગી ઉપર મારા ઓરડામાં રહે અને ત્યાંથી અગાશીમાં જઈ શકે જેથી એમને પૂરી મોકળાશ રહે અને અમને નિરાંત.

ઘરનું દેશી બિલાડીઓનું વૃંદ તો ખાઈપીને માતેલું થયેલું, ઘરનો અને આસપાસનો ખૂણેખૂણો જાણે. એમની તો દાદાગીરી ચાલે. આ ત્રણ તો મુંબઈગરાં સોફિસ્ટિકેટેડ. દૂધ, બિસ્કિટ અને ઈંડાં ખાય. ખાવાનું ઘડિયાળને કાંટે, ને કુદરતી હાજત માટે માટીવાળો ટોપલો. એમાંયે કોઈ વાર ન ફાવે તો બાથરૂમમાં ભરાઈ ખાળ પર બેસી આવે એવાં સાફસૂથરાં ! ખાટલા પર આપણી આસપાસ પથરાઈને ઊંઘવા જોઈએ. ખાવાની રકાબીમાં વાસ ન આવવી જોઈએ. ભારે નખરાં એમનાં તો. અમેય ક્યાં આજ દિન સુધી આવી બિલાડી જોઈ હતી !

આ પછી તો રોજ સાંજે ઘેર આવતાં મને પાંખો ફૂટતી. ઓરડામાં પેસી બારણું બંધ કરી પહેલાં ખાણીપીણી ચાલે, પછી અગાશીમાં સીધી પહોંચે અમારી મંડળી. નારંગી ઉજાસમાં કાળા રેશમી આકાર ઊછળતા, કૂદતા મસ્તીએ ચડે. અગાશીમાં એક તરફ નાળિયેરીનાં પાન ઝળૂંબે. થિયોડોર એ પાનને વળગી સમતુલાના ભાતભાતના ખેલ દેખાડી ચક્તિ કરી દેતો અમને. મેબલ અને રાશેલ બનાવટી શિકારીની રમતો રમે, નાનાં અમથાં પાન કે ઠળિયા પાછળ દોડીદોડીને ગાંડાં થાય. અંધારાથી આખી અગાશી ચસોચસ ભરાઈ જાય તો યે હું નીચે જવાનું નામ લેતી નહિ. કયા ખૂણામાં કોની આંખોનાં રત્ન એનું અનુમાન બાંધતી બેસી રહેતી. કોઈ ખૂણે સ્થિર ઝળહળતી કે ક્યારેક તીરઝડપે ભાગતી તણખા શી આંખો જ સાહેદી પૂરે એ ત્રણની હાજરીની, બાકી તો કાળામાં કાળું.

એમને ખવડાવવાનું કામ સહેલું નહોતું. કેટલાં લાડ અને માનપાન મળે પછી ખાવા બેસે. ખાવામાં કશી ઉતાવળ નહિ, આરામથી જમે. મોટી રકાબીની આસપાસ, લીલોતરીની વચ્ચે એ શ્યામા એવી તો ખૂબસૂરત દેખાય કે નજર હટે નહિ. આમેય મેબલનો વિકાસ સહુથી સરસ રહ્યો હતો. ઝડપથી વજન વધતું હતું. પાછલા પગ લગીર ઊંચા, લચકદાર, મોહક ચાલ, અણિયાળા કાનની ટોચ લાલાશ પડતી બદામી, લાંબી છેડેથી વળાંકવાળી પૂંછડી અને પેટ આગળ રુંવાટી એવી ભરપૂર કે બેસે ત્યારે જમીનને અડતી લાગે. એનું કદ જ પ્રભાવક, બે હાથે ઉપાડીએ ત્યારે માંડ સરખી ઊપડે, ખભા પર પગ ટેકવી છોકરાં પેઠે તેડવી પડે. કાળા દીપડા જેવી એ બારી નજીક બેસી તડકો ખાતી હોય.

આ ત્રણેય ચતુર ચોપગાં એમનાં નામ સાંભળી કૂતરાની જેમ જ દોડતાં આવતાં. અમારા એક મિત્ર આ સાંભળી ખડખડ હસ્યા. – જુઓ ભાઈ, કૅટ ઈઝ એ કૅટ. નામથી દોડતું આવે એવું પ્રાણી બિલાડી હોઈ જ ન શકે.

મને ખબર તો ખરી જ કે બિલાડી એક મનસ્વી પ્રાણી છે. એને ખવડાવીને કે કાળજીથી રાખીને પણ એની સ્વતંત્રતા ખરીદી શકાતી નથી. મૂળ તો એની પ્રકૃતિ જ મને પસંદ પડી ગઈ છે. આવી સ્વતંત્રતાથી પ્રેરાયેલી આ ત્રિપુટી મારી બૂમે ન આવે તો ભોંઠા પડવાનો વારો અવશ્ય આવે છતાં મેં હિંમતથી થિયોડોરને બોલાવ્યો. બીજી જ બૂમે એ દોડતો ને ધસમસતો અમે જે ઓરડામાં હતાં ત્યાં આવી ઊભો ! અમારા મિત્ર સ્તબ્ધ અને અમે ખુશખુશાલ.

એક ઘટના અવિસ્મરણીય છે અને તે આ સિયામીઝ બિલ્લીઓ અને અમારી દેશી બિલાડીઓનો પરિચયવિધિ. અમને ચિંતા તો હતી જ કે આ બધાં એકસાથે કેવી રીતે રહેશે અને બધું શી રીતે સચવાશે. વળી, ત્રણેય એવાં તોફાની હતાં કે એમને સતત ઉપર રાખવાનું અશક્ય બનતું જતું હતું અને બિલાડી જેવા ચંચળ પ્રાણીને એ રીતે રાખી પણ ન શકાય. શી તરકીબ અજમાવવી એ સૂઝતું નહોતું. એવામાં એક દિવસ આ અકસ્માત સરજાઈ ગયો. કશાક તાકીદના કામ નિમિત્તે મારે ધડધડાટ દાદર ઊતરી નીચે આવવાનું થયું અને મારી પાછળપાછળ જ આ ત્રણેય બહાદુરો ઝડપભેર નીચે આવી લાગ્યાં ! મારા જેટલી

જ નહિ, મારાથીયે વધુ ઝડપે સવારનો સમય, અમારી રફ-ટફ દેશી બિલાડીઓ શિરામણ પતાવી રાતની રખડપટ્ટીનો થાક ખંખેરવા આગલા ઓરડામાં મન ફાવે ત્યાં ઊંઘ તાણતી હતી. અમારા ઘરમાં એક બાબતનું સુખ. ઊંઘતી બિલાડીઓને કોઈ જગાડે નહિ. સોફા પર, ખાટલા પર, ખુરશીમાં, ગાલીચા પર કે પગલૂછણિયાં પર - જ્યાં ગમે ત્યાં ઘોરણ બોલાવી શકાય. અમારા શ્વાસ તો અધ્ધર થઈ ગયા, હૃદય ધબકતું બંધ થઈ ગયું હોય તેવો સન્નાટો. હમણાં કોઈ જાગશે, અબઘડી મહાયુદ્ધ આરંભશે. બીકમાં વ્યાકુળ અમે તો ત્રિપુટીને ગમે તે રીતે ઝડપીને ઉપર લઈ જવાની પેરવીમાં હતાં, પણ થિયોડોર ક્યાં ? મેબલ-રાશેલ તો રસોડામાં દેખાયાં પણ આવો આ ક્યાં ગયો ? બેબાકળાં અમે આગલા ઓરડામાં પહોંચ્યાં. ભલા ભગવાન ! એ તો આગળ જ, પેલી ઢગલો બિલાડીઓ જોઈને ત્યાં જ, એમની ઠેઠ પાસે પહોંચેલો. એને ગંધ આવી જ ગઈ કે અહીં તો ‘અપનેવાલા’ છે. ભય અને આશંકામાં અમે ફફડી રહ્યાં.

અને અમે જોયું એક આહ્લાદક, રોમાંચક દૃશ્ય, જેની સ્મૃતિમાત્રથી આજેય પ્રસન્નતાની એક લહેર ઊઠે છે. થિયોડોર ખુરશી પર બે પગ રાખી, ધીમા અવાજે, એની ખાસ ભાષામાં ટીકાને કંઈક કહી રહ્યો છે. ટીકો એની નાની ઊંઘરેટી આંખે, બગાસું ખાતાંખાતાં એની વાત સમજવા મથી રહ્યો છે. ટીકો અમારો જરા ગામડિયો, એટલે થિયોડોરની બમ્બૈયા ઢબછબવાળી અભિવ્યક્તિથી થોડો ડઘાયેલો લાગે છે. કદાચ ભાષાની થોડી મુશ્કેલી પડી હોય, પણ ફિકરનું કોઈ કારણ નથી. કોઈના ચહેરા તંગ નથી, કોઈ મૂછોને વળ નથી ચડાવતું, કોઈ પૂંછડી પટકીને યુદ્ધની ઘોષણા કરવાના ‘મૂડ’માં નથી. ટીકો એનું લાંબું કદ સંકોરતો આળસ મરડીને ઊભો થાય છે અને અમારા પરમ આશ્ચર્ય વચ્ચે થિયોડોર કૂદીને ગાદી પર ટીકા અને નાનીની વચ્ચે બેસી જાય છે ! પળ બે પળમાં તો મેબલ અને રાશેલ ત્યાં આવી પહોંચે છે. મેબલ પારકાને જોઈને રાજી થઈ ગયેલી દેખાય છે, એને હળુહળુ અવાજે બોલાવે છે. લઘુતાગ્રંથિથી પીડાતો પારકો આવી જાજરમાન મેબલને જોઈ જરા સંકોચાય છે, પણ પછી મેબલનું મળતાવડું વલણ જોઈ હિંમત ભેગી કરે છે. રાશેલ શરમાળ છે એટલે આટલી બધી માર્જાર વસ્તી જોઈ થોડી ડરે છે, પછી તો એનો ખંચકાટ પણ જતો રહે છે.

ઘડી પછી તો આગલા ઓરડામાં જ પકડદાવની ધમાચકડીમાં બધાં પરોવાય છે. પડદા પરથી નખ ભેરવી સડસડાટ ઉપર પહોંચવાની સ્પર્ધા ચાલે છે, ટેબલ પરથી ટેબલ નીચે સંતાકૂકડીની મોજ માણે છે આઠેઆઠ. અમને હાશ થાય છે, આટલા સહજ-સરળ ભાવે આ બધાં પરસ્પરને સ્વીકારી લેશે એવું જાણતાં હોત તો...તો...પણ અમે એવું ક્યાંથી જાણીએ ? અમારો અનુભવ મનુષ્યજાતિનોયે ખરો ને પાછો !

અમારા આંગણામાં આવાં દૃશ્યો રોજરોજ સર્જાવા લાગ્યાં. કૂંડાંઓની અડખેપડખે કે ક્યારામાં આ સ્ફૂર્તિલાં મિત્રો એમની આગવી રમતો શોધી નિજાનંદમાં રમમાણ હોય. સવારનો મનભાવન તડકો એમની સાફ, ચમકતી રુંવાટીને સ્પર્શતો હોય અને પ્રકૃતિ કે જીવન પરત્વેનો વિસ્મયભાવ કે મુગ્ધતા જળવાઈ રહ્યાં હોય એવા કોઈ રાહદારીની નજર અમારા તરફ પડી જાય કે બસ. કુતૂહલ અને પ્રશંસાથી એ જરૂર પૂછી લે, ‘‘આ બધી બિલાડીઓ તમારી ?’’ અને પૂરા સંતોષથી આનંદ કંપતા અવાજમાં જવાબ આપાય, ‘‘બધીયે અમારી...’’

અને મને તો એવુંયે થાય કે માત્ર આટલી જ શા સારુ, હું પ્રત્યેક બિલાડીને ચાહું છું, એટલી ચાહું છું કે મને તો બધી જ મારી લાગે છે. આટલું ઓછું હોય તેમ અમારો દોસ્ત લાલિયો પણ આ રમત સમયે પૂરી અદબ જાળવી બેઠો હોય. ત્યાં એના મોટા કદને લીધે રમતમાં સીધો ભાગ લેવાનું એને માટે શક્ય નથી છતાં, કપાળે કરચલી ધારણ કરી, થોડી રમૂજ સાથે અને પૂરા ગૌરવથી એ બિલાડીઓની ધમાલ જોતો રહે છે. હા, આ છત્ર હેઠળ કૂતરા અને બિલાડીઓ સાથે રહી શકે છે, પ્રેમથી, સદ્‌ભાવથી. હવે કોઈ માણસો માટે એવો શબ્દપ્રયોગ કરે કે ‘‘આ લોકો તો કૂતરાં-બિલાડાં જેવું લડે છે’’ તો હું મારી જીભ કચરી બેસું છું. એમાં મારો કોઈ દોષ ખરો ?

**(‘વિકટર’માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ઉત્તેજના** ઉશ્કેરણી, આવેશ; **ઉત્કંઠા** આતુરતા, અધીરાઈ; **શ્રમ** મહેનત; **પેંતરો** યુક્તિ, પ્રપંચ; **ઢબ** પ્રકાર, પદ્ધતિ; **માર્જાર** બિલાડો; **સાહેદી** સાક્ષી; **સન્નાટો** શાંતિ, નીરવતા; **મુગ્ધતા** મુગ્ધ હોવાપણું; **નબીરો** દીકરા કે દીકરીનું સંતાન, મોટા ઘરનો છોકરો; **જાસૂસ** ગુપ્તચર, બાતમીદાર; **મસ્તી** ચકચૂર હોવાપણું, અડપલું; **માતેલું** મત્ત બનેલું; **અનુમાન** અટકળ, સંભાવના; **મનસ્વી** સ્વચ્છંદી; **પેરવી** તજવીજ, યુક્તિ; **ફિકર** પરવા, ચિંતા.

•

| 3 | # સત્યવ્રત |
|---|---|

**ઉમાશંકર જોશી**

**(જન્મ : તા. 21-7-1911; અવસાન : તા. 19-12-1988)**

ઉમાશંકર જેઠાલાલ જોશીનું વતન અરવલ્લી જિલ્લાનું બામણા છે. તેમણે કવિતા, વાર્તા, એકાંકી, નિબંધ, વિવેચન, સંશોધન, અનુવાદ, સંપાદનમાં ઉત્તમ પ્રદાન કર્યું છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'વસંતવર્ષા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી' તેમના કાવ્યસંગ્રહો છે. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' પદ્યનાટકના સંગ્રહો છે. 'શ્રાવણી મેળો' અને 'વિસામો' વાર્તાસંગ્રહો છે. 'સાપના ભારા' અને 'હવેલી' નોંધપાત્ર એકાંકી સંગ્રહો છે. 'સમસંવેદન', 'કવિની શ્રદ્ધા', કવિની સાધના', 'અખો એક અધ્યયન' તેમના મહત્ત્વના વિવેચન સંગ્રહો છે.

આ ઉત્તમ સર્જકને રણજીતરામ સુવર્ણચંદ્રક, ભારતીય સાહિત્ય અકાદમી એવૉર્ડ, સોવિયેટ લૅન્ડ પુરસ્કાર, કુમાર આશન પુરસ્કાર તથા જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયેલા છે. તેમણે ભારતીય સાહિત્ય અકાદમીના પ્રમુખની જવાબદારી પણ સંભાળી હતી.

---

એક વખત એક જૈન સાધુ વહોરવા (ભિક્ષાન્ન લેવા) નીકળ્યા હતા. એમને એક માણસે વિનંતિ કરી કે 'મહારાજ, મારે ત્યાં વહોરવા પધારો.'

સાધુ કહે : 'ના, હું નહિ આવું.'

'કેમ મહારાજ ?'

'કેમ કે તેં કોઈ વ્રત લીધું નથી.'

'તો હું વ્રત લઉં. મને કોઈ વ્રત આપો. પછી તો આપ પધારશોને ?'

'બોલ, શાનું વ્રત લઈશ ? દારૂ ન પીવાનું વ્રત લઈશ ?'

'ના મહારાજ, એ તે કેમ બને ? બીજું કોઈ વ્રત આપો.'

'તો આજથી જુગાર ન રમવાનું વ્રત લે.'

'મહારાજ, જુગાર રમ્યા વગર કેમ ચાલે ?'

'તો પછી વ્યભિચાર ન કરવાનું વ્રત રાખ.'

'એ શું બોલ્યા, મહારાજ ? એવું વ્રત કેમ લેવાય ?'

'તો ચોરી નહિ કરું એવું વ્રત લે.'

'ખરા છો તમેય, મહારાજ, પછી હું ખાઉં શું ?'

'તો સાચું બોલવું એટલું વ્રત લે.'

પેલા માણસને થયું કે આ એક વ્રત એવું છે કે એમાં કોઈ વસ્તુ જતી કરવી પડે એમ નથી. તરત જ બોલ્યો : 'મહારાજ ભલે; એ વ્રત આજથી હું લઉં છું !'

વ્રત લીધું ને બીજે દિવસે ભાઈને દારૂ પીવા જવાની ઇચ્છા થઈ; પણ વ્રત યાદ આવ્યું. દારૂ પીધા પછી કેફમાં જૂઠું બોલાઈ ગયું તો ? તો તો સાચું બોલવાનું વ્રત લીધું છે એ તૂટે. જુગારની ઇચ્છા થઈ, મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ આવવું મુશ્કેલ છે. પણ ચોરી કરવા ગયા વગર છૂટકો જ ન હતો. ચોરી વગર ખાવું શું ? એણે ખૂબ વિચાર કરી જોયો. અંતે નક્કી કર્યું કે ચોરી કરવી, પણ એવી કરવી કે એમાંથી આખી જિંદગી ગુજારો થઈ શકે. એક વાર ચોરી કરી આવીને પછી ઘરમાં બેઠાં બેઠાં ખાવું, બહાર નીકળીએ તો જૂઠું બોલવું પડે ને ? ચોરી પણ એવાને ઘરે કરવી જેની પાસે સૌથી વધુ ધન હોય છે. એવો તો કોણ હોય ? લાવ, રાજાને ત્યાં જ ખાતર પાડું. એમ કરી એ નીકળ્યો.

રસ્તામાં સિપાઈ મળ્યા. પૂછ્યું : 'અલ્યા, ઊભો રહે, કોણ છે ?'

પેલો કહે : 'ચોર છું' એને સાચું બોલવાનું વ્રત હતું ને ?

સિપાઈઓએ પૂછ્યું : 'ક્યાં જાય છે ?'

પેલો કહે : 'રાજમહેલમાં ચોરી કરવા.'

સિપાઈઓએ કહ્યું કે કોઈ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આગળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઈ ઉપર ચઢ્યો. બધી ચીજો જોવા લાગ્યો. આ તો મારે શા કામની છે ? આને હું શું કરું. આને સંતાડવી ક્યાં ? લઈ જાઉં તો જૂઠું બોલ્યા વગર છૂટકો જ નહિ. છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં જુએ તો સાત રત્નો. ચોરને થયું કે આટલાં બધાં મારે શું કરવાં છે ? ચાર બસ છે. અંદરથી ચાર રત્નો લઈ એણે છેડે ખોસ્યાં. ત્રણ દાબડીમાં રહેવા દીધાં ને દાબડી હતી તેમ બંધ કરીને પાછી એને ઠેકાણે મૂકી. બારીએ થઈને ઊતરીને ઘરને રસ્તે પડ્યો. રસ્તામાં એને એક માણસે રોક્યો. રાજા વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળેલો. એણે ચોરને ઊભો રાખ્યો ને પૂછ્યું : 'અલ્યા કોણ છે ?'

ચોર છું.'

'ક્યાંથી આવે છે ?'

'ચોરી કરીને આવું છું.'

'કોને ત્યાંથી ?'

'રાજાના રાજમહેલમાંથી.'

'શું ચોરી લાવ્યો ?'

જવાબમાં ચોરે છેડે ખોસેલાં ચાર રત્નો હથેલીમાં ધરીને બતાવ્યાં. રાજાએ કહ્યું : 'વાત તો સાચી. ક્યાં રહે છે ?' પેલાએ ઠેકાણું આપ્યું. બંને છૂટા પડ્યા. રાજમહેલમાં જઈને રાજા તો સૂઈ ગયો. સવારે સૌ જુએ તો રાજમહેલની બારી ઉઘાડી. તરત બૂમ પડી કે રાજમહેલમાં ખાતર પડ્યું છે. થોડીવારમાં પ્રધાનજી આવ્યા, એમણે તપાસ કરી; જુએ છે તો બધું અકબંધ, કશું ગયેલું દેખાયું નહિ. એમ કરતાં પેલી દાબડી એમની નજરે ચઢી. ખોલી. અંદર ત્રણ રત્ન પડ્યાં હતાં. પ્રધાનને થયું કે કોઈ મૂરખો લાગે છે. ત્રણ રત્ન મૂકીને ગયો છે. એ ત્રણ રત્ન એમણે ગજવામાં મૂકી દીધાં ને દાબડી એને ઠેકાણે મૂકી. રાજા પાસે જઈને પ્રધાનજીએ કહ્યું કે, 'મહારાજ, બીજું બધું તો સલામત છે. માત્ર દાબડીમાંનાં પેલાં સાત રત્નો ચોર લઈ ગયો છે.' રાજા કંઈ બોલ્યો નહિ. એટલું જ કહ્યું કે જલદી ચોરને પકડી લાવો.

ચોરને પકડવા અધિકારીઓએ બહુ મહેનત કરી, પણ કેમે કર્યો એ હાથમાં ન આવ્યો. પેલો તો ચારમાંથી એક રત્ન વાણિયાને ત્યાં આપીને કહી આવ્યો હતો કે 'શેઠજી, આમાંથી ચાલે ત્યાં સુધી રોજ મારે ઘેર સીધું મોકલી આપજો. ખૂટે ત્યારે કહેજો.' સીધું આવે એટલે પકાવી, ખાઈ કરી, ખાટલામાં ઘરખૂણે પડી રહેતો. બહાર નીકળે ને જૂઠું બોલવાનો પ્રસંગ આવે એવું રાખ્યું જ ન હતું.

ચોર ન પકડાયો ત્યારે એક દિવસ રાજાએ દરબાર ભર્યો. પ્રધાન ને સૌ અધિકારીઓને પૂછ્યું કે 'ચોર તમારાથી પકડી શકાય એમ છે ?' તેઓએ લાચાર બનીને ના પાડી, ત્યારે રાજાએ ચિઠ્ઠી લખીને એક માણસને કહ્યું : 'જા, આ માણસને બોલાવી લાવ.'

માણસ બોલાવવા આવ્યો ત્યારે ચોર તો બારણું અધખોલું રાખીને અંદર ખાટલા પર મજાથી સૂતેલો. ચોરને થયું કે છેવટે પોતે પકડાયો ખરો. રાજા પાસે પહોંચ્યો એટલે પહેલું જ રાજાએ એને પૂછ્યું : 'તું શો ધંધો કરે છે ?

'ચોરીનો ધંધો કરતો હતો, અન્નદાતા !'

'કરતો હતો ! હવે કરતો નથી ?'

'ના મહારાજ. પહેલાં કરતો હતો; હવે નથી કરતો. '

'ક્યારથી નથી કરતો ?'

'રાજમહેલમાંથી ચોરી કરી ત્યારથી નથી કરતો.'

'રાજમહેલમાંથી શું ચોરી ગયો હતો ?'

'રત્નો.'

'કેટલાં ?'

'ચાર.'

'એ રત્નો ક્યાં છે ?'

'ત્રણ રત્નો મારી પાસે છે.'

'અને ચોથું ?'

'ચોથું પે...લા પાઘડીવાળા શેઠ બેઠા છે ને ? એમને ત્યાં છે.'

શેઠ તો ગભરાઈ ગયા : 'રાજાજી, મને ખબર નહિ કે આપને ત્યાંનું હશે.'

રાજા કહે : 'ઠીક એનું તો.' પછી ચોરની તરફ વળીને કહ્યું : 'અલ્યા, દાબડીમાં રત્નો તો સાત હતાં. તેં સાતમાંથી ચાર જ ચોરેલાં ?'

'જી મહારાજ, ચાર જ લીધેલાં.'

'કેમ ચાર જ ?'

'એટલાં મારે આયખાભર પેટગુજારો કરવા માટે પૂરતાં હતાં.'

'તો બાકીનાં ત્રણ ક્યાં ગયાં ?'

ચોર કહે : 'અમને ચોર લોકોને આવી વાતની ગમ પડે. ક્યાં ગયાં એ બતાવું ?'

રાજા કહે : 'બતાવ.'

'આ તમારા પ્રધાનજી છે ને ? - એમણે લીધાં હશે.'

પ્રધાન તો વાઢ્યા હોય તો લોહી પણ ન નીકળે એવા થઈ ગયા.

રાજા કહે : 'પ્રધાન, સાચું બોલો. બાકીનાં ત્રણ રત્નો તમારી પાસે છે ?'

કરગરીને પ્રધાને કબૂલ કર્યું : 'હા, મારી પાસે છે.' આ બધું જોઈને રાજાને અને સભાને આશ્ચર્યનો તો પાર રહ્યો નહિ.

રાજાએ ચોરને પૂછ્યું : 'આ બધું શું છે ? પોતે ચોરી કરી ગયો છે એ વાત પણ સાચી અને બધું રજેરજ તું કબૂલ કરે છે એ પણ અમે જોઈએ છીએ.'

પછી ચોરે પોતે સાધુ પાસેથી સાચું બોલવું એવું વ્રત લીધેલું એ બધી વાત કહી.

આખી સભા ચકિત થઈ. રાજા પ્રસન્ન થયો. એમણે કહ્યું : 'પ્રધાન, આ માણસે તો પેટનો ખાડો પૂરવા ચોરી કરી હતી

અને છતાં સાચું બોલવાનું ક્યાંય ચૂક્યો નથી અને તમે તો ખાવાપીવાની કશી ખોટ ન હતી તો યે વધુ સંઘરો કરવા ત્રણ રત્નો ચોરી ગયા. તો જે જગ્યાએ એને જવાનું હતું તે જગ્યાએ – કેદખાનામાં તમે જાઓ અને અહીં તમારી જગ્યાએ પ્રધાનપદે હવેથી સત્યવ્રત બેસશે.'

**('સંસ્કૃતિ' માસિકમાંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**કેફ** નશો **ગુજારો** ગુજરાન, ભરણપોષણ; **કરગરવું** કાલાવાલા કરવા, આજીજી કરવી; **ખાતર પાડવું** ચોરી કરવી; **લાચાર** નિરુપાય, વિવશ; **આયખાભર** જીવનભર, આજીવન; **પ્રસન્ન** આનંદિત

### વિરુદ્ધાર્થી શબ્દો

**સાચું** × ખોટું; **પ્રસન્ન** × અપ્રસન્ન; **ગાંડો** × ડાહ્યો; **ચોર** × શાહુકાર

### શબ્દ સમૂહ માટે એક શબ્દ

**નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ** - વ્રત; **મોટાં મહેલ મકાન વગેરેના પ્રવેશદ્વારની ચોકી** - દોઢી.

•

# 4 બહેન સૌની લાડકી

**સાંઈરામ દવે**

**જન્મ તા. 07-02-1977**

સાંઈરામનું મૂળ નામ પ્રશાંત વિષ્ણુપ્રસાદ દવે છે. તેમનો જન્મ જામનગરમાં થયો. શિક્ષક તરીકે કાર્ય કરી હાલ લોકસાહિત્યના કાર્યક્રમો આપે છે. 'હસતા અક્ષર', 'રંગ કસુંબલ ગુજરાતી', અક્ષરની આંગળિયું ઝાલી' તેમના કાવ્યસંગ્રહો છે. જ્યારે 'હાસ્યનો હાઈવે', 'અમથા અમથા કેમ ન હસીએ', 'હસો નહિ તો મારા સમ' વગેરે તેમના વ્યંગ અને કટાક્ષ વ્યક્ત કરતા સંગ્રહો છે.

દીકરીની મહત્તા વ્યક્ત કરતી હળવી શૈલીમાં લખાયેલી આ વાર્તામાં આજની સમાજ વ્યવસ્થાનું સરસ નિરૂપણ છે. પોતાની ન હોય તો મિત્રની બહેન પણ પોતાની સગી બહેન જેટલી લાગણી રાખી શકે છે. ભાઈ બહેનના પ્રેમનું સુંદર આલેખન થયું છે.

---

ધ્રુવ અને ધર્મરાજ બેઉ દસમા ધોરણમાં ભણે. બંને વચ્ચે પાકી દોસ્તી. એમની મિત્રતા એવી કે સૌ એમનું દૃષ્ટાંત પણ ટાંકે : ખરી ભાઈબંધી તે આનું નામ ! દોસ્તી તો ઘણાની જોઈ પણ ધ્રુવ ને ધર્મરાજની દોસ્તીની તો વાત જ ન્યારી !

શાળાએ જતી-આવતી વેળાએ બેઉ સાથે જ હોય. ગૃહકાર્ય માટે પણ બંને એકબીજાના ઘરે મળે. અલકમલકની વાતો કરતા જાય અને ગૃહકાર્ય પણ કરતા જાય ! ગૃહકાર્ય પતાવીને રમવા માટે પણ સાથે જ જાય ! શાળામાંથી પ્રવાસ-પર્યટનનું આયોજન થાય તો શિક્ષકો પણ જાણતા જ હોય : 'આવશે તો બેઉ આવશે ! નહિ આવે તો એકેય નહિ !'

સમયના વીતવા સાથે દોસ્તી એવી તો ગાઢ બની હતી કે વાત જ ન પૂછો. બેઉ કિશોરોના પરિવારો પણ આ વાતનું ગૌરવ લેતા ! ધ્રુવ અને ધર્મરાજ એટલે જાણે બે શરીર ને એક આત્મા ! જો કે બેઉ દોસ્તોના સ્વભાવમાં આભ-જમીનનું અંતર હતું. ધ્રુવ આશુરોષ હતો તો ધર્મરાજ આશુતોષ ! ધ્રુવ ઉતાવળો, ધર્મરાજ ધીરજવાળો !

ધ્રુવ રીતેશભાઈ અને રીનાબહેનનો એકનો એક દીકરો. લાડકોડમાં ઉછરેલો. જરા આળસુ પણ ખરો ! સુંવાળો તો એવો કે તડકામાં જાય તો સહેજમાં લાલચોળ થઈ જાય. એને ધાર્યું કરવાનીય ટેવ. રીસે ચડે તો કહી દે : ''આજે શાળાએ નહિ જવાય !'' મમ્મી-પપ્પા એના સ્વભાવને ઓળખે. એટલે જરા પણ ગુસ્સે થયા વિના કહે : ''જેવી ધ્રુવભાઈની મરજી !'' પોતાની હઠની ધારી અસર ન પડે એ જોઈ ધ્રુવ થોડીવારે સામે ચાલીને કહે : ''મમ્મી ! મારો નાસ્તાનો ડબ્બો ?'' રીનાબહેન પુત્ર સામે ગંભીર રહીને પતિ સામે મલકી લે !

રીતેશભાઈ પણ દુનિયાદારીના જાણતલ. ગાલમાં હસીને સ્વગત બોલે : ''વાર્યો ન વળે એ હાર્યો વળે, રીના !''

ધ્રુવની બીજી એક નબળાઈ પણ ખરી. છોકરીઓ પ્રત્યે એને ભારે પૂર્વગ્રહ. માતા-પિતાને આ વાતની ચિંતા હતી જ. ધ્રુવ તંદુરસ્ત વલણવાળો નાગરિક નહિ બને તો ? બેઉ સમજદાર હતાં તેથી ધ્રુવની આ પ્રકારની માનસિકતાનું કારણ પણ જાણતાં હતા. ધ્રુવ એમનું એકનું એક સંતાન હતો, લાડકોડમાં ઉછેર્યો હતો. અન્ય ભાઈ-બહેન ન હોવાથી ઘણીવાર છોકરો કે છોકરી મનસ્વી બની જતાં હોય છે. શક્ય છે કે ધ્રુવનું પણ એવું જ થયું હોય ! સમય વીતશે તેમ એના વલણમાં અચૂક અપેક્ષિત પરિવર્તન આવશે એવી શ્રદ્ધા મનોવિજ્ઞાનનાં જાણકાર રીનાબહેનને હતી. રીતેશભાઈને પત્નીમાં વધારે શ્રદ્ધા હતી !

ધ્રુવનો મિત્ર ધર્મરાજ પ્રમાણમાં વધારે સમજદાર, હસમુખો ને વિવેકી હતો. જરા વધારે બોલકો હોવાથી ઘણા એને જીભનો છૂટો સમજતા. ધર્મરાજની મોટીબહેનનું નામ ધ્યાની હતું. ધ્યાની રમતિયાળ તેટલી જ રમૂજી હતી. બેઉ ભાઈ-બહેન વચ્ચે ભારે હેત-પ્રીત. દોસ્તી પણ એવી જ.

ધ્રુવ-ધર્મરાજ આમ પ્રકૃતિ-સ્વભાવે ભલે જુદા હતા પણ હૃદયનું ઐક્ય બીજા સઘળા વિરોધાભાસોને ગૌણ બનાવી દેતું. ધર્મરાજ ઘણીવાર કહેતો : ''દોસ્ત ક્યારેય જમીનદોસ્ત નથી થતા યાર.''

''અરે, વાહ ! તું તો કવિઓની ભાષા બોલે છે ધર્મ !'' ને બેઉ હસી પડતા.

એકવાર વિશ્રાંતિના સમયે શાળાના મેદાનમાં બેઉ ઊભા હતા. ધ્રુવની નજર ધર્મરાજના ગણવેશ પર પડી. સ્વચ્છ અને ઈસ્ત્રીબંધ ગણવેશ જોઈને કોઈની પણ નજર ઠરે એવું હતું ! ધ્રુવે જરા ટોળ કરતો હોય એમ કહ્યું : ''વાહ, ધરમ ! શી વાત છે ! આજે તો વટ પડે છે ને ! ઈસ્ત્રી કરેલો ગણવેશ...''

ધર્મરાજને મિત્રની મજાકમાં પ્રશંસા જ વરતાઈ : ''હા, યાર ! ધ્યાનીની જ કમાલ, મારા ડ્રેસને રોજ એ જ ઈસ્ત્રી કરી દે છે. કહે છે ઈસ્ત્રી કરેલાં કપડાં જ પહેરવાનાં ભઈલા !'' ધર્મરાજની આંખોમાંથી બહેન માટે ટપકતો ભાવ નિહાળીને ધ્રુવની મજાકે કડવાશનું સ્વરૂપ લઈ લીધું  : ''કપડાંની જેમ તારા મગજને પણ ઈસ્ત્રીની જરૂર છે, દોસ્ત !''

ધર્મરાજનું મુખ ઝંખવાઈ ગયું. ધ્રુવ આજે કેમ આ રીતે વર્તે છે ? ઘરે અંકલ-આન્ટી સાથે ઝઘડો કરીને તો નહિ આવ્યો હોય ? એણે જરા હળવેકથી પૂછ્યું - ''ધ્રુવ, એવું કેમ કહે છે ?''

ધ્રુવે એની ઉપેક્ષા કરતો હોય એમ આંખ ઝીણી કરતાં કહ્યું : ''તને નહિ સમજાય ઝટ. આમ મોઢું બગાડ્યા વિના એ તો કહે કે નાસ્તામાં શું લાવ્યો છે ?'' ધર્મરાજને મિત્રનું આજનું વર્તન કઠ્યું હતું પણ પીડાને દિલમાં દાબીને એ એટલું જ બોલ્યો : ''મોઢું તો હું બગાડું છું કે તું ?'' દોટ મારીને ડબ્બો લઈ આવીને ઉમેર્યું : ''થેપલાં લાવ્યો છું; ધ્યાનીએ જ બનાવ્યાં છે !''

મિત્રના મોઢે ફરીથી ધ્યાનીનું નામ ધ્રુવને ઉશ્કરવા માટે પૂરતું હતું : ''જેણે બનાવ્યાં હોય તેણે, આપણે તો ખાવાથી જ કામ છે ને યાર !'' ડબ્બો લઈને ખોલતાં બોલ્યો : ''શું છે કે આજે ઉતાવળમાં લંચબૉક્સ ભૂલી જ ગયો !''

ધર્મરાજે સ્મિત ફરકાવતાં કહ્યું :''હું પણ ભૂલી જાઉં એવો છું. પણ ધ્યાની છે ને ! યાદ કરીને લંચબૉક્સ મારી સ્કૂલબૅગમાં મૂકી જ દે !'' જરા ધીમેથી ઉમેર્યું - ''તને એ નહિ સમજાય. બે'ન નથીને એટલે !''

ફરીથી ધ્યાનીનું નામ ધર્મરાજના મોઢે આવ્યું એથી ધ્રુવે જરા તોછડાઈથી કહ્યું : ''બસ ! બહુ થયું આ પારાયણ. બે'ન નથી તો નથી. પણ કહું ? હું તો મારી જાતને સુખી માનું છું. બે'ન હોય તો આપણી બધી ચીજવસ્તુઓમાંય ભાગ પડાવે !'' પોતાની દલીલ દમ વગરની છે એની ધ્રુવને ખબર જ હતી પણ સ્વભાવ મુજબ એને તો પોતાનો કક્કો જ ખરો કરાવવો હતો. પણ આજે ધર્મરાજ પણ છોડવા તૈયાર નહોતો : ''બે'ન ભાગ પડાવે, ગાંડા, પણ દુઃખમાં !''

''પણ... ક્યા સુધી ? પરણીને ચાલી જાય પછી શું દુઃખમાં ભાગ પડાવવા આવે ? બધી વાતો છે વાતો ! લાવ, જલદી અહીં બેસીને નાસ્તાનું પતાવીએ, નહિ તો હમણા રિસેસ પૂરી થઈ જશે !''

ધર્મરાજ હજુ કશુંક કહેવા માંગતો હતો, બે'ન વિશે, બે'નની લાગણી વિશે, પણ ઉશ્કેરાયેલો ધ્રુવ ક્યાંક રિસાઈને નાસ્તો પણ ન કરે અને આખો દિવસ ભૂખ્યો રહે તો ? 'બીજાની ચિંતા કરવાનું' એ બે'ન પાસેથી જ શીખ્યો હતો. ધ્યાની પોતાના ભાઈ ધર્મરાજની જ નહિ, ઘરના દરેક સ્વજનની કેવી કાળજી રાખતી હતી ! મમ્મીને તો ઘરકામમાં મદદ કરે જ, પપ્પાનું કામ પણ દોડીને કરે. દાદાને યાદ કરીને તેમની દવા આપે તો વળી દાદીમાનો પડ્યો બોલ પણ ઝીલે અને આટલું બધું કરવા છતાં એય ને હળવી ફૂલ ! પોતાનું ભણતર ન જ બગાડે... ધ્રુવને ભગિનીસુખ શું છે એની ક્યાંથી ખબર પડે ?

રિસેસ પૂરી થઈ એટલે બેઉ મિત્રો દોડીને વર્ગમાં ગયા. ગણિતનો પિરિયડ હતો પણ ધ્રુવને પોતાનો ગમતો વિષય હોવા છતાં આજે રસ જ ન પડ્યો. પોતે આજે બિનજરૂરી વિવાદમાં ઊતરી ગયો હતો! મિત્રની લાગણી દુભાવી ? પણ... એય ક્યાં ઓછો ઊતરે છે ? જાણે પોતાની વાત જ સાચી !...પણ...પણ મને નાની-નાની વાતમાં ગુસ્સો કેમ આવી જતો હશે ? મમ્મી પણ વારંવાર કહે છે કે ધ્રુવ તું ચીડિયો થઈ ગયો છે ! સાંજ સુધી એવી જ બેચેની રહી. છૂટતી વેળાએ બધાંની જેમ એ પણ પોતાની સાઇકલ પર સવાર થઈને નીકળ્યો. રોજ તો એ ને ધર્મરાજ સાથે જ હોય ! પણ આજે ધ્રુવ જલદી ઘરે પહોંચી જવાની ઉતાવળમાં હતો. એને પોતાને પણ ખબર નહોતી કે એ શાની ઉતાવળમાં હતો ? કદાચ, એ મનોમંથન કરી રહ્યો હતો. પોતાને બહેન નથી એ વાત એને અગાઉ ક્યારેય કઠી નહોતી. એવો વિચાર પણ આવ્યો નહોતો. ઊલટું, પોતે એકલો જ છે એ વાતનું એણે ગૌરવ અનુભવ્યું હતું. આજે એને એવું લાગી રહ્યું હતું કે પોતાના જીવનમાં કશુંક ખૂટે છે ! ગડમથલમાં પડેલા ધ્રુવને સર્કલ પાસે એકાએક જ આવી ગયેલી મોટરસાઇકલનું ધ્યાન ન રહ્યું મોટરસાઇકલ-ચાલકે સમયસૂચકતા તો દાખવી પણ ધ્રુવની સાઇકલ હડફેટમાં આવી જ ગઈ. ધ્રુવ સાઇકલ સાથે જ ઘસડાઈને સડકથી દૂર પટકાયો. થોડીકવાર તો એ હતો એમ જ પડ્યો રહ્યો. ચક્કર આવતા હતા. માથે નહોતું વાગ્યું એટલે સારું હતું, ડાબા પગે વધારે વાગ્યું હોય એવું લાગ્યું. ડાબા હાથે પણ જરા છોલાયું હતું. જોતજોતામાં ટોળું એકઠું થઈ ગયું. ધ્રુવે આંખો બંધ કરીને ખોલી તો એની સામે જ નીચે ચિંતિત ચહેરે કોઈ બેઠું હતું.

''અરે, ધ્યાની ! તું ?'' ધ્રુવે પૂછ્યું.

''હા, ભાઈ ! અમે બધાં પાછળ જ આવતાં હતાં ! ભગવાને તને બચાવી લીધો. ચિંતા ન કરતો. મેં આ અંકલ દ્વારા 108 ને ફોન કરાવ્યો છે. તારા ઘરે પણ સમાચાર કહેવરાવી દઉં છું ! બધું જ બરાબર થઈ જશે હોં ને !''

ધ્રુવે ધ્યાની સામે આભારસભર આંખે જોયું. એટલામાં ટોળામાંથી કોઈએ પૂછ્યું : ''કોણ છે આ છોકરો ?'' તરત ધ્યાની

મોટા અવાજે બોલી : 'મારો ભાઈ છે, કેમ ?''

બરાબર એ જ સમયે ધર્મરાજ આવી પહોંચ્યો. બેઉ દોસ્તોની નજર મળી. પગે પીડા થતી હતી છતાં ધ્રુવે સ્મિત કર્યું. એ સ્મિતમાં કશોક સ્વીકાર હતો, એકરાર હતો !

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ગાઢ** ગહન, ઊંડું; **હઠ** જિદ, મમત; **જાણતલ** પારખનાર; **મુદ્દલ** અહીં સહેજ પણ; **તર્ક** વિચાર; **પ્રશંસા** વખાણ; **ગડમથલ** મૂંઝવણ; **દુનિયા** જગ, જગત, વિશ્વ; **વિદ્યુત** વીજળી, દામિની.

•

# 5 દીવડો

**દલપત પઢિયાર**

**જન્મ : 01-01-1950**

દલપત નારાયણરાય પઢિયારનું વતન કહાનવાડી છે. ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ અને અધ્યાપન બાદ તેઓ ગુજરાત સરકારના માહિતી વિભાગમાં સેવા આપી નિવૃત્ત થયા. 'ભોંયબદલો' અને 'સામે કાંઠે તેડાં' તેમના કાવ્યસંગ્રહો છે. ભજન પ્રકારમાં તેમનું વિશિષ્ટ પ્રદાન છે. તેમણે બાળવાર્તાઓ અને ચરિત્રનિબંધો પણ લખ્યાં છે. તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના પુરસ્કાર મળેલાં છે.

'દીવડો' ગીતમાં કવિએ વિવિધ ગ્રામપ્રતીકો : ઉંબર, ઓરડો, મેડી, કૂવો, ખેતર, પાદર અને ડુંગરનો વિનિયોગ કરીને અંતરના ઉજાસની વાત કરી છે. આ અજવાળું તેમને અજાણ્યા અક્ષરો ઉકેલાવે છે અને આખું ભવન (અસ્તિત્વ) જાણે ઝળહળી ઊઠ્યું હોય તેવી અનુભૂતિ કરાવે છે. લોકઢાળમાં રચાયેલી આ ગેયકૃતિ તેના તળપદા સૌંદર્યને કારણે આસ્વાદ્ય બની છે.

---

મેં તો ઉંબર પર દીવડો મેલ્યો
        કે ઘર મારું ઝળહળતું !
પછી અંધારો ઓરડો ઠેલ્યો,
        ભીતર મારું ઝળહળતું...
મેં તો મેડીએ દીવડો મેલ્યો
        કે મન મારું ઝળહળતું;
પછી ડમરો રેલમછેલ રેલ્યો
        કે વન મારું ઝળહળતું...
મેં તો કૂવા પર દીવડો મેલ્યો
        કે જળ મારું ઝળહળતું;
પછી છાંયામાં છાંયો સંકેલ્યો
        સકલ મારું ઝળહળતું...
મેં તો ખેતર પર દીવડો મેલ્યો
        પાદર મારું ઝળહળતું;
પછી અવસર અજવાળાનો ખેલ્યો
        અંતર મારું ઝળહળતું...
મેં તો ડુંગર પર દીવડો મેલ્યો,
        ગગન મારું ઝળહળતું;
પછી અણદીઠો અક્ષર ઉકેલ્યો,
        ભવન મારું ઝળહળતું...

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ઠેલવું** આગળ ધકેલવું, હડસેલવું; **ભીતર** અંદર (અહીં) હૃદય; **ડમરો** તુલસી પ્રકારનો તીવ્ર સુગંધ આપતો છોડ; **સકલ** બધું, સઘળું (અહીં) વિશ્વ; **અવસર** પ્રસંગ; **અણદીઠું** નહિ જોયેલું, **ભવન** રહેઠાણ, મકાન (અહીં)અસ્તિત્વ

●●●